વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
છુટક કિંમત રૂા.૧૫/-

વર્ષ : ૪૦મું
સપ્ટેમ્બર - ૨૦૧૫
અંક : ૪૪૮

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૮૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



પીરામીડ અને સ્ફિંક્સ
ગીઝા, ઈજીપ્ત

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org




TOPScorer
A NAVNEET INITIATIVE
The Public School
97/100
1 થી 10
ગુજરાત બોર્ડ
ગુજરાતી અને અંગ્રેજી
હવે તો TOPScorer બનવું જ પડે !!!
TOPScorerની વિશેષતાઓ :
◆ દરેક પ્રકરણમાં 2D/3D એનિમેશન
◆ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ આધારિત એસેસમેન્ટ સૉફ્ટવેર
◆ અસંખ્ય પ્રૅક્ટિસ પરીક્ષાઓ
◆ નબળા અભ્યાસનો તથા ખોટા જવાબોનો એનાલિટિકલ રિપૉર્ટ
◆ નવનીત ગાઇડ e-book સ્વરૂપે
www.topscorer.com
Learn Better | Understand Faster | Score More
Now Available -
Online
Offline Pendrive
Offline SD Card
Developed & Marketed by eSense Learning Private Limited
Toll free number : 1800 300 23253 | www.topscorer.com | /esensetopscorer

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**


6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

# મનોચિકિત્સક ડૉ. દીપ્તિ શાહ (ગડા)ને "કચ્છ કોહીનૂર" ઍવોર્ડ



કચ્છ ભુજપુરના ઘાટકોપર સ્થિત ડૉ. મંજુલા તથા મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાની સુપુત્રી, ગોલ્ડ મેડાલિસ્ટ **ડો. દીપ્તિ એસ. શાહ (ગડા)**ને અષાઢી બીજના અવસરે તા. ૧૮-૭-૨૦૧૫ના રોજ "અખિલ ઘાટકોપર ગુજરાતી મહાજન" દ્વારા યુવા શક્તિને બિરદાવતાં "કચ્છ કોહીનૂર ઍવોર્ડ"થી નવાજવામાં આવ્યા હતા.


મુંબઈ યુનિવર્સિટીની M.D. (Psychological Medicine)ની પરીક્ષામાં ૨૦૧૩માં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ ગોલ્ડ મેડલ મેળવનાર, ૧૨માં ધોરણ H.S.C.માં મેરિટ લીસ્ટમાં ૭મો ક્રમાંક મેળવનાર, ઘાટકોપર સ્થિત પોતાના અનોખા એવા Grooming Minds - A Superspeciality Brain સેન્ટરમાં નાના બાળકોથી લઈને સિનિયર સિટીઝન માટે એક છત્ર નીચે નિદાન તથા સારવારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવનાર, યુવાન વયે પોતાના ક્ષેત્રમાં નોંધપાત્ર તથા પ્રેરણારૂપ સિદ્ધિ પ્રાપ્ત કરનાર, સમાજ માટે વિશિષ્ટ યોગદાન આપનાર ડૉ. દીપ્તિ શાહને ઘાટકોપર મુંબઈના લોકલાડીલા, સવાયા કચ્છી સ્વજન માનનીય શ્રી પ્રકાશ મહેતા (મહારાષ્ટ્ર રાજ્યના કેબિનેટ મિનિસ્ટર)ના કરકમલો દ્વારા "કચ્છ કોહીનૂર ઍવોર્ડ" અર્પણ કરેલ છે.

"મંગલ મંદિર" માસિકમાં નિયમિતરૂપે મનોવિજ્ઞાન તથા મનોચિકિત્સાના વિષય પર "તંદુરસ્તી" વિભાગમાં ડૉ. દીપ્તિના લેખો છપાય છે.

"મંગલ મંદિર" એના તબીબ લેખિકાને હાર્દિક શુભકામનાઓ અને અભિનંદન પાઠવે છે.

# શ્રધ્ધાંજલિ







● જન્મ ●
તા. : ૩-૮-૧૯૩૯

● અરિહંત શરણ ●
તા. : ૧૪-૭-૨૦૧૫

## સ્વ. શાંતિલાલ છગનલાલ શાહ

### કચ્છ - તુંબડી (અમદાવાદ)

જીવન તમારું ખુલ્લી કિતાબ છે. પાને પાને જીવન જીવવાનો મંત્ર છે. જિંદગીની સફર કેરી કંડારેલી માર્ગદર્શિકા છે.

તમારા હસતાં છતાં ઝઝુમતાં ચહેરાની સ્મૃતિમાં ધબકારા રોમે રોમ અનુભવે છે. તમારી વિનમ્રતા, કર્તવ્યનિષ્ઠા, સૌજન્યશીલતા, આત્મીયતા, પરોપકારી જીવન, આપનો સરળ સ્વભાવ, આપે કરેલ સદ્‌કાર્યો, સાદગીભર્યું જીવન, અનંતાનંત પુરુષાર્થ, જીવનભર દાખવેલી સમતા, જીવદયા પ્રેમી, કોઈપણ સમસ્યાના માર્ગદર્શક, આપ અમારા હૃદયમાં અંકિત રહેશો.

સુખ-દુઃખમાં સદા હસતા રહ્યા. સૌના દિલમાં વસતા રહ્યા. દુઃખને દેખાડ્યું નહીં, સુખને છલકાવ્યું નહીં. તડકો તમે ઝીલીને અમને આપી ઘેઘૂર વડલાની છાંય, શૂન્યમાંથી કર્યું સર્જન અને આજે અમારી જિંદગીમાં વ્યાપ્યો છે શૂન્યાવકાશ.

અમારા પરિવારના વડીલ, મોભી તમે હંમેશાં રહેશો અમારી સાથે, અમારી પાસે, અમારા દિલમાં. જીવંત છબી ખસતી નથી તમારી અમારા દિલથી. હરપળ યાદ કરીએ છીએ તમને. તમારો દિવ્ય આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ સુખ - શાંતિ પામે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

લિ.

ધર્મપત્ની : કમલબેન શાંતિલાલ શાહ

કાકી : ગુલાબબેન ચંદુલાલ શાહ

પુત્ર - પુત્રવધૂ
કેતન - શ્રધ્ધા
રાહુલ - મિત્તલ
રાજીવ - શિવાની



ભાઈ - પત્ની
નરેન્દ્ર - તરુબેન
જવાહર - મૃદુલાબેન
સુનીલ - અલકાબેન

પૌત્ર - પૌત્રી : પૂજા, સિધ્ધાર્થ, કાવ્યા, ઋષભ, આસ્થા, આર્યા.

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશચંદ્ર જગજીવન શાહ

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

**તંત્રી લેખ :**

- ટ્રાફિકના નિયમો અને આપણે ........ **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૧

**લેખ વિભાગ**

**પર્વ વિશેષ : પર્યુષણ**

- પાંચ પ્રકારની ક્ષમાને આરાધીએ! ........ **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ** .... ૧૨

**ધર્મ**

- જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાનમાં 'સંથારો' એટલે શું છે? ........ **પ્રવીણચંદ્ર શાહ** .... ૧૩

**જૈનોના તીર્થસ્થાનો**

- જૈનોનાં શ્રી ૧૦૮ તીર્થ : ઈતિહાસની એક ઝલક (પ્રકરણ-૧) . **શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી** .... ૧૭

**કચ્છ**

- કચ્છ પ્રદેશ અને તેનું પ્રાચીન વહાણવટું ........ **જોરાવરસિંહ જાદવ** .... ૧૯
- ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં – **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
  કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૬) ........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૨૪

**આઈ.ટી. ક્ષેત્ર**

- જગતની શક્તિશાળી આઈ.ટી. કંપનીઓમાં ભારતીય બ્રેઈનનો દબદબો ........ **સંપાદન : અશોક મહેતા** .... ૨૮
- ગૂગલ પછી આલ્ફાબેટ ........ **સંપાદન : અશોક મહેતા** .... ૩૨

**વિચાર વિમર્શ**

- ગુજરાતની શાંતિને ડહોળતો અભૂતપૂર્વ હાર્દિક એપિસોડ ........ **કેશુભાઈ દેસાઈ** .... ૩૪
- પ્રાર્થના ........ **ધૂની માંડલિયા** .... ૩૫
- ચાલો, રોજ એક પત્ર લખીને કોઈક સજ્જનની કદર કરીએ ........ **રોહિત શાહ** .... ૩૬

**સમાજ ચિંતન**

- જ્ઞાતિવાદના ઝેરથી આપણે ક્યારે મુક્ત થઈશું? ........ **તરુણ વિજય** .... ૩૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*


## સમાજની ક્ષિતિજો

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૮
  પતિઓના ચાર પ્રકાર .......... **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૩૮

## વિદેશી વાનગી

- મારે હવે કશું જ જાણવું નથી .......... **પીટર બિસ્કેલ**
  **અનુ. રમણ સોની** .... ૪૦

## સંગીત

- સંગીત ક્ષેત્રે આપણે શું સાંભળીશું? .......... **મયૂર ચંદ્રકાંત દેઢિયા** .... ૪૨

## વ્યક્તિ વિશેષ

- સુલભ ઈન્ટરનેશનલનાં સંસ્થાપક : બિંદેશ્વર પાઠક .......... **રશ્મિ બંસલ** .... ૪૩

## અંજલી

- મૂઠી ઊંચેરા પ્રબુદ્ધ સમાજવાદી નેતાની ચીર વિદાય .......... ૪૫

## વાર્તા

- રફીક અને રુખ્સાના .......... **કેશુભાઈ દેસાઈ** .... ૪૬

## તંદુરસ્તી

- મા-બાપ તથા તરુણ સંતાન (Parenting) – ૪ ..... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ..... ૪૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક**

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ
  (પ્રકરણ-૪૧). .......... **પ્રતાપ નારાણજી દંડ** .... ૫૦

## હળવાશની ક્ષણોમાં

- કુંભકર્ણ અને એલાર્મ! .......... **ચિત્રસેન શાહ** .... ૫૨
- બાલુડેં જ્યું ગાલિયું .......... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૩

## નિયમિત વિભાગો

- આંજો કાગર .......... ૫૪
- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૫૫
- જાણવા જેવું .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૮
- *Nano Nine* શબ્દ રમત-૧૦૯ .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૫) .......... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૧
- વલોવતન .......... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૬૩
- સમાજ દર્પણ .......... ૬૫
- સંસ્થા સમાચાર .......... ૬૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .......... ૭૮
- ઊડતી નજરે .......... ૮૦


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta** ● **Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ટ્રાફિકના નિયમો અને આપણે

*– અશોક મહેતા*

નોઈઝ પોલ્યુશનથી કોણ અજાણ હશે? ક્લાસ રૂમમાં વર્ગશિક્ષક ન આવેલ હોય ત્યારે, શાક માર્કેટમાં જમા થતી મેદની સમયે, શેર બજારમાં શેરોની લે-વેચ થતી હોય ત્યારે કે લગ્ન સમારંભમાં એકત્રિત થયેલ માનવ સમૂહ જ્યારે અંદરોઅંદર વાતચીત કરતા હોય ત્યારે જે ઘોંઘાટ ઉત્પન્ન થાય ત્યારે કોઈનું પણ મસ્તિષ્ક મૂંઝાઈ જાય છે. તેની મતિ બહેર મારી જાય છે. અને ત્યારે ખ્યાલ આવે છે કે અવાજથી જે પોલ્યુશન ફેલાય છે તે માનવના મનની શાંતિ માટે ખૂબ જ નુકસાનકારક છે. અને તેથી જ લોકો વનમાં કે જંગલમાં કે હિમાલયની ગોદમાં જઈ મનની શાંતિ મેળવવા પ્રયાસ કરે છે.

એ જ રીતે જ્યારે આપણે શહેરના રસ્તાઓ પરથી પસાર થતા હોઈએ ત્યારે અનેક વાહનચાલકોને બિનજરૂરી હોર્ન વગાડતા જોઈએ છીએ ત્યારે આ હોર્ન એટલાં જોરદાર અને કર્કશ હોય છે કે ત્યારે કોઈના પણ મનની શાંતિ હણાઈ જાય છે. કોઈનું પણ માનસ ખળભળી ઊઠે છે. હોર્ન વગાડવાનો મતલબ એવો થાય છે કે આપણે આગળ વાહન ચલાવનારને કહીએ છીએ કે તું મારા રસ્તા પરથી હટી જા! મને પ્રથમ આગળ જવા દે. જાણે કે એ જાહેર માર્ગ આપણા એકલાનો હોય! આગળ વાહન ચલાવનાર વ્યક્તિનું આનાથી વધારે અપમાન શું હોઈ શકે? લગભગ ૯૯ ટકા હોર્ન આ ગેરવાજબી કારણથી જ વગાડાતાં હોય છે. આગળ વાહન ચલાવનારને યોગ્ય રીતે સાવધ કરવા કદાચ માત્ર ૧ ટકા હોર્નનો જ ઉપયોગ થતો હશે. કઈ નૈતિકતાના આધારે આપણે આગળ વાહન ચલાવનારને કહી શકીએ કે તું મારા રસ્તામાંથી હટી જા અને મને પ્રથમ જવા દે? કેટલા નીચલા સ્તરની આ માનસિકતા કહેવાય! આગળ વાહન ચલાવનાર માટે તો આ અણગમતી હકીકત છે અને તેમ છતાં આપણામાંનો દરેક, આ પ્રથાને દરરોજ અમલમાં મૂકે છે! શાંતિથી વિચાર કરીએ તો આપણે સભ્યસમાજના નહીં પરંતુ જંગલરાજના સભ્ય હોઈએ તેવું ભાસે છે. અને તેથી જ આપણે કેટલાક અન્ય સભ્ય દેશોમાં દિવસો સુધી વાહનોનાં હોર્નનો અવાજ સાંભળતા નથી. તેઓ આ પ્રકારનો અવિવેક કરવા ટેવાયેલા જ નથી. તેઓને આગળ વાહન ચલાવનાર પ્રત્યે પૂરેપૂરું માન અને સન્માન છે. તેટલું જ નહીં, પણ તેઓમાંના દરેકને પોતાની મર્યાદાઓનું પૂરેપૂરું ભાન છે. આ પ્રકારનો અવિવેક આપણા દેશની મોટાભાગની પ્રજા દાખવતી હોય છે. અન્ય વાહન ચલાવનાર પ્રત્યે માનની દૃષ્ટિ દાખવી, તેને આગળ નીકળી જવા દેવાની આપણામાંના મોટાભાગના લોકોની વિચારસરણી જ નથી.

એ જ રીતે કોઈ રાહદારી રસ્તો ઓળંગતો દેખાય કે આપણે આપણા વાહનની ઝડપ વધારી, તે રસ્તો ઓળંગે એ પહેલાં આપણે આપણા માર્ગે નીકળી જવા પ્રયાસ કરીએ છીએ. ૫ સેકન્ડની પણ આપણે ધીરજ ધરી શકતા નથી. રાહદારી ભલે હેરાન થતો, પરંતુ આપણે હેરાન ન થવા જોઈએ. તે સામે કેટલાક વિદેશમાં વાહન ચલાવનાર જો કોઈ રાહદારીને રસ્તો ઓળંગતો જુએ અથવા તો રસ્તો ઓળંગવાની રાહ જોતો ફૂટપાથ પર ઊભેલો દેખાય તો વાહન ચલાવનાર પોતાની ગાડી ઊભી રાખે છે અને રાહદારીને પ્રથમ રસ્તો ઓળંગી જવા હાથના ઈશારાથી સમજાવે છે. રાહદારી રસ્તો ઓળંગી ગયા બાદ જ વાહન ચલાવનાર પોતાનાં વાહન હંકારે છે. આને સદ્‌ભાવ અને સભ્યતાપૂર્વકનું વર્તન કહેવાય કે જે આપણા આચરણમાં આવતાં હજુ સારો એવો સમય જશે.

ચાર રસ્તા પર સિગ્નલ ના હોય ત્યારે ઝિબ્રા ક્રોસિંગ શરૂ થાય તે પહેલાં આપણે આપણું વાહન ઊભું રાખવા ટેવાયેલ જ નથી. ઝિબ્રા ક્રોસિંગથી આગળ અને કેટલીક વખત તો ક્રોસ રોડની વચ્ચે સુધી આપણે આપણું વાહન લાવીને ઊભું કરી દઈએ છીએ. આ હકીકત ક્રૉસ ટ્રાફિકવાળાને અનેકગણી મુશ્કેલી સર્જે છે. આ આપણી વિચારહીનતાના જ દર્શન કરાવે છે. કેટલાક અન્ય દેશોમાં સિગ્નલ ના હોય ત્યારે (અને પોલીસ પણ ના હોય ત્યારે) ઝિબ્રા ક્રોસિંગની સફેદ લાઈનથી આગળ જતા જ નથી. ઝીબ્રા ક્રોસિંગ શરૂ થતાં અગાઉ જ પોતાના વાહનને થંભાવી દે છે. તેની પાછળ આવનાર આગળ નીકળી જવા બિલકુલ પ્રયાસ કરતા નથી પરંતુ પોતાનું વાહન એક પછી એક એમ લાઈનસર અને શિસ્તબદ્ધ રીતે થંભાવી દે છે. એક પ્રકારના ડિસિપ્લીન અને અન્ય પ્રત્યે માનથી જોવાની લાગણીનાં જ દર્શન કરાવે છે.

*મનુષ્યે તે કામ કરવું જોઈએ જેનાથી તેનું પણ હિત થાય અને દુનિયાનું પણ હિત થાય.*

કેટલીક વખત એવું પણ બને છે કે આપણે સીધા જ જવાનું હોય ત્યારે, ક્રોસિંગ પર સિગ્નલ ન હોવાના કારણે આપણે આપણું વાહન વચ્ચેની લાઈનમાં રાખવાના બદલે ડાબી સાઈડે ઊભું રાખીએ છીએ. સ્કૂટર ચાલક અને બાઈક ચાલક માટે તો આ હકીકત જ છે. તેના કારણે ડાબી બાજુ વળવા માટેનું સિગ્નલ ચાલુ હોવા છતાં ડાબે જનારનો રસ્તો પૂરેપૂરો અવરોધાય છે અને તે મુશ્કેલીમાં આવી પડે છે. અન્યનો વિચાર ન કરવા માટે આ હકીકત આપણી સ્વાર્થવૃત્તિ અને ગેરવર્તણૂકનાં દર્શન કરાવે છે.

આ અને આ પ્રકારના તો અન્ય અનેક દાખલાઓ આપી શકાય કે જે આપણી અશિસ્તતા, અન્ય પ્રત્યે સદ્‌ભાવના નહીં દાખવવાની માનસિકતા અને સ્વાર્થવૃત્તિનાં દર્શન કરાવે છે.

'મંગલ મંદિર'નો દરેક વાચક પોતાના મનની અંદર ઝાંકી કરશે તો તેને તરત ખ્યાલ આવી જશે કે તે પણ આ પ્રકારના લોકોમાંના એક છે. તેઓ સૌ મહાનુભાવોને આ વાસ્તવિકતાનાં દર્શન થાય તે માટે જ આ લેખ લખવામાં આવેલ છે.

જાગ્યા ત્યારથી સવાર સમજી અગર આપણે ટ્રાફિકના નિયમોનું નીતિમત્તાથી પાલન કરશું તો આપણને કર્તવ્ય બજાવ્યાની અનેકગણી ખુશી ઊપજશે. ચાલો, તો આપણે ટ્રાફિકના નીચે મુજબના નિયમોનું આજથી જ પાલન કરીએ.

૧. ચાર રસ્તા પર પોલીસ હોય કે ન હોય પરંતુ લાલ સિગ્નલ હોય તો આપણું વાહન ઊભું રાખી દઈએ અને ગ્રીન સિગ્નલ થયા પછી જ વાહન આગળ હંકારીએ.

૨. ચાર રસ્તા પર જ્યારે ગ્રીન સિગ્નલ ના હોય ત્યારે થોડું થોડું વાહન ચલાવી ક્રોસ રોડ પર આગળ વાહન લઈ જવાની ઉતાવળ ના કરીએ. તેના બદલે ડિસિપ્લીનથી એક પછી એક વાહન ઊભાં રાખીએ.

૩. ચાર રસ્તા પર આપણે વાહન અટકાવીએ ત્યારે ઝિબ્રા ક્રોસિંગથી ક્યારે પણ આગળ ના વધીએ.

૪. જે લાઈનમાં આગળ જવાનું હોય (ડાબે, સીધા કે જમણી) એ લાઈનમાં આપણું વાહન ઊભું રાખીએ.

૫. સિગ્નલ વગરના ચાર રસ્તા પર ઝડપથી ધસી ના જઈએ. ગાડી ધીમી પાડીએ અને પરિસ્થિતિ પ્રમાણે આગળ વધીએ.

૬. સિગ્નલ વગરના ચાર રસ્તા પર એક તરફનો ટ્રાફિક પસાર થતો હોય ત્યારે તેમાં સામેની બાજુથી ઘૂસ મારી, ચાલુ ટ્રાફિક રોકી, આગળ નીકળી જવા પ્રયાસ ના કરીએ.

૭. અન્ય વાહન ચલાવનાર પ્રત્યે સદ્‌ભાવના દાખવી તેમના પ્રત્યે માન અને અહોભાવની લાગણી આપણા દિલમાં ઉત્પન્ન કરીએ.

૮. પગે ચાલનાર પ્રત્યે માનની લાગણીથી નિહાળી, આપણે આપણું વાહન ઊભું રાખી, તેને પ્રથમ જવા દઈએ.

૯. બિનજરૂરી હૉર્ન ના વગાડીએ. આગળના વાહનને બાજુ પર હડસેલી આગળ નીકળી જવા પ્રયાસ ના કરીએ. ડિસિપ્લીન દાખવી એક પછી એક વાહન લાઈનમાં હંકારીએ. એકદમ મોટો અવાજ ઉત્પન્ન કરતાં હોર્નનો વપરાશ ટાળીએ.

૧૦. વાહન ચલાવીએ ત્યારે ખાલી જગ્યા દેખાય એ પ્રમાણે આપણા વાહનને ડાબે - જમણે ના ચલાવીએ. એક જ લાઈન પકડી રાખીએ.

૧૧. એમ્બ્યુલન્સને પ્રથમ નીકળી જવા અનુકૂળતા કરી આપીએ.

૧૨. સાઈલેન્સરની પાઈપ લીક થયેલ હોય તેમજ સાઈલેન્સર વગરનાં વાહન ખૂબ જ ઘોંઘાટ ઉત્પન્ન કરે છે. તે પ્રકારનાં વાહન ના હંકારીએ.

૧૩. નીતિ-નિયમ પ્રમાણે પી.યુ.સી. પરમિશન મેળવી, સાથે રાખીએ.

૧૪. વાહનના દરેક પ્રકારનાં જરૂરી પેપર્સ સાથે રાખીએ.

૧૫. ડ્રાઈવિંગ લાઈસન્સ ગજવામાં હોવું જરૂરી છે.

૧૬. વાહનની નંબર પ્લેટ દૂરથી વંચાય તેવી સ્પષ્ટ હોવી જોઈએ.

૧૭. વાહનને ગમે ત્યાં પાર્ક ના કરીએ કે જેથી તે અન્યોને અગવડ ઊભી કરે.

*પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કર્મોનો જનક છે.*

'મંગલ મંદિર'ના ૨૦૦૦ વાચકોમાંનો દરેક વાંચક આ પ્રકારનો નિર્ણય લે તે ખૂબ જ જરૂરી છે. વાહન વ્યવહારમાં અશિસ્તતા દૂર કરવા માટેનું આ પ્રથમ પગલું છે. હજુ પણ આગળ વધીએ અને દરેક વાચક પોતે તો આ નિયમ પાળે પરંતુ તે દર અઠવાડિયે બીજી એક વ્યક્તિને આ નિયમ પાળવા પ્રેરણા આપી શકે અને તેનો અમલ કરાવી શકે તો બીજા અઠવાડિયે તેવા ૪૦૦૦ નાગરિક તૈયાર થઈ શકે, ચોથા અઠવાડિયાના અંતે ૧૬,૦૦૦ નાગરિક તૈયાર થઈ શકે, આઠમા અઠવાડિયાના અંતે ૧,૨૮,૦૦૦ નાગરિક તૈયાર થઈ શકે અને એ રીતે ૨૪ અઠવાડિયાં એટલે કે છ મહિના પછી ૮ અબજ ૩૮ કરોડ ૮૬ લાખ ૮૦૦૦ નાગરિકોમાં ડિસીપ્લીન આવી શકે. ૧૦ વર્ષ પછીની પોઝિશન તો ક્યાંયે જઈને ઊભી રહે!

અગર આપણે આવો સહિયારો પ્રયાસ કરી શકીએ તો તે ભારત દેશની ખૂબ જ મોટી સેવા કરી કહેવાશે અને તે પણ માત્ર એક નજીવા પ્રયાસ થકી જ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## 'મંગલ મંદિર'ની દીપોત્સવી

ચાલુ વર્ષે 'મંગલ મંદિર'માં દીપોત્સવી પર્વે વાર્તારૂપી દીવડીઓ ઝળહળશે. આ પ્રકાશપર્વમાં આપ સૌ પોતાની મૌલિક અથવા પસંદગીની વાર્તા મોકલી આપશો તો તંત્રી મંડળ આપનું આભારી થશે.

**વાર્તા મોકલવા માટેની અંતિમ તારીખ**
**તા. ૧૫-૧૦-૨૦૧૫**

## ॥ મિચ્છામિ દુક્કડમ્ ॥

*વિશ્વના અનેક ધર્મોમાં માત્ર જૈન ધર્મ જ એવો છે કે જે વર્ષ દરમ્યાન આચરવામાં આવેલ કૃત્યોની અન્યોન્યને મનદુઃખ ન થાય તે માટે ક્ષમા માગે છે. આવો સિદ્ધાંત અન્ય કોઈ ધર્મમાં પ્રાપ્ય નથી. આ સિદ્ધાંતને અનુસરીને આ પર્યુષણ પર્વના સાંવત્સરિક દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો તથા મંગલ મંદિર આપ સૌને વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કાર્યો દરમ્યાન આપમાંથી કોઈનું પણ મન દુભાવેલ હોય તો ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા યાચે છે અને સૌને મિચ્છામિ દુક્કડમ્ પાઠવે છે.*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરુવાર, તા. ૨૪-૯-૨૦૧૫<br>સવારના ૬.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ઉપડશે. | વયસ્ક સમિતિ<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | યાત્રા પ્રવાસ. |
| • રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫<br>સવારે ૦૯.૩૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. |
| • રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫<br>સવારે ૧૦.૦૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | પુરસ્કાર સમિતિ તથા<br>શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ તથા<br>સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ,<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સરસ્વતી સન્માન, વિવિધ હરીફાઈઓના વિજેતાઓ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તિઓનું બહુમાન, વિજેતાઓ અને નિર્ણાયક સમિતિના સભ્યોને 'મંગલ મંદિર' સંબંધિત એવોર્ડ, પુરસ્કાર તથા ગીત - સંગીત નૃત્ય, નાટક (બાળકો - યુવાનો માટે) |
| • શુક્રવાર, તા. ૩૦-૧૦-૨૦૧૫<br>શનિવાર, તા. ૩૧-૧૦-૨૦૧૫<br>રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વ-બચાવ કરવાની ટેકનિક શીખવતો ત્રિ-દિવસીય કેમ્પ |

પર્વ વિશેષ પર્યુષણ

# પાંચ પ્રકારની ક્ષમાને આરાધીએ!

• પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ •

પર્વાધિરાજ પર્યુષણની આરાધના અને આત્મશુદ્ધિનો સરવાળો ક્ષમાયાચનામાં છે. ક્ષમા આપવાની છે, ક્ષમા માગવાની છે. દિવાળીની બોણી, હોળીનો હારડો, ગુરુ પૂર્ણિમાની દક્ષિણા, ભાઈબીજની ભેટથીય આ અધિકી આ ભેટ છે.

અહંના પહાડને આજ ગાળી નાખવાનો છે. આત્માને ક્ષમાના તાપે તપાવવાનો છે, ને માત્ર મિત્ર સાથે, સ્નેહી સાથે સુવાણી ક્ષમાપના કરવાની નથી. આજે આપણા દ્વેષીની, પ્રખર વિરોધીની, અને ખરા શત્રુ પાસે જઈને ક્ષમા માગવાની છે. તો જ પર્યુષણ પર્વની આરાધના ફળે!

ઓછામાં ઓછા એકાદ શત્રુને તો આજે મિત્ર બનાવજો. ક્ષમા એ સત્યની સખી છે. અહિંસાની પુત્રી છે અને કરુણાની ભગિની છે. બીજા અર્થમાં કહીએ તો ક્ષમા એ પૃથ્વી અને સ્વર્ગ વચ્ચેની સીડી છે અને જૈનધર્મમાં તો મોક્ષના ભવ્ય દરવાજા તરીકે ક્ષમાને ઓળખવામાં આવી છે. આવી ક્ષમા વગર કોઈ ધાર્મિક કે આધ્યાત્મિક પ્રવૃત્તિ શક્ય નથી. આરાધનાની ઈમારતનો પાયો ક્ષમા છે.

આપણે જાણીએ છીએ કે માણસ માટે પદે પદે ભૂલ થવાનો સંભવ છે. ધન માટે, સત્તા માટે, માન માટે કે કાંચન માટે, ક્લેશ અને કંકાસ થાય છે. ભલે માનવી ભૂલ કરે, ક્લેશ કરે, કલહ કરે, પણ જો તેનું હૈયું શ્રાવણી વાદળ જેવું હશે, એને તપની ગરમી લાગશે તો તે ક્ષમાની શીતલ જલવર્ષા કરશે. આથી દિલના કંકુથી અને દેહની કલમથી આત્મભાવનાના અક્ષરે ક્ષમાપના કરવી જોઈએ.

માત્ર શબ્દોચ્ચાર કરીને વ્યવહારમાં ક્ષમા માગવામાં આવે તે તો દ્રવ્યક્ષમા છે, પરંતુ એ ક્ષમા ભાવ થાય તો એ ભાવક્ષમા ગણાય. જે જે જીવો સાથે વેર બંધાયાં હોય તેની ક્ષમા માગવી અને ફરી એવી ભૂલ ન થાય એવો ભાવ રાખવો તેને ભાવક્ષમા કહે છે.

જૈનદર્શન કહે છે કે સમ્યગ્ દૃષ્ટિ આત્મા ભાવક્ષમાપના કરી શકે છે. અજ્ઞાની જીવ ભાવ ક્ષમાપના કરી શકતો નથી. આથી જ ખમવું અને ખમાવવું, ઉપશમવું ને ઉપશમાવવું એ ચારિત્રનો સાર ગણાય છે.

આજે ક્યા પ્રકારની ક્ષમા માગીશું? શાસ્ત્રમાં દૈનિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક — એવા ક્ષમાપનાનાં ચાર મુખ્ય પ્રકાર બતાવ્યા છે. જો ત્રણ પ્રકારે ક્ષમા કરવાનું ચૂકી જવાય તો સાંવત્સરિક ક્ષમાપના દરેક વ્યક્તિએ અવશ્ય કરી લેવી જોઈએ, કારણ કે જો સાંવત્સરિક ક્ષમાપના ચૂકી જવાય તો કષાયો અનંતાનુબંધી બની જાય છે. વળી સમ્યકતા પણ લોપાય છે. આથી કષાયોની મંદતા માટે અને સમ્યકત્વની પ્રાપ્તિ માટે ક્ષમાપના જીવનમાં જરૂરી છે.

જૈન ધર્મમાં ક્ષમા માત્ર માનવસંબંધો પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમસ્ત જગતને એ આવરી લે છે. વળી ક્ષમા માગનાર તે આરાધક છે. ક્ષમાપનાથી પાપમય વિચારો અને અશુદ્ધ આચારો નાશ પામે છે અને કર્મની પાટી ચોખ્ખી થાય છે, આથી જ ક્ષમાપના આત્મશુદ્ધિ દ્વારા આત્મસ્વરાજ્ય આપે છે.

આજે મન, વચન અને કાયાથી કરતાં, કરાવતાં અને અનુમોદતાં જાણે અજાણે થયેલા દોષોની માફી માગવાની હોય છે. આ સમયે ભણેલા કે અભણ, ગરીબ કે તવંગર, ગુરુ કે શિષ્ય કશાનો ભેદ રહેતો નથી. એવા કશાય ભેદનો વિચાર કર્યા વિના વ્યક્તિએ પોતે જ સામેથી ક્ષમા માગી લેવી જોઈએ.

સાધનાના સાત દિવસ પૂર્ણ થતાં સિદ્ધિનો સંવત્સરી દિન ઊગ્યો છે. વેરના અંધારકૂપમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બૂરી ભાવનામાં જીવતા માનવીને માટે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિતનું પર્વ ઊગ્યું છે. આજે મહિમા છે 'મિચ્છા મિ દુક્કડમ્'નો પરંતુ માત્ર ક્ષમાપનાના કાર્ડ લખ્યા કે હાથ જોડી ક્ષમા માગીએ એટલું પૂરતું નથી. આજે ક્ષમાપનાની કક્ષા વિચારવી જોઈએ અને તેમાંથી સાચી ક્ષમાપનાની ખોજ કરવી જોઈએ.

શાસ્ત્રગ્રંથોએ ક્ષમાપનાના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. પ્રથમ પ્રકાર છે ઉપકાર ક્ષમા. ક્યારેક ઉપકારને કારણે વ્યક્તિ ક્ષમાવૃત્તિ ધારણ કરતો હોય છે. ક્ષમાનું કારણ એ હોય છે કે જો એ ક્રોધ કરે તો સામી વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થતા ઉપકારો અટકી જાય. આજીવિકા માટે નોકર શેઠનો ગુસ્સો સહન કરે કે નોકરી માટે પોતાના અધિકારીનો ઠપકો સહન કરે તેને ઉપકાર ક્ષમા કહે છે.

ક્ષમાનો બીજો પ્રકાર છે અપરાધ ક્ષમા. સામી વ્યક્તિએ અપરાધ — અપકાર કર્યો હોય અને તેમ છતાં એને ક્ષમા આપવી પડે. કોઈ શક્તિશાળી કે સત્તાશાળીએ દુર્વર્તન કર્યું હોય તો નિર્બળ એને એના અપરાધની ક્ષમા આપી દેશે. આમ અપકાર કરનારી વ્યક્તિ સત્તા, સંપત્તિ કે સામર્થ્યવાન હોય ત્યારે ભયને કારણે એને ક્ષમા આપવામાં આવે તેનું નામ છે અપકાર ક્ષમા.

ક્ષમાનો ત્રીજો પ્રકાર છે વિપાક ક્ષમા. ક્રોધનાં કડવાં ફળ આપણે જોયાં હોય, એનાથી કુટુંબમાં સળગેલી કંકાસની હોળી નિહાળી હોય ત્યારે કોઈ ક્રોધનું કારણ મળે પરંતુ ક્રોધનાં પરિણામ જાણનારી વ્યક્તિ સાવચેત બની જાય અને ક્રોધ કરવાને બદલે ક્ષમા કરે. આને વિપાક ક્ષમા કહેવામાં આવે છે.

આ ત્રણ પ્રકારની ક્ષમા મિથ્યાદૃષ્ટિ જીવને પણ થઈ શકે છે. પરંતુ બાકીની બે

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪ ઉપર)

*પોતાના કરતાં બીજાના હિતનો ખ્યાલ રાખતાં શીખો.*

ધર્મ

# જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાનમાં 'સંથારો' એટલે શું છે?

• પ્રવીણચંદ્ર શાહ •

જૈન દર્શન, જૈન તત્ત્વજ્ઞાન, ગાંધીજીના બ્રહ્મચર્યના વિચારોની જેમ, એટલું બધું સખત છે કે સામાન્ય મનુષ્યને આચરણમાં ઉતારવું અત્યંત કઠિન, લગભગ અશક્ય જેવું છે.

દરેક વિધિ, દરેક ક્રિયા, દરેક દાયિત્વ માટે ઉપરથી નક્કી કરેલું હોય છે. ભાગ-વિભાગ પાડેલા હોય છે, સૂચનાઓ લખાયેલી હોય છે, આદેશ અપાયેલા હોય છે — પણ દરેક આદેશનો એક વિકલ્પ પણ હોય છે. વિકલ્પ થાય ત્યાં 'જ્ઞાન' થાય. જૈન તત્ત્વજ્ઞાન પરંપરા, શબ્દ સમ્રાટ છે. શબ્દ પાસેથી જે કામ જૈન શાસ્ત્રજ્ઞો અને મર્મજ્ઞોએ લીધું છે એ જવલ્લે જ બીજા કોઈ ધર્માચાર્યોએ લીધું હશે.

જૈન આચાર સંહિતામાં બધું જ વ્યવસ્થિત છે, શાસ્ત્રોક્ત છે. દરેક કર્તવ્ય, કર્મ, કાર્ય પ્રમાણિત છે, આધારિત છે, નિયત છે. એક પુરુષ અને એક સ્ત્રીએ કેટલું જમવું? આને જૈન દર્શનમાં ઉનેદારિકા - તપ કહેવાય છે. ઉનેદારિકા એટલે નિયત પ્રમાણ કરતાં ઓછા રહેવું, એ. શ્રી આચાર પ્રદીપ ગ્રંથમાં નોંધાયું છે : સામાન્ય રીતે પુરુષને બત્રીસ કોળિયા અને સ્ત્રીને અઠ્ઠાવીસ કોળિયાનું ભોજન પ્રમાણ છે. કોળિયાની વ્યાખ્યા પણ અપાઈ છે, એ વિષે પણ આદેશ સ્પષ્ટ છે : કૂકડીના ઈંડા જેટલું અથવા તો મોઢું પહોળું કર્યા વિના સહજતાથી મોઢામાં મૂકી શકાય એટલું. આ તપ પણ પાંચ પ્રકારે કરી શકાય છે.

જૈન દર્શન વૈજ્ઞાનિક છે, ગાણિતિક છે, વૈભાગિક છે, આંકડાઓમાં ગોઠવાયેલું છે. કાન કેટલા પ્રકારના અવાજો સાંભળી શકે છે? સચિત્ત શબ્દ એટલે કે જીવંત પ્રાણીઓનો, અચિત્ત શબ્દ એટલે જડ પદાર્થોનો અને મિશ્ર શબ્દ અર્થાત્ બંનેના મિશ્રણરૂપ અવાજ એટલે કે સ્વર અને વાદ્યનો સંયુક્ત અવાજ.

જૈન દર્શનનું અદ્ભુત શબ્દવિશ્વ રોમાંચિત કરી નાખનારું છે. આટલા બધા શબ્દો અને એ દરેક શબ્દની અર્થછાયાઓ. શબ્દકોશની બહાર ઢળી પડેલા આટલા બધા શબ્દો, સમાસો, અર્થઘટનો, વ્યાખ્યાઓ, ભેદજ્ઞાન. એમ લાગે કે એવો કોઈ જ વિચાર કે ક્રિયા નથી જેનો જૈન દર્શન પાસે શબ્દ કે ભાવ કે અર્થ ન હોય — આ ધર્મ પ્રકાંડ અને પ્રચંડ જેવા વિશેષણોનો ભાર સહી શકે એવા માણસોએ સંભાળ્યો છે.

જૈન ધર્મની વિવિધ વિશિષ્ટતાઓમાંની એક આંકડાઓ કે નંબરો સાથેનો તેનો લગાવ છે, જેને અંગ્રેજીમાં ન્યુમેરોલોજી કહે છે. જ્યાં વિભાગીકરણ આટલું સ્પષ્ટ હોય ત્યાં શબ્દનો અર્થ અને આંકડાની ચોક્સાઈ રહેવાનાં જ. દૃષ્ટાંતરૂપે નવકારમંત્રનો સાતમો મંત્ર છે : 'સવ્વપાવપ્પણાસણો.' આ મંત્ર ધાર્મિક કરતાં તાર્કિક વિશેષ છે. કાર્યનો નાશ કરવા માટે કારણનો નાશ કરવો પડે છે. કાર્ય અને કારણને સીધો, માતા અને ગર્ભને એમ્બાઈલિકલ કોર્ડ અથવા જીવનદોરીના જેવો સંબંધ છે. દુઃખનું કારણ પાપ છે અને એનો નાશ થવો જોઈએ. પણ જૈન દર્શન માત્ર પાપના નાશથી પણ આગળ જઈને કહે છે કે પાપનો 'પણાસણો' અથવા પ્રનાશ થવો જોઈએ. લાકડું બાળવામાં આવે ત્યારે લાકડાંનો નાશ થયો પણ જ્યારે એ લાકડાંની રાખ પણ ઉડી જાય ત્યારે એ લાકડાંનો પ્રનાશ થાય છે. જૈનધર્મ પાપનો માત્ર નાશ જ નહીં પણ પ્રનાશ ઈચ્છે છે.

જૈન ધર્મ કે જૈન દર્શન વિશ્વના મહાન તત્ત્વજ્ઞાનોમાં સ્થાન પામ્યું છે. જૈન દર્શને વિશ્વને ઘણું આપ્યું છે. ભારતવર્ષમાં જૈન વિચારધારાનું યોગદાન અમિટ છે : અહિંસા, વ્યાકરણ, દસમીથી બારમી સદી સુધીનું ભારતભરમાં પ્રકટેલું અદ્વિતીય જૈન શિલ્પ સ્થાપન, ગણિત, દેહદમન વિષેના આત્યંતિક વિચારો, ઉપવાસ, કૈવલ્ય, નવકાર મંત્ર, સંથારો.

સંથારો એટલે? આ સમજવા તેની પૂર્વભૂમિકા સમજી લેવી જરૂરી બને. સંથારાનો મૂળભૂત હેતુ છે : મોક્ષ પામવું. સંથારાને જૈન તત્ત્વજ્ઞાનમાં અંતિમ શુદ્ધિ માનવામાં આવ્યો છે. જૈન તત્ત્વજ્ઞાનની પરંપરામાં મનુષ્ય મૃત્યુના ૧૭ પ્રકાર ગણવામાં આવ્યા છે :

૧. ઉત્પન્ન થયા પછી પ્રતિપળ આયુષ્ય ઘટતું જાય છે તે અવિચિય મૃત્યુ.
૨. વર્તમાનકાળમાં જે શરીરરૂપ પર્યાય પ્રાપ્ત થયો છે તેનો અભાવ તે તદ્ભવ મૃત્યુ.
૩. આગલા ભવમાં જે આયુર્બંધ કરી અહીં ઉત્પન્ન થયા તે 'અવધિ મૃત્યુ.'
૪. સર્વથી અને દેશથી આયુ ક્ષીણ થાય તથા બંને ભવમાં એક જ પ્રકારનું મૃત્યુ થાય તે 'આદ્યંત મૃત્યુ.'
૫. ઝેરથી, શસ્ત્રથી, અગ્નિથી, પાણીથી, પહાડથી પડીને, ઇત્યાદિ પ્રકારથી આપઘાત કરી મરે તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર્યની આરાધના રહિત અજ્ઞાનતાથી મૃત્યુ પામે તે 'બાલ મૃત્યુ.'

**જ્યોતિષી મંગલમ સી. સંગોઈ (કપાયાવાલા)**
જ્યોતિષને લગતા તમામ કામકાજ માટે મળો
૨૦૨, સી-૧૯, અભિલાષા, સેક્ટર-૮, શાંતિનગર, મીરા રોડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૧ ૧૦૭. (ડિસ્ટ્રીક્ટ : થાણે)
મુંબઈ મોબાઈલ : ૯૮૨૧૧ ૦૬૧૮૮
ગુજરાત મોબાઈલ : ૯૮૭૯૦ ૪૬૨૮૫

૬. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર સહિત સમાધિભાવથી આયુષ્ય પૂર્ણ થાય તે 'પંડિત મૃત્યુ.'
૭. સંયમ વ્રતથી ભ્રષ્ટ થઈને મૃત્યુ પામે તે 'આસન મૃત્યુ.'
૮. સમ્યક્ત્વ સહિત શ્રાવકના વ્રતોનું આચરણ કર્યા બાદ સમાધિ ભાવથી મૃત્યુ પામે તે 'બાલપંડિત મૃત્યુ.'
૯. માયા, નિયાણું અને મિથ્યાત્વ દર્શન શલ્ય - એ ત્રણમાંથી કોઈ પણ એક શલ્ય સહિત મૃત્યુ પામે તે 'સશલ્ય મૃત્યુ.'
૧૦. પ્રમાદને વશ થઈ તથા અત્યંત સંકલ્પ વિકલ્પ પરિણામોથી પ્રાણમુક્ત થઈ જાય તે 'પલાય મૃત્યુ.'
૧૧. ઇંદ્રિયોને વશ પડી, કષાય, વેદના કે હાંસીને વશ પડીને મૃત્યુ પામે તે 'વશાત્ મૃત્યુ.'
૧૨. સંયમ, શીલવ્રત આદિનો નિર્વાહ ન થવાથી આપઘાત કરે તે 'વિપ્રણ મૃત્યુ.'
૧૩. સંગ્રામમાં શૌર્ય ધારણ કરી મરણ પામે તે 'યુદ્ધપુષ્ટ મૃત્યુ.'
૧૪. યથાવિધિ ત્રણે આહારમાં યાવજ્જીવ પચ્ચક્ખાણ કરી મૃત્યુ પામે તે ભક્ત 'પ્રત્યાખ્યાન' મૃત્યુ.
૧૫. સંથારો કર્યા બાદ અન્યની પાસે સેવા ચાકરી નહીં કરાવવા થકી મૃત્યુ પામે તે 'ઇંગિત મૃત્યુ.'
૧૬. આહાર અને શરીર બંનેનો યાવજ્જીવ ત્યાગ કરી સ્વવશ હલનચલન કર્યા વગર મૃત્યુ પામે તે 'યાદોપગમન મૃત્યુ' અને
૧૭. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ દેહોત્સર્ગ થાય તે 'કેવળી મૃત્યુ' બને છે.

જૈન તત્ત્વજ્ઞાન પ્રણાલિકામાં સંથારાના મુખ્ય બે પ્રકાર સ્વીકારાયા છે : (૧) સાગારી સંથારો અને (૨) અણગારી સંથારો. સંથારાની વિધિ અને ક્રિયાઓની પણ આદેશાત્મક ભલામણો અપાઈ છે. જ્યાં ચિત્ત સમાધિને યોગ્ય જગ્યા હોય ત્યાં સંથારાનું આસન બને છે. સંથારો કરવાના સ્થાન પર આસનાસ્થ થતી વખતે સંથારો કરનારે 'ઇરિયાવહી પડિક્કમે કાયોત્સર્ગ પારી લોગસ્સ' બોલી કહેવાનું હોય છે, જે પ્રાયશ્ચિત, શુદ્ધિ અને મુક્તિ - આત્માની મુક્તિ - માટેની આરાધના હોય છે. માયા, નિયાણં અને મિથ્યાત્વ દર્શન, જેને જૈન પરિભાષામાં શલ્ય કહેવાય છે, તે શલ્યોનો ત્યાગ કરાય છે. આ આખીયે સમગ્ર ક્રિયા તો ઘણી વિસ્તૃત છે જે અહીં ટાંકવી ઉચિત નથી. પરંતુ તેનો અર્ક એ છે કે સંથારો કરનાર વ્યક્તિ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, સાંસારિક, વ્યક્તિગત, દુન્યવી સંપૂર્ણ માયાના તાંતણે તાંતણાથી કાયમ માટે મુક્ત બને છે. આ ક્રિયા દરમ્યાન વિવિધ પાઠોનું પઠન, સંથારો કરનારે કરવાના રહે છે. પરંતુ જો તે શક્ય ન હોય તો તેના વધુ સરળ વિકલ્પો પણ છે. આમાંના વિવિધ નિર્ણયાત્મક સ્વપાઠમાંના બે દૃષ્ટાંતો આ પ્રમાણે છે : ન કરેમિ, ન કારવેમિ, કરંત પિ અન્નં ન સમણુજાણામિ મણસા, વયસા કાયસા (અઢારે પોપાને હું પોતે કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં અને અન્ય કોઈ કરતું હશે તેને રૂડું (સારું) પણ જાણીશ નહીં. સવ્વં અસણં, પાણં, ખાઇમં, સાઇમં, ચઉવિહં પિ આહારં પચ્ચક્ખામી — સર્વથા પ્રકારે આગાર રહિત અન્ન, પાણી, સુખડી, મુખવાસ અને અપિ શબ્દથી સૂંઘવાની કે આંખમાં આંજવાની - સર્વ વસ્તુના પચ્ચક્ખાણ — ત્યાગ નિર્ણય કરું છું.

સંથારાનો ઉદ્દેશ આત્માની શાશ્વત મુક્તિ છે. સંથારો અતૂટ, પોલાદી નિશ્ચય - કૌવત માગી લે છે. વીરત્વ માગી લે છે. સંથારો અનન્ય છે. સંથારો બેમિસાલ છે અને રહેશે.

*ફ્લેટ નં.-૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*તાતા સ્કાય ગાર્ડન,*
*તક્કા રોડ, પનવેલ - ૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨*

## પાંચ પ્રકારની ક્ષમાને આરાધીએ!

**(અનુસંધાન : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)**

ક્ષમા સમ્યક દર્શનની પ્રાપ્તિ વિના શક્ય નથી. અને આ બે ક્ષમા છે વચન ક્ષમા અને ધર્મ ક્ષમા. વચન ક્ષમામાં પરમાત્માનાં વચનો સ્મરીને શ્રાવક ક્ષમા આપતો હોય છે. જિનેશ્વરની આજ્ઞા એ જ સાચો જીવનપંથ દર્શાવનારી છે. એ આજ્ઞા પ્રમાણે જીવવું એ જ પરમ અને ચરમ કર્તવ્ય છે. આવું સમજનારી વ્યક્તિ ક્રોધ જગાડે તેવા સંજોગોમાં પણ વિચારશે કે ક્રોધ કરવો નહીં તેવી જિનઆજ્ઞા છે. તેથી આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ ક્ષમા રાખવી. આ રીતે પરમાત્માની તારક વાણીને પરિણામે ક્ષમા આપે છે. અને તે છે વચન ક્ષમા.

સાધનાના પ્રારંભે વ્યક્તિ પ્રયત્નપૂર્વક કે જુદા જુદા ઉપાયો અજમાવીને ક્રોધને જીતવાનો પ્રયાસ કરતી હોય છે. પરંતુ સમય જતાં ક્ષમા એ વ્યક્તિનો સ્વભાવ બનવી જોઈએ. પહેલાં ક્ષમા રાખવા માટે એ પ્રયત્નશીલ હોય, પછી એને માટે ક્ષમા અનાયાસ અને સાહજિક બની જાય. વિચાર અને ભાવના દ્વારા ક્ષમા એના આત્મામાં પરિણમે છે અને તેને પરિણામે કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં એનો આત્મા પ્રસન્નતા જ પ્રગટાવતો રહેશે. આ પ્રકારની ક્ષમાને ધર્મક્ષમા કહે છે. આજે 'મિચ્છા મિ દુક્કડમ્' કહીએ ત્યારે વચન ક્ષમા અને તેથી પણ આગળ ધર્મ ક્ષમા પામવાનો સંકલ્પ કરીએ.

આજે વર્ષભરના જાણતાં-અજાણતાં થયેલા વેરવિરોધની પરસ્પર મિથ્યા કરીએ. ભવિષ્ય માટે જાગ્રત થઈએ. થઈ તેવી ભૂલ થવા દઈએ નહિ! ઉદારતાનો અમૃતપ્યાલો હરહંમેશ દિનરાત પીએ, પિવરાવીએ અને સપ્તદિનરૂપી સાધના નદીનો સંગમ સંવત્સરી રૂપી સાગરમાં કરીએ. ■

*દરેક એવું ઈચ્છે છે કે*
*અન્યો તેમની લાગણી સમજે પરંતુ પોતે,*
*અન્યો તેના માટે શું માને છે*
*તે સમજવા તૈયાર નથી.*

*બધા મોટા માણસ ન થઈ શકે, પણ માણસ તો થઈ શકે ને?*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર' – સર્વે પ્રશ્નાવલી

હાલ છે તેનાથી પણ વધુ રસપ્રદ અને માહિતીસભર 'મંગલ મંદિર' વાચક વર્ગના હાથમાં આપવાના ઉદ્દેશથી એક પ્રશ્નાવલીનું ફોર્મ 'મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૧૫ના અંકના પાના નં.-૧૧ પર પ્રસારિત કરવામાં આવેલ હતું. આ બાબતે અનેક વાચકોએ રસ લઈ, આ ફોર્મ ભરી, અમારા પર મોકલી આપેલ છે.

હજુ વધુ વાચકો આ ફોર્મ ભરે એ હેતુથી અત્રે તેને ફરી પ્રસારિત કરવામાં આવેલ છે.

આ પ્રશ્નાવલીમાં યોગ્ય સ્થળે ✓ માર્ક કરી, શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે પરત મોકલી આપવા આપશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

- આપશ્રી મંગલ મંદિર વાંચો છો?...................................................... હા ☐ ના ☐
- વાંચો છો? નો જવાબ 'હા' હોય તો લેખ વિભાગમાં કયા વિભાગના લેખો વાંચો છો?
- કચ્છને લગતા લેખો વાંચો છો?...................................................... હા ☐ ના ☐
- નર્મદા કેનાલ વિશેના લેખો વાંચો છો? .............................................. હા ☐ ના ☐
- વાર્તા વાંચો છો? ....................................................................... હા ☐ ના ☐
- તંદુરસ્તી વિભાગના લેખો વાંચો છો?................................................. હા ☐ ના ☐
- કટાક્ષ લેખો વાંચો છો? ................................................................ હા ☐ ના ☐
- 'આંજો કાગર' વિભાગ વાંચો છો?..................................................... હા ☐ ના ☐
- 'અન્ય સંસ્થાઓના સમાચાર' વિભાગ વાંચો છો?.................................. હા ☐ ના ☐
- 'સાર સમાચાર' વાંચો છો? ............................................................ હા ☐ ના ☐
- 'જાણવા જેવું' વિભાગ વાંચો છો?..................................................... હા ☐ ના ☐
- 'શબ્દ રમત' વિભાગમાં રસ ધરાવો છો?.............................................. હા ☐ ના ☐
- 'સુડોકુ' વિભાગમાં રસ ધરાવો છો?................................................... હા ☐ ના ☐
- 'વલોવતન' વિભાગ વાંચો છો?........................................................ હા ☐ ના ☐
- શ્રી ક.જૈ.સે.સ.- અમદાવાદનો માસિક અહેવાલ વિભાગ વાંચો છો?......... હા ☐ ના ☐
- 'ઊડતી નજરે' વિભાગ વાંચો છો?.................................................... હા ☐ ના ☐
- 'મંગલ મંદિર'માં અન્ય કયા વિભાગો આપવામાં આવે તો આપને ગમશે? ________________

________________________________________________

- અન્ય સૂચનાઓ : ________________________________________

________________________________________________

________________________________________________

**નામ :** ________________________________________

**મોબાઈલ નંબર :** ____________________ **સહી :** ____________________

*પ્રેમ જો તમારા અસ્તિત્વનો પાયો બની જાય તો પછી કોઈ દુઃખ તમને હેરાન નહીં કરી શકે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટ્યુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

***"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક (Payable at AHMEDABAD) / ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.***

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી.
(૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

૧ વર્ષના : રૂા. ૧૫૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/-
૫ વર્ષના : રૂા. ૬૦૦/-
આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

## • વાંચન અભિયાન •

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......................... ૧૬૦
★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો .......................................................... ૧૫૦
★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો .................................................. ૨૨૫૦

***આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.***

જૈનોનાં તીર્થસ્થાનો

# જૈનોનાં શ્રી ૧૦૮ તીર્થ : ઇતિહાસની એક ઝલક (પ્રકરણ-૧)

• શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી •

*જૈનોનાં તીર્થોનો પણ એક ઈતિહાસ છે. આ તીર્થો સમગ્ર ભારત વર્ષમાં આવેલાં છે. કદાચ તેમાંનાં કેટલાંક તીર્થોનું અસ્તિત્વ ૨૫૦૦ વર્ષથી પણ વધુ જૂનું હશે. શ્રી ઋષભદેવના સમયથી અથવા એ અગાઉથી ભારતમાં જૈન ધર્મ અસ્તિત્વમાં આવેલ છે. સમયે સમયે અનેક શ્રેષ્ઠીઓએ યોગદાન આપી આ તીર્થોનું નિર્માણકાર્ય કરાવેલ છે. સમગ્ર દેશનાં આ પ્રકારનાં ૧૦૮ તીર્થોની માહિતી એકત્રિત કરી શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજીએ તેનું સંપાદન કાર્ય કરેલ છે, જ્યારે આચાર્ય મેરુપ્રભસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ, મેરુધામ જૈન તીર્થ, અમિયાપુર, સાબરમતી - કોબા - ગાંધીનગર હાઈવે, ગાંધીનગર તરફથી તેને પ્રકાશિત કરવામાં આવેલ છે. દરેક તીર્થની વિગતો જોતાં રોમાંચિત થઈ જવાય છે. આપણને એવું ભાસે છે કે આપણે સદેહે ત્યાં ઉપસ્થિત છીએ. આ તીર્થોમાંથી ગુજરાતમાં ૪૯, રાજસ્થાનમાં ૨૫, ઉત્તર પ્રદેશમાં ૧૨, બિહારમાં ૮, મહારાષ્ટ્રમાં ૭, મધ્ય પ્રદેશમાં ૪ અને બંગાળ, આંધ્રપ્રદેશ તથા હિમાચલ પ્રદેશમાં ૧-૧ સ્થળે આવેલ છે. એ સમયે આ દરેક રાજ્યમાં જૈન ધર્મ પ્રચલિત થયેલ હશે.*

*આ લેખમાળામાં એક પછી એક તીર્થની ટૂંકમાં માહિતી આપવાનો ઈરાદો છે કે જેથી 'મંગલ મંદિર'ના વાચક વર્ગને આ તીર્થો વિશેની જાણકારી મળી શકે.*

*– તંત્રી મંડળ*

## (૧) શ્રી સિદ્ધગિરિ પાલિતાણા તીર્થ (ગુજરાત)
### શ્રી આદીશ્વર ભગવાન

વર્તમાન ચોવીસીના ત્રેવીસ તીર્થંકરોથી પાવન થયેલ તીર્થાધિરાજના નામને ધારણ કરતો, ચૌદ રાજલોકમાં ત્રણ ભુવનમાં જેની જોડ ન મળે તેવો, જ્યાં કાંકરે કાંકરે અનંતા આત્માઓ મુક્તિ પામ્યા છે, જેના પવિત્ર પરમાણુ પાપીને પણ પાવન બનાવે છે એવો, મંદિરોના મહાનગર સમાન આ શાશ્વત ગિરિરાજ છે. જ્યાં નવટૂંકમાં ૧૦૮ મોટા દેરાસરમાં તથા ૮૭૨ નાનાં મંદિરોમાં સાત હજાર પ્રતિમાઓ છે; જ્યાં ૨.૧૬ મીટરના મૂળનાયક શ્રી ઋષભદેવની અલૌકિક પ્રતિમા ભક્તના ભાવોને જગાડે છે; જ્યાં પ્રભુ પૂર્વ નવ્વાણું વાર પધાર્યા હતા; જેના ૧૬ મોટા ઉદ્ધાર થયેલ છે. આટલી ૧૬૪૦ ફૂટની ઊંચાઈએ કલા કારીગરીયુક્ત જિનાલયો તથા આટલી મૂર્તિઓ વિશ્વમાં ક્યાંય જોવા મળતી નથી.

## (૨) શ્રી હસ્તગિરિ તીર્થ (ગુજરાત)
### શ્રી આદીશ્વર ભગવાન, ચરણ પાદુકા.

પ્રાકૃતિક - પવિત્રતા - પ્રાચીનતાનો ત્રિવેણી સંગમ તથા આત્મ આરાધના માટે અનુપમ સ્થળ એટલે આ તીર્થ. અહીં અતિ પ્રાચીન પીરોજી રંગની શ્રી આદીશ્વર ભગવંતની ૩૩ સે.મી.ની ચરણ પાદુકા છે. અહીં ભરત ચક્રવર્તી મોક્ષે ગયેલા તથા તેમના હાથીએ અણસણ કરેલ. તેથી નામ હસ્તગિરિ પડેલ છે. અહીં પંચકલ્યાણક જિનપ્રાસાદ તથા સમવસરણની સ્મૃતિને યાદ કરાવતું ૭૨ દેરી યુક્ત અષ્ટકોણ શ્રી આદિનાથનું ઉત્તુંગ શિખર યુક્ત કલાત્મક જિનમંદિર પૂ.આ. માનતુંગસૂરિ મ.સા.ના સદુપદેશથી થયેલ છે. જેની પૂ.આ. રામચંદ્રસૂરિ મ.સા.ના હસ્તે વિ.સં. ૨૦૪૫ વૈશાખ સુદ-૬ના પ્રતિષ્ઠા થયેલ છે.

## (૩) શત્રુંજય ડેમ તીર્થ (ગુજરાત)
### શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાન

શત્રુંજય ડૅમ પર રમણીય સ્થળે આ તીર્થ આવેલ છે. જ્યાં વિશાળ જિન મંદિરમાં મૂળનાયક શ્રી શત્રુંજય પાર્શ્વનાથની ભવ્ય શ્યામ મનોહર મૂર્તિ બિરાજમાન છે. વિ.સં. ૨૦૩૦ વૈશાખ સુદ-૧૦ના પૂ.આ. શ્રી વિજયોદયસૂરિ મ.સા.ના શિષ્યરત્ન પૂ.આ. નંદનસૂરિ મ.સા.ના હસ્તે પ્રતિષ્ઠા થયેલ છે. શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરિ મ.સા.ના શુભ હસ્તે રોહિશાળામાં શ્રી આદીશ્વર ભગવંતનું ભવ્ય જિનાલય આદિ થયેલ જે ડૅમ થતાં પાણીમાં ડૂબી જતાં તેના બદલે આ તીર્થ સ્થાપન થયેલ છે. રોહિશાળાના પ્રતિમાજી અહીં લાવવામાં આવેલ છે.

## (૪) શ્રી કદંબગિરિ તીર્થ (ગુજરાત)
### શ્રી આદીશ્વર ભગવાન

ગઈ ચોવીસીના બીજા નિર્વાણી પ્રભુના કદંબગણધર એક કરોડ મુનિઓ સાથે અહીં નિર્વાણ પામ્યા હતા તેથી કદંબગિરિ નામે પ્રખ્યાત છે. શત્રુંજયના શિખર ગણાતા આ ગિરિરાજની ટોચે શ્રી આદિનાથ તથા કદંબ ગણધરનાં પ્રાચીન પગલાં છે તથા શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરિ મહારાજ સાહેબે જીર્ણોદ્ધાર કરાવી ભવ્ય પાંચ જિનાલય સ્થાપેલ છે. મૂળનાયક શ્રી આદિનાથની પ્રતિમા દિવ્ય અને પ્રભાવશાળી છે. તથા પાંચ મેરુ-અષ્ટાપદ શત્રુંજયની રચનાથી મનોહર છે. નમિનાથ, નેમનાથ આદિના જિનાલયો છે. નીચે વીરપ્રભુનું જિનાલય, ધર્મશાળા, ભોજનશાળા છે.

## (૫) શ્રી તાલધ્વજગિરિ તીર્થ (ગુજરાત)
### શ્રી સાચાદેવ સુમતિનાથ

શત્રુંજયની ટૂંક ગણાતું આ પાવન તીર્થ ૩૬ ગુફા વડે અતિ

પ્રાચીન છે. ભરત ચક્રવર્તીએ અહીં ભવ્ય મંદિર બંધાવેલ. અત્યારનું મંદિર વિક્રમની ૧૨મી સદીમાં કુમારપાળે બંધાવેલ છે. આ પ્રતિમાજી અતિ ચમત્કારી છે. જમીનમાંથી પ્રગટ થતાં જ રોગચાળો અનિષ્ટનું નિવારણ થતાં સાચાદેવ શ્રી સુમતિનાથ તરીકે પ્રખ્યાત થયેલ છે. અંતિમ જીર્ણોદ્ધાર પછી વિ.સં. ૧૮૭૨ વૈશાખ સુદ-૧૨ પ્રતિષ્ઠા થયેલ ત્યારથી કેસરવર્ણીય અખંડ જ્યોત આજેય ચાલુ છે. શાસન સમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરિ મ.સા.ની પ્રેરણાથી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર નિર્માણ થયેલ છે. નીચે ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

## (૬) શ્રી મહુવા તીર્થ (ગુજરાત)
### શ્રી મહાવીર સ્વામી (જીવિતસ્વામી)

સૌરાષ્ટ્રનું કાશ્મીર ગણાતું અને સમુદ્ર કિનારે હરિયાળી ભૂમિ પરનું આ મહુવા બંદર પ્રાચીન તીર્થધામ છે. વીરપ્રભુની હયાતી સમયનું તેથી જ જીવિતસ્વામીના નામે પ્રખ્યાત છે. જ્યાં મહાવીર સ્વામીની ૯૧ સે.મી.ની પદ્માસનસ્થ પ્રભાવક નયમરમ્ય પ્રતિમા છે. જિન શાસનનાં અનેક રત્નો અહીં પાક્યાં છે પૂ. શાસનસમ્રાટ આ.ભ. શ્રી નેમિસૂરિજી, આ.શ્રી ધર્મસૂરિજી, જાવડશાહ (શત્રુંજય તીર્થના ૧૩માં ઉધ્ધારક) જગડુશાહ વગેરેની જન્મભૂમિ છે. શાસન સમ્રાટના જન્મ સ્થળે ચાર મજલાનું 'નેમિવિહાર' મનોહર જિનાલય છે તથા કાળધર્મ સ્થળે પૂજ્યશ્રીના પ્રભાવક ચરણ પાદુકા તથા અગ્નિસંસ્કાર સ્થળે ભવ્ય જિનમંદિર - ઉપાશ્રય સ્મૃતિભવન આવેલ છે.

## (૭) શ્રી ઘોઘા તીર્થ (ગુજરાત)
### શ્રી નવખંડા પાર્શ્વનાથજી

આ પ્રાચીન (ગુંદીગઢ) ઘોઘા તીર્થમાં વિ.સં. ૧૧૬૮માં મહેન્દ્રસૂરિ હસ્તે નાણાવટી હીરુભાઈએ આ પ્રભુ ભરાવેલ. પછી મ્લેચ્છોએ નવખંડ કરી ભાવનગર વડવાના બાપેસરા કૂવામાં નાખેલ. જાગતા અધિષ્ઠાયકે સ્વપ્નમાં હીર તાંતણે બાંધેલ ચારણીમાં પ્રભુજી આવશે એ પછી નવ દિવસ નવમણ લાપસીમાં રાખવા સૂચના આપી. આઠમે દિવસે ભરૂચ સંઘની અધીરાઈએ કાઢતા પ્રભુના અંગે રેખા રહી, ત્યારથી શ્રી નવખંડા પાર્શ્વનાથ તરીકે પ્રખ્યાત થયા છે. જેનો અલૌકિક પ્રભાવ જણાય છે. ચાર મંદિર સાથે હોવાથી ટૂંકની જેમ શોભે છે. બીજા બે દેરાસરો ગામમાં છે.

## (૮) શ્રી વલ્લભીપુર તીર્થ (ગુજરાત)
### શ્રી આદીશ્વર ભગવાન

શ્રી શત્રુંજય તીર્થની પ્રાચીન તળેટી ગણાતું વલ્લભીપુર તીર્થ છે જ્યાં ૮૪ જિનમંદિરો હતાં. ત્યાંના રાજા શિલાદિત્યે શત્રુંજયનો ઉદ્ધાર કરેલ. વિ.સં. ૫૦૧માં દેવર્ધિગણ ક્ષમાશ્રમણે ૫૦૦ આચાર્યો એકત્ર કરીને આગમ લેખન કરેલ. જિનભદ્રગણિએ વિશેષ આવશ્યક ભાષ્ય રચેલ. વિ.સં. ૫૮૪માં ધ્રુવસેન રાજાના પુત્ર મૃત્યુના શોક નિવારણ માટે ચોથા કાલિકાચાર્યે પ્રથમવાર કલ્પસૂત્ર સભા સમક્ષ વાંચન કરેલ. આ તીર્થનો ઉદ્ધાર આ.નેમિસૂરિ મ.સા.ની પ્રેરણાએ થયેલ છે. શ્રી આદિનાથ પ્રભુ ૯૧ સે.મી.ના જ્યાં મૂળનાયક છે, નીચે ૫૦૦ આચાર્યની પ્રતિમા છે, ગુરુમંદિર છે તથા ગામમાં શ્રી ચિંતાપૂરક ચિંતામણિ પાર્શ્વનાથનું પ્રાચીન જિનાલય છે.

## (૯) શ્રી અજાહરા તીર્થ (ગુજરાત)
### શ્રી અજાહરા પાર્શ્વનાથ ભગવાન

અયોધ્યાના રઘુવંશી રાજવી અજયપાળ - સિદ્ધગિરિની યાત્રાએ દીવમાં ભયંકર વ્યાધિ - આ જ કાળે સમુદ્ર તોફાનમાં ફસાયેલા રત્નસારે પ્રભુધ્યાન - ધરણેન્દ્રે - કુબેરે - વરુણે પૂજેલ ૧૪ લાખ વર્ષ પ્રાચીન વેળુના - કેસરવર્ણા ૪૬ સે.મી.ના જાજવલ્યમાન પ્રતિમા આપતા, સમુદ્ર શાંત-દેવ સૂચનાએ અજયપાળને આપતા, સ્નાત્ર જળે વ્યાધિ હરણ થતાં પ્રભુનું અજાહરા નામ પ્રસિદ્ધ. તે જ નામે નગર વસાવી પધરાવ્યા. જેનો ૧૪ વાર જીર્ણોદ્ધાર થયેલ છે. જ્યાં ધરણેન્દ્ર નાગરૂપે કલાકો સુધી ધ્યાન ધરે છે જેના પ્રભાવે આજેય વ્યાધિ શમન થાય છે. ઉનાથી ૫ કિ.મી.ના અંતરે આવેલ છે.

## (૧૦) શ્રી પ્રભાસપાટણ તીર્થ (ગુજરાત)
### શ્રી ચંદ્રપ્રભુ ભગવાન

શ્રી ભરતચક્રીએ સ્થાપેલ આ તીર્થની અનેક ચક્રવર્તી આદિએ યાત્રા કરેલ છે. પાંડવવંશના મતિ - સુમતિ કુમારો ગિરનારની યાત્રાએ જતાં સમુદ્ર તોફાનમાં ફસાતાં અનિત્ય ભાવના ભાવતા અંતગડકેવળી થયા - દેહ આ સમુદ્રકિનારે આવ્યો - ત્યાં દેવોએ ઓચ્છવ-પ્રકાશ કરતાં "પ્રભાસતીર્થ" નામ થયું. આ. વિજયોદયસૂરિ - વિજયનંદનસૂરિના માર્ગદર્શને અંતિમ જીર્ણોદ્ધાર થઈ અત્યારના ભવ્ય વિશાળ નવ ગંભારાને પાંચ શિખરથી શોભતા જિનાલયમાં વિ.સં. ૮૪૫માં વલ્લભીભંગ થતાં ત્યાંથી લાવેલ ૧૧૫ સે.મી.નાં શ્વેત અદ્ભુત શ્રી ચંદ્રપ્રભ સ્વામીને મૂળનાયક તરીકે શ્રી ચંદ્રસાગરસૂરિ હસ્તે વિ.સં. ૨૦૦૮માં મહા સુદ-૬ નાં પ્રતિષ્ઠિત કરેલ છે. જ્યાં દોકડિયા પાર્શ્વનાથની પ્રભાવપૂર્ણ પ્રતિમા બિરાજમાન છે. બીજાં સાત જિનાલયો છે. વેરાવળથી ૭ કિ.મી. ને પ્રસિદ્ધ સોમનાથના મંદિરથી નજીકમાં આવેલ છે.

## (૧૧) શ્રી ગિરનાર તીર્થ (ગુજરાત)
### યાદવ કુલદીપક શ્રી નેમિનાથ ભગવાન

શ્રી નેમિનાથના દીક્ષા - કેવળ - નિર્વાણ કલ્યાણકથી પાવન થયેલ અને ભાવિ ચોવીસીના ૨૪ તીર્થંકરોના નિર્વાણથી પાવન થનાર આ ઉજ્જયંતગિરિ ઉપર ૧૪૦ સે.મી.ના અતિ મનોહર શ્રી નેમિનાથ મૂળનાયક છે જે પ્રતિમા ગઈ ચોવીસીનાં સાગરજિન ઉપદેશે બ્રહ્મેન્દ્રે ભરાવેલ પછી શ્રીકૃષ્ણ ગૃહ મંદિરે, દ્વારકા નાશ, અંબિકાદેવીએ પ્રભુને સુરક્ષિત રાખ્યા જે રત્નાશાહની તપશ્ચર્યાએ આપતાં આ તીર્થ વિ.સં. ૬૦૯માં, પછી વસ્તુપાળ - તેજપાળે, સજ્જન મંત્રીએ જીર્ણોદ્ધાર કરાવેલ.

*(ક્રમશઃ)*

કચ્છ

# કચ્છ પ્રદેશ અને તેનું પ્રાચીન વહાણવટું

• જોરાવરસિંહ જાદવ •

ભારતના પશ્ચિમાંચલમાં સૌરાષ્ટ્ર અને સિંધની વચ્ચે કાચબાકારે પથરાયેલો પ્રદેશ 'કચ્છ'ના નામે વિશ્વવિખ્યાત છે. આ કચ્છના માટે કહેવાયું છે કે :

*"કારા ડુંગર કચ્છજા, ધોરા ધણ ચરે,*
*સિજ ઉલધે સામા અચે, ડિસંધે દુઃખ ટરે."*

અર્થાત્ : કચ્છના કાળા ડુંગર ઉપર ધોળુડા ધણ ચરે છે. દિવસ આથમવા ટાણે એ ધણના દર્શન કરવાથી સર્વ દુઃખડાં દૂર થઈ જાય છે.

કચ્છનો અર્થ થાય છે કાંઠો, ભીનાશવાળી જગ્યા. કચ્છ એટલે પાણી વચ્ચેનો પ્રદેશ. 'અમરકોશ'માં કચ્છ શબ્દનો અર્થ 'જલપ્રદેશ' આપ્યો છે. કચ્છનો ઉલ્લેખ પાણિની (ઈ.સ. પૂર્વે ૭૦૦)ની અષ્ટાધ્યાયીમાં આવો છે. કચ્છ ત્યારથી એ નામે ઓળખાય છે. મહાક્ષત્રપ રુદ્રદામાના પુત્ર સ્વામી રુદ્રસિંહના એક શિલાલેખના આધારે ડૉ. હસમુખ સાંકળિયાએ કચ્છને પાણિનીથી પણ પહેલાંના સમયમાં એટલે વૈદિકયુગમાં તે નામે અસ્તિત્વ ધરાવતો હોવાનું માન્યું છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને સિંધની વચ્ચે કર્કવૃત્ત પર આવેલો, રણ અને સમુદ્રથી વીંટાયેલો આ પ્રદેશ પ્રાચીનકાળે ભોજકટ, અનુપ, અપરાંતત, આભીર, કુશદ્વીપ, જતદેશ, પચ્છમ, કાશ્મીર, ભુજ શ્રીપતિ પ્રદેશ, સીગરડીશ (સાગર દ્વીપ), પાતાળ દ્વીપ, તાજરાષ્ટ્ર, ઉદમ્બર અને ઉભ્રાસ તરીકે ઓળખાતો. આ પ્રદેશ એના ભૌગોલિક કાચબા આકાર અનુસાર 'કચ્છ' તરીકે ઓળખાતો રહ્યો છે. ભગવદ્‌ગોમંડળમાં કચ્છ શબ્દના ૩૧ અર્થો આપવામાં આવ્યા છે, જેમાંના કેટલાક અર્થ એની સ્થળ, સ્થિતિ નિર્દેશે છે. જેમકે 'ઘણા જળોવાળો પ્રદેશ, અનુપ દેશ, દરિયાની ભૂમિ, કિનારાનો પ્રદેશ વગેરે' એમ શ્રી ઉમિયાશંકર અજાણી નોંધે છે.

ભૌગોલિક રીતે જોઈએ તો ગુજરાતના અન્ય જિલ્લાઓથી અલગ પડી ગયેલો કચ્છ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ રાજ્યનો સૌથી મોટો જિલ્લો છે. ૧૮ કરોડ વર્ષના ભૂસ્તરીય ઈતિહાસને પોતાના પેટાળમાં સંઘરીને બેઠેલા કચ્છની ધરતી, તેનો ઈતિહાસ, તેની ભાષા, તેની સંસ્કૃતિ આગવાં અને વિલક્ષણ છે. એવો જ વિલક્ષણ કચ્છના પ્રાચીન વહાણવટાનો ઈતિહાસ પણ છે. શ્રી સંજય પી. ઠાકર નોંધે છે કે, 'કચ્છીયતનું એક અનુપમ પાસું એટલે તેનું પ્રાચીન વહાણવટું. વિશ્વના વહાણવટામાં કચ્છની દરિયાવટ, તેની સાહસિકતા અને ગરવાઈ માટે કંઈક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સાત સમંદર પાર પહોંચેલા વહાણવિદ્યાના પારંગત કચ્છી ખારવાઓ - ભડાલાઓ અને તેમની જરૂરત મુજબ વહાણ બાંધવાનો કચ્છી વાઢાઓનો હુન્નર ગૌરવપ્રદ છે.' એની વાત કરતાં પહેલાં ભારતીય વહાણવટાની પ્રાચીન વિરાસત પર એક ઊડતી નજર કરી લઈએ.

ભારત જેવા સત્તાવનસો કિલોમીટર લાંબી સાગરકંઠાર, સંખ્યાબંધ મોટી નદીઓ અને કીમતી સાગી લાકડાં આપે એવાં વિશાળ વનોવાળા દેશમાં વહાણવટાનો વિકાસ થાય એ સ્વાભાવિક જ ગણાય. એટલે જ ભારતનું વહાણવટું છેક સંસ્કૃતિના આદિકાળથી જાણીતું છે. મોહેં જો દડો અને લોથલના અવશેષો, સુમેર, એલ્મ, મિસર ને એસીરિયા સાથેના ભારતના સંબંધોના પુરાવા, જાવા - સુમાત્રા તરફનાં શિલ્પોમાં કંડારાયેલી ભારતીય નૌકાઓ અને છેક દક્ષિણ અમેરિકા જેટલે દૂરથી મળી આવેલી સાબિતીઓ આપણા ગૌરવવંતા વહાણવટાનો વિસ્તાર સૂચવે છે. માર્કોપોલો, ઈત્સિંગ, ફાહિયાન વગેરે પ્રવાસીઓની નોંધો, જ્ઞાત ઈતિહાસની મળી આવેલી અનેક સાબિતીઓ તથા છેલ્લે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના દફતરે નોંધાયેલી વિગતો પણ આ દેશના વહાણવટાને અને વહાણ બાંધવાની કળાનો નિર્દેશ કરે છે. પરદેશીઓનો આપણે ત્યાં પગપેસારો થવા માંડ્યો ત્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પહેલા કાફલાનું ૬૦૦ ટનનું મુખ્ય વહાણ, કે ફિરંગીઓએ આણેલું ૧૫૦૦ ટનનું વહાણ અહીંના ઘોઘા બંદરના જહાજ 'રહીમી' પાસે સાવ બચુકડાં લાગતાં હતાં.

ભારતીય વહાણવટાના મહત્ત્વના પુરાવા ઈ.સ. પૂર્વે અઢી હજાર વર્ષ પૂર્વેની મોહેં જો દડોમાંથી મળેલી મુદ્રાઓ પર કૂવાસ્થંળવાળા વહાણની આકૃતિ પરથી જોવા મળે છે. ધોળાવીરા, નૌકાવિહારથી જોડાયેલું હતું એમ પુરાતત્ત્વવિદો માને છે. જૂના કાળમાં કચ્છ સમુદ્રથી ઘેરાયેલો બેટ હતો. સૌરાષ્ટ્ર પણ બેટ હતો. ભાલપ્રદેશ સમુદ્ર નીચે હતો. નળકાંઠાના સમુદ્રથી ખંભાત અને કચ્છના અખાતો જોડાયેલા હતા. પેરિપ્લસના જણાવ્યા મુજબ સિકંદર ભારતમાં આવ્યો ત્યારે કચ્છના રણ-સમુદ્રમાં વહાણો ફરતાં હતા. સૌરાષ્ટ્ર અને કચ્છ બેટ હોવાને કારણે સિંધુ અને સરસ્વતીના જળમાર્ગે પંજાબ સુધી જઈ શકાતું. આર્યોના આગમન પૂર્વે અહીં વસતા ભીલ, કોળી, પાણે, નાગ, અસુર અને આદિ દ્રાવિડો વહાણવટું ખેડતા હશે. શ્રી ચંદ્રશંકર બૂચના મંતવ્ય મુજબ આખી દરિયાપરજમાં એ જ કંઠારી વર્ગ હતો. આ કંઠારી દ્રાવિડો અઠંગ સાગરખેડુ હતા. જેમણે વાણિજ્ય અને વહાણવટાનો વિકાસ કર્યો હતો. ભારતમાં આવેલા આર્યોને વહાણવટાનું જ્ઞાન અહીંની કંઠાર આદિ પ્રજાઓએ આપ્યું હતું.

'વહાણવટું' શબ્દ દરિયાઈ વેપાર અને વહાણ બાંધવાના ઉદ્યોગ તથા વહાણ સંચાલનની પ્રવૃત્તિઓનું સૂચન કરે છે. કચ્છ ઘણા જ પ્રાચીનકાળથી દરિયાઈ વેપાર અને સાહસિક વહાણવટા માટે સુપ્રસિદ્ધ છે.

*હઠીલા માણસોને કોઈ અભિપ્રાયો હોતા નથી, પણ એ અભિપ્રાયોના કેદી હોય છે.*

પ્રાચીન વિશ્વના સભ્ય દેશો સુમેર, ફિનિશિયા, રોમ, મિસર, અરબસ્તાન, ઈરાન, પૂર્વ આફ્રિકા, લંકા, બ્રહ્મદેશ, મલાયા, જાવા, સુમાત્રા, ચીન વગેરે દેશો સાથે દરિયાઈ માર્ગે કચ્છ વેપાર કરતું હતું. વહાણવટાની ખિલવણી માટે કચ્છના ભૌગોલિક અને નૈસર્ગિક સંજોગો અસાધારણ અનુકૂળ હોવાથી યુરોપમાં દરિયાઈ વેપાર માટે જે સ્થાન ઈંગ્લેન્ડે પ્રાપ્ત કર્યું છે, તે સ્થાન કચ્છે ભારતમાં પ્રાપ્ત કર્યું હતું એમ 'કચ્છનું અર્થશાસ્ત્ર'માં નોંધાયું છે.

કચ્છનો દરિયાઈ વેપાર ક્યારે શરૂ થયો એનો કોઈ ઐતિહાસિક આધાર મળતો નથી પણ ઘણા પ્રાચીનકાળથી એશિયા અને આફ્રિકાનાં મુખ્ય બંદરો સાથે કચ્છી વહાણોનો સંબંધ બંધાયો હતો અને તે દેશો સાથે ધમધોકાર વેપાર ચાલતો હતો. હિંદના પશ્ચિમ કિનારા પર આવેલા કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં બંદરોની વહાણવટા પ્રવૃત્તિ ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષથીયે વધુ જૂની છે એવું ઈજિપ્તમાં મળી આવેલા કેટલાક અવશેષો પરથી પુરવાર થયું છે. કર્નલ હ્યુઈટ નામના ઈતિહાસકારે કચ્છના વહાણવટાનાં ખૂબ વખાણ કર્યા છે. ઈ.સ. ૧૫૦માં ટોલેની નામના ગ્રીક ગ્રંથકારે પોતાના બર્ટિએસ નામના ગ્રંથમાં કચ્છનું વહાણવટું વર્ણવ્યું છે. ઈ.સ. ૨૪૬માં ગ્રીક ગ્રંથકાર પેરિપ્લસે અને ચીની મુસાફર હ્યુએન સાંગે (ઈ.સ. ૬૪૨) કચ્છમાં પ્રવાસ કરી પોતાની પ્રવાસપોથીમાં કચ્છના વહાણવટા અને દરિયાઈ વેપારનું વિગતે વર્ણન કર્યું છે. આફ્રિકાનાં બંદરો સુધી સફર કરતા કચ્છી વહાણવટીઓની સાહસિકતા અને વહાણોની મજબૂત બાંધણીનાં વખાણ આફ્રિકાના પ્રાચીન ગ્રંથ 'ટીબુ-ટીબ'માં વાંચવા મળે છે.

કચ્છની ભદ્રાવતી નગરીની જાહોજલાલી વિદેશ સાથેના સામુદ્રિક વેપાર પર નિર્ભર હતી. ૧૪મી સદીના આરંભકાળ લગી એની સમૃદ્ધિ કોઈપણ વિદેશી પ્રવાસીને આશ્ચર્ય પમાડે તેવી હતી. માંડવીથી એક ગાઉના અંતરે રિયાણ - રાયપુર બંદરની પ્રાચીન નિશાનીઓ આજેય મોજૂદ છે. વિક્રમાદિત્યના પિતા ગદેસિંઘના સમયના પ્રાચીન સિક્કા ગધૈયા મળી આવે છે. વિક્રમ સંવત પૂર્વે, એ બંદરેથી વહાણો દ્વારા ધમધોકાર વેપાર ચાલતો. નારાયણ સરોવર પાસેના કોટેશ્વર બંદરની એક સમયે ભારે જાહોજલાલી હતી. લખપત બંદરે કચ્છના ટોચના બંદર તરીકે નામના મેળવી હતી. માંડવી બંદરના દોઢસો બસ્સો વર્ષ પૂર્વેના વેપાર અને દરિયાઈ વ્યવહાર પર દૃષ્ટિપાત કરતાં આશ્ચર્ય ઊપજે છે.

કચ્છના વિદેશ સાથેના દરિયાઈ વેપાર, વહાણવટું અને આયાત-નિકાસ પરત્વેના 'Trade of the Port of Mandvi in Cutch' નામના એક સરકારી રિપોર્ટમાં ઈ.સ. ૧૮૩૭માં લેફ્ટનેન્ટ આર.લીફે આપેલા વર્ણનમાં કચ્છની જાહોજલાલી અને વહાણવટા ઉદ્યોગની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. પોણા બસ્સો વર્ષ પૂર્વે માંડવી બંદરે ૪૦૦ કોટિયા, ૩૦૦ બતેલા, ૬૦ નાવડી અને બીજાં નાનાં વહાણો ફક્ત માંડવીના વહાણિયા - વેપારીઓનાં હતાં. આ વહાણો મુંબઈ, મલબાર, મસ્કત, મકરાન, પર્શિયન ગલ્ફ, અબુધાબી, લાલ સમુદ્ર, જાવા સુમાત્રા, આફ્રિકા, પેગુ, ઈન્ડોચાઈના, કંબોડિયા વગેરે બંદરો પર આવ-જા કરતાં. રોમન બંદરો સુધી હિંદનો દરિયાઈ વેપાર ચાલતો. તેમાં કચ્છી વહાણોનો મરતબો ઘણો મોટો રહેતો. મસ્કતનાં બંદરો કચ્છી વહાણવટાના કેન્દ્રસમાં હોવાથી જૂના કાળે ત્યાં કચ્છી વેપારીઓની કેટલીયે ધીકતી પેઢીઓ હતી.

દેશ પરદેશના ઈતિહાસનાં પાનાં ઉથલાવતાં જણાય છે કે આજથી સાડા ચારસો વર્ષ પૂર્વે કચ્છી વેપારીઓનો મસ્કત બંદરથી આફ્રિકા ખંડ સાથે પરબારો વેપારી સંબંધ જોડાયો હતો. તે સમયે જંગબાર પોર્ટુગીઝોની હકૂમતમાં હતું. મસ્કતના અમીરે ત્યાં મોટું લશ્કર મોકલી જંગબાર પર પોતાની હકૂમત સ્થાપી. ઈ.સ. ૧૭૮૪માં જંગબારનો વહીવટ સંભાળવા મસ્કતના અમીરે પોતાના શાહજાદાને સુલતાનની પદવી સાથે આફ્રિકા મૂક્યો અને ત્યાંના બંદરની ખિલવણી અર્થે કચ્છી વેપારીઓને મૂક્યા. તેમણે પોતાના વહાણો વડે આયાત - નિકાસ કરી જંગબાર અને માંડવીનો વેપારી સંબંધ અત્યંત સુદૃઢ બનાવ્યો. આમ જંગબારના રાજ્ય કારોબારમાં કચ્છી વેપારીઓનો માન મરતબો રહેતાં કચ્છીઓના વેપાર અને વહાણવટાને ઉત્તેજન મળ્યું અને કચ્છનું વહાણવટું સોળે કળાએ ખીલ્યું અને વહાણવટાની દુનિયામાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું.

કચ્છનું વહાણવટું પૂરબહારમાં ખીલ્યું હતું ત્યારે પશ્ચિમનું નૌકાજ્ઞાન બાલ્યાવસ્થામાં હતું. યુરોપવાસીઓ ખંડ ખંડ વચ્ચેના દરિયાઈ રસ્તાઓ શોધવા મથામણ કરી રહ્યા હતા. એ વખતે વાસ્કો-ડી-ગામા નામનો પોર્ટુગીઝ વહાણવટી હિંદનો દરિયાઈ માર્ગ શોધવા નીકળ્યો હતો. ઈ.સ. ૧૪૯૮માં ભૂલો પડ્યો અને દક્ષિણ આફ્રિકાની દક્ષિણ ભૂશીર કૅપ ઑફ ગુડહોપનો આશરો લઈ નિરાશ થઈ, કાફલા સાથે પડ્યો હતો. છેવટે હામ હારીને મડાગાસ્કર ટાપુમાંથી પાછો ફરતો હતો ત્યારે માંડવીના નાવિક કાનજી માલમનો ભેટો થયો. કચ્છના આ ખારવાએ એને કાલીકટ બંદરે પહોંચાડ્યો હતો. એ પછી વાસ્કો-ડી-ગામાની હિંદની શોધને જગતે નવાજી. વાસ્કો-ડી-ગામા કૌનોઈસ - મોલોઈસ નામના પોતાના પુસ્તકમાં નોંધે છે કે 'કાનજી નામનો એક છોકરો વહાણવટામાં આટલી નિપુણતા ધરાવે છે એ અદ્‌ભુત છે.'

પ્રાચીન પ્રમાણભૂત ગ્રંથો જોતાં જણાય છે કે પશ્ચિમ હિંદના કિનારાના બંદરોમાં

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

માંડવી બંદર મોખરાના સ્થાને હતું. એ કાળે ગુજરાતમાં સુરત અને ભરૂચ બંદર, કાઠિયાવાડમાં વેરાવળ અને કચ્છના માંડવી બંદર પર ચોર્યાસી બંદરનો વાવટો ચડતો. દરેક બંદરના વહાણોની આવ-જા થતી. અનાજ, કાપડ, રેશમ, ફટકડી અને ઊન વગેરેની પરદેશ નિકાસ થતી. દરેક દેશ સાથે હૂંડીના વહેવાર, શરાફી વહીવટ તથા નાણાં વહેવારની લેતીદેતી તે બંદરો સાથે થતી. કચ્છમાં તે વખતે પર્શિયાના કાના-ક્રાઉન, આફ્રિકાના લહેરા અને મસ્કતના રિયાલ કચ્છમાં ચાલતા. તે વખતે સિક્કાઓના બજારભાવે કોરીઓની લેતીદેતી થતી. કચ્છમાં હિંદ એશિયા અને આફ્રિકાના મુખ્ય બંદરોના શાહ સોદાગરો અને વેપારીઓ માલ વેચવા કે ખરીદવા માંડવી બંદરે આવતા. સોળમી સદીથી કચ્છના દરિયાઈ વેપાર અને વહાણવટા ઉદ્યોગના વિકાસમાં કચ્છના રાજવીઓએ પણ ઘણો રસ લીધો હતો.

કચ્છ પોતાના વહાણવટા અને વેપારથી જેટલું પ્રખ્યાત બન્યું છે તેટલી જ ખ્યાતિ વહાણો બાંધવાની ઉચ્ચકળા અને મજબૂત બાંધણીથી મેળવેલ છે. કચ્છી મિસ્ત્રીઓ વહાણ બનાવવાની કળામાં ખૂબ જ નિષ્ણાત હતા. વહાણની દરેક જાતને કાંઈ ને કાંઈ વિશેષતા હોય છે. કોઈની ચાલમાં તો કોઈની માલ ભરવાની જગ્યામાં, કોઈની પાણીમાં તરતા રહેવાની, નદીના વહેણમાં કે પવનની સામી દિશામાં ચાલવામાં, કોઈની સુવિધાઓની દૃષ્ટિમાં તો કોઈની વેપારી લાભ વધુ મેળવવાની દૃષ્ટિમાં વિશેષતા હોય છે. ખાસ ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે આ વહાણો પોતાની ભૂગોળની પરિસ્થિતિને જેવી કે પાણી, વેળ, પવન વગેરેને અનુકૂળ પડે એવી રીતે બંધાયેલ હોય છે. કચ્છી વહાણોની સુંદર કળા અને મજબૂત બાંધણીએ પરદેશીઓનું પણ ધ્યાન ખેંચ્યું છે.

કચ્છમાં માંડવી, મુંદ્રા, તુણા અને લખપત બંદરો જૂના કાળે વહાણો બાંધવાના ઉદ્યોગથી ધમધમતા હતા. જાતજાતનાં હોડકાં ઉપરાંત મહાસાગરમાં સફર કરી શકે તેવા પડાવ, નાવડા, કોટિયા, બતેલા, બગલા અને ગંજાવર વહાણો વેપાર અને વેચાણ માટે કચ્છમાં બાંધવામાં આવતાં. યુરોપિયનો વેપાર અર્થે ભારતમાં પ્રથમ વાર આવ્યા ત્યારે એમણે મજબૂત અને સારાં વહાણો કચ્છમાંથી ખરીદ્યાં હતાં. આમ કચ્છના મછવા અને વહાણો ખૂબ વખણાતાં. બંદરના દરિયા કિનારાની રેતીમાં ખુલ્લામાં વહાણો તૈયાર કરવામાં આવે છે. વહાણ બનાવનાર સુથારો 'વાઢા' નામે ઓળખાય છે.

'વહાણની પરિભાષા'માં હરિલાલ રંગીલદાસ માંકડ લખે છે કે બાંધણી પરત્વે આપણાં વહાણો મજબૂત હોય છે કેમકે મલબારી સાગનું લાકડું તેમાં વપરાય છે. સૌથી નીચેનાં પઠાણ તથા સાજ ઉપર મોરનાં તથા પડખાંનાં કુખિયા, પસ વગેરે ઊભાં લાકડાં જડીને અંદરની બાજુએ થોડે થોડે અંતરે તાગડનાં પાટિયાં આડાં જડાય છે. તેવી જ રીતે બહારની બાજુએ પડખોપડખ આવે એમ ખલનાં સાપણ વગેરે પાટિયાં જડાય છે. આમ ખોખું તૈયાર થયા પછી પાટિયાની સાંધમાંથી પાણી ન ઝમે તે માટે તેને તેલવાળી રૂની વાટોથી ઠાંસીને ભરી દેવામાં આવે છે અને પછી રંગ, તેલ કે ચૂનાની ચોપડ કરવામાં આવે છે. બે બાજુનાં પડખાં નોખાં ન પડી જાય તે માટે થોડે થોડે અંતરે તેને ધોકાથી ઝલાવવામાં આવે છે. આગલો અને પાછલો મોરો તૈયાર થયા પછી પાછળના ભાગમાં સુખાણ બેસાડવામાં આવે છે. અંદર માલ ન ભીંજાય તે માટે પાટિયાં જડીને ભોંયરા જેવું કરી લેવામાં આવે છે, ત્યારે માલ ભરવાના નીચેના ભાગને ધોરો કહે છે. પાટિયાની ભોં કરી હોય તેને સથા કહે છે. આ સથા ઉપર પાછળના મોરા પાસે જરા મજલા જેવું કરી લેવામાં આવે છે. તેને છતેડી કહે છે. ત્યાં સુખાણી બેસીને વહાણને કાબૂમાં રાખે છે. છતેડીના વચલા ભાગમાં ખૂવો ઊભો કરાય છે. તેના ઉપર ચડે ઊતરે એવું લાકડું - પરમણ આવે છે. તેની સાથે સઢ બંધાય છે. ઉપરાંત બીજાં જરૂરી દોરડાં વગેરે આલાદથી વહાણને તૈયાર કરવામાં આવે છે. વધારામાં લંગર, પાણીની ટાંકી, રાંધવાનો ચૂલો, દિશા જોવાનો હોકો - હોકાયંત્ર વગેરે જરૂરિયાતનાં સાધનો રાખવામાં આવે છે. પાયખાનાં માટે એક ઘોડી ડાબે પડખે બહાર લટકાવવામાં આવે છે.

વહાણ બંધાઈ રહ્યા પછી તેનું નામ પાડવામાં આવે છે. પછી તેને તરતું મૂકવામાં આવે છે. સામાન્ય રીતે વહાણનાં બે નામ હોય છે. એક તો પાડવામાં આવ્યું હોય તે — 'લક્ષ્મીપ્રસાદ', 'દરિયા દોલત', 'સુગાળપસા', 'મિજલસ' વગેરે. વહાણખેડુ - ખારવાઓ પોતે અંદર અંદર જુદાં નામ આપે છે : 'ખીચડી', 'કોયલો', 'પવનિયો', 'નમૂનો' વગેરે. પછી કોલ - પરવાનો મળે પછી વહાણ ગોસ - ખેપ કરવાને લાયક બને છે.

કચ્છ સૌરાષ્ટ્રમાં જૂનાકાળે બનતાં વહાણના કેટલાક પ્રકારો પર ઊડતી નજર કરી લઈએ. કચ્છી વહાણોમાં ઘંગી, ઢઉ, કોટિયું, પડાવ, મછવો, ગંજો, નાવડી, બતેલો અને બગલો વગેરે જાણીતા છે. કચ્છી વહાણોની બાંધણી, પ્રકારો અને તેની વિશેષતાઓ વર્ણવતાં હસમુખ અબોટી 'ચંદન' નોંધે છે કે 'કચ્છનું સૌપ્રથમ વહાણ કયું એ બુજણ અને અનુભવી વહાણવટીઓમાં મતમતાંતરો છે. કોઈકની દૃષ્ટિએ કોટિયો તો કોઈની દૃષ્ટિએ દંગીનું સ્થાન અવ્વલ હતું. જે હોય તે પણ રામસિંહ માલમના સમયે આ વહાણો અસ્તિત્વમાં હતાં એ નક્કી. દંગીને કચ્છી તેમજ સિંધી

**સુશ્રી ચૌલા કુરૂવાના તાજેતરમાં પ્રકાશિત થયેલા પુસ્તકો...**
**(મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦)**
E-mail : chaulakuruwa@gmail.com

**સ્ત્રી** કિંમત : રૂા. ૫૦/-
**મોર્નિંગ વોક** કિંમત : રૂા. ૧૦૦/-

ટૂંક સમયમાં પ્રકાશિત થશે : **"સુખી થવાના સરળ ઉપાયો"**

ભાષામાં ધંગી કહે છે. કરશન નામના માલમે રાત્રિના સમયે સપ્તર્ષિના તારા જોયા. એ મુજબ વહાણની ડિઝાઈન બનાવવાનું વિચાર્યું અને એમાંથી એ ઘાટ મુજબ દંગીનો જન્મ થયો એમ માનવામાં આવે છે. શરૂઆતના ગાળામાં, ૩૦-૩૨ ટનનાં દંગી વહાણો બનતાં. સફરમાં સામા પવનમાં સડસડાટ ચાલ્યાં જાય તે વહાણ દંગી. કુટુંબમાં દીકરા-દીકરીના નામ પરથી દંગીનું નામકરણ થતું. દા.ત. લીલાવંતી, હીરાવંતી, પારસમણિ, રૂકમાવતી વગેરે. ભારતને આઝાદી મળી ત્યાં સુધી દામોદર આણંદજી (નાના લાયજાવાળા) અને કેશવજી પ્રાગજી વેદની માલિકીનાં દંગી વહાણો કચ્છમાં અસ્તિત્વમાં હતાં.

'કચ્છનું વહાણવટું'માં મમતા પાઠક આવાં કેટલાંક વહાણોની રસપ્રદ વિગતો આપે છે. ઢઉ કે ધાઉ પ્રકારનાં વહાણો કચ્છ, સૌરાષ્ટ્ર અને મલબારના બંદરો પર બંધાતાં. ઢઉ વહાણનો મહોરો ઢળતો અને એનો આકાર પોપટના માથા અને આંચ જેવો હોય છે. સઢના ગોસ નાના હોય છે. આ વહાણ દોઢસોથી બસ્સો ટન વજન ધરાવે છે.

ચોમાસામાં તોફાની દરિયાના ઝંઝાવાતમાં અડીખમ ઊભાં રહેનારાં વહાણ 'કોટિયું' નામે જાણીતાં છે. ખોખા જેવાં આ વહાણ લાકડાં અને નળિયાં ભરવા વધુ અનુકૂળ રહે છે. બાર ખલાસીઓથી ચાલતાં આ વહાણને બે સઢ હોય છે. ઝાંઝીબાર અને મસ્કત સુધી 'કોટિયું' વહાણની સફરો થાય છે. કોટિયાં મોટેભાગે ત્રણ ખૂવાવાળા, ખૂવાથી દોઢાં કે બમણાં લાંબાં પરમાણ અને તીખાં ત્રિકોણિયાં, મોટા સઢ તથા તીર ધોરા લગાડેલાં હોય છે.

કચ્છ અને મલબાર વચ્ચે 'પડાવ' નામનાં વહાણો સફર કરતાં. ૨૫થી માંડી ૧૭૫ ટન સુધી વજન ધરાવતાં આ વહાણને ત્રણ સઢ અને પાંચથી નવ ખલાસીઓ હોય છે.

ધંગી વહાણમાં ફેરફારો પછી ૧૮મા સૈકામાં મચ્છ આકારનાં જે વહાણો બન્યાં તે 'મછવો'ના નામે જાણીતા થયાં. શ્રી હસમુખ અબોટી નોંધે છે કે, 'સામાન્યતઃ આ મછવા ચાર પ્રકારનાં બનવા લાગ્યાં. (૧) બૂટ પ્રકારનો મછવો, (૨) દેશી વહાણ પ્રકારનો મછવો, (૩) માછીમારી કરવા વપરાતો મછવો અને (૪) કોટિયા મછવો. ધંગી અને અન્ય વહાણોમાં સંકટ સમયે જીવ બચાવવા મૂકવામાં આવતાં નાનાં વહાણોને મછવો (લાઈફ બોટ) કહવામાં આવતો. ૬૦થી ૬૨ ટનના મછવાને 'હેલિયું' કહેવાય. આવા હેલિયાં ઓખા અને માંડવી વચ્ચે ચાલતાં. બેટની ખાડી પાર કરવા આજે પણ આવા મુસાફર હેલિયાં વપરાય છે. છતાં હવે ધીરે ધીરે નામશેષ થવા લાગ્યાં છે.'

'ગંજો' એ ત્રણ સઢ અને ૧૫ ખલાસીઓવાળું વહાણ છે. ૧૭૫થી ૩૭૫ ટન ધરાવતા મોટા કચ્છી વહાણને 'ગંજો' કહેવામાં આવે છે. ત્રણ સઢ અને બાર ખલાસીવાળું ૮૦થી ૨૨૫ ટન વજન ધરાવતું વહાણ 'નાવડી' તરીકે જાણીતું છે. યુદ્ધ જહાજ તરીકે ઓળખાતું બગલો નામનું વહાણ વધારે પહોળું હોય છે અને ૧૫૦ ટન વજન ધરાવે છે. શ્રીધરનના મત પ્રમાણે ગુજરાતી વહાણોમાં આ વહાણનું બાંધકામ સૌથી વધુ જૂનું મનાય છે. આ વહાણના પાછલા મહોરાના ભાગમાં તોપો રાખવામાં આવે છે. વહાણનો મહોરો ઊંચો હોવાથી એને 'બગલા'ના નામે ઓળખવામાં આવે છે. જ્યારે ૮૦થી ૩૫૦ ટન વજનનું, બેવડા તળિયાવાળું, મંદ ગતિવાળું ત્રણ સઢ અને બાર ખલાસીઓથી ચાલતું માલવાહક વહાણ 'બતેલો'ને નામે જાણીતું છે. આ વહાણની ખેપો કચ્છ અને મલબાર વચ્ચે મોટેભાગે થાય છે.

વહાણને ખેડનારા વહાણવટીઓ પૈકી હિંદુ અને મુસલમાન બંને કોમો સાહસપ્રિય અને ચતુર છે. કચ્છના અખાતમાં મુસલમાન - મિયાણા, વાઘેર વગેરે વહાણખેડુ છે. અરબી સમુદ્રના કાંઠે હિંદુ - ખારવા, મોટાડા વગેરે વહાણખેડુ છે. માંડવી કચ્છનું જોડિયા, બેડી, સલાયા, પોરબંદર, વેરાવળ વગેરેના હિંદુ - મુસલમાન માલમીઓ વખણાય છે. આગબોટોના કપગનની જેમ એ લોકો સંચા અને ગણિતનાં કામ જાણતા ન હોવા છતાં પ્રભુદત્ત શક્તિથી દરિયાના કોઈપણ ભાગમાં જઈ શકે છે. સાધનમાં હોકો-હોકાયંત્ર, બહુ તો કમાન, બાકી આકાશ તેનો ભોમિયો છે અને દરિયો તેનો મિત્ર છે. વહાણમાં ચડ્યા પછી એ લોકો એવી શિસ્ત પાળે છે કે આપણે આશ્ચર્ય પામી જઈએ.

વહાણખેડની જેમ વહાણવટુ કરનાર વેપારી વર્ગ એટલો સાહસિક, હોશિયાર અને બુદ્ધિશાળી છે. તેઓ વહાણોમાં મૂડીરોકાણ કરી સારો લાભ મેળવે છે. વહાણો સાધારણ રીતે બારાપૂજા કરીને હમણાં હમણાં શ્રાવણ વદમાં પણ ખૂવા ઊભા કરે છે અને ઠેઠ વૈશાખ - જેઠ સુધી દરિયો ખેડે છે. વહાણવટી વેપારીઓ હૂંડિયામણ, વીમો વગેરેમાં એટલી ચોકસાઈ રાખે છે. વહાણ ભરીને રવાના થાય ત્યારે તેની સાથે સતમ-ચિઠ્ઠી આપવામાં આવતી. 'સંસાર ચોપડી' પાના-૧૫૦ પરની સતમીનો એક નમૂનો જોઈએ :

**"સતમી**

**શ્રી ૧।**

**૭૪।।।ઉ**

***સ્વસ્તી શ્રી મુંબઈ બંદરે મહા શુભસ્થાને પૂજા રાઘે શા. શ્રી પાંચ શા. ખુશાલદાસ શિવદાસ જોગ શ્રી સુરત બંદરેથી લી. પરી. કલ્યાણદાસ મથુરાદાસના જેગોપાળ વાંચજો. જત અત્રેથી બતેલો ૧ નામે રૂપારેલ, તંડેલ રામજી, ધણી અબદુલ્લા વજીરવાળા મધ્યે***

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

***રૂઉની ગાંસડી ૧૨૫ અંકે એકસો ને પચ્ચીસ, તેનું તોલ ખાંડી ૭૦ને ૪ મણ ને ૧૦ શેર ચડાવીને મોકલી છે. તેથી રતનાગરજી સલામત પહોંચાડેથી ઉતારી લેજો, ને શીવાબંધ તપાસી લઈને પહોંચ લખી આપજો. સંવત ૧૯૨૬ના વરખે જેઠ વદ પવાર ભોમે."***

જૂનાકાળે કચ્છી માલમોએ લખેલી પોથીઓમાંથી પણ વહાણવટા સંબંધી વિગતો મળે છે. પેરિપ્લસ (અર્થાત્ લોગબુક - નોંધવહી)ના અનુવાદક શ્રી દુષ્યંત પંડ્યા લખે છે કે 'કચ્છના માલમોએ જુદા જુદા સમયે લખેલી પોથીઓમાં જૂનામાં જૂની પોથી વિ.સં. ૧૭૨૦ની છે. તેના છેલ્લા પાને આ મુજબ લખાણ છે :

"સંવત ૧૭૨૦ વરખે ફાગણ સુદ-૧૩ દિને બંદર જાવે ખધે માદેવજી નારણને બદાત દીધી છે." બીજી થોડીક પંક્તિઓમાં ખરીદીનો હિસાબ છે. આ પોથીમાં ભારતના નૈઋત્ય કાંઠાનો અને સિલોનનો નકશો દોરવામાં આવ્યો છે. બીજી કેટલીક પોથીઓમાં દિશાચક્ર દોરવામાં આવ્યું છે ને તેના નાના નાના અંશાત્મક કોણો પણ દર્શાવવામાં આવ્યા છે. બે-એક પોથીઓમાં કેટલાંક બંદરગાહોનાં ચિત્રો દોરવામાં આવ્યાં છે. આદન - એડન, માઢવાડ, અંઢેરી - ખંઢેરી, અંધેરી, ઊરણ વગેરેનાં ચિત્રો ધ્યાન ખેંચે છે. કેટલીક પોથીઓમાં પંખીઓની બોલી વિશેની પ્રચલિત માન્યતાઓ પણ આપવામાં આવી છે.... તેતર બોલે તો... હોલો બોલે તો... વગેરે. કચ્છના માલમોએ લખેલી હોવા છતાં બધી જ પોથીઓ ગુજરાતી ભાષામાં છે. સને ૧૯૩૫માં જોડિયા (સૌરાષ્ટ્ર)ના શ્રી હરિલાલ રંગીલદાસ માંકડે સૌપ્રથમવાર વહાણની પરિભાષાનો કોશ આપ્યો. જેમાં બાંધણી, ખીલા, ખૂવો, ખલ, સુખાણ, છતેડી, પરમણ જેવા વહાણવટા સાથે જોડાયેલા શબ્દોના અર્થો, કચ્છ, દ્વારકા, જાફરાબાદ, વલસાડ તરફ માલમો જે શબ્દો વાપરે છે તેની યાદી, અર્થો અને બગલો, દંગી, કોટીઓ, જમની, બતેલો જેવાં વહાણો અને વહાણમાં વપરાતા ધરી, ખૂવા, પરમણ, સઢ, છતેડી વગેરેનાં ચિત્રો આપ્યા છે. ગુજરાતી ભાષામાં વહાણની પરિભાષાનો કોશ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી પ્રગટ કરવામાં આવ્યો હતો.

ઓગણીસમી સદીમાં આરંભાયેલા યંત્રયુગે ભારતીય વહાણવટાને કમ્મરતોડ ફટકો માર્યો. લાકડાને બદલે વરાળથી ચાલતાં લોઢાનાં વહાણો બનવા લાગ્યાં. તે હવાને બદલે મશીન - વરાળથી ચાલતાં થયાં. ભારત દેશ એ કાળે પરાધીન હોવાથી પોતાના વહાણ ઉદ્યોગને બચાવી શક્યો નહીં. પરિણામે કચ્છ - સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો વેપારમાં પ્રાચીનકાળ જેટલો પ્રભાવક રહ્યો નહીં. નવી ટેકનોલોજીનો વિકાસ થતાં પરિવહન માટેના અન્ય માર્ગો વિકસ્યા. સન ૧૮૫૦માં સ્ટીમર યુગ આરંભાતાં છીછરું પાણી ધરાવતાં આપણા ખંભાત, ભરૂચ, સુરત, ધોલેરા, નવા બંદર, માંગરોળ, જોડિયા - વવાણિયા વગેરે બંદરો કાળક્રમે મૃતઃપ્રાય થયાં. આમ આપણા પ્રાચીન વહાણવટાની જાહોજલાલી આથમી જવા પામી.

સને ૧૯૬૪ની ૫મી તારીખે સંપૂર્ણ ભારતીય બનાવટની મે. સિંધિયા સ્ટીમ નેવિગેશનની માલિકીની સૌ પ્રથમ 'લૉયલ્ટી સ્ટીમર' નામનું જહાજ મુંબઈ બંદરેથી ઈંગ્લેન્ડ જવા રવાના થયું હતું. તે દિવસથી દેશમાં પ્રતિવર્ષ ૫ એપ્રિલના રોજ રાષ્ટ્રીય વહાણવટા દિનની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે પ્રાચીન ભારતના વહાણવટાના સુવર્ણકાળની યાદ તાજી થાય છે.

*'સજ્જન સ્મૃતિ',*
*૨, પ્રોફેસર્સ કોલોની,*
*વિજય ચાર રસ્તા, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૪૦ ૨૮૩૨૬*

## રાબિયાએ રાહ ચીંધ્યો

રાબિયાએ જંગલમાં તપ કર્યું. જંગલનાં જાનવરો અને પક્ષીઓનાં ટોળાં તેની પાસે આવતાં. તેની નજીક બેસતાં. એક દિવસે સુપ્રસિદ્ધ સંત હસન તેને મળવા આવ્યા. સંત હસનને જોતાં જ બધાં પશુ-પક્ષીઓ ત્યાંથી ભાગી ગયાં.

સંત હસને રાબિયાને પૂછ્યું : 'બધાં પશુ-પક્ષીઓ આખોયે દિવસ તમને વળગેલાં રહે છે, જ્યારે મને જોતાં જ ભાગી ગયાં, કેમ?'

રાબિયાએ કહ્યું : 'આપ ખાઓ છો શું?'

'સામાન્ય રીતે તો હું રોજ માંસ જ ખાઉં છું'

આ સાંભળી રાબિયા ખડખડાટ હસી પડી.... અને બોલી : 'આ કહેવાતાં અણસમજુ-બેજુબાન પશુપક્ષી આપણું દિલ સમજી શકે છે... મનુષ્યને જોતાં જ એ એનું સર્વસ્વ જાણી જાય છે!'

રાબિયાનાં પ્રેરક વચનોની સંત હસન પર ભારે અસર થઈ. તેમને જીવનનો રાહ પ્રાપ્ત થયો.

**બોધ વાક્યો :**

★ પશુ-પક્ષીઓ પણ મનુષ્યના હાવભાવ જાણી શકે છે.

★ હિંસા ક્યારેય છુપાવી શકાતી નથી.

★ માનવીના હૃદયના ભાવ, વિચાર, કર્મ છૂપાં ન રહી શકે.

★ પ્રેમાળ ને અહિંસક મનુષ્યને પશુ-પક્ષી પણ ચાહે છે.

★ મૂગાં પશુ-પક્ષી પણ માનવીના આચાર-વિચાર સમજી શકે છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૬)

● આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી ●

**૨૧.** સન ૧૯૩૧ કચ્છ ખેડૂત સંમેલન અને પછી કચ્છી પ્રજા સંગઠન કમિટી તા. ૧-૨-૩૧ના અંજાર થાણા કમિટીના મંત્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી તરફથી કચ્છ ખેડૂત સંમેલન અંજારમાં બોલાવવાની રજૂઆત પરિષદ પાસે થઈ હતી. કચ્છ ખેડૂત સંમેલન માટે સ્વાગત પ્રમુખ તરીકે શ્રી કૃપાળ શામજી જીવાણી જખૌવાળા અને મંત્રીઓ તરીકે શ્રી કાંતિપ્રસાદ ચન્દ્રશંકર અંતાણી અને શ્રી જમનાદાસ ત્રી. ગાંધી હતા. સંમેલનના પ્રમુખ તરીકે શ્રી વીરજી ગંગાજર મહેશ્વરી થવાના હતા. સંમેલનની તારીખ ૩૦-૩૧ મે, ૧૯૩૧ નક્કી થઈ હતી. ખેડૂતોની કોચવણો દૂર થવા માટેનાં આ સંમેલનમાં હાજરી આપવા માટે રા. રા. રેવેન્યુ કમિશનરશ્રીને આમંત્રણ આપવામાં આવેલ હતું. રેવન્યુ કમિશનરપદે શ્રી એચ.એચ. દીવાન તે ગુજરાત પ્રાંતિક કોગ્રેસ કમિટીના સેક્રેટરી શ્રી જીવણ લાલભાઈ દીવાનના ભાઈ હતા. તેમનાથી તા. ૧૮-૫-૩૧ જેઠ સુદ-૧ સંવત ૧૯૮૭ ના રૂબરૂ વાતચીત થઈ. તેમાં મહારાવ ખુદ જેઠ માસમાં ખેડૂત સંમેલન બોલાવે તેમ છે, અને તેવો પત્ર એટલે કે મહારાવ જેઠ માસમાં ફરિયાદો સાંભળવા-ખેડૂત સંમેલન બોલાવશે એવું લેખિત જેઠ સુદ ૪ બુધવાર સંવત ૧૯૮૭ થી તે રેવન્યુ કમિશનરે કાંતિપ્રસાદને મોકલાવ્યું હતું. તે બાબત તારીખ ૨૨-૫-૩૧ ની તેની વ્યવસ્થાપક કમિટીમાં ચર્ચા થઈ. ખેડૂત સંમેલન મુલતવી રાખવાનો અને મહારાવશ્રી બોલાવવા ધારે છે તે સંમેલનને ઉપયોગી કાર્યસાધક બનવા માટે સઘળી કાર્યવાહી કરવા નીચેની કમિટી નીમવામાં આવી હતી.

(૧) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી - કન્વીનર, (૨) શ્રી જમનાદાસ ત્રીકમદાસ ગાંધી, (૩) શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, (૪) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૫) શ્રી જટાશંકર લઘુભાઈ મહેતા, (૬) શ્રી કૃપાળ શામજી જીવાણી, (૭) શ્રી હાથીભાઈ ગોવાળજી.

તારીખ ૧૭-૬-૩૧ ના રેવન્યુ કમિશનરના નં. ૫૭૭૫ ના પત્રથી ખેડૂતોને મળવા માટે તારીખ ૯-૭-૩૧ એટલે કે પ્રથમ અષાઢ વદ ૯ નક્કી થયા સંબંધી ઠરાવ ના. ૧૦૯૯૨ જેઠ વદ અમાસ સંવત ૧૯૮૭ નો થયેલ એવા ખબર શ્રી કાંતિપ્રસાદ અંતાણીને ઉપરના પત્રથી જાણ કરવામાં આવી.

**૨૨.** તા ૭-૭-૩૧ ના ભુજ મુકામે ખેડૂત સંમેલન મળ્યું હતું. પ્રમુખ સ્થાને ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદ હતા. તેમાં હજારોની સંખ્યામાં ખેડૂતો હાજર હતા. તેમાં ભાગ લેનારા :

(૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી કૃપાળ જીવાણી (૩) શ્રી વિઠ્ઠલજી કે. દવે, (૪) શ્રી જમનાદાસ ત્રી. ગાંધી, (૫) શ્રી આણંદજી દેવશી શાહ - ભુજપુર, (૬) શ્રી શિવજી પેરાજ - લખપત (૭) શ્રી ગુલાબશંકર અમૃતલાલ (૮) બાવા ઈસ્માલસા - મુંદ્રા (૯) પંડિત શ્રી પરાશર શર્મા - ગઢશીશા, (૧૦) શ્રી આણંદા હાજાણી શિવલખા, (૧૧) શ્રી પ્રાણલાલ સાકરચંદ મેતા, (૧૨) શ્રી લાલજી રામદાસ - અંજાર, (૧૩) શ્રી અમિચંદ ખીમજી, (૧૪) શ્રી વેલજી કાળા કંદોઈ, (૧૫) શ્રી લાલજી તુલસીદાસ, (૧૬) શ્રી પરષોત્તમ દયાળ ઠક્કર.

સ્થળ કંદોઈનો વાડો. હાજરી હજારોની સંખ્યામાં હતી. ભોજન એક દિવસ શેઠ કલ્યાણજી ધનજી શેઠ તથા લાલજી ડુંગરશી ગોધરાવાળા હસ્તેથી અને બીજે દિવસે દરબાર મહારાવજી તરફથી હાજર ખેડૂતો તથા બીજા તમામ માટે વ્યવસ્થા થઈ હતી. આ સંમેલનની પહેલાં બે દિવસની કાર્યવાહીમાં નીચે પ્રમાણે કાર્ય થયું હતું :

૧. મહારાવને રજૂ કરવાનું નિવેદન
૨. કચ્છ ખેડૂત મંડળ કાયમી સંસ્થા સ્થાપવાનો નિર્ણય
૩. મહારાવ પાસે પ્રતિનિધિ મંડળ દર તાલુકાના ચાર પ્રમાણે નીમવાનું.

૧. કચ્છ ખેડૂત મંડળની સ્થાપના સાથે નીચે પ્રમાણે કાર્યવાહક કમિટીની ચૂંટણી થઈ હતી.

ભુજ : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૨) વકીલ શ્રી ઈશ્વરલાલભાઈ રતનલાલ, (૩) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૪) શ્રી વેલજી કાળા, (૫) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૬) શ્રીરાજી જેવત - રાયધણપર, (૭) શ્રી પ્રભુલાલ જશવંતરાય, (૮) શ્રી શેઠ કલ્યાણજી ધનજી - માંડવી, (૯) શ્રી ચાંપશી વિજપાળ, (૧૦) શ્રી પુંજાભાઈ આસુ - કોડાય, (૧૧) શ્રી મોતી ખીંયશી - દેવપર, (૧૨) શ્રી ગાંગજી મુરારજી - મેરાઉ, (૧૩) શ્રી જીવરામ માડણ - બિદડા, (૧૪) શ્રી પંડિત પરાશર શર્મા - ગઢસીસા, (૧૫) શ્રી અરજણ વિજપાળ - ભુજપુર, (૧૬) શ્રી લાલજી મુળજી - કપાયા, (૧૭) શ્રી લઘુ ખેતશી - છસરા, (૧૮) શ્રી વેલજી મુળજી - કુંદરોડી (૧૯) ખોજા મામદ મોલેદીના - મુંદ્રા, (૨૦) શ્રી ચત્રભુજ કેશવજી - મુંદ્રા, (૨૧) શ્રી રાઘવજી જેતશી - મુંદ્રા, (૨૨) શ્રી પરસોત્તમ મુળજી - મુંદ્રા, (૨૩) શ્રી આણંદજી દેવસી - ભુજપુર, (૨૪) શ્રી મુરારજી ડાહ્યા - દેશલપર, (૨૫) શ્રી કૃપાળ જીવાણી - જખૌ, (૨૬) શ્રી હદીરામ જેઠાભાઈ - બીટા, (૨૭) શ્રી પરમાનંદ શામજી - બીટા, (૨૮) શ્રી લાલજી નાનજી - તેરા,

*સુખ એ બુદ્ધિનો નહીં, કલ્પનાનો આદર્શ છે.*

(૨૯) શ્રી વાલજી જેઠા - લખપત, (૩૦) શ્રી શીવજી પેરાજ - લખપત, (૩૧) ડૉ. ગોરધનદાસ - લખપત, (૩૨) શ્રી મેથા કરસન - વાંઢ (ભચાઉ), (૩૩) શ્રી પેથા મુરજી - ખારોઈ, (૩૪) શ્રી વેલજી ઉગાભાઈ - ખારોઈ, (૩૫) શ્રી ચાંપશી ગુણશી - સામખિયાળી, (૩૬) શ્રી વસ્તા પુંજા - ભચાઉ, (૩૭) શ્રી આણંદ હાજાણી - શીવલખા, (૩૮) શ્રી હેમરાજ ડુંગરશી - ભચાઉ, (૩૯) શ્રી નરશી દેવચંદ - ભચાઉ, (૪૦) શ્રી કણબી શીવજી શામજી - રવાપર, (૪૧) શ્રી કણબી લાલજી વિશ્રામ - નખત્રાણા, (૪૨) કણબી રામજી કમાણી - નખત્રાણા, (૪૩) કણબી પરબત લખુ - મથલ, (૪૪) શ્રી રાઘવજી દીપચંદ - રાપર, (૪૫) શ્રી પુજ વાલજી ભુટકિયા, (૪૬) શ્રી ઈંદરજી ગાંગજી - ગાંગોદર, (૪૭) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી - અંજાર, (૪૮) શ્રી જમનાદાસ શ્રી ગાંધી - અંજાર, (૪૯) શ્રી જટાશંકર લધુભાઈ મેતા - અંજાર (૫૦) શ્રી લાલજી રામદાસ - અંજાર, (૫૧) શ્રી દેવશી નથુ - રાપર, (૫૨) શ્રી ઠા. જેઠુ રામજી - દૂધઈ, (૫૩) શ્રી ભવાનીશંકર શિવજી - ચંદિયા, (૫૪) શ્રી વલભજી ભોજો - માથક.

**૨૩.** મહારાવ પાસે જવા માટે તાલુકાવાર પ્રતિનિધિઓ નીચે પ્રમાણે નક્કી થયા હતા. તારીખ ૯-૭-૩૧ ના હજારોની સંખ્યામાં મહારાવજીને કર્નલ રે ના બંગલામાં (જ્યાં અસલ રેડિયો સ્ટેશન હતું ત્યાં) મળ્યા હતા. અને તારીખ ૧૧-૭-૩૧ ના ૩૬ જણાનું ડેપ્યુટેશન મળ્યું હતું, તે નીચે પ્રમાણે હતા.

(૧) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી, (૨) શ્રી કૃપાળ શામજી જીવાણી, (૩) પટેલ હરીભાણા - બાદરગઢ, રાપર, (૪) પટેલ જગા નીરાણ - રાપર, (૫) પટેલ નાનજી બેચર - કાનપર, રાપર, (૬) પટેલ રતન પાંચા - ફતેહગઢ રાપર, (૭) પટેલ વસ્તા પુંજા - ભચાઉ. (૯) શા ચાંપશી ગુણશી - સામખિયાળી, (૧૦) ઢાઢી ભોજાદાના - શિકારપુર, (૧૧) પટેલ બીજલ ધના - નિંગાળ અંજાર, (૧૨) ગોઠી ભાણા શા, ગણે - દૂધઈ, અંજાર, (૧૩) ડાંગર પુજા રીણા, માથક, (૧૪) શા દેવસી નથુ - રાપર અંજાર, (૧૫) ડાંગર રૂડા કપરા - પધર ભુજ, (૧૬) ગાંગલ રતના મેગા. ઝીકડી, (૧૭) કણબી બેચર શામજી - માનકુવા, (૧૮) કણબી નાથા ખીમજી - સુખપર ભુજ, (૧૯) કણબી શિવજી સોમજી - રવાપર, (૨૦) કણબી વાલજી વિશ્રામ - નખત્રણા, (૨૧) કણબી પરબત લખુ - મથલ, (૨૨) શા વસાયા ધારશી - જખૌ, (૨૩) પટેલ ભણશાલી હરીરામ દામજી - બીટા, (૨૪) ભણશાલી ખેરાજ હેમરાજ - ભવાનીપર, (૨૫) પટેલ ખટાઉ હેમરાજ - દદામાપર, (૨૬) પટેલ રામજી રતના - અકરી, (૨૭) પટેલ પરબત ખીમા - ગડુલી, (૨૮) પટેલ રણથલ ડાયા - દયાપર, (૨૯) શા અરજણ વીજપાળ - ભુજપુર, (૩૦) શ્રી લાલજી મુળજી - કપાયા, (૩૧) શા લઘુ ખેતસી - મોખા, (૩૨) શા વેલજી મૂળજી - કુંદરોડી, (૩૩) શા પુંજાભાઈ આશુ - કોડાય, (૩૪) શા ચાંપસી વિજપાળ - ભાડિયા, (૩૫) કણબી લધા ગંગદાસ - ગઢશીશા, (૩૬) શા નાગજી તાલા - ગોધરા.

આ મુલાકાત બહુ લાંબી ચાલી હતી. નિવેદન રજૂ થયું, ચર્ચાઓ થઈ હતી. જનજાગૃતિની અસર રાજ્ય પર પડવાની શરૂઆત થઈ હતી. મુલાકાત સમયે મહારાવ ઉપરાંત તેના અમલદારો પણ હાજર હતા. ખેડૂતો અને મહારાવ વચ્ચે સારી એવી સ્પષ્ટ વાતો થઈ હતી.

**૨૪.** આ પ્રવૃત્તિની આગેવાની લેવાની કરાંચીમાં કોંગ્રેસના સમયે તા. ૨૭-૩-૩૧ ના શ્રીમાન શેઠ શ્રી શુરજીભાઈ વલ્લભદાસને રૂબરૂ ખાસ વિનંતી કરવામાં આવી હતી અને આ સંબંધી વિસ્તૃત ચર્ચા થઈ હતી. તે બાબતના શેઠ શુરજીભાઈ વલ્લભદાસના તા. ૩-૭-૩૧ ના પત્રથી માર્ગદર્શન મેળવાયું હતું અને કચ્છના ખેડૂતોની સભા ભુજપુર મુકામે શ્રાવણ વદ ૧૧-૧૨ ના બોલાવેલ, તે પર્યુષણને કારણે ભાદરવા સુદ ૧૩-૧૪ ગુરુ, શુક્ર તા. ૨૪-૨૫ સપ્ટેમ્બર, ૧૯૩૧ના બોલાવવામાં આવેલ. તેના સ્વાગતના પ્રમુખ ભુજપુરના શેઠ અરજણ વીજપાળ હતા. એટલે અંજાર પરિષદ થાણા કચેરી તરફથી ખેડૂત સંમેલન પ્રવૃત્તિને અનુસંધાને હતી, પણ તે પ્રવૃત્તિમાં હવે સ્વતંત્ર કચ્છની પ્રવૃત્તિના સ્વરૂપમાં કચ્છી પ્રજાકિય પ્રથમ પરિષદના પ્રમુખ શ્રીમાન શેઠ શુરજીભાઈ વલ્લભદાસ તથા શ્રી કૃપાળ શામજી જીવાણી, શ્રી ગોકળદાસ ખીમજી વગેરે આગેવાનોએ ઉપાડી છે તેવી પત્રિકા તા. ૧૮-૮-૩૧ થી જાહેર થયું હતું અને તેનો હિસાબ અહેવાલ પ્રસિદ્ધ થયેલ હતો. આમ કચ્છ સ્થાનિક પ્રજા સંગઠનની સ્વતંત્ર પ્રગતિનો પાયો નંખાયો હતો.

**૨૫.** એક છાપાના તે સમયના અવતરણ મુજબ તા. ૧-૧-૩૩ છે કે "કચ્છના કિસાનોની કારમી કિકિયારીઓ કચ્છ કેસલના કીલેદારની કોટડી સુધી પહોંચી. તેમના આર્તનાદોએ કર્તવ્યપ્રેમી કીલેદારનાં હૃદયને ભેદી નાખ્યું અને તેણે તેમને વહારે ચડવા કમર કસી. તે કચ્છ આવ્યો અને ખુણેખૂણા ખૂંદી વળ્યો. તેણે તાપ કે ટાઢ, વરસાદ કે ઠંડી, સવાર કે સાંજ, મધ્યરાત્રી કે મધ્યાહ્નની પરવા ન કરી. ખડતલ કાર્યકરોના સહકાર સાથે કચ્છના કિસાનોના ઝૂંપડે ઝૂંપડે તેઓ ભટક્યા અને જાગૃતિનો સંદેશ આપ્યો. રાજ્ય નોકરશાહીના મગજના ફાંટામાંથી પળે પળે ઉદ્ભવ પામતી તરેહ તરેહની કલ્પનાઓ, યાતનાઓ સહન કરવા ટેવાયેલાઓને એ સંદેશાએ પ્રેરણાનાં પાન કરાવ્યાં અને આખુંય કચ્છ જાગૃતિને હિલોળે ચડ્યું."

વાગડમાં ફોજદારના ત્રાસ, પ્રજાને માર પડ્યાની રાડો ખૂબ

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

થતી હતી. તેમાં ભુજપુરની ભાદરવા સુદ ૧૨-૧૩-૧૪ સંવત ૧૯૮૯ ના વાગડવાસીઓની હાજરીમાં ઇંદરજી ગાંગજીએ કીડિયાનગરના મેઘવાળને બેહદ માર પડી છે તે વાત કરી હતી. તે સંબંધમાં ભાદરવા વદ-૧ના બપોરે ત્રણ વાગે (૧) શેઠ સુરજી વલ્લભદાસ, (૨) શ્રી કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી, (૩) શ્રી જમનાદાસ ત્રી. ગાંધી, (૪) ગુલાબશંકર અમૃતલાલ, (૫) શ્રી નથુ મેઘજી, ૬. દેસાઈ ગાગોદર મોટર લોરીથી પહોંચ્યા હતા અને ત્યાંથી જ પ્રજા મંડળો ગામેગામ સ્થાપવાની પ્રવૃત્તિના શ્રીગણેશ થયા, અને તે પ્રવાસ વાગડ અબડાસા-લખપત સુધી લંબાયો. તેમાં નગરશેઠ સાકરચંદ પાનાચંદ, શ્રી અમીચંદ ખીમજી જોડાયા હતા, અને તે ઉપરાંત તાલુકાના સ્થાનિક કાર્યકરો સાથે રહેતા હતા. પ્રવાસમાં અબડાસાના, વલાડિયાના શેઠ દામજી ગાંગજી, વિંજાણના શેઠ કુંવરજી રામજી પણ સાથે રહ્યા હતા.

## ૨૬. ખેડૂત તપાસ કમિટી.

આ પહેલાંના પારા ૨૨-૨૩ પ્રમાણે ૧. તારીખ ૯-૭-૩૧ ના ભુજના ખેડૂતો મહારાવશ્રીને ડેપ્યુટેશનમાં મળ્યા હતા. ૨. ભુજપુરમાં પ્રજા સંગઠનની કાર્યવાહી સ્થાનિક કચ્છમાં શરૂ થઈ અને પ્રવાસ કાર્યક્રમ ઝડપભેર થયો, તે અસરકારક બન્યો અને આસો સુદ ૬ શુક્રવારે (કચ્છી) સંવત ૧૯૮૮ ના ઠરાવ ના. ૪૦૮૧ થી કચ્છ રાજ્યે ખેડૂતોએ આપેલ નિવેદનમાં દર્શાવેલ વિષયો તેમ જ ખેડૂત વર્ગના સંબંધમાં જે મુદ્દા ચર્ચવામાં આવ્યા, તે બાબતોમાં તપાસ કરી રીપોર્ટ કરવા નીચે પ્રમાણે ખેડૂત તપાસ કમિટી નીમી હતી. તેમાં (૧) પ્રમુખશ્રી રા. રા. હરિકૃષ્ણ હરિપ્રસાદ, રેવન્યુ કમિશનર, કચ્છ. સભ્યો : (૧) રા. રા. જેષ્ઠારામ નાનાભાઈ, (૨) હજુર જ્યુડીશિયલ આસિસ્ટન્ટ, (૩) રા. રા. વાઘજી દલપતરામ, અંજાર વહીવટદાર અને (૪) શ્રીયુત શુરજીભાઈ વલ્લભદાસ.

આ ખબર કચ્છના ગામેગામના ચાલતા પ્રવાસ દરમ્યાન રોહા, સુમરી : રોહા મુકામે મળ્યા હતા. ત્યાં હાજર કાંતિપ્રસાદ અંતાણી, નગરશેઠ સાકરચંદ પાનાચંદ, ગુલાબશંકર અમૃતલાલ વગેરેએ ચર્ચા કરી આ સમિતિના કાર્યને કાર્યસાધક બનાવવા નિર્ણય કર્યો. પછી પણ પ્રવાસ અને ખેડૂત તપાસ કમિટીનું તપાસનું કામ ચાલતું હતું. કમિટીની સાથે કમિટી પાસે પ્રવાસ સંગઠન સમિતિ તરફથી બે પ્રતિનિધિઓ “એમેક્સક્યોર” તરીકે હાજર રહેવા દેવામાં આવ્યા હતા. તે કાંતિપ્રસાદ ચં. અંતાણી અને ગુલાબશંકર અમૃતલાલ સાથે રહેતા હતા. કમિટીએ કામમાં શરૂમાં ૧૪૫ ગામોના ૧૧૧૨ ખેડૂતોની ફરીયાદો સંવત ૧૯૮૮ દરમ્યાન સાંભળી હતી. પછી શુરજીભાઈની મુંબઈમાં અસહકારથી જેલમાં જવાથી કામ લંબાણમાં પડી ગયું. આમ પ્રજા જાગૃતિ હિલોળે ચડતી ચાલી હતી. શુરજીભાઈના ભારત સ્વાતંત્ર સંગ્રામના સૈનિક તરીકેના કારાવાસને કારણે કચ્છમાં ચાલુ જે પ્રવૃત્તિ હતી તેનો વળાંક બદલી સ્થાનિક કાર્યકરોનો પુરુષાર્થ જનજાગૃતિની જ્યોતને ઝળહળતી ટકાવવાના માટે વણથંભ્યો ચાલુ હતો.

## ૨૭. શ્રી અસ્પૃશ્યતા નિવારણ પ્રવૃત્તિ

ચૈત્ર સુદ ૪ સંવત ૧૯૮૮, તા. ૧૦-૪-૩૨ ના મુંદ્રા તાલુકે લુણી ગામે શ્રી ગણેશના સ્થાનક પર કચ્છના હરિજનોનું સંમેલન મળ્યું હતું. ભાવનગરવાળા શ્રી નાનાભાઈ ભટે અસ્પૃશ્યતા નિવારણ અંગે કચ્છનો પ્રવાસ કર્યો હતો. તે અનુસંધાને તા. ૧૫-૧-૩૩ ના કચ્છ હરિજન સેવા સમિતિ નક્કી થઈ હતી, તેમાં સભ્યો.

સભ્યો : ★ ભુજ : (૧) શ્રી વિઠલજી કેશવજી દવે , (૨) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૩) શ્રી વિશ્રામ હરજી ઠક્કર, (૪) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૫) શ્રી ગોરધન બાપુભાઈ, (૬) શ્રી વીરચંદ માણેકચંદ, (૭) શ્રી ઇંદરજી શીવજી, (૮) શ્રી મલુકચંદ માધવજી, (૯) શ્રી ભગત રામો. ★ અંજાર : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી શેઠ ડુંગરશી ધરમશી સંપટ, (૩) શ્રી લાલજી રામદાસ, (૪) નાનાલાલ ડી. ઉપાધ્યાય, (૫) શ્રી ડુંગરસી કચરા, (૬) શ્રી ખીમજી લીલાધર, (૭) શ્રી હરિજન શિક્ષક ★ મુંદ્રા : (૧) શ્રી પુરુષોત્તમ મુલજી શેઠ, (૨) શ્રી વાસુજી કે. સોલંકી, (૩) શ્રી હરિજન તેજપાળ ભોજા, (૪) શ્રી અજરામલ દોશી. ★ ભુજપુર : (૧) શ્રી આણંદજી દેવશી શાહ. ★ રાપર : શ્રી જાદવજી રાઘવજી ★ મંગવાળા : શ્રી દેવજી માલા ★ ખાભડી : (૧) શ્રી લધા ભીમા, (૨) શ્રી ખેંગાર દામજી ★ માધાપર : મીસ્ત્રી મનજી લાલજી ★ કુંભારિયા : (૧) શ્રી ગોવા કાનજી, (૨) શ્રી વેગડ ગોવામલ જીવણ, (૩) સોની ગોરધન સંગજી. ★ ખેડોઈ : (૧) શ્રી વિશ્રામ રામજી. ★ રાયધણપરના : શ્રી રામજી જેવત. ★ ગાગોદરના : શ્રી ઇંદરજી ગાંગજી.

## ૨૮. નેત્રયજ્ઞ પ્રવૃતિ

અસલમાં સૌરાષ્ટ્ર સેવા સમિતિ તરફથી સન ૧૯૨૮માં મોગાવાળા ડો. મથુરદાસજીને કચ્છમાં નેત્ર યજ્ઞ માટે લાવવાની વ્યવસ્થા થઈ હતી. ત્યારે રાજ્યો જેવાં કે ભાવનગર જેવામાં પણ મુશ્કેલી ઊભી થઈ હતી. એટલે તે વાત પડતી મુકાઈ. પછી ડો. રતિલાલ શાહ, રાજકોટવાળાથી અંજારમાં, પછી ભુજ અને માંડવીમાં નેત્ર યજ્ઞો થયા હતા. તે પછી સન ૧૯૩૧ના નવેમ્બર ડિસેમ્બરમાં ૧ અંજારમાં નેત્રયજ્ઞ ડો. જાદવજી હંસરાજથી નેત્રયજ્ઞ મોટે પાયે મોટા પ્રમાણમાં યોજાયો હતો. તેમાં નીચે પ્રમાણે કાર્યકરો હતા.

સ્થાપના : ૧૯૮૪
કે. કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

(૧) અંજારના નગરશેઠ ધરમશી શિવરાજ, (૨) શ્રી કાંતિપ્રસાદ ચ. અંતાણી - સેક્રેટરી, (૩) શ્રી જમનાદાસ ગાંધી - સેક્રેટરી, (૪) શ્રી ઓધવજી પાનાચંદ, (૫) શ્રી દામજી લાલજી, (૬) શ્રી મોતીચંદ રણછોડદાસ, (૭) શ્રી નાનાલાલ ડી. ઉપાધ્યાય, (૮) શ્રી જયરામ ધરમશી ગણાત્રા, (૯) શ્રી લક્ષ્મીદાસ રણછોડદાસ, (૧૦) શ્રી જયરામ જેઠાભાઈ નયગાંધી, (૧૧) શ્રી માણેકલાલ ઓઝા કલકત્તાવાળા, (૧૨) શ્રી હાથીભાઈ ગોપાલજી ધાણેટીવાળા, (૧૩) શ્રી ગુલાબશંકર અમૃતલાલ.

આ નેત્રયજ્ઞ ત્રીસ દિવસ લગભગ ચાલ્યો હતો. તેમાં ડો. જાદવજી હંસરાજ વૈધ ઉપરાંત ૨. ડો. ઈશ્વરલાલ ઓઝા માંડવીવાળા, ૪. ડો. મનુભાઈ દલાલ વગેરે ડોક્ટરો તથા તેમના આસિસ્ટન્ટોએ કામ કર્યું હતું. તેમાં ૪૩૯૮ સંખ્યાના માણસોની આંખો તપાસવામાં આવી હતી. જેમાંથી ૨૩૬૩ને દવા કે સલાહ અપાઈ હતી. ૮૩૧ હોપલેસ કેસ હતા. ૧૧૫૪ ઓપરેશન લાયક કેસોમાંથી ૯૨૩ ના આશરે ૧૭૦૦ આંખનાં ઑપરેશન થયાં હતાં. આમાં રૂ. ૮૦૦૦ મદદ મળી હતી. ખર્ચ રૂ. ૬૫૦૦ ઉપરાંત થયું. વધારાનો ઉપયોગ તે પછી વાગડમાં બીજો નેત્રયજ્ઞ કરવામાં વપરાયો હતો.

## ૨. રાપર નેત્રયજ્ઞ

તા. ૬-૧-૩૩, પોષ સુદ ૧૦ સંવત, ૧૯૮૯ થી શરૂ થયો. વ્યવસ્થા માટે સબ કમિટીમાં શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, ૨. શ્રી જમનાદાસ ગાંધી, ૩. શ્રી દામજી લાલજી, ૪. શ્રી હાથીભઈ ગોવાળજીની હતી.

નેત્રયજ્ઞ ચાલે દરમ્યાન કાયમ રહેવા માટે (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી જમનાદાસ ગાંધી, (૩) શ્રી હાજીભાઈ ગોવાળજી, (૪) શ્રી દલપતરામભાઈ પુ. જોશી, (૫) શ્રી જટાશંકર લ. મહેતા નક્કી થયા હતા. બીજા ત્યાં અઠવાડિયું ઓછું અદકું રહે તેવી વ્યવસ્થા હતી. ડો. તરીકે ડો. ઈશ્વરલાલભાઈ તેજનાથ ઓઝા, ડી.ઓ.એમ.બી.બી.એસ. માંડવીવાળા હતા. ડ્રેસીંગ માટે ત્યાં માટે (૧) શ્રી દલપતરામ જોશી, (૨) શ્રી વિઠ્ઠલદાસ રામજી, (૩) શ્રી વૈદ્ય કાળીદાસ ભવાન, (૪) શ્રી દયાલચંદ અને (૫) શ્રી પ્રભાશંકર ઓઝા ત્યાં રહેતા હતા.

રાપર શ્રી સ્થાનિક કમિટીમાં (૧) શેઠ જીવરાજ પ્રેમચંદ, (૨) શેઠ ખેંગાર ધામજી, (૩) શેઠ ગોવિંદ મોતીચંદ, (૪) શેઠ ગોપાળજી માનસંગ, (૫) ઠા પોપટ કુંવરજી, (૬) સોની ગણેશ મુરાર, (૭) મેમણ સીદીક સાલે, (૮) શિવજી ખોજા, (૯) પટેલ માના મોમાયા, (૧૦) પટેલ જગા નારણ, (૧૧) શ્રી જાદવજી રાધવજી મંત્રી.

આ ઉપરાંત ડો. છબીલદાસ સોમજી ધોળકિયા, ડો. ઓઝાના કમ્પાઉન્ડર શ્રી અમૃતલાલ અને આધોઈના ડો. ઠક્કર પણ હતા. મોટા પ્રમાણમાં કામ થયું હતું. બિદડાવાળા ડો. હરિયા તેમાં પાછળથી સામેલ થયા હતા.

*(ક્રમશઃ)*


**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

આઈ.ટી. ક્ષેત્ર

# જગતની શક્તિશાળી આઈ.ટી. કંપનીઓમાં ભારતીય બ્રેઈનનો દબદબો

• સંકલન : અશોક મહેતા •

**માઈક્રોસોફ્ટ, ગૂગલ, પેપ્સી, અડોબી સિસ્ટમ, ગ્લોબલ ફાઉન્ડ્રીઝ, કોગ્નિઝંટ, હાર્મન, સેનડિસ્ક, સોફ્ટ બેંક તેમજ ડોઈશે બેંક જેવી વૈશ્વિક કંપનીઓની ધુરા ભારતીયોના હાથમાં....**

## • ગૂગલના સી.ઈ.ઓ. તરીકે ભારતીય મૂળના સુંદર પીચાઈની નિમણૂક



સુંદર પીચાઈ

જગતની સર્વાધિક લોકપ્રિય અને શક્તિશાળી આઈ.ટી. કંપની ગૂગલના સી.ઈ.ઓ. (ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર) તરીકે ભારતીય મૂળના સુંદર પીચાઈની તાજેતરમાં જ નિમણૂક કરવામાં આવેલ છે.

ગૂગલ જેવી ધરખમ કંપનીનું સુકાન માત્ર ૪૩ વર્ષની ઉંમરે પોતાના હાથમાં લેનાર સુંદર પીચાઈ આઈ.આઈ.ટી. - ખડગપુરથી મેટલર્જી એન્જિનિયર થયા પછી અમેરિકા જઈને તેમણે જગવિખ્યાત વ્હાર્ટન બિઝનેસ સ્કૂલમાંથી એમ.બી.એ. કર્યું. છેલ્લા ૧૦ વર્ષથી ગૂગલ સાથે સંકળાયેલા પીચાઈ એક પછી એક સફળતા મેળવતા રહ્યા છે.

પીચાઈએ જ્યારે ગૂગલની દરેક પ્રોડક્ટ માટે ઍન્ડ્રોઈડ એપ્લીકેશન વડે મોબાઈલની સમૂળી દુનિયા બદલી નાખી ત્યારે તેમની લગાતાર સફળતાની વૈશ્વિક સ્તરે પણ નોંધ લેવાતી હતી. પીચાઈની સફળતાના એ જ ક્રમમાં ગૂગલનું વેબ બ્રાઉઝર ક્રોમ પણ સામેલ ગણી શકાય. ૧૦ વર્ષમાં ૫ મોટી સફળતા આખરે તેમને ગૂગલના સી.ઈ.ઓ. સુધી દોરી ગઈ છે. આજે આઈ.ટી. વિશ્વમાં ગૂગલના સર્જેઈ બ્રિન, લેરી પેજ, ઍપ્પલના ટીમ કૂક પછી સુંદર પીચાઈનું નામ મુકાતું હોય તો એ ભવ્ય સિદ્ધિ માટે સુંદર પીચાઈ ચોક્કસપણે શાબાશીના અધિકારી છે.

સુંદરની સી.ઈ.ઓ. પદે નિમણૂક થઈ એ પૂર્વે જેમની સાથે તેમની હરીફાઈ હોવાનું મનાતું હતું એ 'નિકેશ અરોરા' પણ ભારતીય છે. ગૂગલમાં લાંબો વખત કામ કર્યા બાદ હજુ ગત વર્ષે જ નિકેશે ગૂગલમાંથી રાજીનામું આપ્યું અને હાલ જાપાનની વિખ્યાત સોફ્ટ બેંકમાં વાઈસ ચેરમેન અને સી.ઈ.ઓ. પદે બિરાજમાન થયેલ છે.

સુંદર પીચાઈ આઈ.આઈ.ટી. - ખડગપુરમાં પહોંચ્યા એ પહેલાં સાધારણ સરકારી શાળામાં જ ભણ્યા હતા.

### વૈશ્વિક અગ્રણી કંપનીઓમાં મૂળ ભારતીય કુળના સી.ઈ.ઓ.નો દબદબો

| કંપની | ભારતીય સી.ઈ.ઓ. |
|---|---|
| • ગૂગલ | સુંદર પીચાઈ |
| • માઈક્રોસોફ્ટ | સત્યા નાદેલા |
| • પેપ્સીકો | ઈન્દ્રા નૂઈ |
| • એડોબી સિસ્ટમ | શાંતનુ નારાયણે |
| • ગ્લોબલ ફાઉન્ડ્રીઝ | સંજય ઝા |
| • કોગ્નિઝેટ | ફ્રાન્સિસ્કો ડીસોઝા |
| • હાર્મન | દિનેશ પાલીવાલ |
| • સેનડિસ્ક | સંજય મેહરોત્રા |
| • બર્કશાયર હાથવે | અજિત જૈન |
| • સોફ્ટ બેંક | નિકેશ અરોરા |
| • ડોઈશે બેંક | અંશુ જૈન |
| • માસ્ટર કાર્ડ | અજય બાંગા |
| • નોકિયા | રાજીવ સુરી |
| • આર્સેલર મિત્તલ | લક્ષ્મી મિત્તલ |

***વિશ્વમાં હલચલ મચાવનાર અન્ય ભારતીય કુળના સી.ઈ.ઓ.ની વિગતોનો પણ આપણે અત્રે અભ્યાસ કરી લઈએ.***

## ● માઈક્રોસોફ્ટના સી.ઈ.ઓ. સત્યા નાદેલા




**સત્યા નાદેલા**

માઈક્રોસોફ્ટ! બિલ ગેટ્સના વડપણ નીચે વિસ્તરેલી આ કંપનીની તમામ જવાબદારી હવે સત્યા પર છે. હૈદ્રાબાદની સામાન્ય પબ્લિક સ્કૂલમાં ભણનારા સત્યા કોઈ વર્લ્ડ ગ્રેટેસ્ટ કૉલેજમાંથી સ્નાતક થયેલા નથી પરંતુ બિલ ગેટ્સ સર્ટિફિકેટ કરતાં વ્યક્તિના આત્મવિશ્વાસ પર ગર્વ કરે છે. બિલ ગેટ્સે તેમની તાજપોશી વખતે કહ્યું હતું કે સત્યાથી સારું નેતૃત્વ માઈક્રોસોફ્ટને બીજું કોઈ મળી જ ન શકે. તેનામાં ભરપૂર ઈજનેરી આવડતોની સાથે સાથે સમજદારીપૂર્વકની લીડરશિપ છે, જે તેની શ્રેષ્ઠ ખાસિયત છે. ૧૯૯૨માં સન માઈક્રોસિસ્ટમ કંપનીમાંથી રાજીનામું આપીને માઈક્રોસોફ્ટમાં જોડાયા ત્યારથી જ માઈક્રોસોફ્ટને પોતાનું ઘર બનાવી લીધું હતું. માઈક્રોસોફ્ટની કમ્પ્યુટિંગ પ્લેટફોર્મ, ડેવલપર ટૂલ, વિન્ડો સર્વર અને કોમ્પ્યુટિંગ ક્લાઉડને વપરાશકર્તા માટે આસાન બનાવવાનું કામ આ હિંદુસ્તાની દ્વારા થયેલું છે.

★ **ટર્નઓવર** : ૯૩.૫૮ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૧૨.૧૯ અબજ ડોલર ★ **કર્મચારીઓ** : ૧,૧૮,૫૮૪

## ● અડોબી સિસ્ટમના સી.ઈ.ઓ. શાંતનુ નારાયણે




**શાંતનુ નારાયણે**

અમેરિકન મલ્ટીનેશનલ સોફ્ટવેર કંપની અડોબીનું મુખ્ય કાર્ય મલ્ટીમીડિયા અને ક્રિએટીવ સોફ્ટવેર બનાવવાનું છે. ફોટોશોપ, ક્રિએટીવ સુટ અને ક્રિએટીવ ક્લાઉડમાં દુનિયાના તમામ સોફ્ટવેર આવી જાય છે. આજે આ કંપનીના કર્તાહર્તા ભારતીય મૂળના શાંતનુ છે. હૈદ્રાબાદમાં જન્મેલા શાંતનુએ એપ્પલ કંપનીમાં કારકિર્દીની શરૂઆત કરી. સિલિકોન ગ્રાફિક્સ અને ફોટો શેરિંગમાં પ્રસિદ્ધિ મળ્યા બાદ તેમને અડોબીએ ૧૯૯૮માં વર્લ્ડ વાઈડ પ્રોડક્ટ રિસર્ચના વાઈસ પ્રેસિડેન્ટ બનાવ્યા. ૨૦૦૭માં તેમના કાર્યોથી ખુશ થઈને કંપનીએ સી.ઈ.ઓ. બનાવ્યાં. બે વર્ષમાં તો તેઓ વિશ્વના ૫ ટોપગન સી.ઈ.ઓ.માં આવી ગયા અને ૨૦૧૧માં અમેરિકન પ્રમુખ ઓબામાએ સલાહકાર સમિતિમાં તેમનો સમાવેશ કર્યો હતો.

★ **ટર્નઓવર** : ૪.૧૪ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૨૬૮ મિલિયન ડોલર ★ **કર્મચારીઓ** : ૧૨,૪૯૯

## ● ગ્લોબલ ફાઉન્ડ્રીઝના સી.ઈ.ઓ. સંજય ઝા



**સંજય ઝા**

એડવાન્સ્ડ માઈક્રો ડિવાઈસ બનાવવામાં વિશ્વભરમાં ખ્યાતનામ કંપની ગ્લોબલ ફાઉન્ડ્રીઝની ધુરા ડૉ. સંજયકુમાર ઝા સંભાળે છે. ભાગલપુર, બિહારમાં જન્મેલા સંજયે યુનિવર્સિટી ઑફ લીવરપુલમાંથી એન્જિનિયરિંગની પદવી મેળવી હતી. ટેકનો માઈન્ડ ધરાવતા સંજય ગ્લોબલ ફાઉન્ડ્રીઝના સી.ઈ.ઓ. બન્યા તે પહેલાં મોટોરોલા મોબિલીટીના ચેરમેન અને સી.ઈ.ઓ. હતાં. ૨૦૧૪થી તેઓ આ કંપનીનો કાર્યભાર સંભાળી રહ્યાં છે. સંજય ઝા અમેરિકાના સૌથી વધારે મહેનતાણું મેળવતા ટોપ ટેન સી.ઈ.ઓ.માં સ્થાન ધરાવે છે.

★ **ટર્નઓવર** : ૪.૪ અબજ ડોલર

★ **કર્મચારીઓની સંખ્યા** : ૧૮,૦૦૦

## ● કોગ્નિઝેંટના સી.ઈ.ઓ. ફ્રાન્સિસ્કો ડીસોઝા



**ફ્રાન્સિસ્કો ડીસોઝા**

ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કન્સલ્ટિંગ અને બિઝનેસ પ્રોસેસ આઉટ સોર્સિંગમાં ઈન્ટરનેશનલ માર્કેટમાં જે બ્રાન્ડની ગુડવિલ પાવરફુલ છે તે કોગ્નિઝેંટ કંપનીનો દોરીસંચાર ભારતમાં ઉછરેલા ફ્રાન્સિસ્કો ડીસોઝાના હાથમાં છે. જો કે ફ્રાન્સિસ્કો જુદા જુદા આઠ દેશો સાથે સંબંધ ધરાવે છે. ફ્રેન્કથી ટેકનો વર્લ્ડમાં જાણીતા બનેલાં ફ્રાન્સિસ્કો સોફ્ટવેર સર્વિસ સેક્ટર કંપનીના સૌથી નાની ઉંમરના સી.ઈ.ઓ. છે. અલબત્ત, ફ્રેન્ક કોગ્નિઝેંટ કંપનીનાં ફાઉન્ડરમાંના એક છે. ૨૦૦૭થી તેઓ કંપનીના પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ. તરીકેની જવાબદારી નિભાવે છે.

★ **ટર્નઓવર** : ૧૦.૧૫ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૧.૪૩ બિલિયન ડોલર ★ **કર્મચારીઓની સંખ્યા** : ૧૭,૭૦૦

*જિંદગી પણ કેવી કમાલની છે...*
*પહેલાં આંસુ આવતાં ને મા યાદ આવતી,*
*હવે....*
*મા યાદ આવે છે ને આંસુ આવી જાય છે....*

*દુનિયા એ ધર્મશાળા છે, માનવી એ પ્રવાસી છે.*

## • હાર્મનના સી.ઈ.ઓ. દિનેશ પાલીવાલ



દિનેશ પાલીવાલ

ઈન્ફોટેઈનમેન્ટ અને ઓડિયો ઈક્વિપમેન્ટમાં જે કંપનીના નામના વિશ્વભરમાં સિક્કા પડે છે તે હાર્મન ઈન્ટરનેશનલ ઈન્ડસ્ટ્રીઝની જવાબદારી ભારતીય મૂળના દિનેશ પાલીવાલના ખભા પર છે. અમેરિકન નાગરિકત્વ ધરાવતા દિનેશ ઑસ્ટ્રેલિયા, ચાઈના, સિંગાપોર, સ્વીટ્ઝરલેન્ડ, અમેરિકા અને ઈન્ડિયા જેવા દેશોમાં કામ કર્યું છે. દિનેશ તેમના કરિયરનો આરંભ ઓટોમેશન ટેકનોલોજીમાં અગ્રેસર એશિયા બ્રાઉન બોવેરીમાં બાવીસ વર્ષ સુધી તેમણે મેનેજમેન્ટ પોસ્ટ સંભાળી હતી.

**ટર્નઓવર** : ૬.૨ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૪૦૫ મિલિયન ડોલર ★ **કર્મચારીઓની સંખ્યા** : ૨,૭૦૦

## • સેનડિસ્કના સી.ઈ.ઓ. સંજય મેહરોત્રા




સંજય મેહરોત્રા

ફોર્ચ્યુન ગ્લોબલ ફાઈવ હન્ડ્રેડમાં સ્થાન પામનારી સેનડિસ્ક કંપનીનો પાયો સંજય મેહરોત્રાએ નાખ્યો હતો. ફ્લેશ મેમરી સ્ટોરેજ ડિવાઈસિસ અને સોફ્ટવેરમાં આગવું નામ ધરાવતી સેનડિસ્ક વિશ્વમાં ફ્લેશ મેમરી ડિવાઈસ ઉત્પાદનમાં ત્રીજો નંબર ધરાવે છે. ૧૯૮૮થી શરૂ થયેલી કંપનીના પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ. પદે સંજય ૨૦૧૧થી કાર્યરત છે. તેમના નામે સિત્તેરથી પણ વધારે મેમરી સિસ્ટમની પેટન્ટ્સ છે.

**ટર્નઓવર** : ૬.૬૨ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૧.૨૨ બિલિયન ડોલર ★ **કર્મચારીઓની સંખ્યા** : ૮,૬૦૦

## • બર્કશાયર હાથવેના સી.ઈ.ઓ. અજિત જૈન



અજિત જૈન

અજિત જૈન હાલમાં તો વોરેન બફેટના અત્યંત વિશ્વાસુ અને અડધો અડધ બર્કશાયર હાથવે કંપનીનો કાર્યભાર સંભાળે છે. કંપનીની વાર્ષિક મિટિંગમાં વોરેન બફેટના અનુગામીની મંત્રણા કરવામાં આવી હતી અને એ મંત્રણામાં બિઝનેસ વર્લ્ડનું પ્રભાવક નામ ગ્રેગ ઍબલનું પણ હતું. બંને વચ્ચે કાંટે કી ટક્કર જેવી સ્પર્ધા છે. બફેટ કહે છે કે જ્યારે હું અજિતને જોઉં છું ત્યારે ખૂબ આદર સાથે તેને નમન કરવાનું મન થાય છે. વીમાના ધંધામાં તેની પાસે લોકોને સાથે જોડવાની અજોડ ક્ષમતાવાળી ખાસ પ્રકારની આવડત છે. ઝડપી નિર્ણાયક શક્તિ અને સૌથી મહત્ત્વનું તેનું વિશિષ્ટ મગજ છે, જે ક્યારેય થાકતું નથી. તે સારા વિચારો ઉત્પાદિત કરતી શ્રેષ્ઠ ફેક્ટરી છે. જે અજિતને આટલું માનપાન ખુદ બફેટ સાહેબ આપે છે તે અજિત આજે પણ સંપૂર્ણપણે શુદ્ધ ભારતીય બનીને સાદગીપૂર્ણ જીવન જીવે છે.

**ટર્નઓવર** : ૧૯૪.૬૭ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૧૯.૮૭ બિલિયન ડોલર ★ **કર્મચારીઓ** : ૩,૧૬,૦૦૦

## • સોફ્ટ બેંક સી.ઈ.ઓ. નિકેશ અરોરા



નિકેશ અરોરા

વિશ્વમાં સૌથી વધારે મહેનતાણું મેળવનાર સી.ઈ.ઓ.માં નિકેશ અરોરાનું નામ આવે છે. બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગને સાંગોપાંગ પામી જનારા નિકેશે આગળ જતાં મેનેજમેન્ટને સ્વીકાર્યું. બોસ્ટન કૉલેજ અને નોર્થ ઈસ્ટર્ન યુનિવર્સિટીમાંથી માસ્ટરી મેળવીને વર્ષો સુધી ગૂગલના ચીફ બિઝનેસ ઑફિસર તરીકે કાર્યરત હતા. ૨૦૧૪માં તેમણે ગૂગલમાંથી રાજીનામું આપ્યું અને વિશ્વની સૌથી મોટી બેંક પૈકીની સોફ્ટ બેંકના વાઈસ ચેરમેન અને સી.ઈ.ઓ. તરીકે જોડાયા. ટોકિયો - જાપાનની આ બેંક વિશ્વની સૌથી મોટી સો કંપનીઓમાં સ્થાન પામે છે અને તેનો કર્તાહર્તા એક ભારતીય છે.

**ટર્નઓવર** : ૭૦.૭૬ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૬.૫૧ અબજ ડોલર ★ **કર્મચારીઓની સંખ્યા** : ૬૬,૧૫૦

## • પેપ્સીકોના સી.ઈ.ઓ. ઈન્દ્રા નૂઈ




ઈન્દ્રા નૂઈ

વર્લ્ડ પાવરફુલ વુમનની યાદીમાં અગ્રેસર નામ ઈન્દ્રા નૂઈનું જોવા મળે છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - કોલકત્તા અને યેલ સ્કૂલ ઑફ મેનેજમેન્ટમાંથી પદવી મેળવનારા ઈન્દ્રા મૂળ ચેન્નાઈના છે. હાલમાં તેઓ અમેરિકાની પેપ્સીકો કંપનીના ચેરપર્સન અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર છે. ૧૯૯૪થી પેપ્સીકો કંપનીમાં એક કર્મચારી તરીકે જોડાયેલા ઈન્દ્રા આજે ફુડ એન્ડ બેવરેજમાં સૌથી વધારે નફો રળતી કંપનીના સર્વેસર્વા છે.

**ટર્નઓવર** : ૬૬.૪૧ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૬.૭૪ બિલિયન ડોલર ★ **કર્મચારીઓની સંખ્યા** : ૨,૭૪,૦૦૦

## • ડોઈશે બેંકના સી.ઈ.ઓ. અંશુ જૈન


અંશુ જૈન

જર્મનીને માટે શ્રેષ્ઠ તક છે ડોઈશ બેંકના સુપ્રિમો તરીકે અંશુ જૈન આવવાના છે. બે વર્ષ પહેલાં જ્યારે સિત્તેરથી વધુ દેશોમાં લાખો કર્મચારીઓનું સંગઠન ધરાવતી જર્મનીની કરોડરજ્જુ સમાન વૈશ્વિક પ્રતિષ્ઠિત ડોઈશ બેંકે તેમની ટેગલાઈન પેશન ટુ પરફોર્મને એકદમ ફિટ બેસતાં અંશુની સી.ઈ.ઓ. તરીકે વરણી કરવામાં આવી ત્યારે સમાચારપત્રોમાં આટલો આશાવાદ જાગ્યો હતો અને તેને સાર્થક પણ કરી બતાવ્યો છે. જો કે તાજેતરમાં તેમણે રાજીનામું આપી દીધું છે. પણ જાન્યુઆરી ૨૦૧૬ સુધી તેઓ કંપની સાથે જોડાયેલા રહેશે. ભારતમાં ઘડાયેલા આ માણસે લંડનમાં પૂરતો અનુભવ લીધો છે. તીવ્ર બુદ્ધિ, શાંત વર્તન, બુદ્ધિમત્તા અને ઝડપી નિર્ણય શક્તિને કારણે વિરોધી જૂથો તેમની સામે સાહસ કરતાં ગભરાય છે.

★ **ટર્નઓવર** : ૩૧.૯૫ અબજ ડોલર ★ **ચોખ્ખો નફો** : ૧.૬૯૧ બિલિયન યુરા

★ **કર્મચારીઓની સંખ્યા** : ૯૮,૧૩૮

. . . . . . . . . . . . . . . . . .

વૈશ્વિક કક્ષાની કંપનીઓમાં હાલે મૂળ ભારતીય કુળના ટેકનોક્રેટ્સનો દબદબો છે. હરગોવિંદ ખુરાના, કે.એસ. ચંદ્રશેખરને અનુક્રમે તેમની બાયોમેડિકલ તેમજ ભૌતિકશાસ્ત્રની સિદ્ધિઓ બદલ નોબેલ પ્રાઈઝ જેવા પુરસ્કારો થોડા સમય અગાઉ જ મળેલ છે.

ભારતીય કુળના માંધાતાઓની સિદ્ધિ જોઈ આપણે પોરસાઈએ છીએ પરંતુ આપણે ક્યારે પણ એવો વિચાર કર્યો કે આ માંધાતાઓને શોધખોળ તેમજ દિમાગનો મહત્તમ ઉપયોગ કરવા અફાટ તકો આપણે તેમને અહીં ભારતમાં કેમ આપી શકતા નથી? જ્વલંત સિધ્ધિઓ તો ભારતીય કુળનો નાગરિક મેળવી શકે છે પરંતુ તેઓને કાંઈક હાંસલ કરવા જોઈતી તકો અત્રે આપણે આપી શકતા નથી. બહુ બહુ તો તેઓ ઈન્ફોસિસ કે વિપ્રો કે ટી.સી.એસ. જેવી સંસ્થામાં ઉચ્ચપદે રહી સારું મહેનતાણું મેળવી શકે છે પરંતુ આ સંસ્થાઓમાં પણ તેમને જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરવા અફાટ મેદાન પૂરું પાડી શકાતું નથી.

દેશના ઉચ્ચ કક્ષાના ટેકનોક્રેટ્સે આ બાબત વિચારણા કરી યોગ્ય પગલા ભારત સરકાર પાસે લેવડાવવા જરૂરી છે. યોગ્ય વાતાવરણનું સર્જન જરૂરી છે.

અભ્યાસના ઉચ્ચ ધોરણની સાથેસાથે માનસિકતાનું ઉચ્ચ ધોરણ શાળા - કૉલેજ કક્ષાએ વિકસે તે પણ તેટલું જ જરૂરી છે. આ કાર્યક્ષેત્ર વિદ્યાધામોની હદમાં આવતું હોઈ, ઉચ્ચ કક્ષાના વિદ્યાધામોએ પણ તે અંગે વિચારણા કરવી જરૂરી છે.

## સફળતાનું રહસ્ય - લગની!

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સફળતાથી પ્રભાવિત થઈને કેટલાયે યુવાનો તેમને મળવા આવતા. એમની પાસે જીવનની સફળતા માટે માર્ગદર્શન મેળવતા. એક દિવસ તેમની પાસે એક યુવાન આવ્યો અને બોલ્યો : ‘સર, મહાન બનવાનો મૂળ મંત્ર મને આપો.’ આઈન્સ્ટાઈનને કહ્યું : ‘લગની!’ પછી તેમણે વિગતવાર સમજાવતાં કહ્યું : ‘હું તારી ઉંમરનો હતો ત્યારે ગણિતના વિષયમાં ખૂબ ડરતો. હું આ વિષયમાં કાયમ નાપાસ થતો. મારા મિત્રો મારી મજાક કરતા. હું તેથી બહુ દુઃખી થતો. તે વખતે મને એક વિચારનો ઝબકારો થયો. હું બધી રીતે સારો છું, મારામાં કશી ખામી નથી; તે છતાં ગણિતથી શા માટે ડરવું જોઈએ? બસ, આ વિચાર આવતા જ મેં સતત, એકધારી લગની રાખી ગણિતની અને વિજ્ઞાનમાં મેં કાબેલિયત પ્રાપ્ત કરી. આજે લોકો મારા આ બંને વિષયોના સિદ્ધાંતોને અનુસરે છે! બસ, સાચી લગની હોય તો સફળતાનાં શિખરો આસાનીથી સર કરી શકાય છે.’

મહાન બનવાનો મૂળમંત્ર ‘લગની’ મળતાં જ યુવાન ઉત્સાહિત થઈ ગયો.

• **બોધ વાક્યો :**

★ આંતરિક શક્તિ હોય તો બાહ્ય અવરોધ ક્યારેય નડતા નથી.
★ લગની હોય તો અઘરાં કાર્ય પણ સાવ સરળ થઈ જાય છે.
★ ‘લગની’ ને મૂળમંત્ર બનાવી સતત પરિશ્રમ કરશો તો જરૂર સફળતા પ્રાપ્ત કરી શકશો.
★ સફળતાનું સાચું રહસ્ય - લગની અને સતત પુરુષાર્થ.
★ અઘરી બાબતો માટે લગની રાખી મહેનત કરશો તો તે સાવ સરળ, સહજ અને સહેલી થઈ જશે.

***‘સફળતાનાં સ્વાતિબિંદુ’ માંથી.***

# ગૂગલ પછી આલ્ફાબેટ

● સંપાદન : અશોક મહેતા ●

ગૂગલના સી.ઈ.ઓ. તરીકે સુંદર પીચાઈની નિમણૂક થયાની જાહેરાત થયા બાદ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોર્પોરેટ જગતમાં એ પ્રશ્ન પૂછાઈ રહ્યો હતો કે ગૂગલની સ્થાપક બેલડી લેરી પેજ અને સેર્ગે બ્રીન હવે શું કરશે? આ ઉત્સુકતાના જવાબમાં લેરી પેજ અને સેર્ગે બ્રીને 'આલ્ફાબેટ' કંપનીની જાહેરાત કરેલ છે કે જેનાથી સમગ્ર વિશ્વમાં હલચલ મચી ગયેલ છે. તેમના જણાવ્યા અનુસાર હવે પછી મુખ્ય કંપની 'આલ્ફાબેટ' રહેશે અને તેના હાથ નીચે અલગ અલગ સાત કંપનીઓ અથવા તો ડિવિઝન કાર્ય કરશે કે જેમાંની એક ગૂગલ હશે. આલ્ફાબેટના કાર્યો થકી માનવ જગત વિવિધલક્ષી અને ગુણવત્તાસભર જીવનશૈલી વિતાવે તેવા આ કંપનીઓના પ્રયાસ રહેશે. સંદેશા વ્યવહાર, ઈન્ટરનેટ, જુદા જુદા ઍપ્સ, વિડિયો, ફોટો, તબીબી સંશોધનો, સર્જરી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ, ટ્રાફિક ઉર્જાના સ્રોતો, આવાસ, કાન - આંખ તથા અન્ય જનીની ખામીઓ પર કાબૂ મેળવતા સંશોધનો, કંપનીઓના ફંડનો વહીવટ વગેરે વિવિધ પ્રકારના ક્ષેત્રોમાં 'આલ્ફાબેટ' ગ્રૂપની કંપનીઓ સીમાચિહ્નરૂપ કામગીરીઓ બજાવશે.

નવી કંપનીનું નામ 'આલ્ફાબેટ' રાખવાનું કારણ એ આપવામાં આવે છે કે માનવ ઇતિહાસની જો સૌથી મોટી કોઈ શોધ હોય તો તે આલ્ફાબેટ - મૂળાક્ષરો છે. અક્ષરથી જ શબ્દ અને શબ્દથી વાક્ય બને છે. ક્રાંતિકારી જગતની શોધખોળના પાયામાં આલ્ફાબેટ છે. તેથી આ કંપનીનું નામ આલ્ફાબેટ તરીકે પસંદ કરવામાં આવેલ છે. આલ્ફાબેટનો બીજો અર્થ રોકાણના નક્કી કરાયેલા વળતર કરતાં વધુ સારું વળતર પણ થાય છે. આલ્ફાબેટના પ્રયાસ થકી માનવ જગતના જીવન ધોરણની ગુણવત્તા પણ સુધરશે.

આલ્ફાબેટની જાહેરાત કરતાં લેરી પેજે જણાવેલ કે ગૂગલ એ પરંપરાગત કંપની નથી કે તે એક જ ક્ષેત્રમાં કાર્યરત રહે. એક જ પ્રકારનું ઉત્પાદન કે પ્રોડક્ટ કે સેવા જીવન પર્યંત આપતા રહેવાનું અમારું ધ્યેય નથી. કંઈક નવું અને જુદા જ પ્રકારનું પ્રદાન આપવાનું અમે વિચારતા રહીએ છીએ. જેમ જેમ અમારા રીસોર્સીસ વધતા જશે તેમ તેમ અમે અવનવા ક્ષેત્રોમાં ખેડાણ કરતા રહેશું. આજ દિન સુધી અમે આ પ્રકારના ખેડાણો કરી ગૂગલ મેપ્સ, યુ ટ્યુબ, ક્રોમ અને ઍન્ડ્રોઈડ જેવા સાધનો આપેલ છે કે જેના વપરાશકારની સંખ્યા અબજોમાં થાય છે.

આજ ધોરણે અમે 'આલ્ફાબેટ'ના અલગ અલગ પ્રકારના ૭ ડિવીઝન સ્થાપવાનો નિર્ણય કરેલ છે કે જેની વિગત નીચે મુજબ છે. આ સાત ડિવીઝન એટલે : (૧) ગૂગલ, (૨) ગૂગલ એક્સ, (૩) નેસ્ટ, (૪) કેલિકો, (૫) સાઈડ વોક, (૬) વેન્ચર્સ અને (૭) કેપીટલ.

***અલગ અલગ ડિવીઝનોની કાર્યવાહી નીચે મુજબ રહેશે :***

### (૧) ગૂગલ :

***સી.ઈ.ઓ.*** : સુંદર પીચાઈ

***પ્રોડક્ટ અને સર્વિસ*** : સર્ચ, યુ ટ્યુબ, ઍન્ડ્રોઈડ, જી-મેઈલ, ઍડ ટેક અને મેપ્સ.

### (૨) ગૂગલ એક્સ :

***સી.ઈ.ઓ.*** : આલ્ફાબેટના પ્રેસિડેન્ટ અને ગૂગલના સહ સ્થાપક સેર્ગે બ્રિન.

***પ્રોડક્ટ અને સર્વિસ*** : આલ્ફાબેટનું આ ડિવીઝન એક મહત્વાકાંક્ષી અને વિશ્વની કાયાપલટ કરી નાખતું ડિવીઝન પુરવાર થશે. માનવ ડ્રીવન વગરની કાર, ચીજવસ્તુઓની ડ્રૉન દ્વારા ઘર કે ઓફિસના સ્થળે ડિલીવરી (માનવ રહિત કૂરિયર અને હોમ ડિલીવરી સિસ્ટમ), અંતરિયાળ ગામડાંઓ કે જ્યાં મોબાઈલ ટાવર, સર્વર, વાયરને પહોંચાડવો અગવડભર્યો, અશક્ય કે વધુ ખર્ચાળ પુરવાર થાય તેવા વિસ્તારોમાં 'ફાઈબર' પ્રોજેક્ટ અંતર્ગત બલુન પહોંચાડીને ઈન્ટરનેટ સુવિધા શક્ય બનાવાશે. આ બલુન મોબાઈલ ટાવર અને સર્વરનું કામ કરશે. આર.સી.સી. બાંધકામના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે જટીલ કનેક્શનની આવા કિસ્સાઓમાં જરૂરત નહીં પડે.

### (૩) નેસ્ટ :

***સી.ઈ.ઓ.*** : ટોની ફાડેલ... ('ઍપ્પલ' કંપનીની બ્રાન્ડ બનાવવામાં સ્ટીવ જોબ્સ ઉપરાંત બીજા નંબરના ટેકનોક્રેટ એટલે ટોની ફાડેલ. આઈપોડ અને આઈફોનની ટીમમાં તે અગ્રસ્થાને હતા. તેમણે ૨૦૧૦માં નેસ્ટ કંપનીની સ્થાપના કરી કે જે ગૂગલે ખરીદી લીધેલ હતી. ગૂગલે 'નેસ્ટ' જ નામ રાખી તેની જવાબદારી ટોની ફાડેલને જ સોંપી છે.)

॥ क्षमा वीरस्य भूषणम् ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

***પ્રોડક્ટ અને સર્વિસ :*** આ કંપનીનું સંપૂર્ણ ફોકસ સ્માર્ટ ફોન અને ઍપ્સ આધારિત સીક્યોરીટી સિસ્ટમની પ્રોડક્ટ પર હશે. તમે વિશ્વમાં ક્યાંય પણ હશો ત્યારે તમે તમારા ઘર કે ઑફિસ પર નજર રાખી શકશો. તમારા સ્માર્ટ ફોનના સ્ક્રીન પર તમે જે પણ વ્યક્તિને તમારા ઘર કે ઑફિસમાં પ્રવેશ માન્ય નહીં ગણતા હો તેવું કોઈ પણ પ્રવેશસે તો તરત જ તમને વિઝ્યુઅલ સાથે ચેતવણી અપાશે. તમે દૂર બેઠા તરત તમારા ઘરમાંથી ઍલાર્મ વગાડી પોલીસ સ્ટેશને માહિતી આપી શકશો. તમારું ઘર વિઝ્યુઅલ અને એડ્રેસ સાથે પોલીસ સ્ટેશન સાથે જોડાઈ જશે. હોમ સિક્યોરીટી કેમેરા તેની સાવધાનીથી તમને શોધી તમારા સ્માર્ટ ફોનને તેની માહિતી આપશે.

### (૪) કેલિકો :

***સી.ઈ.ઓ. :*** આર્ટ લેવિન્સન... (જેનેન ટેક નામની બાયોટેક કંપનીના ૧૪ વર્ષ સુધી સી.ઈ.ઓ. રહેલા આર્ટ લેવિન્સનને આ ડિવીઝનના સી.ઈ.ઓ. બનાવવામાં આવેલ છે. અગાઉ લેવિન્સન ઍપ્પલના બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં રહી ચૂકેલ છે. હવે આલ્ફાબેટના કેલિકો ડિવીઝનના સી.ઈ.ઓ. તરીકે તેઓ ફરજ બજાવશે.)

***પ્રોડક્ટ અને સર્વિસ :*** સેર્ગે બ્રિનનું માનવું છે કે બાયોટેકનોલોજી માનવ જગત માટે આશ્ચર્યજનક ચમત્કાર સર્જી શકે તેમ છે. આઈ.ટી., ઈ.સી., કોમ્પ્યુટર જેવી શાખાઓને જોડીને કૃષિ અને આરોગ્ય ક્ષેત્રે હેરતભરી ક્રાંતિ સર્જી શકાય તેમ છે. માનવનું આયુષ્ય વધે, આંખ - કાન - નાક અને અન્ય ઈન્દ્રિયોની કાર્યક્ષમતા આજીવન વધે તેવા સંશોધનો કેલિકો ડિવીઝન અંતર્ગત કરવામાં આવશે. તેવી જ રીતે કેન્સર, ઍઈડ્સ તથા અન્ય અસાધ્ય રોગ પર નિયંત્રણ મેળવતા સંશોધનો કરવામાં આવશે. ડી.એન.એ.ને પણ પડકારી શકાશે.

### (૫) સાઈડ વૉક :

***સી.ઈ.ઓ. :*** ડાન ડોક્ટોરોફ... (ન્યુયોર્કના ભૂતપૂર્વ મેયર માઈકલ બ્લૂમબર્ગના કાર્યકાળ દરમ્યાન ડેપ્યુટી મેયર તરીકે ભારે પ્રશંસા મેળવી ચૂકેલા ડાન ડોક્ટોરોફને આ ડિવીઝનના સી.ઈ.ઓ. બનાવવામાં આવેલ છે. ન્યુયોર્કની આર્થિક વિકાસની યોજનાઓમાં તેઓનું આગવું યોગદાન હતું.)

***પ્રોડક્ટ અને સર્વિસ :*** ટ્રાફિકની સમસ્યા, વાહન વ્યવહાર, વૈકલ્પિક ઊર્જા, ન્યૂનત્તમ ઊર્જામાંથી મહત્તમ વીજળી અને પ્રકાશ પ્રાપ્ત થાય તેના સંશોધનો અને નૈસર્ગિક જગત સાથે ઘરોબો કેળવતી યોજનાઓ આ સંશોધનો દ્વારા વિશ્વને ભેટ આપવામાં આવશે.

### (૬) વેન્ચર્સ :

***સી.ઈ.ઓ. :*** બિલ મારિસ... (ટોચની સ્વિડીશ કંપનીઓના ફંડને મેનેજ કરતી કંપની 'ઈન્વેસ્ટર'ના સી.ઈ.ઓ. બિલ મારિસને આલ્ફાબેટના વેન્ચર્સ ડિવીઝનના સી.ઈ.ઓ. તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.)

***પ્રોડક્ટ અને સર્વિસ :*** વિશ્વની નક્કી કરવામાં આવેલ કંપનીઓનું રોકાણ તેઓ હેન્ડલ કરશે. વેબસાઈટ લોન્ચિંગ કરી આપવાનો બિઝનેસ પણ આ કંપની હેન્ડલ કરશે. આલ્ફાબેટ કંપનીએ પણ વ્યૂહાત્મક રોકાણ કઈ કંપનીમાં કરવું તે વેન્ચર્સ ડિવીઝન નક્કી કરશે. સ્ટાર્ટ અપ્સ કંપનીઓ જેવી કે ઉબેર, સ્લેક, મીડિયમ ૨૩ ઍન્ડ્ઝ તથા પેરિસ્કોપ જેવી અન્ય કંપનીઓમાં પણ હાલે આલ્ફાબેટે રોકાણ કરેલ છે.

### (૭) કેપીટલ :

***સી.ઈ.ઓ. :*** ડેવિડ લોવી.... (ગૂગલની સ્થાપના થઈ ત્યારથી તેના માર્કેટિંગ વિભાગના વાઈસ પ્રેસિડન્ટની જવાબદારી સંભાળતા ડેવિડ લોવિને કેપીટલ ડિવીઝનના સી.ઈ.ઓ. બનાવવામાં આવેલ છે. આલ્ફાબેટની જાહેરાત થઈ ત્યાં સુધી ગૂગલે કઈ કંપની ખરીદવી અને તેનું વિલીનીકરણ કરવાની જવાબદારી પણ તેઓએ માર્કેટિંગ ઉપરાંત સંભાળેલ છે.)

***પ્રોડક્ટ અને સર્વિસ :*** આલ્ફાબેટની વેન્ચર્સ કંપની મહદ્ અંશે જે સ્ટાર્ટ અપ્સ કંપનીઓનું ભાવિ સારું જણાય તે કંપનીઓ ખરીદશે અથવા તો તેમાં વ્યૂહાત્મક રોકાણ કરશે. જ્યારે કેપીટલ ડિવીઝન, જે કંપનીઓ સ્થપાઈને પ્રગતિશીલ પુરવાર થઈ ચૂકી છે તેવી કંપનીઓ ખરીદશે.

આલ્ફાબેટ કંપનીની જ્યારથી જાહેરાત કરવામાં આવી છે ત્યારથી તે માઈક્રોસોફ્ટ, ઍપ્પલ જેવી કંપનીઓ ઉપરાંત ફાર્મા, ઑટો, બાયોટેકનોલોજી, ઍગ્રો એનર્જી અને કન્સ્ટ્રક્શન કંપનીઓ પણ વિચારતી થઈ ગયેલ છે. આલ્ફાબેટ હવે તમામ ક્ષેત્રોમાં ટ્રેન્ડ સેન્ટર બનવા માંગે છે. વર્ષોથી એકના એક ધંધાકીય ક્ષેત્રમાં કાર્યરત રહેતી કંપનીઓને પણ હવે નવા બિઝનેસ મોડેલ અંગે વિચારવું પડશે. આલ્ફાબેટની જાહેરાતથી સમગ્ર વિશ્વમાં હલચલ મચી જવા પામેલ છે.

ગૂગલ પછી હવે આલ્ફાબેટ સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવશે એવા ચિહ્નો અત્યારે દેખાઈ રહ્યા છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*Gala* **Agencies**
EXCLUSIVE SAREES
Contact Person : **CHAITALI K. GALA (M. : 98333 26660)**
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

વિચાર વિમર્શ

# ગુજરાતની શાંતિને ડહોળતો અભૂતપૂર્વ હાર્દિક એપિસોડ

● કેશુભાઈ દેસાઈ ●

બાવીસ વર્ષનો યુવાન પાટીદાર રાતોરાત ગુજરાતમાં જ નહીં બલકે દેશ આખામાં સૌથી મોટી જનસભા કરનારો લોકનેતા બનીને ઊપસી આવે તે ઘટના નજરઅંદાજ કરી શકાય એમ નથી. જેમણે ટી.વી.ના પડદા પર, અખબારના પહેલા પાના પર કે પ્રત્યક્ષ આ ઐતિહાસિક ઘટના નિહાળી હશે – એની એકાદ ઝલક માત્ર જોઈ હશે તે એની અંતર્નિહિત તાકાતનો અંદાજ લગાવ્યા વગર નહીં જ રહી શકે. પરંતુ આ હાર્દિક ઍપિસોડ એ કોઈ શુકનિયાળ ઘટના નથી. એ પાટીદારોના ધ્રુવીકરણની, એક સશક્ત ખેડૂતકોમના શક્તિ પ્રદર્શનની ઘટના છે. ખમતીધર પાટીદાર સમાજે ક્યારેક કોંગ્રેસ જેવા સમર્થ રાજકીય પક્ષનાં મૂળિયાં ઉખાડી નાખ્યાં હતાં અને ફક્ત ક્ષત્રિય - હરિજન - આદિવાસી - મુસ્લિમોની હિંદુત્વ વિરોધી પાર્ટી તરીકે બદનામ કરી દઈ રાજકીય સંન્યાસ જેવી કરુણ દુર્દશામાં ધકેલી દઈ ગુજરાતને ભારતીય જનતા પાર્ટીનો ગઢ બનાવવામાં સિંહફાળો આપ્યો હતો. હિંદુત્વનો સંઘ તથા વિશ્વ હિંદુ પરિષદ પ્રેરિત એજેંડા ગુજરાતની શાંતિપ્રિય પ્રજામાં ફાલીફૂલીને દેશભરમાં ફેલાયો એમાં એકલા નરેન્દ્ર દામોદરદાસ મોદીને શ્રેય આપનારા ભીંત ભૂલે છે. વિશ્વ હિંદુ પરિષદના સર્વોચ્ચ નેતાઓ પૈકીના ડૉ. પ્રવીણ તોગડિયા પાટીદાર સમાજમાંથી આવે છે એ ન ભૂલવું જોઈએ. પાટીદાર સમાજ ગુજરાતના ખૂણે ખૂણે પથરાયેલો છે. મૂળભૂત રીતે આ સમાજ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો શ્રમજીવી સમાજ હતો. વિદેશમાં વસવાટ કરીને અથવા જમીન અને વેપારધંધામાં કાઠું કાઢ્યા પછી એનો એક નાનકડો અંશ જરૂર બે પાંદડે થયો છે, પરંતુ હજી ગામડાંમાં ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયને વળગી રહેલ બહુ મોટો પાટીદાર સમુદાય તાણીતૂસીને બે છેડા મેળવે છે, તે હકીકત છે. આ વંચિત - ઉપેક્ષિત વર્ગને ન્યાય અપાવવા સમગ્ર સમાજે એકી અવાજે ગુજરાત માથે લીધું અને એના પડઘા દિલ્હી સુધી પહોંચ્યા છે.

ગુજરાતની શાંતિને ડહોળી નાખનાર પાટીદાર - ઍપિસોડનાં રાજકીય લેખાંજોખાં માંડવાનો આ સમય નથી. જો કે ટૂંકા ગાળાના રાજકારણમાં બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારને એનો ફાયદો જરૂર મળી શકે એમ છે. હાર્દિક પટેલની ઊભરતી નેતાગીરીનો અને કેજરીવાલના કરિશ્માનો વિનિયોગ કરીને તેઓ મોદી મૅજિક સામે ટક્કર લઈ શકશે. પરંતુ ગુજરાતમાં પાટીદારોની રાક્ષસી તાકાત સામે છૂપો પ્રતિકાર ન સર્જાય તો જ નવાઈ. ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલને વર્ગ વિગ્રહનો ભય વરતાઈ રહ્યો છે, તે એમની શાંતિ માટેની અપીલમાં જોઈ શકાય છે. ભાજપને સત્તાસ્થાને બેસાડવામાં આડકતરી મદદ કરનારા વરિષ્ઠ ધર્માધ્યક્ષો પાસે શાંતિ જાળવવા અપીલ કરાવવી પડી છે તે સૂચક છે. શરૂથી જ સરકારે પાટીદારોની તાકાત સામે નમતું જોખવાનો અભિગમ રાખ્યો એ કદાચ પોલીસને પણ પસંદ નથી પડ્યું. ત્રણે સ્તરે કાચું કપાયું છે – પોલીસે તક મળતાંની સાથે રાક્ષસી બળ વાપર્યું છે. હાર્દિક પટેલનો વધુ પડતો આત્મવિશ્વાસ અને ગજા બહારનો અહંકાર એના પોતાનાં પૂતળાં બાળવામાં પરિણમ્યો છે. પ્રજાને સરકાર, પોલીસ અને પાટીદાર – ત્રણે તરફ અભાવ જાગ્યો છે. ગુજરાતની શાંતિ ડહોળવાનું કલંક પાટીદાર સમાજના શિરે લાગ્યું છે, જેને ભૂંસાતાં ઘણો સમય લાગશે.

*(તા. ૨૭-૮-૨૦૧૫)*

---

## સંગીત ક્ષેત્રે આપણે શું સાંભળીશું?

(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)

સંભળાવો. તેઓ ઓટોમેટીક નવા તેમજ જૂના બન્ને સંગીતમાં રસ લેતા થશે. આપણે સૌ આપણાં સંતાનો શું સાંભળે છે, તેના ઉપર ધ્યાન નથી આપતા તેથી તેઓ દેખાદેખીમાં અને અંગ્રેજી માધ્યમને કારણે વેસ્ટર્નનું ઘોંઘાટિયું સંગીત સાંભળવા માંડે છે અને ઉપરથી આપણી ટોકટોક ચાલુ હોવાથી જુવાન લોહી તે તરફ વધારે જાય છે. એને બદલે આપણે થોડું તેમનું સંગીત અને આપણું જૂનું સંગીત સંભળાવીએ તો ધીરે ધીરે તેઓ આપણા સંગીત તરફ વળે છે.

થોડાઘણા ઘોંઘાટિયા સંગીતને લઈને આજના સંગીતને બદનામ કરવાને બદલે ચાલો આજના એ.આર. રહેમાન. અંકિત ત્રિવેદી, સલીમ સુલેમાન, વિશાલ-ભારદ્વાજ, પ્રીતમ વગેરેને સાંભળીએ. આ યુવા સંગીતકારોમાં પ્રતિભા ઠાંસી ઠાંસીને ભરેલી છે. તેઓ નવા પ્રયોગ કરતાં ડરતાં નથી. તેથી આપણને સુખવિન્દર સિંઘ, અરીજિત સિંઘ, કૈલાશ ખેર જેવા ગાયકો મળ્યા છે. આ એવા અવાજો છે કે જેઓ કદાચ ૨૦ થી ૨૫ વર્ષ પહેલાં આવ્યા હોત તો કોઈ આવા અવાજને સાંભળવા તૈયાર પણ ના થાત. પણ આજના સંગીતકારોને પ્રતાપે આ લોકો આજે ધૂમ મચાવે છે.

ચાલો ત્યારે, કોઈપણ છોછ શરમ વગર સારું, સાચું ને સરસ નવું સંગીત સાંભળીને આપણી પછીની પેઢી સાથે તાદાત્મ્ય અનુભવીએ.

*બી/૧૨, રૂપ દર્શન, જુહુ ગલી,*
*અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.*

*આજના યુગમાં સ્મિત પણ બનાવટી અને શોક પ્રદર્શન પણ બનાવટી હોય.*

# પ્રાર્થના

● ધૂની માંડલિયા ●

દક્ષિણ ભારતના નાના ગામડામાં કાંતણ સ્પર્ધા હતી. ગાંધીજી નિર્ણાયક હતા. સ્પર્ધકોને કાંતણકામ પ્રત્યે લગાવ ઘણો. વાતો, ચર્ચા-વિચારણામાં રાતના બાર વાગી ગયા. થાક્યા-પાક્યા હતા. સૌ ઊંઘી ગયા. રાતના બે વાગે ગાંધીજીની આંખ અચાનક ઊઘડી ગઈ.

અરે! ગજબ થયો! મારો નિયમ તૂટ્યો. ગાંધીજી વ્યાકુળ થઈ વિચારમાં ચડી ગયા કે ક્યારેય પ્રાર્થના કર્યા વિના નહિ સૂવાવાળો હું આજે પ્રાર્થના કરવી જ ભૂલી ગયો. ઓહો, કેવડી મોટી ભૂલ? આઘાત અને ચિંતાથી દેહ ધ્રૂજવા માંડ્યો. આખી રાત પરમાત્માની ક્ષમા માગવામાં જ ગઈ.

સવારે જ્યારે સાથીદારોએ રડી-રડીને સૂજી ગયેલી ગાંધીજીની આંખ જોઈ ત્યારે પૂછ્યું : ગાંધીજીનો ટૂંકો જવાબ આ હતો : 'પ્રાર્થના કરવાની રહી ગઈ હતી.'

આટલી નાની ભૂલમાં!

આ નાની ભૂલ ન કહેવાય. જેની કૃપાથી આપણે જીવીએ છીએ એને જ ભૂલી જવો એ ઘણો મોટો અપરાધ છે.

પ્રાર્થના જીભથી નહિ, જીવથી થવી જોઈએ.

રિલ્કેના મતે પ્રાર્થના એ આપણા એકાએક ઉદ્‌ભાસિત થઈ ઊઠતી સ્વભાવદ્યુતિ છે, જે એવી દિશા છે જે અસીમ તરફ આપણને લઈ જાય છે. એનું કોઈ મર્યાદિત લક્ષ નથી. પ્રાર્થના કરતાં પહેલાં ભીતરમાં પરમાત્માની છબિ અંકિત થવી જોઈએ. આપણી પ્રાર્થના એટલી જીવંત હોવી જોઈએ કે આપણું સમગ્ર અસ્તિત્વ તેનો અનુભવ કરી શકે.

પ્રાર્થના એ દિલમાંથી નીકળતી આરજૂ છે. ગાંધીજીની પ્રાર્થનામાં આ આરજૂ હતી. આરજૂની વચ્ચે ટેલિફોન ન આવવો જોઈએ. ઈશ્વર પ્રાર્થનાનો ઉત્તર આપે જ છે, પણ ઘણી વાર એ તમને મનગમતો ઉત્તર નથી હોતો. તમને એક યા બીજી રીતે ફાયદાકારક તો હોય જ છે, પણ સ્વાર્થની લાયમાં તમે એ સમજી શકતા નથી. નાનું બાળક તાવમાં કણસતું હોય અને મીઠાઈની માગણી કરે, કજિયા કરે છતાં તમે એને મીઠાઈની ના જ પાડશો. બાળકને એથી આઘાત લાગે છે, કારણ કે પોતાના ફાયદા અને ગેરફાયદાને સમજવાનું ડહાપણ એનામાં નથી હોતું. તમે જેમ તમારો વાલી ધર્મ બજાવો છો તેમ ભગવાન વાલીઓનોય વાલી છે. તે તેનો ધર્મ બજાવતો જ હોય છે.

પ્રાર્થના ક્રિયાકાંડ નથી અને નથી તે ઈશ્વર સાથેની સોદાબાજી, નિયમિત રૂપે પૂજાપાઠ, જપ-ધ્યાન કરનાર વિપત્તિની ક્ષણોમાં ભગવાનની અનાકલ્પનીય લીલા સમજી નથી શકતા. તેવા પ્રસંગે તેમની શ્રદ્ધા ડગી જાય છે. કોઈ કામના, ઈચ્છાપૂર્તિના વિચારવાળો ઈશ્વર સાથેનો સંબંધ એ એક પ્રકારનો સોદો જ કહેવાય. ઈશ્વર તો પોતાના ભક્તને કપરામાં કપરી કસોટીમાંથી પસાર કરશે. અનેક રીતે તેની અગ્નિપરીક્ષા કરશે. વિપત્તિમાંય શ્રદ્ધા ડગુમગુ ન થાય એ પ્રાર્થના ભગવાનના કાને પહેલી પહોંચતી હોય છે.

ગાંધીજી કહેતા કે પ્રાર્થના એ કંઈ વાણીના વૈભવનું પ્રદર્શન નથી કે નથી દેખાડા ખાતર કરેલી ઉપરછલ્લી સ્તુતિ. એ તો ભાવુક હૃદયના અંતઃસ્તલમાંથી ઉદ્‌ભવતું ઝરણું છે, જ્યારે હૃદય એવી નિર્મલતા પ્રાપ્ત કરે, જ્યારે કેવળ નીતર્યા પ્રેમ સિવાયનો બધોય કચરો દિલમાંથી નીકળી ગયો હોય ત્યારે વિશુદ્ધ હૃદવીણાના સમસ્ત તાર એકસૂરી સંવાદ સાધીને પ્રાર્થનાનું અનાહત સંગીત સર્જી શકે છે.

મેં અમારા એક સ્નેહીને તેમને ઘેર પૂજાપાઠ કરતા જોયા છે. તે વખતે વેપારને લગતો ફોન આવે તો ભગવાનની પ્રાર્થના પડતી મૂકીને વેપારના સોદા કરતાંય જોયા છે. એક હાથમાં અગરબત્તી હોય અને બીજા હાથમાં ટેલિફોનનું રિસીવર કાને લગાડેલું જોયું છે. પોતાને પૂરા ધાર્મિક સમજતા અમારા આ સ્નેહી જેવી હાલત અનેકોની છે. પ્રાર્થના વખતેય ફેક્ટરી, પરિવાર પૈસાની વ્યવસ્થા અને ભાવિ ચિંતા ભીતર પજવતી હોય એ પ્રાર્થના ભગવાન સુધી પહોંચતી હશે કે કેમ એ વિશે શંકા રહે છે. ■

*★ ભારતમાં શિક્ષકોનો જે વિરાટ સમાજ છે, તેઓના ઘરે સામટા દરોડા પાડવામાં આવે તો પાઠ્ય પુસ્તક સિવાયનું એક પણ પુસ્તક ન હોય તેવા ગુરુજનોની સંખ્યા આપણે ત્યાં ૮૦ ટકા જેવી હોઈ શકે. ઉત્તમ ગુરુની માટીનીય મૂર્તિ બનાવીને ઉપાસના કરવા માટે દ્રોણ જેવો કોઈક, ક્યાંક હોવો તો જોઈએ ને! જ્ઞાનવૃક્ષની શાખાઓના જે પાંદડાં પીળા થઈ રહ્યા છે તેના કારણો સ્વાભાવિક રીતે જ તેના મૂળમાં રહેલા છે. અત્ર લુપ્તા સરસ્વતી, મૂળિયા સજીવન કરવાની જરૂર છે.*

*★ એક અંદાજ પ્રમાણે મધ્ય પ્રદેશના 'વ્યાપમ' કૌભાંડનો લાભ લગભગ ૭૦૦૦ લોકોએ લીધેલ છે. જેમાંથી ૨૦૦૦ લોકો તો જેલમાં છે અને બાકીના ૫૦૦૦ સામે શંકાની સોય તકાયેલી છે. તેના કારણે આ નોંધ લખાઈ છે ત્યાં સુધીમાં ૪૭ વ્યક્તિઓના શંકાસ્પદ મૃત્યુ થયા છે. તેમ છતાં લાંબી તપાસ બાદ પણ મુખ્ય ગુનેગારનું નામ બહાર આવી શકેલ નથી. આ ખૂબ અચરજની વાત છે!*

*સંતોનો વ્યવહાર સામાન્ય બુદ્ધિથી જીવતા લોકો સમજી શકતા નથી.*

# ચાલો, દરરોજ એક પત્ર લખીને કોઈક સજ્જનની કદર કરીએ

• રોહિત શાહ •

સદ્‌ભાવના માણસને ઊજળો બનાવે છે. કોઈ અજાણી વ્યક્તિ પ્રત્યે ચપટી સદ્‌ભાવ દાખવવો એ જેવું-તેવું પુણ્યકાર્ય નથી. માણસ ઇચ્છે તો સદ્‌ભાવની ગંગામાં દરરોજ પુનિત સ્નાન કરી શકે છે.

સપોઝ, આપણે શોપિંગ માટે કોઈ દુકાનમાં ગયા છીએ અને એ દુકાનનો ગુમાસ્તો આપણને વિવેકપૂર્વક ઉત્સાહપૂર્વક ચીજો બતાવે છે, દરેક ચીજ વિશે આપણને માહિતી આપે છે. આપણને તે ગુમાસ્તાની સેલ્સમેનશિપ ગમી જાય છે, પછી ભલે આપણે તેની પાસેથી કોઈ ચીજ ખરીદીએ કે ન ખરીદીએ, પરંતુ ઘરે આવીને એ દુકાનના માલિકને એક પત્ર લખી, તેના સેલ્સમેનની નિષ્ઠા અને કુશળતા વિશે થોડા શબ્દો મોકલીએ તો એક ઉપવાસની તપસ્યા જેટલું પુણ્ય અવશ્ય મળે જ એવો મને વહેમ છે.

આપણે ન કરવા જેવાં અને નકામાં ઘણાં કામ કરવામાં આપણા આયુષ્યની અણમોલ ક્ષણો વેડફતા રહીએ છીએ. જો એ ક્ષણોનો ઉપયોગ કોઈકને એપ્રિશિયેટ કરવામાં ખર્ચીએ તો સદ્‌ભાવનાની એક ખુશબૂદાર આબોહવા પેદા થઈ શકે છે. આપણે બસ એટલું જ નક્કી કરીએ કે હું દરરોજ કોઈ એક વ્યક્તિની સારી વર્તણૂકની કદર કરીશ, તો એમ કરવાથી આપણે અવશ્ય વધુ ઊજળા થતા રહીશું.

એવું ન વિચારશો કે કદર કરવા જેવી એક વ્યક્તિ દરરોજ શોધવા ક્યાં જઈએ? શોધવા ક્યાંય જવાનું નથી. તમે ટીવી તો જોતા જ હશો. ટીવી પર કોઈ એન્કર કે ન્યુઝરીડર ક્યારેક કશી ભૂલ વગર પરફોર્મ કરે તો એ ટી.વી. ચેનલને પત્ર લખીને પેલા એન્કર કે ન્યુઝરીડરને શાબાશીના શુભેચ્છાના શબ્દો મોકલી શકાય.

એક વિદ્યાર્થીને બોરીવલીથી પાર્લા ટ્રેનમાં જવું હતું. તે બોરીવલીના રેલવે સ્ટેશને ટિકિટબારી પાસે લાઈનમાં ઊભો હતો. જો તેને દરરોજ પાર્લા જવાનું હોત તો તેની પાસે રેલવેનો પાસ હોત, પણ એ દિવસે તેને ક્યાંક કોઈ સેમિનાર અટેન્ડ કરવાનો હતો એટલે ટિકિટ લેવા માટે ઊભો હતો. જ્યારે તેનો નંબર આવ્યો ત્યારે તેને ખ્યાલ આવ્યો કે પોતે પોતાનું વોલેટ ઘરે ભૂલીને આવ્યો છે. તેના ચહેરા પર ચિંતા વ્યાપી વળી. રેલવેનો ટિકિટ આપનારો કર્મચારી બધું સમજી ગયો. તેણે ટિકિટ આપતાં તે વિદ્યાર્થીને કહ્યું, 'કંઈ વાંધો નહિ, બેટા! તું આ ટિકિટ રાખ. જો અત્યારે તું ઘેર પૈસા લેવા પાછો જઈશ તો તારે મોડું થશે...' વિદ્યાર્થી આભારવશ થઈને ટિકિટ લઈ લે છે. સાંજે તે વિદ્યાર્થી ઘરમાં વાત કરે છે. તેની મમ્મીએ કહ્યું, 'બેટા, તારે તે ભાઈને ટિકિટના પૈસા આપવા જવું જોઈએ. તેણે તારા વતી તારી ટિકિટના પૈસા રેલવેને ચૂકવ્યા હશે.' તરત જ તેના પપ્પાએ કહ્યું. 'ના, એવું કરવાથી વાત ન પતે. રેલવેના તે કર્મચારીને બે-પાંચ રૂપિયા આપી દેવાનું ઇનફ નથી. તેની યોગ્ય કદર કરવી જોઈએ.' તેના પપ્પાએ સરસ ભાષામાં એક પત્ર લખ્યો, બોરીવલીના સ્ટેશન-માસ્તરને પોસ્ટ કર્યો.

કોઈ માણસ ઈમાનદારીથી કામ કરતો હોય, બહાદુરીથી પરાક્રમ કરતો હોય, નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવતો હોય તેની સહેજ કદર કરીએ તો તેને કેવું ઉમદા પ્રોત્સાહન મળે...!

મારે એક બેન્કમાં અવારનવાર જવાનું થતું. એ બેન્કના દરવાજે ઊભેલો ચોકીદાર હંમેશાં સ્માઈલથી સૌનું અભિવાદન કરે. એક વખત મેં તેની પાસે જઈને કહ્યું, 'દોસ્ત! તારા સ્માઈલનું મને વ્યસન પડી ગયું છે. જ્યારે-જ્યારે હું આ બેન્કમાં આવું છું ત્યારે તારા ચહેરા પર સ્માઈલ જોઈને હું પ્રસન્ન થાઉં છું. બેન્કનો સ્ટાફ ભલે ગમે તેવો હોય, તારા સ્માઈલ પર હું ફિદા છું!' તે ચોકીદાર એટલું સાંભળીને ગળગળો થઈ ગયો અને બોલ્યો, 'સાહેબ! આવી વાત કરનારા લોકોય આજકાલ ક્યાં જોવા મળે છે? અમને ચોથા વર્ગના કે નિમ્ન કક્ષાના કર્મચારી સમજીને લોકો અમારી ઉપેક્ષા કરે છે. અરે! ક્યારેક તો લોકો એમ વિચારે છે કે બક્ષિસની અપેક્ષાએ હું આવું સ્માઈલ કરું છું! પણ એવું નથી, સાહેબ! ગ્રાહક એ ભગવાન કહેવાય. આ બેન્ક મારે મન મંદિર છે. હું મંદિરનો એક સામાન્ય પૂજારી છું. ભગવાનને (ગ્રાહકને) જોઈને જો હું સહેજ સ્મિત પણ ન કરી શકું, તો હું પૂજારી શાનો?' મને તેના શબ્દોએ ભીંજવી દીધો. ઘેર આવ્યા પછી એ બેન્કના મેનેજર પર એક પત્ર લખ્યો અને તેને જણાવ્યું કે તમારી બેન્કનો ચોકીદાર ખૂબ નિષ્ઠાવાળો છે. તેનું દિલ કદી ન દુભાય એની કાળજી રાખજો. ચાર દિવસ પછી મેનેજરે મને ફોન કરીને કહ્યું, 'સાહેબ, તમારો પત્ર મેં બેન્કના આખા સ્ટાફને બતાવ્યો-વંચાવ્યો છે. તે વોચમેન અત્યારે સૌનો વહાલો હીરો બની ગયો છે. ઊંચા હોદ્દા પર વર્ષો સુધી નોકરી કરીને રિટાયર્ડ થનારને પણ આવા પત્રો ભાગ્યે જ મળતા હોય છે. અમે તે ચોકીદારનું દિલ ન દુભાય એની કાળજી જરૂર રાખીશું. તમે એવી વ્યક્તિ માટે આવો સરસ કાગળ લખ્યો એ માટે સમગ્ર સ્ટાફ તમારો આભાર માને છે.'

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સમાજ ચિંતન

# જ્ઞાતિવાદના ઝેરથી આપણે ક્યારે મુક્ત થઈશું?

• તરુણ વિજય •

સાચી વાત તો એ છે કે, આપણે દલિતો પ્રત્યે ઘૃણા કરીએ છીએ. આપણે આઈ.એસ.આઈ.એસ. અથવા તાલિબાન સાથે એક વાર જમી લેશું, પણ આપણે આપણા જ રક્તબંધુ વાલ્મીકિ, દલિત વગેરેને ખૂબ નફરત કરીએ છીએ. ગત દિવસોમાં જ્યારે દિલ્હીમાં સફાઈ કર્મચારીઓની હડતાળ પૂરી થઈ ત્યારે મને એવું લાગ્યું કે, આ થોડાક વધુ દિવસ ચાલવાની જરૂર હતી. તો સંભ્રાંત કુલીન ઉચ્ચ વર્ણના લોકોનાં નાકો દુર્ગંધથી પૂરેપૂરાં ભરાઈ જાત તો કેટલું સારું થાત? આ સૌ કોઈને સફાઈ કરવા માટે મજબૂર થવું પડત અથવા આઉટસોર્સિંગ શોધી લેત.

એ સારા સજ્જન સંભ્રાંત ઓક્સબ્રિજ ઉચ્ચારણ સાથે હિન્દી અંગ્રેજી બોલનાર ભારતીય વાઈસરોય આ બાબતને સમજી નહીં શકે કે જાતિના આધારે પેઢી દર પેઢી સફાઈ કર્મચારી રહેવાનો અર્થ શું હોઈ શકે? તેમણે પેઢી દર પેઢી નેતા બનવાનો અર્થ ખબર છે. પિતા, દાદા, પરદાદા, પછી પુત્ર, વધૂ, ભાણેજ, ભત્રીજા, પૌત્ર, પ્રપૌત્ર તમામ એક લાઈનમાં રાજકારણમાં નામના મેળવે છે. જાણે કે ખુદાનો પત્ર લઈ પાર્ટીની ઓફિસમાં ઘૂસી ગયા હોય.

આવા જ આઈએએસ, આઈપીએસ વગેરેના પરિવારો છે. સસરા સચિવ હોય, સાસુ ડાયરેક્ટર હોય, પોતે કલેક્ટર હોય, પતિ સંયુક્ત સચિવ હોય બધા જ એક જ પરિવારમાં તમને મળશે. અહીં શું મળે છે? પિતા મિન્ટો રોડ પર સફાઈ કર્મચારી, પુત્ર રોહિણીમાં સફાઈ કર્મચારી, વહુ મંદિર માર્ગ પર સફાઈ કર્મચારી, મા પુલ પાસે સફાઈ કર્મચારી. બધી જાતિ એક જ વાલ્મીકિ, જાતિના આધારે સફાઈ કર્મચારીઓનો સમુદાય બનાવનારા આપણે કોણ? શું બંધારણનું તેમાં પાલન થાય છે? કાયદો શા માટે ન બનવો જોઈએ કે, વાલ્મીકિ, દલિત પોતાની જાતિને કારણે સફાઈ કર્મચારી નહીં બને. જો બ્રાહ્મણ, વણિક, ક્ષત્રિય વગેરે બાટાની દુકાન રાખી શકે તો સફાઈના કામને જાતિબંધનથી મુક્તિ કેમ ન મળવી જોઈએ? પણ આવું નહીં થાય. અંદરથી, ખૂબ અંદરથી આપણે માની લીધું છે કે, આ લોકો આવા જ છે અને તેમને તેવા જ રહેવા દેવા જોઈએ.

ગત દિવસોમાં સંસદમાં મેં એક ખાનગી સંકલ્પ રજૂ કર્યો હતો. તેમાં ફક્ત એટલું જ કહ્યું હતું કે, વાલ્મીકિ સમાજને સમાજની મુખ્ય ધારામાં સાથે લાવવા સમાન અવસર મળવા જોઈએ. આ સમાનતામાં જો બાધા હોય છે અને તે બાધા ગમે ત્યાંથી હોય ધર્મક્ષેત્રમાંથી કે અન્ય ક્ષેત્રમાંથી તેને દૂર કરવા માટે બંધારણમાં સુધારો થવો જોઈએ. જો કોઈ સુશિક્ષિત, સુસંસ્કારી અને તાલીમ પામેલ વાલ્મીકિ મંદિરમાં પૂજારી થવા ઈચ્છે તો તેને તક આપવી જોઈએ. આ કામમાં અડચણ ઊભી કરનારને રોકવા બંધારણ સુધારા હેઠળ કાયદો બનવો જોઈએ. આમાં શું ખોટું હતું?

સંસદમાં તમામ પક્ષોએ તેને ટેકો આપ્યો. મોટા ભાગના નેતા સાથે હતા પણ મારે ક્યાં ક્યાંથી શું ન સાંભળવું પડ્યું? એક વરિષ્ઠ વ્યક્તિએ કહ્યું કે, તમે જાતિ-યુદ્ધ કરાવવા ઈચ્છો છો. બીજા બુદ્ધિજીવી હતા તેમણે કહ્યું કે, જ્યારે જાણ થશે કે મંદિરમાં વાલ્મીકિ પૂજારી છે તો લોકો ત્યાં નહીં જાય.

મેં મૌન રાખવાનું યોગ્ય સમજ્યું. પણ વિચાર્યું કે, આવા હિન્દુ જો જાતિવાદી દેવતાની પૂજા અનિવાર્ય માનતા હો તો વાલ્મીકિ પુરોહિતના મંદિરમાં આવવાનું છોડી દે. કાલને બદલે આજે છોડી દે. તેઓ કયા દેશ અને સમાજ માટે મંદિરમાં જાય છે?

દરેક પોતપોતાની મનોકામનાની પૂર્તિ માટે પૂજા કરતાં હોય છે. હું માનું છું કે અર્ધશિક્ષિત, અસંસ્કારી, સંસ્કૃતનું જ્ઞાન ન હોય, શાસ્ત્રોનું જ્ઞાન ન હોય તેવા બ્રાહ્મણ પાસે પૂજા કરાવવાની અપેક્ષા સુશિક્ષિત વાલ્મિકી પાસે શા માટે પૂજા ન કરાવવી? યજમાનને પૂરેપૂરું ફળ મળશે, પણ જાતિના આધારે આપણી માનસિકતા કલુષિત છે તેનું શું કરવું? ઈશ્વરને પણ આપણે જાતિવાદની જાળમાં સામેલ કર્યો છે.

પણ જે દેશમાં મીડિયાથી રાજકારણ સુધી દલિતના પડછાયાથી બચી શકાય, જ્યાં કોઈ અખબાર, ચેનલ વિજ્ઞાપનની મોટી સંસ્થાઓમાં દલિત તંત્રી, સમાચાર સંપાદક, બ્યૂરો પ્રમુખ, એન્કર, ડાયરેક્ટર શોધવાથી પણ ન મળે, જ્યાં ગરમીમાં સેંકડો લોકો મૃત્યુ પામે તો પ્રાઈમ ટાઈમમાં તેની ચર્ચા ન હોય ત્યાં આપણી સામાજિક ચિંતાને વાચા કેવી રીતે આપી શકાય?

આ ધનિકોનો દેશ છે. જ્યાં ગરીબ, દલિત, વાલ્મીકિ, પછાત વર્ગ પ્રયોગની વસ્તુ છે. તેમને સજાવટ અને હૃદયની વિશાળતા, વિરાટતાના દંભપૂર્ણ પ્રદર્શન માટે ઉપયોગમાં લેવામાં આવે છે. શબ્દો વિલાસી થઈ ગયા છે. સમાજમાં નફરત ચારે તરફ છે. આ નફરત ત્યારે દેખાય છે જ્યારે દલિત પુત્રીનો પડછાયો સમાજના એક વર્ગ પર પડે છે. દેશમાં સતત દલિતો પર હુમલા, અત્યાચાર થતા રહે છે. ક્રિકેટનાં દુર્ગંધભર્યા નાણાંની અસર પર ચર્ચા થાય છે, પણ દલિત અને જનજાતિઓ પર અત્યાચાર, તેના સમાધાન વગેરે પર ચર્ચા નથી થતી. આંબેડકરનો જાપ થાય છે, પણ સમાજમાં જે નફરત છે તેનું સમાધાન થતું નથી.

કણકણમાં ઈશ્વરનો દંભ ભરનારાઓને તે પિતા કરગરતાં એવું કહે છે કે, અમારી પુત્રી પવિત્ર હતી. દલિતની પુત્રી ક્ષત્રિય બ્રાહ્મણની પુત્રીથી ઓછી ન હોઈ શકે. તેમાં પણ દેવીનો અંશ હોય.

ભારત આ પિતાની વાત અને તે બેટીના દર્દને સમજે. નહીં સમજે તો અનર્થ થશે. ■

*ભૂલ કરો, ખૂબ કરો પણ વારંવાર કરશો નહીં.*

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૮

# પતિઓના ચાર પ્રકાર

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

પત્નીઓની માફક પતિઓના પણ ચાર ભેદ હોય છે.

(૧) ઉત્તમ, (૨) મધ્યમ, (૩) કનિષ્ઠ અને (૪) અધમ.

ઉત્તમ પતિ પ્રેમાળ, પૌરુષવાન, ઉદાર, પરાક્રમી, પ્રગતિશીલ અને એક પત્નીવ્રતી હોય છે.

પત્નીની પહેલી અપેક્ષા 'પ્રેમ' હોય છે. જો તેની પ્રેમ-ભૂખને સંતોષી શકાય તો પેટભૂખને તે હસતાં હસતાં સહન કરી લે. પ્રથમ પતિ, પ્રેમનો ભંડાર છે. તે પત્નીને ભરપૂર પ્રેમ કરે છે. પતિ-પત્ની પરસ્પરમાં પ્રેમ કરે એ કોઈ પાપ નથી, મહાપુણ્ય છે. તેને પાપ માનનારા અને પતિ-પત્નીને પ્રેમ કરતાં અટકાવનારાં મહાપાપી છે. ધર્મ કે અધ્યાત્મના નામે આવા શુદ્ધ પ્રેમને તોડાવનારા અને પછી પ્રેમભંગ કરાવીને ઘરભંગ કરાવનારાને સાધુ-સંત ન કહેવાય. પણ શેતાન જ કહેવાય. તેઓ પોતે માર્ગ ભૂલેલા છે અને બીજાને પણ ભટકાવી મારવાના ધંધા ધર્મના નામે કરે છે. સત્સંગના નામે આવા લોકોની પાસે જનારા અંતે 'ઘરભંગ' કે પ્રેમભંગ થઈને પાછા ફરતા હોય છે. તેમની સ્થિતિ ધોબીના કૂતરા જેવી થતી હોય છે.

હું એક એવા સંતને જાણું છું જેણે સેંકડો પતિ-પત્નીને અધ્યાત્મના નામે છૂટાં પાડ્યાં છે અને કેટલાંય છોકરા-છોકરીઓને પરણતાં અટકાવ્યાં છે, કારણ કે અધ્યાત્મની પ્રાપ્તિ સંસારીઓને નથી થતી તેવું વારંવારનું તેઓ વિધાન કરતા રહે છે. પણ આ જ સંતે પોતાના દીકરાને ધૂમધામથી પરણાવ્યો છે, પોતાના છોકરા માટે અલગ ગજ અને બીજાના છોકરાઓ માટે અલગ ગજ. આવું બેવડું ધોરણ રાખનારાઓથી સાવધાન રહેવું જોઈએ. આ લોકો સત્સંગના નામે ગુમરાહ કરનારો કુસંગ કરતા રહે છે.

ખરી વાત એ છે કે ઉપરના સ્વર્ગને જો નીચે ઉતારવું હોય તો પતિ-પત્નીને ભરપૂર પ્રેમ કરતાં શિખવાડો, બન્નેને છૂટાં ન કરો, છૂટાં થયાં હોય તો જોડો. પ્રેમભંગ અને ઘરભંગ કરાવવો એ મહાપાપ છે. નિઃસ્વાર્થ પ્રેમ પરમેશ્વરનું પ્રગટ રૂપ છે. તેની પ્રાપ્તિ એ પણ જીવનની સાધના છે. જો તે સહજ રીતે મળી જાય તો ઈશ્વરકૃપા છે, એટલે સુમેળભર્યા દાંપત્યનું કદી પણ વિખંડન ન કરવું-કરાવવું જોઈએ. હા, દાંપત્ય જામતું જ ન હોય, પ્રેમ થતો જ ન હોય તો વાત જુદી છે.

પત્નીને તલવારથી, ધનથી, ભયથી કે બીજી કોઈ વસ્તુથી જીતી શકાતી નથી. હા, તેના શરીરને જીતો એ વાત જુદી છે. પણ એ તેની મજબૂરી જ હશે. પત્ની તો માત્ર પ્રેમથી જ જીતાય છે. તે સ્વયં પ્રેમની સરિતા છે, જે દોડી રહી છે, કોઈ પ્રેમના સમુદ્રને મળવા માટે. ઉત્તમ પતિ, પ્રેમનો સમુદ્ર છે. તે દોડતી આવતી પ્રેમ નદી સમાન પત્નીને પોતાનામાં સંપૂર્ણ સમાવી લે છે. બન્ને ધન્ય ધન્ય થઈ જાય છે. ઉપરનું સ્વર્ગ નીચે ધરતી ઉપર ઊતરી આવે છે. હવે તેમણે ઉપર જઈને સુખી થવા માટેનાં કર્મકાંડો કે બીજી સાધના કરવાની જરૂર નથી. પૂર્વ કહ્યું તેમ પ્રેમ એ પોતે જ પરમાત્મા છે. સૂફીઓ કહે છે કે 'લવ ઈઝ ગોડ' અને 'ગોડ ઈઝ લવ'. આ લવનાં બે રૂપ છે. દૈવી પ્રેમ (ઈશ્કેહકીકી) અને માયાવી પ્રેમ (ઈશ્કેમિજાજી). પ્રથમ જે દૈવી પ્રેમ છે તે છેક મરણપર્યંત - વૃદ્ધાવસ્થામાં પણ વધુ ને વધુ દીપતો જાય છે. લોકોને સુખી કરવા હોય તો દૈવી પ્રેમની સાધના તરફ વાળવાના, તેથી ભગાડવાના નહિ. ભગાડીને પણ અંતે તો પાછી એની એ જ મનોવૃત્તિ બની જાય છે. પોપટ મહાસંયમી છે કારણ કે પાંજરામાં પુરાયેલો છે. તે ધારે તો પણ સંયમ તોડી શકતો નથી, કારણ કે પાંજરું પરવાનગી નથી આપતું.

## (૧) ઉત્તમ પતિ

ઉત્તમ પતિ, પ્રેમની સાથે સાથે પૌરુષસભર પણ હોય છે. પતિ-પત્નીના પ્રેમસંબંધમાં કામ મહત્ત્વનું ઘટક રહે છે. મા-બહેન વગેરે બીજી અનેક સ્ત્રીઓ સાથે પણ પુરુષને પ્રેમ હોય પણ તે નિષ્કામ હોય. તેમાં પણ ઘણી ઉચ્ચતાભરી લાગણીઓ રહી શકે છે અને તે રહેવી પણ જોઈએ. પણ પતિ-પત્નીના પ્રેમમાં 'કામ' મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કામના કારણે જ બન્ને શારીરિક અને માનસિક બન્ને રીતે એકબીજામાં ઓતપ્રોત થઈ શકે છે. આટલી સમીપતા અને એકતા બીજી કોઈ રીતે થઈ શકતી નથી, એટલે ઉત્તમ પતિમાં પૌરુષની પૂર્ણતા હોય છે, જે પત્નીને ન્યાલ કરી શકે છે. જેમ અન્નની તૃપ્તિ હોય છે, તેમ કામતૃપ્તિ પણ જરૂરી છે. અન્નતૃપ્તિ કરતાં પણ કામતૃપ્તિનું સુખ વધુ મહત્ત્વનું છે. એટલે તો ઘણી વાર અતૃપ્ત સ્ત્રીઓ ગમે તેવા હલકા અને નીચ ગણાતા પુરુષો સાથે પણ સર્વસ્વ ત્યાગીને ભાગી જાય છે. ૧૨ છોકરાંની માતા આવી જ તૃપ્તિ માટે બધાંને છોડીને એક પુરુષ સાથે ભાગી ગયેલી તે હકીકત છે. જે લોકો પૌરુષ વિના માત્ર દરદાગીના, કપડાં કે સારું-સારું ખાવાનું આપીને પત્નીને પતિપરાયણ બનાવવા માગે છે તે ફીફાં ખાંડીને તેલ કાઢવા માગે છે. તે કદી સફળ નથી રહેતા. એમ કહી શકાય કે કામતૃપ્તિ એ પત્નીનો જન્મસિદ્ધ અધિકાર છે. એટલે ઉત્તમ પતિ પૌરુષસભર હોવાથી પત્નીની દૃષ્ટિએ ઉત્તમ બની શકે છે.

પૌરુષ, પરમેશ્વરે સહજ રીતે લગભગ બધા પુરુષોને આપેલું મહત્વનું પ્રદાન છે. ઉંમરની સાથે તે ક્રમે ક્રમે પ્રગટે છે, તેના

*સુખી થવું હોય તો જિંદગીના અપ્રિય પ્રસંગોને ભૂલી જાવ.*

દ્વારા આગળનો વંશ ચાલે છે. પૌરુષ પૂર્ણ પ્રગટ્યા પછી પણ એ પુરુષનાં લગ્ન ન કરી શકાય તો બનવા જોગ છે કે તે ગેરમાર્ગે વળી જાય. આવી ઉંમરમાં કિશોરોને બહુ સાચવવા જોઈએ. ખાસ કરીને કુટેવોવાળા હલકા માણસોથી સાચવવા જોઈએ. આ ઉંમરે જો તેઓ કુસંગમાં પડીને કુટેવો તરફ વળી જાય તો જીવનભરનું પૌરુષ ખોઈ બેસે છે અથવા ઘટાડી બેસે છે.

જે લોકો આવી અનેક કુટેવોથી બચી ગયા છે અથવા વડીલો દ્વારા બચાવી લેવાયા છે અને યોગ્ય સમયે લગ્ન કરી શક્યા છે, તે કુદરતસહજ પૌરુષના ધણી બને છે. તેમની પત્નીઓ અપેક્ષાકૃત વધુ સુરક્ષિત રહે છે કારણકે તે તૃપ્ત રહે છે. અતૃપ્ત પત્ની ખોટા માર્ગે વળી જાય તેવી સંભાવના રહે છે. ખાસ કરીને આવી સ્થિતિનો લાભ, નોકર-ચાકરો કે પછી વિધર્મીઓને મળતો હોય છે. તેનાથી બચવું-બચાવવું હોય તો પૌરુષની આરાધના કરવી. કદી પણ પૌરુષને હાનિ પહોંચે એવા નિયમો ન લેવા. ખાવા-પીવાની બાબતમાં પણ સાવધાન રહેવું. જે માંસાહારી નથી તેમણે ડુંગળી-લસણ વગેરે અનેક પદાર્થોનું ભરપૂર સેવન કરવું. તેનાથી હૃદયરોગ ઓછો થઈ શકે છે. માણસમાં ખમીર અને શૂરવીરતા આવી શકે છે. આયુર્વેદમાં આવા અસંખ્ય પદાર્થો બતાવ્યા છે. જો સીઝન પ્રમાણે તે બધાનું યથાયોગ્ય સેવન કરવામાં આવે તો પુરુષ નમાલાપણામાંથી બચી શકે છે અને પત્નીને આડા માર્ગે જતાં બચાવી શકે છે. આપણે માત્ર નમાલાં ભગતડાં પેદા નથી કરવાં, પણ પૌરુષવાન, બળવાન અને સમર્થ વીરપુરુષો પેદા કરવા છે. એટલે ખોરાકની બાબતમાં પૂરેપૂરું ધ્યાન આપવું જરૂરી છે. ઉત્તમ પતિ અને ઉત્તમ પત્ની મળીને સમાજને વધુ પવિત્ર અને બળવાન બનાવી શકે છે.

## (૨) મધ્યમ પતિ

મધ્યમ પતિ તે છે જેનામાં સ્વાર્થ સાથેનો ગણતરીપૂર્વકનો પ્રેમ હોય છે. પત્ની ગમે છે એટલે પ્રેમ કરે છે. પત્ની સુખ આપે છે એટલે પ્રેમ કરે છે. આવા અનેક પ્રકારના સ્વાર્થોના કારણે તે પ્રેમાળ છે. પણ જો તેનો સ્વાર્થ પોષાતો બંધ થઈ જાય તો તેનો પ્રેમ પણ બંધ થઈ શકે છે. આપત્તિકાળમાં તેનો પ્રેમ ટકી શકતો નથી. પોતાના સુખના ગણિતથી તે પત્નીને માપે છે. ધર્મ-સમાજ અને લોકપ્રતિષ્ઠાથી તે અન્ય સ્ત્રીઓથી બચી શક્યો છે. જો આવી પાળો ન હોત તો તે નવું નવું મેળવવા અને વધુ ને વધુ સુખો મેળવવા ક્યારનોય ભટકતો થઈ ગયો હોત. આ રીતે ધર્મ, સમાજ અને લોકપ્રતિષ્ઠા માણસનું રક્ષણ કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. તેમનું રક્ષણ કરવું જોઈએ. આવા મધ્યમ પતિનું પૌરુષ પણ મધ્યમ હોય છે. જો પત્ની જાતવાન હોય તો તો વાંધો નથી આવતો, પણ જો કોઈ શંખણી મળી હોય તો મોટો વાંધો આવે છે. અન્ન-વસ્ત્ર-દરદાગીના વગેરે પૂરું પાડવાનું તેનું સામર્થ્ય પત્નીના આર્થિક સ્વાર્થને સંતોષી શકે છે. આવાં દંપતી જો સારા મહોલ્લામાં ધાર્મિક વાતાવરણમાં રહે તો જીવન સારી રીતે પસાર થઈ શકે છે.

## (૩) કનિષ્ઠ પતિ

ત્રીજો કનિષ્ઠ પતિ છે. આ પતિ અર્થપ્રેમી છે. અર્થાત્ તેને પત્ની ઉપર પ્રેમ નથી (કોઈના ઉપર પ્રેમ નથી), કારણ કે તે અર્થપ્રેમી છે, એટલે કે પૈસાપ્રેમી છે. આખો દિવસ પૈસા કમાવામાં, તેની જાળવણીમાં, તેની વ્યવસ્થામાં વિતાવે છે. પત્નીને પૂરો સમય આપી શકતો નથી. સવારથી મોડી રાત સુધી હાય પૈસો, હાય પૈસો કર્યા કરે છે. તેની પ્રતીક્ષામાં મોડી રાત સુધી પત્ની જાગે છે, પણ પેલો ક્યાં નવરો છે? પૈસાના કારોબારમાંથી તે મોડી રાત્રે ઘેર આવે છે અને કુદરતી આવેગોને ભૂંડની માફક ઠાલવીને સૂઈ જાય છે. પ્રેમ ભૂખી તેની પત્ની તડપતી રહી જાય છે. તેને પત્નીની કશી પડી નથી. તેને માત્ર પોતાનાં જ સુખોની પડી છે. તે સ્વકેન્દ્રિત માણસ છે. અર્થપ્રધાન માણસ મન મૂકીને પ્રેમ નથી કરી શકતો. યોગ્ય આહાર-વિહાર અને વ્યાયામ વગેરે ન હોવાથી તેનામાં પૌરુષક્ષમતા પણ ઓછી રહે છે. જો ઉત્તમ પત્ની મળી તો ઠીક, નહિ તો પછી તેના વારસદારો બીજા રક્તના થઈ જાય છે. જેની તેને ખબર પણ નથી પડતી. તે ઘણું મેળવીને સર્વસ્વ ખોઈ બેસે છે. તેની વફાદારી વિશ્વસનીય નથી હોતી, લપસણી જગ્યા મળતાં જ તે લપસી પડે છે. તે દાંપત્યનું પૂરું સુખ નથી તો મેળવી શકતો કે નથી આપી શકતો.

## (૪) અધમ પતિ

ચોથો પતિ અધમ પતિ છે. આમાં અનેક દોષો છે. તે નથી તો પ્રેમ આપી શકતો કે નથી પૈસો આપી શકતો. ઉદ્યમ - ધંધા વિનાનો, નમાલો, પ્રભાવહીન, પૌરુષહીન, અત્યંત વહેમીલો, પત્નીની આજીવિકા ઉપર જીવન જીવનારો, પત્નીના કુમાર્ગને પણ સહન કરી લેનારો, કેટલીક વાર તો તે પોતે પત્નીને કુમાર્ગે જવાની પ્રેરણા આપનારો કે પછી વ્યવસ્થા કરી આપનારો પણ હોઈ શકે છે. આ અધમ પતિને જો ઉત્તમ પત્ની મળી હોય તો તે બધી રીતે મહાદુઃખી થાય છે. હા, જો તેને પણ તેના જેવી જ અધમ પત્ની મળી હોય તો, લડતાં-ઝઘડતાં કકળાટ અને ભવાડા કરતાં ગાડું ગબડે છે. આવાં દંપતીનાં બાળકો પણ મોટા ભાગે તેમના જેવાં જ થાય છે. બધા પ્રકારની ભ્રષ્ટતાથી ભરપૂર એવો આ અધમપતિ વ્યસની - જુગારી - વ્યભિચારી - ચોર - વફાદારી વિનાનો હોય છે. આવા જ પતિઓ, પત્નીઓને વધારે મારઝૂડ કરતા હોય છે. ગાળાગાળીનો તેમનો નિત્યક્રમ થઈ જાય છે. આવો પતિ સુધારાશ્રમ નથી હોતો. તેને સત્સંગ ગમતો નથી. કુસંગ ગમે છે. તે પોતે પણ સુખી થતો નથી અને પત્ની પરિવારને પણ સુખી કરી શકતો નથી. પશુ કરતાં પણ નીચું જીવન જીવીને રોગો અને કુટેવોથી મરણ પામે છે.

આ ચાર પ્રકારના પતિઓમાંથી જેને ઉત્તમ પતિ મળ્યો છે તે ભાગ્યશાળી સ્ત્રી ધન્ય છે, પણ તે પણ જો ઉત્તમ કક્ષાની હોય તો. જો તેની કક્ષા અધમ હોય તો તેની ધન્યતાને તે પોતે જ પોતાના હાથે શાપિત કરી શકે છે. ■

*ઈચ્છા, એ દુઃખની મા છે.*

વિદેશી વાનગી

# મારે હવે કશું જ જાણવું નથી

• પીટર બિસ્કેલ • અનુવાદક : રમણ સોની •

'મારે હવે કશું જ જાણવું નથી', જેને હવે કશું જ જાણવાની ઈચ્છા ન હતી એવા એક માણસે કહ્યું.

જેને હવે કશું જ જાણવાની ઈચ્છા ન હતી એવા એક માણસે કહ્યું : 'મારે હવે કશું જ જાણવું નથી.'

આમ કહેવું બહુ સહેલું હતું.

આમ કહેવું બહુ જ સહેલું હતું.

ટેલિફોન ક્યારનો રણકતો હતો.

હવે ખરેખર તો એ ભાઈએ ટેલિફોનના વાયર દીવાલમાંથી ઉતરડી નાખવા જોઈતાં હતા કેમ કે એ હવે કશું જાણવા માગતા ન હતા. છતાં, એમ ન કરતાં, એમણે તો ટેલિફોન લીધો અને કહ્યું, 'હું - બોલું છું.'

'ગુડ મોર્નિંગ,' સામેવાળાએ કહ્યું.

અને આ ભાઈએ પણ કહ્યું : 'ગુડ મોર્નિંગ.'

'બહુ જ સરસ મોસમ છે, કેમ!' પેલા ભાઈએ કહ્યું.

આ ભાઈએ એમ ન કહ્યું કે મારે મોસમ વિશે કશું જાણવું નથી. ઊલટું એમણે તો વળતાં કહ્યું : 'હા, ખરેખર, ખૂબ સુંદર વાતાવરણ છે.

પેલાએ બીજું કશુંક કહ્યું.

આમણે પણ બીજું કંઈક કહ્યું.

અને પછી એમણે ટેલિફોન મૂકી દીધો પણ પોતાની જાત પર બહુ જ ગુસ્સે થયા કેમ કે હવે તેમણે 'જાણ્યું' કે મોસમ બહુ સરસ છે.

અને હવે તો એમણે ટેલિફોનના વાયર ખેંચી જ નાખ્યા અને ઘાંટો પાડ્યો : હવે મારે કંઈ કહેતાં કંઈ જાણવું નથી, મારે એ બધું ભૂલી જવું છે.'

આમ કહેવું પણ બહુ સહેલું હતું.

આમ કહેવું પણ બહુ જ સહેલું હતું.

બારીમાંથી દેખાયું કે સૂરજ ઊગ્યો છે. ને જ્યારે સૂરજ દેખાય ત્યારે માણસને જાણ થાય કે મોસમ સુંદર છે.

આ ભાઈએ બારી વાસી દીધી. પણ એની કાચની તકતીઓમાંથી સૂરજનાં કિરણ અંદર આવતાં હતાં.

એ ઊઠ્યા. કાગળ લઈ આવ્યા. ને બારીના કાચ પર ચોડી દીધો. અંધારું કરીને બેઠા.

અને એમ જ લાંબો સમય બેસી રહ્યા. એમનાં પત્ની અંદર આવ્યાં ને સાવ જ અંધારું જોઈને સહેજ ગભરાઈ ગયાં : 'અરે, આ બધું બંધ કેમ કર્યું છે?!'

'એ બધું સૂરજને બહાર રાખવા માટે કર્યું છે.'

'આમ તો પછી પ્રકાશ જ જોવા નહીં મળે.'

'હા, એ તકલીફ ખરી,' એમણે કહ્યું, 'આમ કરવાથી સૂર્યપ્રકાશ નહીં જોવા મળે ને સાવ અંધારું રહેશે. ખરું. પણ કમ સે કમ હું એ 'જાણવા'માંથી તો બચીશ ને કે 'વાતાવરણ સરસ છે?'

'પણ તમને સારા વાતાવરણની સામે વાંધો શો છે?' પત્નીએ પૂછ્યું, 'અરે, વાતાવરણ સારું હોય તો એથી લોકોમાં સ્ફૂર્તિ આવે છે!'

'જો, મને સારા વાતાવરણ સામે કોઈ જ વાંધો નથી.' એમણે કહ્યું, 'અરે, કોઈ જ પ્રકારના વાતાવરણ સાથે મારે કશી લેવાદેવા નથી. ફક્ત એટલું જ કે મારે એ સારું છે કે ખરાબ છે એમાંથી કશું 'જાણવું' જ નથી!'

એમનાં પત્નીએ કહ્યું, 'ભલે એમ. પણ આ લાઈટ તો ચાલુ કરો!' ને એ લાઈટ ચાલુ કરવા ગયાં પણ આ ભાઈએ તો લેમ્પના વાયર જ ખેંચી કાઢ્યા ને બોલ્યા : 'ના, મારે લાઈટ-સુધ્ધાં વિશે જાણવું નથી. મારે એય નથી. જાણવું કે અંધારું હોય ત્યારે પ્રકાશ માટે તું લાઈટ ચાલુ કરી શકે છે.'

અને આવું સાંભળતાં જ એમનાં પત્ની તો એકદમ રડી પડ્યાં.

એ બોલ્યા : 'જો, મારે છે ને તે હવેથી કંઈ કહેતાં કંઈ જાણવું નથી.'

એમનાં પત્નીને આ કશું જ સમજાયું નહીં ને એ પતિને અંધારામાં બેઠા રહેલા દઈને બહાર નીકળી ગયાં.

અને મહાશય અંધારામાં જ લાંબો સમય બેસી રહ્યા.

બહારથી કોઈ એમને મળવા આવે ને પૂછે કે, ભાઈશ્રી ક્યાં છે તો આ બહેન બધું કહેવા લાગે : 'જુઓને, આવું આવું છે. એ અંધારે જ બેસી રહે છે, આખો વખત, કેમ કે એ હવે કશું જ 'જાણવા' માગતા નથી, સમજ્યા ને?'

'કઈ બાબત તે હવેથી જાણવા માગતા નથી?' પેલા લોકોએ પૂછ્યું. ને પત્નીએ કહ્યું કે, 'કોઈ પણ બાબત. હવે એ કોઈ પણ બાબત, કશું જ, જાણવા માગતા નથી. નજરે પડે એ કશા જ વિશે એ જાણવા માગતા નથી - જેમ કે, વાતાવરણ કેવું છે, સારું છે કે નરસું છે, એવી કોઈ પણ બાબત. અને વળી, દાખલા તરીકે, કોઈ કશું કંઈ બોલે તો એ 'વાત' પણ એ જાણવા માગતા નથી. અને એટલું જ નહીં, એ પોતે શું જાણે છે, એ સુધ્ધાં એ જાણવા માગતા નથી! આવું બધું છે, કહો!'

'ઓહો, એવું બધું છે, એમ!' એમ બોલીને પેલા આવનાર જતા રહે. ફરી કદી આવે નહીં

અને પેલા ભાઈ તો અંધારામાં જ બેસી રહેતા.

એમનાં પત્ની એમને માટે જમવાનું લઈને આવ્યાં. પૂછ્યું : 'હવે તમે શું શું 'નથી જાણતા'?'

'અરે, હજુ તો હું બધું જ જાણું છું!' એ પોતે ખૂબ જ હતાશ થઈ ગયા હતા,

*સુખ કે દુઃખ આપણા પર રાજ કરે એવું ન થવા દો.*

કે હજુ તો પોતે બધું 'જાણે' છે.

એમનાં પત્નીએ એમને સ્હેજ દિલાસો આપ્યો : 'પણ હવે તમે એ તો નથી જ જાણતા ને કે, વાતાવરણ કેવું છે?'

એમણે કહ્યું : ખરું, વાતાવરણ હાલ કેવું છે એ હું જાણતો નથી એ બરાબર. પણ વાતાવરણ કેવું હોઈ શકે એ તો જાણું છું ને! મને હજુ યાદ આવે છે વરસાદી મોસમ, ને યાદ આવે છે ઊજળા હૂંફાળા તડકાના દિવસો...'

'તમે એ બધું પણ ભૂલી જવાના', એમનાં પત્નીએ કહ્યું.

'અરે ભાઈ, એ કહેવું બહુ સહેલું છે, બહુ જ સહેલું છે', એ બોલ્યા. અને એ અંધારામાં જ રહેવા લાગ્યા, ને એમનાં પત્ની દરરોજ ત્યાં જ જમવાનું લાવવા માંડ્યાં. એ થાળીમાં જુએ અને બોલે, 'હું જાણું છું કે આ બટાકાં છે, ને હું એ પણ જાણું છું કે આ કચુંબર છે...એટલે આનો કંઈ મતલબ નથી. હું હંમેશાં બધું જાણતો જ રહેવાનો. અરે, હું બોલું છું તે એકેએક શબ્દ પણ હું જાણું છું.'

એમનાં પત્નીએ પૂછ્યું, 'અચ્છા, તમે બીજું શું શું જાણો છો?' ત્યારે એમણે કહ્યું કે, 'પહેલાં કરતાંયે વધુ જાણું છું. સારું વાતાવરણ એટલે શું અને ખરાબ વાતાવરણ એટલે શું - એટલું જ નહીં, વાતાવરણનો સદંતર અભાવ એટલે શું એય હું હવે જાણું છું! હું એ પણ જાણું છું કે આ અંધારું છે, ને ત્યારે વળી એ પણ જાણું છું કે અત્યારે પૂરેપૂરું અંધારું નથી..'

'પરંતુ તમે જાણતા જ ન હોવ, એવી બાબતો પણ છે જ.' અને એમ કહીને એમનાં પત્ની જવા લાગ્યાં ત્યારે એમણે તેમને રોક્યાં.

એટલે એમનાં પત્ની કહે, 'હું કંઈ-જાણવા-માગતો નથીવાળા ભાઈ બહુ ઊંડા વિચારમાં પડી ગયા. એમને ખરેખર ચીની ભાષા આવડતી ન હતી. એટલે પછી એમ કહેવાનો અર્થ રહ્યો નહીં કે 'હું હવે કશું જાણવા માગતો નથી' કેમ કે જે જાણ્યું જ ન હોય એના વિશે તો 'હવે હું જાણવા માગતો નથી' એવું શી રીતે કહી શકાય!

'એટલે સૌથી પહેલાં તો મારે એ જાણવું જોઈએ કે હું શું શું નથી જાણતો...' એ મોટેથી બોલી ઊઠ્યા. બારી પરનો કાગળ એમણે ઉખેડી નાખ્યો. બારી ખોલી નાખી! બહાર વરસાદ પડતો હતો...એ જોઈ જ રહ્યા.

પછી એ બજારમાં ગયા. ચીની ભાષા શીખવાની ચોપડીઓ લઈ આવ્યા. દિવસો સુધી, પોતાના એકાંત ઓરડામાં બેસીને ચીની ભાષા શીખવા લાગ્યા, કાગળોમાં ચીની લિપિના અક્ષરો ચીતરવા લાગ્યા.

અને વળી કેટલાક ઓળખીતાઓ એમને મળવા આવ્યા ત્યારે એમનાં પત્નીએ કહ્યું : 'જુઓને, એ હવે ચીની ભાષા શીખી રહ્યા છે. આવું ચાલે છે, સમજ્યા ને!' એ લોકો ગયા. ફરી મળવા આવ્યા નહીં.

આ ભાઈને ચીની ભાષા શીખતાં મહિનાઓ લાગ્યા. પણ છેવટે એમણે એ ભાષા શીખી લીધી. પછી કહે.

'પણ હજું તો હું બીજું ઘણું જાણતો. મારે એ બધું જાણી લેવું જોઈએ. એ પછી જ હું કહી શકીશ કે મારે એ બધું હવે બિલકુલ જાણવું નથી.'

મારે જાણવું પડશે કે વાઈનનો સ્વાદ શેના જેવો છે. મારે જાણવું જોઈએ કે સારા વાઈનનો સ્વાદ શેના જેવો હોય છે ને ખરાબ વાઈનનો સ્વાદ શેના જેવો હોય છે.

અને હું બટાટાં ખાઉં છું તો મારે એ પણ જાણવું જોઈએ કે બટાટાં કેવી રીતે ઉગાડવામાં આવે છે.

અને મારે એ પણ જાણવું જોઈએ કે ચંદ્ર કેવો લાગે છે, કેમ કે હું ચંદ્રને જોઉં છું ત્યારે માત્ર 'જોઉં' છું, એ કેવો લાગે છે એ 'જાણવાથી' તો દૂર હોઉં છું એટલે મારે એ નજીકથી જાણવું પડશે.

અને મારે સર્વ પ્રાણીઓનાં નામ જાણવાં જોઈએ ને એ કેવાં દેખાય છે તે જાણવું જોઈએ ને તે શું કરે છે, ક્યાં રહે છે તે પણ જાણવું જોઈએ.

એટલે પછી આ મહાશય વળી કેટલીક ચોપડીઓ લઈ આવ્યા - સસલાં વિશેની ને મરઘાં વિશેની. વળી જંગલનાં પ્રાણીઓ વિશેની ચોપડીઓ લઈ આવ્યા ને જીવજંતુઓ વિશેની એક ચોપડી પણ લઈ આવ્યા.

વળી એક ચોપડી એમણે ખરીદી તે સફેદ ગેંડા વિશેની હતી.

પછી એ પ્રાણીબાગમાં ગયા. ત્યાં એમણે એવો સફેદ ગેંડો શોધી કાઢ્યો. એક મોટા લાંબા-પહોળા પાંજરાની વચ્ચે એને રાખ્યો હતો. એ હાલ્યા-ચાલ્યા વિના બસ ઊભો હતો.

અને આ ભાઈએ ઝીણવટથી નિરીક્ષણ કર્યું કે ગેંડો શું વિચારે છે ને શું જાણવા સમજવા મથે છે.

અને એમણે જોયું કે એ સફેદ ગેંડાના મગજમાં શું આવ્યું તે એ મસ્તીથી દોડવા લાગ્યો. એ લાંબી-પહોળી જગામાં એણે બે-ત્રણ ચક્કર માર્યા. ને વળી પાછું શું થયું કે એ ચક્કર મારવાનું જાણે ભૂલી ગયો ને ઊભો જ રહી ગયો - એક કલાક...બે કલાક...અને પાછું શું થયું એના મગજમાં કે એ ફરી દોડવા લાગ્યો.

આમ એકદમ ઝડપથી દોડવા લાગે ને વળી પાછો ઊભો જ રહી જાય-જાણે કશું થયું જ નથી.

'મારે આ ગેંડા જેવા બનવાનું હતું' એમને થયું, 'પણ મને લાગે છે કે એ માટે ઘણું મોડું થઈ ગયું છે.'

પછી એ ઘરે ગયા અને એમના મનમાંના ગેંડા વિશે વિચાર કરવા લાગ્યા અને હવે એ એના સિવાયની કશી વાત જ કરતા ન હતા.

'મારો સફેદ ગેંડો' એમણે વિચાર્યું, 'એ બહુ ધીમે ધીમે વિચાર કરે છે ને પછી બહુ જલદી દોડવા લાગે છે. અને એમ જ થવું જોઈએ.'

અને આમ વિચારતાં વિચારતાં જ, પરિણામ એ આવ્યું કે, 'નથી જાણવું' ના સંદર્ભમાં, જે જે 'જાણવા' વિચારેલું એ બધું જ એ વીસરી ગયા!

અને એ પાછા પહેલાંની, એમની મૂળ સ્થિતિમાં આવી ગયા!

માત્ર એટલું જ કે એ હવે ચીની ભાષા જાણતા હતા.

***'The Man Who Didn't Want To Know Any More'નો અનુવાદ***

***(સૌજન્ય : 'પરબ')***

*શંકા કાયમ ડૂબાડે છે, વિશ્વાસ હંમેશાં બચાવે છે.*

સંગીત

# સંગીતક્ષેત્રે આપણે શું સાંભળીશું?

● મયૂર ચંદ્રકાંત દેઢિયા ●

હમણાં ભાણેજ કુશ સાથે અમે ગાડીમાં ક્યાંક જઈ રહ્યા હતાં. ત્યારે ગાડીની Music System ચાલુ કરી. તેમાં ઉસ્તાદ રસીદખાન રાગ ચારૂકેશીની એક રસના પ્રસ્તૃત કરતા હતા. મેં વિચાર્યું કે કુશ બોર થઈ જશે. એટલે મેં કહ્યું તારે બદલાવવું હોય તો કંઈક બીજુ લગાડી શકે છે. પણ મારા આશ્ચર્ય વચ્ચે તેણે કહ્યું કે, 'ના મામા, આ પણ મને ગમે છે. અને અમે બન્ને જણાએ આખા રસ્તે તે માણ્યું.'

આપણા બધાનો આ અનુભવ હોય કે જ્યારે આખા પરિવાર સાથે ક્યાંક જઈએ તો સંગીત શું સાંભળવું? જ્યાં છોકરાઓનું વર્ચસ્વ હોય ત્યાં વડીલો અનિચ્છાએ પણ તેમનું સંગીત સાંભળે અને ક્યારેક વડીલોને માન આપી યુવાનો તેમનું સંગીત સાંભળે.

સંગીત માટે કેટલીક વ્યાપક ગેરસમજો છે. જેના કારણે આપણે આપણા સંતાનો સાથે એક રિશ્તો નથી બનાવી શકતા એવું મને લાગે છે. આ લેખ લખવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ એ છે કે આપણે જેને જનરેશન ગેપ કહીએ છીએ તે જનરેશન ગેપ આપણે સંગીત દ્વારા ઓછો કરી શકીએ છીએ. આ મારો પોતાનો અનુભવ છે. તમે ગમે તે ઉંમરના હો, પણ અગર તમે તમારાંથી અડધી છે તેથી પણ ઓછી ઉંમરના તમારા પુત્રો, ભાણેજ, ભત્રીજા કે પૌત્ર સાથે સંગીત માણવાનું ચાલુ કરશો તો તમે તેમની સાથે વાર્તાલાપનો એક સેતુ બનાવી શકશો.

મારા મત પ્રમાણે દરેક યુગનું એક સંગીત હોય છે અને તે સમય પ્રમાણે બદલાતું રહે છે. તેથી એક સૌથી મોટી ગેરસમજ જે લગભગ બધા વડિલોમાં હોય છે, તે એ છે કે આજનું સંગીત બેકાર છે, ઘોંઘાટિયું છે. આજના સંગીતમાં કોઈ કસ નથી. મારી ઉંમરના તેમજ મારાથી મોટી ઉંમરના બધા જ લોકોને મારી વિનંતી છે કે કશાય પૂર્વગ્રહ વગર સંગીત સાંભળો. હું જ્યારે સંગીત સાંભળતો થયો, ત્યારે એટલે કે ૧૯૭૦માં જ્યારે આર.ડી. બર્મન, લક્ષ્મીકાંત પ્યારેલાલ, શંકર જયકિશનનો સિતારો હતો, ત્યારે મારા વડીલો કે.સાયગલ અને પંકજ મલિકને સાંભળતા. ત્યારે મને પણ થતું કે આ શું બોરિંગ સાંભળવાનું! પણ હવે ખબર પડે છે કે તે એક યુગ હતો, જે આથમી ચૂક્યો હતો. હું એમ કહેવા નથી માગતો કે તે ખરાબ હતું. પણ તે મારા સમય માટે નહોતું.

સંગીત એક સમય સાથે તે કાળ, તે પરિસ્થિતિ, તે રીતિરિવાજો અને ત્યારની સામાજિક વ્યવસ્થા પ્રમાણે બને છે. તેમાંનું કેટલુંક સંગીત દરિયા કિનારાના એ ખડક જેવું હોય છે કે જેને સમયનાં મોજાં તોડી નથી શકતાં.

એટલે જે લોકો એવું માને છે કે અમારા વખતનું સંગીત ખૂબજ સારું હતું તેઓ તેમની કૂપમંડૂકતામાંથી બહાર આવે. જો બરાબરી કરવાની હોય તો મારા હિસાબે આપણા મહાન સંગીતકારો પાસે તેમની રચનાઓ ગાઈ શકે તેના માટેના વિકલ્પો આજ જેટલા નથી. જૂના સંગીતકારો પાસે પુરુષ અવાજમાં મોહંમદ રફી, કિશોરકુમાર, મુકેશ અથવા મન્નાડેથી વધુ વિકલ્પો ન હતા. અને તેમાં પણ મન્નાડે અને મોહંમદ રફી સિવાય શાસ્ત્રીય સંગીત જાણકાર કેટલા? મારો આશય કિશોરકુમાર કે મુકેશને ઉતારી પાડવાનો નથી. પણ જે હકીકત છે, તે તો રહેવાની જ. તેની સામે આજે કેટલા વિકલ્પો અને બધાના અવાજની રેન્જ અલગ. આજે આપણી પાસે સોનુ નિગમ, અરિજિત સિંહ, સુખવિન્દર સિંઘ, કૈલાશ ખેર, શાન, શંકર, માસ્ટર સલીમ, શક્તિ, અમાનત અલી, કે.કે., રાહત ફતેહ અલીખાન વગેરે કેટલાય સંગીતના સંપૂર્ણ રીયાઝી જાણકાર અને ખાં ગાયકો છે. મહિલા વર્ગમાં તે સમયમાં લતા મંગેશકર અને આશા ભોંસલે બાદ લગભગ પૂર્ણવિરામ હતું. કેટલાક એવા વીરલા સંગીતકારો પણ હતા જેમકે ઓ.પી. નૈય્યર કે જેમણે લતા મંગેશકર જેવો ગાયીકાને છોડીને પણ અમર સંગીત આપ્યું. પણ આજે સંગીતકારો માટે કેટલા બધા વિકલ્પો છે. શ્રેયા ઘોષાલ, સુનિધી ચૌહાણ, આપણા ગુજરાતની ઐશ્વર્યા મજમુદાર, અલકા યાજ્ઞીક; સૂફી ગાયકીમાં આવીદા પરવીન, કવિતા શેઠ, સોનુ કક્કર, રેખા ભારદ્વાજ અને બીજી કેટલીક ગાયિકાઓ જેમણે અલગ અલગ રેન્જમાં ગાયું છે.

ક્યારેક ટાઈમ મળે તો મારી આ બધાને વિનંતી છે કે તમારા છોકરા પાસેથી અમુક ગીત સાંભળવા માંગો. જેમ કે કૈલાશ ખેરનું Coke Stodioનું 'ચોક પુરાવો મંગલ ગાઓ...' સોનુ નિગમનું અગ્નિપથનું 'અભી મુજ મેં કહીં....' માસ્ટર સલીમનું 'સજતી હો સજતી...'

અને હમણા આસામના યુવા ગાયક પેપોનનું રાગ યમન અને રાગ યુરિયા ધનાશ્રી પર આધારિત "મોહ મોહ મેં ધાગે..." વગેરે ગીતો સાંભળો. મારો દાવો છે કે આવાં ગીતો સાંભળ્યા બાદ આપનો નવા જમાનાના સંગીત પ્રત્યેનો પૂર્વગ્રહ દૂર થશે.

એક પ્રયોગ આપ બધા કરી શકો છો. કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર તમારા પુત્ર કે પૌત્રનું સંગીત સાંભળો. તમારો અભિપ્રાય ન આપો. ત્યારબાદ જ્યારે તેમને એ ખબર પડશે કે તમે તેમને ગમતું સંગીત સાંભળવામાં રસ લો છો, તો તેઓ તમારી સાથે સંગીતની ચર્ચા કરશે. ત્યારે તમે તેમને તમારો અભિપ્રાય પણ આપો. સાથે સાથે વીતેલાં વર્ષનું જે અમર સંગીત છે તે તેમને

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

*અતિશય દુઃખ અને અતિશય ખુશી બંને હાનિકર્તા છે છતાં ખુશી માટે જ સહુ દોડે છે.*

વ્યક્તિ વિશેષ

# સુલભ ઈન્ટરનેશનલના સંસ્થાપક : બિંદેશ્વર પાઠક

• રશ્મિ બંસલ •

બિહારના વૈશાલી જિલ્લાના રામપુર બાઘેલ નામના નાનકડા ગામના અતિ રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં મારો જન્મ. જો કે આજે તો હું આ નાત-જાતની વાડાબંધીમાં માનતો જ નથી. મારા દાદા જોશી હતા અને પિતાજી આયુર્વેદિક ડૉક્ટર. કુટુંબનો મોભો ઘણો. ખાધેપીધે સુખી અને પ્રતિષ્ઠિત.

ઘરમાં નવ તો ઓરડા હતા. એક રૂમમાં ચોવીસ કલાક દીવો બળે. સેવા-પૂજા ચાલે. વચ્ચે મોટો ચોક હતો. ઘરના કૂવાનું જ પાણી રસોઈમાં વાપરી શકાય. મારાં દાદી તો પાક્કાં મરજાદી! ઘરમાં એક ઓરડામાં ઘંટી હતી તે જ લોટની કણેક ઘરના કૂવાના પાણીએ બંધાય તો જ રોટલી ખાવાલાયક ગણાય. બધી સગવડ હતી, પણ બાથરૂમ-સંડાસની સગવડ ન હતી.

સવારમાં ચાર વાગ્યામાં તો ઘરમાં ધમાલ થઈ જાય. પુરુષવર્ગ ઊઠે એ પહેલાં અંધારામાં જ શૌચક્રિયા પતાવવાની બૈરાઓમાં હોડ લાગે! હું તો સાવ નાનો... પણ ઊંઘમાંય મને એ ધમાચકડીના અવાજો સંભળાતા. ડબલાં ભરાય, ડોલો ઊંચકાય ને ઠલવાય...અરે, ઘરમાં જો કોઈ સ્ત્રી માંદી હોય, ને બહાર ન જઈ શકે તો તેને માટીનું એક વાસણ આપવામાં આવતું. વાસણની અંદર ચારેય તરફ રખિયા (રાખ) ચોપડવામાં આવતી. એમાં એણે મળ-મૂત્ર વિસર્જન કરવાં પડતાં! બૈરાંઓની તો કાંઈ હાલત થતી! યાદ કરું છું, ને મને આપણી સમાજ વ્યવસ્થા પર ઘૃણા આવે છે! કેટલીય સ્ત્રીઓ કુદરતી હાજતે જતી જ નહીં, દિવસો સુધી વૃત્તિઓ દબાવી રાખવાથી અનેકને માથાના દુખાવાની બીમારી ઘર કરી જતી. વળી, ઘરથી દૂર અંધારામાં 'દિશાએ જવાનું' હોવાથી સાપ-વીંછી જેવાં ઝેરી જનાવરો કરડવાથી યુવાન સ્ત્રીઓનાં મરણ થતાં. એકાંતનો અને અંધારાનો લાભ લઈને સ્ત્રીઓ પર શારીરિક અત્યાચારો પણ થતા.

હું ચારેય શાળાઓમાં ભણ્યો છું. એકેયમાં બાથરૂમની સગવડ ન હતી. જોકે એકેયમાં છોકરીઓ ભણવાય આવતી ન હતી! અમારા ગામના જમીનદારને ઘેર મેં પહેલવહેલું પાકું સંડાસ જોયું. જો કે એમાં એવી માથું ફાટી કાઢે તેવી દુર્ગંધ આવતી કે અમે એ રસ્તે જવાનું જ બંધ કરી દીધું. જવું પડે તો નાકે રૂમાલ દાબી દઈએ! એ સંડાસ સાફ કરનાર એક અસ્પૃશ્ય બાઈ હતી. જે ગામના છેવાડે રહેતી. એક દિવસ હું એ કુટુંબના એક બાળકને અડી ગયો, ને ઘરમાં જાણે વીજળી ત્રાટકી!

દાદી છાણ, ગૌમૂત્ર, ગંગાજળ અને રેતી લઈને હાજર થઈ ગયાં. મને ચારેક જણે ઝાલ્યો અને ઊંધો કરીને મારા મોંમાં છાણ, ગૌમૂત્ર, ગંગાજળ વગેરે ઠાંસવામાં આવ્યું. મારી મા તો કાંઈ રડે ...રડે! પણ દાદીએ નક્કી કર્યું હતું કે હરિજનને અડીને અભડાઈ ગયા પછી શુદ્ધીકરણ માટે આટલી વિધિ અનિવાર્ય છે. એમણે એક જ રટણ ચાલુ રાખ્યું. 'આ બધું નહીં કરીએ તો આ છોકરો ઘરમાં રહી જ નહીં શકે!'

વાચકોને કદાચ વિચાર આવતો હશે કે, ભૂતકાળમાં આવું બધું હશે, પણ આજેય ભારતમાં આ શક્ય છે? તો મિત્રો, તમારી જાણ ખાતર, "બાલિકાવધૂ" ફક્ત સિરિયલ નથી, આજેય ભારતમાં લાખો દીકરીઓ ૧૧ થી ૧૮ વર્ષની વયમાં જ લગ્નવેદીએ હોમાઈ જાય છે અને હા, તમારા ઘરથી ૫૦ કિલોમીટરના અંતરે જ સ્ત્રીઓ આજેય ખુલ્લામાં જ હાજતે જાય છે! અને ગામડાંમાં તો શું, મારી સોસાયટીમાં આજેય કચરો ઉપાડવાળી બહેનને વધ્યું-ઘટ્યું ખાવાનું 'ઉપરથી' ફેંકીને અપાય છે. હાથ ન અડી જાય તેનું ધ્યાન રખાય છે.

હા, તો હવે વાત કરીએ બિંદેશ્વરની...આ અરસામાં તેમની કૌટુંબિક જમીનો વેચાઈ ગઈ. ઘરમાં નાણાંભીડ ઊભી થઈ. તેણે વિચાર્યું, કુટુંબનો મોભો પાછો લાવવા માટે હું શું કરી શકું? તેણે ભણવાનું નક્કી કર્યું. પટણાની બી. એન. કૉલેજમાં તેઓ પ્રથમ આવ્યા. અત્યારે જેમ ડોક્ટર, એન્જિનિયરના સિક્કા બોલાય છે તેવું એ જમાનામાં લેક્ચરરનું હતું. બી.એ (ઑનર્સ) પછી તેમણે 'ક્રિમિનોલોજી' માં માસ્ટર્સ કરવાનું વિચાર્યું. કારણ? 'આઈ.પી.એસ.' કે 'સી.આઈ.ડી.' માં નોકરી મળે તો પ્રતિષ્ઠા મળે. જોકે, ફાઈનલ પરીક્ષામાં તેમનો નંબર ચોથો આવ્યો. અરે ફર્સ્ટક્લાસ પણ ન આવ્યો તેથી પ્રોફેસર બનવાનું સપનું તો ભાંગી ગયું.'

૧૯૬૭ ના ડિસેમ્બરની આ વાત છે. મેં ફરીથી ક્રિમિનોલોજી ભણીને સમાજમાં માન વધે તેવી પ્રોફેસરની નોકરી મેળવવાના વિચારે મધ્યપ્રદેશની સાગર યુનિવર્સટીમાં અરજી મોકલી.

૧૯૬૮ ના જૂનમાં ટ્રેનમાં બેસીને હું સાગર જવા નીકળ્યો. રસ્તામાં હાજીપુર જંક્શને હું ચા પીવા ઊતર્યો. મારો પિત્રાઈ ભાઈ મને સ્ટેશને મળ્યો. મને કહે, 'ક્યાં ઊપડ્યો?' મેં મારી ટિકિટ બતાવી. એ હસવા લાગ્યો... 'અલ્યા, તેં તો લખનૌની ટિકિટ લીધી છે. સાગર તો દક્ષિણમાં છે, ને આ પૂર્વમાં...'

મેં ખરેખર સાવ ઊંધી જ દિશાની ટિકિટ લીધી હતી. ગુગલ મેપ્સ અને જી.પી.એસ. ના આ યુગના યુવાનોને મારી બાઘાઈ પર હસવું આવશે પણ મેં જીવનમાં મારા ગામથી પટણા સિવાયની કોઈ મુસાફરી કરી જ ન હતી! મારા પિત્રાઈ ભાઈ સાથે તેનો એક વકીલ મિત્ર પણ હતો. બંને જણ મંડ્યા... 'હવે અહીં જ ઊતરી જા. બહુ ભણી લીધું. ક્રિમિનોલોજીમાં એમ.એસ.સી. કરીને મહિને રૂ. ૪૫૦ ની પ્રોફેસરીથી વધુ સારી નોકરીની અમે તને ગેરંટી આપીએ છીએ.' પેલો વકીલ મિત્ર કહે, 'આવતે વર્ષે

*સમયને નષ્ટ ન કરો, બહુ જ કિંમતી છે.*

ગાંધીજીની જન્મ શતાબ્દી છે. 'બિહાર ગાંધી જન્મ શતાબ્દી સમિતિને માણસોની જરૂર જ છે. તને રૂ. ૬૦૦ ની નોકરી અપાવી દઈશ. તારો સમાન ઉતારી લે ને અમારી જોડે ચાલ.' ટ્રેનમાંથી એ બંનેએ રીતસર મારો સામાન સ્ટેશન પર ફેંકી જ દીધો. અરે, ક્યાંય સુધી મેં મારો બિસ્ત્રો પાછો ખેંચવાનો પ્રયત્ન કર્યો. પણ હું સાવ પાપડતોડ પહેલવાન, ૪૮ કિલોનો હતો. ક્યાં ગજ વાગે? બસ, આમ હુ પાછો પટણા પહોંચ્યો.

પટના, ૧૯૬૮! યુવાન બિંદેશ્વર સરયુ પ્રસાદને મળે છે. સરયુ 'ગાંધી શતાબ્દી સમિતિ' ના પ્રમુખ છે. ૧૯૫૨-૫૭ દરમિયાન હાજીપુરમાંથી ચૂંટણી જીતીને ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. પેલો વકીલમિત્ર એમની ચૂંટણીઓનો સંચાલક હતો. એ પ્રસાદને મળીને આ છોકરાની (બિંદેશ્વરની) સિફારીશ કરે છે. બધું બરોબર છે, પણ નોકરી છે જ નહીં તો ક્યાંથી એ છોકરાને આપું? પ્રસાદ છોકરાને બેસાડે, થોડીઘણી વાતો કરે, ટાંપું કરાવડાવે, ચા-નાસ્તો કરાવે ને પાછો કાઢે. જો કે પેલો વકીલે ય કાંઈ કાચી માટીનો નહોતો. રોજ સવારે મંદિર જતો હોય એમ આ છોકરાને લઈને પેલા ધીટ પ્રસાદને ઘરે લઈ જાય.

બિંદેશ્વરે અગાઉની યોજના પ્રમાણે સાગર યુનિવર્સિટીમાં જવાનું પણ વિચાર્યું. રજિસ્ટ્રારને ફોન કર્યો. તેમને ફાળવવામાં આવેલી સીટ હવે ભરાઈ ગઈ હતી. હવે શું? સૂડી વચ્ચે સોપારી જેવી હાલત! વહેલામોડા ય પ્રસાદના દિલમાં રામ જાગે એની રાહ જોવાની હતી! વચમાં તેમણે હિન્દીમાંથી અંગ્રેજીનું અનુવાદનું થોડું કામ પણ કરાવી લીધું. તદ્દન મફત! ઘેરથી ભણવા માટે લીધેલ રૂપિયા ય હવે તો પૂરા થવા આવ્યા. આખરે ચાર મહિના પછી પ્રસાદ નામનો પથ્થર પીગળ્યો. તેણે બિંદેશ્વરને મહિને રૂ. ૨૦૦ ના પગારે રાખ્યા.

'મેં 'ગાંધી સંદેશ પ્રચાર' નામની એક પેટા-કમિટીનાં કાર્યકર્તા તરીકે કામ ચાલુ કર્યું. 'ગાંધીજી કો સાદર પ્રણામ' નામનું અમારું એક પુસ્તક પણ પ્રકાશિત કર્યું. એ કમિટીના આંતરકલહ અને રાજકારણનો હું ભોગ બન્યો અને મારી રાતોરાત 'અસ્પૃશ્યતા નિવારણ સમિતિ' માં બદલી કરી નાખવામાં આવી. આ સમિતિ ખુદ જ એક સજા ગણાતી.'

જો કે મારી સાચી જીવનયાત્રા એ દિવસથી જ તો શરૂ થઈ!

મને ઉપરીઓ તરફથી કહેણ આવ્યું, 'ગાંધીજી કા એક સપના થા, તુમ ઉસકો પૂરા કરો.' (હરિજન ઉધ્ધારનું)

નાનપણમાં હરિજનને અડી ગયા પછી દાદીમા તરફથી મારે જે શારીરિક અને માનસિક અત્યાચારનો સામનો કરવો પડ્યો હતો તે યાદો ફરી તાજી થઈ. આ લોકો સાથે હું કામ શી રીતે કરીશ? વળી, હું તો એન્જિનિયર પણ નહોતો. તો હું તેમના પ્રોબ્લેમ દૂર કેવી રીતે કરીશ?

એ જમાનામાં બિહારમાં હરિજનો રોજ ઘેરઘેર ડબ્બા લઈને આવતા અને મળ ઉઠાવી જતા. ઘરમાં ખાડો હોય, તેના પર પગથિયાં હોય, એ ખાડામાં જે ડબ્બો હોય, તેમાં બધા મળવિસર્જન કરે અને નિશ્ચિત સમયે ગામમાંથી મેલું ઊંચકનાર (અસ્પૃશ્ય લોકો) આવીને એ ખાડો તથા ડબ્બો સાફ કરી જાય.

આ સમસ્યા તો હતી જ પરંતુ આવી તો આવી, એક વ્યવસ્થા તો હતી! મારે એનો ઉકેલ લાવવો હતો પરંતુ સમસ્યાની ગંભીરતા સમજ્યા વગર છૂટકો ન હતો. હું બેતિયા નામના વિસ્તારની હરિજન કોલોનીમાં રહેવા જતો રહ્યો. ત્યાં મને ભોલા રાઉતની ઓળખાણ થઈ. એ આ વિસ્તારમાંથી ચૂંટાઈને વિધાનસભ્ય થઈ ગયો હતો.

મને જોઈને ઊભો થઈ ગયો... 'સાહેબ, આઘા રો! તમારી તો ફિરકી ફરી ગઈ લાગે છે! તમે રહ્યા બામણ! અમારી ભેળા રહેવાની વાતથી ય પાપ લાગ હે!'

એની વાત જરાય ખોટી ન હતી. મારા બાપુજીને ભારે આઘાત લાગ્યો. મારા સસરાને માથે તો જાણે પહાડ તૂટી પડ્યો. આજે એ બધી વાતો યાદ કરવાનો કોઈ ફાયદો નથી પણ મેં ઘણાં અપમાનો અને તિરસ્કારનો સામનો કર્યો છે. હું ત્રણ મહિના સુધી એ કોલોનીમાં જ રહ્યો અને એ દરમિયાન બનેલી એ ઘટનાઓએ મારા મન પર કાયમી અસર છોડી.

હું એ કોલોનીમાં રહેવા ગયો ત્યારે જ એક નવોઢા પરણીને હરિજન કોલોનીમાં આવી હતી. લગ્નના પ્રથમ દિવસે જ સાસુ, સસરા તથા પતિ તરફથી લોકોનું 'મેલું ઊંચકવા' જવા માટે તેની પર દબાણ કરવામાં આવ્યું. છોકરી તો કાંઈ રડે! મારી આંખમાં ય પાણી આવી ગયાં! જો કે એના સાસરિયાં માન્યાં જ નહીં અને તેણે કૌટુંબિક ધંધાની માગણીને વશ થવું જ પડ્યું.

બીજો પ્રસંગ યાદ કરું છું ત્યારે તો મને મારી જાત પર ધૃણા ઊપજે છે. એ બનાવના દસેક દિવસ પછી બજારમાં એક માતેલા સાંઢે બારેક વર્ષના એક છોકરાને શિંગડે ચઢાવ્યો. બજારમાં ઊભેલા ઘણા લોકો તે છોકરાને બચાવવા દોડ્યા ય ખરા...એવામાં કોક બોલ્યું, 'અલ્યાઓ, દૂર રો,' ભંગીયો છે.' એકાએક ઘાસલેટ પડે ને કીડીઓનું કટક વિખેરાઈ જાય, તેમ બધા દૂર ભાગી ગયા. હું ને મારો એક મિત્ર જ બાકી રહ્યા. અમે રસ્તા પર પડેલી ઇંટો અને પથરા મારીને સાંઢની પક્કડમાંથી છોકરાને છોડાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ તેને પુષ્કળ ઇજા થઈ હતી. માંડ-માંડ અમે તેને હોસ્પિટલ સુધી પહોંચાડ્યો, પરંતુ તે રસ્તામાં જ મરી ગયો.

બસ, આ બનાવો બાદ મેં નક્કી કર્યું, કે દુનિયા કી ઐસી કી તૈસી! મૈં કિસીકી સુનનેવાલા નહીં હું! ગાંધી બાપુનું આ સ્વપ્ન મારે સાર્થક કરવું જ છે. એ વખતે સસરાએ માથું ઊંચક્યું. 'જુઓ જમાઈજી, અમને તમારી ફિકર નથી. અમને તો અમારી દીકરીની ચિંતા છે. અમે તો તમને પટણા યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ માનીને પસંદ કર્યા હતા. અમને શી ખબર કે તમે આવા ઝંડા ફરકાવશો?'

મેં એમને સ્પષ્ટ કહી દીધું, 'હવે હું પાછી પાની કરવાનો નથી. તમને મારા કામની શરમ આવતી હોય તો હું સફળ થાઉં, ત્યાં સુધી તમારી દીકરીને તમારે ઘેર રાખો. મને સફળતા મળશે એટલે તો સ્વાભાવિક છે કે તે જ દોડતી આવશે.'

*(ક્રમશઃ)*

*પોતાની ઉપર વિશ્વાસ રાખો, તમે ઘણું બધું કરી શકો છો.*

## અંજલી — મૂઠી ઊંચેરા પ્રબુદ્ધ સમાજવાદી નેતાની ચિર વિદાય

પૂરાં નેવું વર્ષનું સાર્થક આયુષ્ય પસાર કરી ગુજરાતના પ્રબુદ્ધ સમાજવાદી નેતા સનત મહેતાએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. માધવસિંહ સોલંકીના મંત્રીમંડળના નાણામંત્રી તરીકે અને ઇંદિરા ગાંધીના જમાનાના પ્રખર આંકડાશાસ્ત્રી - અર્થશાસ્ત્રી કોંગ્રેસી કાર્યકર તરીકે અદ્વિતીય પ્રતિભાનાં દર્શન કરાવનારા સનત મહેતા હાડોહાડ સમાજવાદી વિચારધારાને વરેલા હતા. એમના હૈયે છેવાડાના માનવીનું હિત વસેલું હતું. વડોદરામાં સમાજવાદી પાર્ટીના પ્રતીક ઝૂંપડી સાથે વડોદરા નરેશ વિરુદ્ધ અને તે પછી કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજકારણમાં દાયકાઓ સુધી સક્રિય રહેલા સનત મહેતા એમની વિશિષ્ટ મેધાવી પ્રતિભાને લીધે મૂઠી ઊંચેરા જનપ્રતિનિધિ તરીકેની ઇમેજ ઊભી કરી શક્યા હતા. સુરેન્દ્રનગર સંસદીય વિસ્તારમાંથી તેઓ એકવાર લોકસભામાં પણ ચૂંટાયા હતા.

એમના નિવૃત્તિકાળમાં સનત મહેતાએ 'દિવ્ય ભાસ્કર'માં કરેલ કટાર લેખનની પણ નોંધ લેવી જોઈએ. છેક મૃત્યુના આગલા દિવસે લખાયેલ એમનો છેલ્લો લેખ એમના અવસાન પછી તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૧૫ના દિવ્ય ભાસ્કરમાં પ્રકાશિત થયો તે એમની નિષ્ઠા દર્શાવે છે. અંતિમ શ્વાસ પર્યંત છેવાડાના માનવીની ચિંતા સેવનારા સનત મહેતાએ મહાગુજરાત આંદોલનના પ્રણેતા સ્વ. ઇંદુચાચાની આત્મકથાનું પુનઃ પ્રકાશન કરીને એક કરવા જેવું કામ કર્યું હતું.

ગુજરાતના આ પનોતા પુત્રે સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ તરીકે બજાવેલી કામગીરીનું પણ ઐતિહાસિક મૂલ્ય રહેશે.

***સ્વ. સનત મહેતાને 'મંગલ મંદિર' હાર્દિક હૃદયાંજલી પાઠવે છે.***

## અહંકારની અવદશા!

એક ઉદ્યોગપતિ હતા. તેઓ ઘણા દયાળુ, બુદ્ધિશાળી અને ધાર્મિક. થોડાં વર્ષો પહેલાં તેમને ત્યાં બધી રીતે નિષ્ફળ થયેલ એક યુવાન આવ્યો. નિરાશ થયેલા યુવાને પોતાની વેદના-વ્યથા એ સંસ્કારી યુવાન ઉદ્યોગપતિને કહી. દયાળુ, પરગજુ ઉદ્યોગપતિએ તેને નોકરીમાં રાખી લીધો. કેટલાંક વર્ષો પછી એ યુવાનને પોતાનો અંગત સચિવ પણ બનાવી દીધો! યુવાનને ઉદ્યોગપતિનાં અંગત સચિવ તરીકે બહુ જ માનપાન મળવા લાગ્યાં, પરંતુ તે પચાવી શક્યો નહિ. જતે દિવસે યુવાનમાં અહંકારે પ્રવેશ કર્યો. હવે તે પોતાને જ ઉદ્યોગપતિની સમકક્ષ સમજવા લાગ્યો. શેઠને ગેરમાર્ગ પર દોરતો હતો. લાખો-કરોડોના વેપારમાં તે કમિશન કાઢવા લાગ્યો.

બહુ મોડા મોડા શેઠને એની જાણ થઈ. પરંતુ શેઠ ભારે ઉદાર, માયાળુ. તેથી કશું જ પગલું લીધું નહિ. હવે પેલાએ પોતાના શેઠની જેમ ઠાઠમાઠથી રહેવાનું શરૂ કર્યું અને બહુ મોટું મકાન બનાવ્યું. મહેલ જેવું મકાન. મકાનના ઉદ્‌ઘાટન (વાસ્તુ) પ્રસંગે શેઠને બોલાવ્યા.

શેઠ તેના બંગલે ગયા. બધું જોયું-નિરીક્ષણ કર્યું. શેઠને અતિ આશ્ચર્ય થયું! વિશાળ બંગલો. રાચરચીલું ભવ્ય. ઘરના કોટાસ્ટોન-આરસપહાણ જોઈ શેઠે કહ્યું : 'વાહ ભાઈ વાહ! મારા બંગલા કરતાં પણ તારો બંગલો સારો છે!'

'એમ ને એમ થોડો થયો છે? મહેનત કરીએ છીએ!' પેલા યુવાને કહ્યું - અને શેઠનો પિત્તો ગયો. તેની પોલંપોલ અને કમિશન ખાવાની ટેવ જાણતા હતા શેઠ. બીજે જ દિવસે શેઠે વર્ષો સુધીનો બંધાયેલ સંબંધ તોડી નાખ્યો. નોકરીમાંથી છૂટો કર્યો. ત્યાર પછીની એ યુવાનની દશા દિનપ્રતિદિન અવદશામાં પલટાવા લાગી... અહંકારની અવદશામાં હવે તે ધકેલાઈ રહ્યો છે.

**બોધ વાક્યો :**

★ અહંકારીની અવદશા થાય છે.

★ પડતીનું મૂળ કારણ અહંકાર છે.

★ મહેનતનો પૈસો જ ટકે છે.

★ વાણીમાં મધુરતા હોવી જોઈએ.

★ નમ્રતા જ માનવીને મહાન બનાવે છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*વર્તમાનને આનંદથી જીવો અને ભવિષ્યમાં આવનાર દુઃખથી બચો.*

વાર્તા

# રફીક અને રુખ્સાના

• કેશુભાઈ દેસાઈ •

રફીક મદરસાથી આવ્યો ત્યારે એનો ચહેરો લાલઘૂમ હતો. બાર વરસમાં પહેલી જ વાર એ આવો ઢીલો લાગ્યો. વાડાનો દરવાજો ખોલી ઓસરી સુધી પહોંચતાં પહોચતાં તો એ હાંફી ગયો. લથડિયાં ખાવા માંડ્યો. એથી એની અમ્મીજાન ફાતેમાના સીનામાં છરો ફરી ગયો. એ દોડીને પગથિયાં પર બેસી પડેલા દીકરા પાસે પહોંચી ગઈ. હાય અલ્લા, મારા બચ્ચાને શું થઈ ગયું? સવારે તો ખુશખુશાલ લાગતો હતો. ઈદની ખુશાલીમાં એના અબ્બાજાને નવો નક્કોર ડ્રેસ લઈ આપ્યો છે એ પહેરીને તો ગયો' તો! કોઈની મનહૂસ નજર તો નહીં લાગી ગઈ હોય? ફાતેમાની છાતી ધમણ બની ગઈ. એકી સાથે એને હજાર જાતના ખરાખોટા વિચાર આવી ગયા. 'કોઈએ મેલી વિદ્યાની અજમાયેશ તો નહીં કરી હોય મારા ચાંદના ટુકડા પર?'

એણે પગથિયા પર બેસી પડેલા એકના એક દીકરાને બાથમાં ઘાલી દઈ વહાલ વરસાવવા માંડ્યું : રફીક બેટા, મારા જીવ, તને શું થઈ ગયું છે? તને તાવ આવ્યો છે બેટા? અરે, તારું શરીર તો તવાની માફક ધખી રહ્યું છે...

રફીકની આંખોમાં આંસુ આવી ગયાં. 'મારાથી ચાલી જ નથી શકાતું અમ્મી! મદરસાથી આટલે આવતાં આવતાં ચાર વખત બેસવું પડ્યું. બુખાર બી લાગે છે. મોઢું સુકાય છે. આંખ આગળ લાલપીળાં કૂંડાળાં દેખાય છે. આખું શરીર કળે છે જાણે કોઈએ ઢોર માર ના માર્યો હોય-એમ.' એટલું બોલતાં બોલતાં એ હાંફી ગયો. એને આખી ધરતી ચક્કર ચક્કર ફરતી લાગી. ફાતેમા ડરી ગઈ. છોકરો જતો રહેશે કે શું? ઈદની રજા ભોગવીને એના અબ્બા પણ સિટીમાં નોકરી પર ચાલ્યા ગયા. આજે તો ઓછામાં પૂરો મોબાઈલ પણ ઘેર ભૂલી ગયા છે.

'—અરે, તું તો...' દોડીને એ પાણીનો પ્યાલો લઈ આવી. એના ચહેરા પર પાણી છાંટ્યું. માથું ખોળામાં લઈ બેહોશીમાં સરી રહેલા જિગરના ટુકડાના હોઠ ભીના કર્યા. પણ એની ઊલટાની વધુને વધુ ખરાબ હાલત થતી જોઈ એટલે એનાથી બૂમ પડાઈ ગઈ : અજી, કોઈ આવો તો! આ મારો રફીક એકાએક બીમાર પડી ગયો છે. કોઈ દાક્તર ને ફોન કરી દો ને! એના અબ્બા તો મોબાઈલ ભૂલીને ગયા છે...

પાડોશી રસૂલમિયાને એણે નામ દઈને ન બોલાવ્યા. એનું ચાલે તો એ શયતાનનું મોઢું જોવાનું પસંદ ન કરે. પણ થાય શું? ઘરમાં મરદ માણસ હતું નહીં; અબ્દુલ એનો મોબાઈલ પણ ઉતાવળમાં ઘેર ભૂલીને ગયો છે. રસૂલમિયાંની નજરમાં ખોટ હતી એનો અંદાજ તો ફાતેમાને નિકાહ કરીને આવી તે દિવસે જ આવી ગયેલો. વારે ઘડીએ કોઈને કોઈ બહાનું કાઢી ઘરમાં ઘૂસી આવતો. એની બીબી બિચારી અલ્લાની ગાવડી એટલે આ માતેલો સાંઢ શાનો કાબૂમાં રહે? આડોશ પાડોશમાં ડાફોળિયાં મારતો ફરતો. ફાતેમાની કૂખ લીલી થઈ ત્યારેય બલકે તે પછી યે એનાં હવાતિયાં ચાલુ જ રહ્યાં. એની બદમાશી દિન-બ-દિન વધતી જ ગઈ એટલે સહન ન થયું ત્યારે એના મોઢા પર જ સંભળાવી દીધું હતું : 'જુઓ રસૂલમિયાં, હું ઓરતજાત છું. હવે તો મારે ખોળે અલ્લાની દુઆથી આ છોકરો રમે છે. તમને આવી હરકતો કરતાં શરમ આવવી જોઈએ. કુટુંબી છો એટલે મોઢું ખોલતી નથી. ઈજ્જતનો સવાલ છે. અત્યાર સુધી તો મૂંગી રહી છું, પણ બળજબરીથી મોઢું ખોલાવશો તો ફજેતી થશે.

રસૂલમિયાંથી એ અપમાન જીરવાયું નહોતું. એ આવતો બંધ થઈ ગયો હતો. ઈદ જેવા સપરમા દિવસે પણ ફાતેમાના ઘર ભણી ફરકતો ન હતો. ત્યાં સુધી કે એનાં છોકરાંને રફીક જોડે રમવા પણ ન દેતો. ગઈ કાલે રફીકના અબ્બાએ સામેથી એને બિરયાની મોકલી આપી હતી. ફાતેમાએ મોં મચકોડ્યું તો કહે છે : પાડોશી પહેલો સગો કહેવાય. એની સાથે કદી વહેરો આંતરો ના રખાય. જા, જઈને આપી આવ! આખું વરસ અવળું તાકીને ચાલ્યો છે, આજે ઇદના દિવસે તો દુશ્મનનેય ગળે લગાડવાની હિદાયત છે, આ તો જેવો હશે એવો આપણો કુટુંબી છે...

અને એ ચૂપાચૂપ થાળી ભરીને સકીનાબીબીને આપી આવી હતી. ત્યારે બેઠકખંડમાં બેઠેલા રસૂલમિયાં અમળાઈને બેડ રૂમ ભણી ખસી ગયા હતા. એવી તો ખીજ ચડેલી ફાતેમાને! આખી ને આખી બિરયાની ભરેલી થાળી એ મનહૂસના માથામાં પછાડવાનું મન થઈ આવેલું. કોઈની ઇદ બગડે તે સારું નહીં એમ વિચારી ગમ ખાઈ ગઈ હતી. આમેય છેક સવારથી જ ગમગીન તો હતી. બકરી ઈદ હતી એટલે કુરબાની તો કર્યે જ છૂટકો. ઈજ્જતનો સવાલ હતો. ખૂબ આજીજી કરતી રહી, રફીકના સોગન ઘાલ્યા છતાં એના અબ્બા માન્યા નહોતા. ફાતેમાએ કહ્યું હતું. : તમારે મન એ બકરી હશે પણ મારે મન તો પેટની જણી છોકરી જ છે. બિચારી અડધી રાતે દોહવા બેસું તોય ના નથી પાડતી. એના આંચળમાં અખેપાતર છે. કુરબાની વગર ના જ ચાલે એમ હોય તો મંડીમાંથી લઈ આવો પણ મારી રુખસાનાને ના મારો તો અલ્લા રાજી રહેશે. એ કાકલૂદી કરતી રહી પણ રફીકના અબ્બા માન્યા નહોતા. 'તને ઓરતજાતને ધરમની વાતમાં ખબર ના પડે.' અબ્દુલમિયાં છરો ઘસતાં ઘસતાં બોલ્યા હતા : 'ઘરડેરા કાંઈ ગાંડા થોડા હતા? જેને પોસાય એવું હોય એ તો માથાદીઠ કુરબાની આપતા હોય છે, તને ક્યાં ખબર છે? પેલા ભુરાવાલા શેઠ બબ્બે લાખ ખરચીને પાંચ બકરા લઈ આવ્યા છે.'

*સુખી તે નથી જેની પાસે અધિક ધન હોય, સુખી તો તે છે જેની જરૂરિયાત સીમિત હોય.*

ફાતેમાએ કહ્યું હતું, 'તે તમેય લઈ આવો ને! હું ક્યાં આડો હાથ કરવા આવવાની છું? પણ આ તો ઘરના માણસ જેવી થઈ ગઈ છે. ગયે વર્ષે તમને ટાઈફોઈડ થયો'તો ત્યારે એના દૂધ ઉપર તો રહ્યા'તા આખો મહિનો... તમારો જીવ કેવી રીતે ચાલશે એને હલાલ કરતાં?' એની આંખોમાં આંસુ આવી ગયાં હતાં અને ગળું ભરાઈ આવ્યું હતું. નાનકડો રફીક આખી વાત સમજી શક્યો નહોતો એટલે અબ્બાજાને બજારમાંથી આણેલો ફૂલહાર એની લાડકી બહેન જેવી રુખ્સાનાને પહેરાવેલો જોઈ રાજી થઈ રહ્યો હતો.

'તું શું સમજે? અલ્લાને તો સૌથી વહાલી વસ્તુ ધરાવીએ તે જ ગમે. સગા દીકરાને વધેરવા તૈયાર થયેલા ઇબ્રાહિમની ભક્તિ પર અલ્લા ખુશ થઈ ગયા અને આંખો મીચીંને જેવો એ ઘા ઝીંકવા તૈયાર થયા ત્યાં છોકરાની જગ્યાએ ઘેટો ગોઠવાઈ ગયેલો...'

ફાતેમાએ રફીકને સમજાવી પટાવીને બજારમાં મોકલી દીધો હતો. એનાથી રુખ્સાનાની કુરબાની થોડી જીરવી શકાઈ હોત? રડારોળ જ કરી મૂકત. કલાક પછી પાછો આવ્યો ત્યારે એણે પહેલો સવાલ એના વિશે જ કર્યો હતો : 'ક્યાં ગઈ મારી રુખલી? ચરવા ચાલી ગઈ છે કે શું??' અબ્બા કે અમ્મી પાસે એનો કોઈ જવાબ નહોતો. એણે સાચી હકીકત જાણવા ઘણા ધમપછાડા કર્યા હતા પણ રુખ્સાનાને જીવની જેમ સાચવતો રફીક એ કઠોર સત્ય થોડું જીરવી શકે? એને ફોસલાવી પટાવીને એટલું જ ઠસાવાયું હતું કે આજે ઇદ છે, તું બજારમાં ગયો એ પછી ઓચિંતા અલ્લામિયાં આપણું ઘર પૂછતા પૂછતા આવી પહોંચ્યા. એમને દૂધ પીવા સારી બકરી જોઈતી હતી. રુખ્સાનાને ફૂલહાર પહેરેલી જોઈને ખુશ થઈ ગયા. પછી બોલ્યા : મારે આવી જ બકરી જોઈતી હતી. ગામ આખામાં ફર્યો પણ મને કોઈ જાનવર નજરમાં ન બેઠું, મને આ બકરી આપશો? બદલામાં હું એક વરસ પૂરું થાય એ પહેલાં જન્નતની પરી જેવી દીકરી મોકલી આપીશ. તમારા લાડકા રફીકને નાનકી બહેન સાથે રમવાની મજા પડશે!

– રફીકને દુઃખ તો ઘણું થયું પણ એણે માંડ માંડ મન મનાવી લીધું. હવે અલ્લામિયાં જેવા મોટા માણસ સામે ચાલીને આપણા ઘરનાં પગથિયાં ચડ્યા એ તે કોઈ નાનીસૂની વાત છે? વળી ગામ આખામાં બધે ફરી વળ્યા પણ કોઈ બીજી બકરી એમની નજરમાં ના વસી. રુખ્સાના તો હતી જ હુસ્નપરી. આપણને આટલી વહાલી હતી, પછી અલ્લામિયાંને પસંદ પડે એમાં શી નવાઈ? અને અલ્લામિયાં તો આખી આલમ દુનિયાના શહેનશાહ. એ કોઈ વસ્તુ માગે ને ના આપીએ તો બહુ જ નારાજ થઈ જાય. ચાલો, અમ્મી-અબ્બાને જે ગમ્યું તે ખરું. બદલામાં પાછા એક બહેન મોકલી આપવાના છે, સાવ નાની, ઢીંગલી જેવી. હું એની સાથે રમીશ. એને ચીડવીશ પણ ખરો અને રોવા લાગશે એટલે પટાવીશ પણ ખરો. જો કે રુખ્સાનાની ખોટ તો સાલ્યા જ કરવાની. આ અલ્લામિયાં પણ જબરા છે હોં! એમના કરતાં તો ફોજદાર સાહેબ સારા!

રફીકને રાત આખી સરખી ઊંઘ નહોતી આવી. મચ્છર કરડતા રહ્યા છતાં એ ઉઘાડો-પુગાડો પડખાં ઘસતો રહ્યો. અડધી પડધી ઊંઘ આવી ત્યારે સપનામાં રુખ્સાના જ કુદકારા ભરતી રહી. એને અલ્લામિયાંના ઘરે ફાવતું નહોતું પણ જન્નતથી પડતું થોડું મૂકે? મદરસા જવા નીકળ્યો ત્યારે એને સુકૂન જેવું તો નહોતું – શરીર કળી રહ્યું હતું અને શરીરે લાલ લાલ જામઠાં ઉપસી આવ્યાં હતાં. પણ એણે અમ્મીને કશું કહ્યું નહીં. ચુપચાપ દફતર ઊંચકીને પાછો આવતો હતો ત્યારે શરીર ધખી જતું હતું. ઘરે પહોંચતાં પહોંચતાં તો જીવ નીકળી જાય એવું દર્દ થઈ રહ્યું હતું.

'અમ્મી' એને થોડો હોશ આવ્યો એટલે એ બબડ્યો : 'રુખ્સાના...' એણે અટકી અટકીને તૂટક તૂટક શબ્દોમાં વાક્ય પૂરું કર્યું : રુખ્સાનાને અલ્લામિયાંના ઘેર ફાવતું નથી લાગતું. એમને મૌલાના સાહેબ સાથે સમાચાર મોકલાવીને રુખ્સાનાને પાછી મોકલાવવાનું કહે ને!'

એની નિર્દોષ આંખોમાંથી લાલ લાલ આંસુ ટપકી પડ્યાં. 'રફીક બેટા!' ફાતેમાથી ડૂસકું મુકાઈ ગયું. સાચી હકીકત તો કહેવાય એવી જ ક્યાં હતી?

હજી મા-દીકરો પગથિયાં પર જ બેઠાં હતાં ત્યાં રસૂલમિયાં ડોક્ટરની વિઝિટબેગ પકડીને આવતા દેખાયા. ફાતેમાને અત્યારે એ ફિરસ્તા જેવા લાગી રહ્યા. એણે અત્યાર લગીના એમના બધા ગુના માફ કરી દીધા.

– 'શું થઈ ગયું રફીકને?' એમણે જવાબની અપેક્ષા રાખ્યા વગર આડું તાકીને ડૉક્ટરને ભલામણ કરવા માંડી : 'સાહેબ, ફી-બી ની ફિકર ના કરતાં. આ દીકરાને તાબડતોબ સારું થઈ જવું જોઈએ!'

ડૉક્ટરે રફીકનો ચહેરો જોઈને જ કહી દીધું : ડેન્ગ્યુ લાગે છે. હમણાં હમણાં ગામમાં એનો જબરો વાવર છે. મચ્છર થઈ ગયા છે ને!

'– એને મટી તો જશે ને ડૉક્ટર સાહેબ?' ફાતેમાએ વ્યગ્ર સ્વરે પૂછ્યું : 'એના અબ્બા તો કહેતાતા : ડેન્ગ્યુ બહુ ભયંકર બીમારી હોય છે! કોઈ ભાગ્યે જ બચતું હોય છે...' એના મનમાં ભારે ઉથલપાથલ મચી રહીઃ હાય અલ્લા, મારા રફીકને...

'આવ્યો છું એટલે ઇંજેક્શન તો આપીશ, પણ દવા કરતાં પણ એક અક્સીર ઇલાજ બતાવું?' ડૉક્ટર કહેવા લાગ્યા : એને બકરીનું દૂધ આપો! જેટલું પીએ એટલું પિવડાવ્યે રાખો. એકાદ અઠવાડિયામાં ઘોડા જેવો થઈ જશે.'

રફીક કરુણાર્દ્ર નજરે ફાતેમાની આંખો સામે ટીકી રહ્યો હતો. જાણે પૂછતો ન હોય : અલ્લામિયાંને રુખ્સાના ખોટી આપી દીધીને? હવે રસૂલચાચાની બકરીનું દૂધ પીવું પડશે મારે...

રસૂલમિયાંને તો પાડોશી પર અહેસાન ચડાવવાની સોનેરી તક જ મળી ગઈ. નામ દીધા વિના બધા ભારે બોલ્યા : 'આપણે ત્યાં બકરી છે તે તમારી જ છે ને! જ્યારે જોઈએ ત્યારે દોહી જજો!'

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫૪૩૧૩૨*

***સફળ વ્યક્તિના હોઠ પર હંમેશાં બે વસ્તુ હોય છે – મૌન અને સ્મિત.***

આરોગ્ય

# મા-બાપ તથા તરુણ સંતાન (Parenting) – (૪)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

૧૫ વર્ષના સાગરનું માથું વારંવાર દુખતું હતું. નજીવી બાબતમાં ગુસ્સે થઈ જતો હતો. અભ્યાસમાં મન લાગતું ન હતું. છેલ્લી બે યુનિટ ટેસ્ટમાં માર્કસ એની ક્ષમતા કરતાં ઓછા મળ્યા હતા.

પોતાના વિચારોમાં ખોવાઈ જતો હતો. નકારાત્મક વિચારો આવતા હતા. મિત્રો જોડે પણ બહાર રમવા જતો નહોતો. વાતચીતનું પ્રમાણ પણ મિત્રો જોડે ઘણું ઓછું થઈ ગયું હતું.

સ્કૂલમાં જવાનું મન ન થતું. પરાણે, નાછૂટકે સ્કૂલે જતો હતો. પરીક્ષામાં નાપાસ થવાનો ડર હતો. એકાંતમાં ક્યારેક રડી પડતો હતો.

સાગરના વ્યક્તિત્વના ઊંડાણમાં જતાં જણાયું કે મા-બાપનો સાગર એકનો એક દીકરો હતો. એને બીજાં કોઈ ભાઈ-બહેન ન હતાં. લગ્ન જીવનનાં ૯ વર્ષ બાદ સાગરનો જન્મ થયો હતો. એની પહેલાં બે કસુવાવડ થઈ હતી. કુટુંબમાં સૌનો લાડકો હતો. વધારે પડતા લાડપ્યારમાં ઊછર્યો હતો.

સાગરનાં બધાં નાનાં-મોટાં કાર્યો એની મમ્મી કરી આપતી હતી. સવારના સાગરને ઉઠાડવાનું, બ્રશ પર ટૂથપેસ્ટ લગાડી આપવાનું, નાહતી વખતે ટૉવેલ તથા કપડાં બાથરૂમમાં રાખવાનાં, જોડા તથા મોજા કાઢી આપવાના, સ્કૂલે મૂકવા જવાનું, પાઠ્ય પુસ્તકો ગોઠવી આપવાનાં, સ્કૂલેથી તેડી આવવાનું, હોમવર્ક કરાવવા સાગર જોડે બેસવાનું, ઘણી વખત જાતે જમાડવાનું વગેરે. કાઉન્સેલિંગના સેશનમાં સાગરની મમ્મીએ કહ્યું કે હું ખવડાવું છું તો ચાર રોટલી ખાઈ જાય છે, જ્યારે પોતાની રીતે જમે છે ત્યારે ફકત બે જ રોટલી ખાય છે.

સાગરની મમ્મી સાગરને એકલો ક્યાંય મોકલતી નહીં. એ જાતે કાંઈ જ કરી શકશે નહીં. એટલે સ્કૂલમાંથી અઠવાડિયાની ટ્રીપ વિદ્યાર્થીઓને લઈ જતા હતા એમાં પણ સાગરને ન મોકલ્યો. રાત્રે એકલા સૂતી વખતે ડર લાગતો હતો. સાગર માટેનાં કપડાં ખરીદીને મમ્મી લાવતી. સાગરની પોતાની પસંદગી ન હતી.

સાગર મુંબઈના પરા ઘાટકોપરમાં રહેતો હતો. પરંતુ વેસ્ટમાંથી ઈસ્ટમાં જો આવવું હોય તો એકલો ન આવી શકે. કોઈપણ એક વ્યક્તિ સાથે જોઈએ. ટ્રેન કે બસની મુસાફરી કેવી રીતે કરવી એની સાગરને સમજ ન હતી.

પોતાનું ધાર્યું ન થાય તો સાગર મમ્મી તથા પપ્પા પર ગુસ્સે થઈ જતો. ગુસ્સો કરીને પોતાનું ધાર્યું મમ્મી - પપ્પા પાસેથી કરાવી લેતો હતો. પરંતુ સ્કૂલમાં પોતાનું ધાર્યું ન થાય તો રડવા જેવો થઈ જતો. નર્વસ થઈ જતો. (ઘરમાં સિંહ, બહાર શિયાળ.)

## • નિદાન :

સાગરનો કેસ કિશોરાવસ્થામાં થયેલી હતાશાની બીમારીનો છે. સાગરના વ્યક્તિત્વમાં નીચે જણાવેલ દોષો હતા. જેને લીધે હતાશાની બીમારી થયેલ :

૧. આત્મવિશ્વાસનો અભાવ (low self confidence)
૨. સહનશક્તિ ખૂબ જ ઓછી હતી (low frustration tolerance level)
૩. પોતાનાં કાર્યો માટે બીજા પર આધાર રાખતો હતો (dependancy)
૪. ધીરજનો અભાવ (impatient)
૫. બદલતી પરિસ્થિતિનો સામનો કરવા અસમર્થ (incapable of handling changing circumstances)
૬. અસફળતા કે હાર પચાવવાની માનસિક શક્તિ ન હતી (incapable of managing defeat)
૭. નેતૃત્વ લેવાની અક્ષમતા (no leadership quality)

## • સારવાર :

સાગરના માનસિક ઉછેરમાં (parenting) ઊણપ હતી. જેના માટે મમ્મી - પપ્પા સાથે કાઉન્સેલિંગ કર્યું.

સાગર પોતાનાં કાર્યો જાતે કરી લે એ માટે મમ્મી પપ્પાને તૈયાર કર્યાં. મમ્મીએ ધીમે ધીમે સાગરનાં કાર્યો કરી આપવાનું બંધ કર્યું. સાગર કાર્ય ન કરે તો એ કાર્ય અધૂરું રહે તથા અધૂરાં રહેલાં કાર્યોને લીધે જે નકારાત્મક પરિણામ આવે એ સાગર ભોગવે (responsibilities).

બહાર ફરવા જવાનું, હોટેલમાં જમવા જવાનું, પિકનિક પર જવાનું વગેરે કાર્યક્રમોનું આયોજન (planning) કરી અમલમાં મૂકવાની જવાબદારી સાગરને સોંપવામાં આવી (execution of planned program). શરૂઆતમાં ઉપરોક્ત કાર્યો મમ્મી પપ્પાની દેખરેખમાં (supervision) ત્યારબાદ સ્વતંત્ર રીતે (independantly) સાગરને કરવાનું કહેવામાં આવ્યું.

સાગર તથા મમ્મી પપ્પાએ યોગ્ય સહકાર આપ્યો. જેને લીધે ઉપરોક્ત લક્ષણો દૂર થયાં. સાગરનું માથું દુખવાનું મટી ગયું, અભ્યાસમાં મન લાગવા માંડ્યું તથા પરીક્ષામાં સારા ગુણાંકે સાગર પાસ થયો.

## • તરુણ સંતાન મોટું છે, નાનું નથી :

આજની ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેરનાં ધોરણો તથા નિયમોમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. માતા-પિતાએ

*સત્સંગ કોઈપણ સ્વરૂપે કરો, ફાયદો જરૂર થશે.*

પોતાનામાં સમજણ કેળવવાની જરૂર છે કે સંતાન મોટું છે, નાનું નથી.

તરુણ સંતાનને આત્મનિર્ભર થવા દો. એનું સઘળું કામ એની જાતે કરવા દો. જરૂર પડશે તો મદદ માગશે. પણ સામે ચડીને વણમાગી મદદ પૂરી ન કરો. એની જિંદગીને વધારે પડતી સરળ ન બનાવી આપો. સ્કૂલમાં એના માટે લડવા પહોંચી ન જાઓ. એની રીતે સમસ્યાનું નિરાકરણ કરવા દો. યોગ્ય ચર્ચા કરો પરંતુ છેલ્લો નિર્ણય તરુણ સંતાનને કરવા આપો. મદદ માંગે તો જરૂર મદદ કરો પરંતુ સંપૂર્ણ કાર્ય તો ન જ કરી આપો.

મમ્મી પપ્પાએ લાડકોડથી કરેલા ઉછેરને લીધે (૧) કડવાં વેણ સાંભળવાની તથા ટીકા સહન કરવાની ક્ષમતા નહીં કેળવાય. (૨) મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગ કાઢવાના માનસિક વલણનું નિર્માણ નહીં થાય. (૩) નિષ્ફળતા કે હાર પચાવવાની માનસિક શક્તિનો સંચાર નહીં થાય.

જો આપણે તરુણ સંતાનને જીવનમાં આગળ વધારવાની ઇચ્છા ધરાવતાં હોઈએ તો એને એનું કામ જાતે કરવા દો. એનાથી એ આત્મનિર્ભર બનશે. એનામાં ધીરજ આવશે. પોતાનાં કાર્યો વ્યવસ્થિત પૂરાં કરવાની ક્ષમતાનું નિર્માણ થશે. પોતાનો આત્મવિશ્વાસ વધશે.

### • હકારાત્મક વિચાર કરવાની તાલીમ :

બાળકો / તરુણોના માનસિક ઉછેરમાં આપણે વર્તણૂક તથા શિસ્તને મહત્ત્વ આપીએ છીએ. બાળકો / તરુણના વિચાર કરવાની કેળવણી પર બહુ જ ઓછાં માતા-પિતા ધ્યાન આપે છે. સામાન્ય રીતે વિચારવાનું તથા નિર્ણયો કરવાનું માતા-પિતા કરતાં હોય છે. તરુણે એ નિર્ણય અમલમાં મૂકવાનો હોય છે. જો માતા-પિતામાં હકારાત્મક વિચારસરણીનું વલણ હશે તો તરુણમાં હકારાત્મક વિચારસરણીનું સિંચન થશે.

૧. તરુણને એના નિર્ણયો લેવા દો. નિર્ણય કરવાની પદ્ધતિ (decision making process) વિષે ચર્ચા કરો. ત્રણ કે ચાર કે એનાથી વધારે શક્ય નિર્ણયોમાંથી આખરી નિર્ણય પર કેમ આવ્યા એ મુદ્દાઓ તરુણને લખવા કહો.

૨. નિર્ણયને અમલમાં મૂકવા વિષેનાં ક્રમવાર પગલાંની તરુણ નોંધ કરે. અને એ પ્રમાણેનાં જાતે પગલાં લે. માતા-પિતા તરુણને આ બાબતમાં પ્રોત્સાહિત કરે (Stepwise action).

૩. આવેલ પરિણામનું તરુણ પૃથક્કરણ કરે (Analysis of result). નિર્ણય કરતી વખતે ધ્યાનમાં રાખેલ અને લખી રાખેલ મુદ્દાઓ પ્રમાણે પરિણામ ન મળે તો બીજાને દોષ આપવાને બદલે પોતાનામાં કયા ફેરફાર કરવાનો છે એના વિષે વિચારે અને એ પ્રમાણે પગલાં લે. (નિર્ણય બદલવાની જરૂર હતી? લીધેલાં પગલાંમાં ફેરફાર કરવાની જરૂર છે? ધીરજની જરૂર છે? વગેરે)

તરુણે લીધેલા પગલા માટે યોગ્ય કદર કરો. પરિણામ કરતાં પણ અમલમાં મૂકેલા વિચારો મહત્ત્વના છે એ તરુણે સમજવું જરૂરી છે.

### • સારાંશ :

માતા-પિતાના ઘરમાં તથા છત્રછાયા નીચે એને સંપૂર્ણ સુરક્ષિતતા મળે છે પરંતુ જ્યારે એને વાસ્તવિક જગતનો સામનો કરવો પડશે ત્યારે જ જીવન શું છે એ સમજાય છે. માતા-પિતા બાળક / તરુણનો માનસિક ઉછેર એ રીતે કરે કે એમાં પરિપક્વતા આવે અને જિંદગીની સફર સરળ રહે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ*
*રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

## NanoNine™ Sudoku

***શરતો** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

**જુલાઈ-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**


| | | |
|---|---|---|
| ૧. | અન્નપૂર્ણા મહેતા | - અમદાવાદ |
| ૨. | રૂષિકા મહેતા | - અમદાવાદ |
| ૩. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૪. | બિંદુબેન શાહ | - અમદાવાદ |
| ૫. | ચંદ્રકાંત મૈશેરી | - અમદાવાદ |
| ૬. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૭. | પ્રભાબેન શેઠિયા | - વલસાડ |
| ૮. | અરવિંદ દેઢિયા | - ભુજપુર |
| ૯. | પ્રતિમા શાહ | - અમદાવાદ |
| ૧૦. | સરોજ શાહ | - અમદાવાદ |
| ૧૧. | ગીતા મહેતા | - અમદાવાદ |
| ૧૨. | અરવિંદ ભટ્ટ | - અમદાવાદ |
| ૧૩. | સરલા છેડા | - અમદાવાદ |
| ૧૪. | જ્યોતિબેન શાહ | - અમદાવાદ |
| ૧૫. | સોનલ જૈન | - અમદાવાદ |
| ૧૬. | અલકા શાહ | - અમદાવાદ |
| ૧૭. | દીપા પરીખ | - અમદાવાદ |
| ૧૮. | ચંદ્રા શાહ | - અમદાવાદ |
| ૧૯. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૨૦. | દિનેશ વોરા | - અમદાવાદ |
| ૨૧. | કલ્પના પાલાણી | - અમદાવાદ |
| ૨૨. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૨૩. | ચૈતાલી વોરા | - અમદાવાદ |
| ૨૪. | રેખા મહેતા | - અમદાવાદ |
| ૨૫. | ચંદ્રિકા શાહ | - રાઉરકેલા |
| ૨૬. | મયંક શાહ | - સિકંદ્રાબાદ |
| ૨૭. | તારાચંદ હેણિયા | - હૈદ્રાબાદ |
| ૨૮. | હર્ષદ ગાંધી | - બેંગ્લોર |
| ૨૯. | મૂલકુમારી લાલકા | - ગદગ |
| ૩૦. | જિનલ શાહ | - ગાંધીનગર |
| ૩૧. | ધવલ શાહ | - ગાંધીનગર |
| ૩૨. | સરોજ ચંદુરા | - સુરત |
| ૩૩. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૩૪. | પાયલ દેસાઈ | - અમદાવાદ |

*ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

**૧. અન્નપૂર્ણા મહેતા - અમદાવાદ**
**૨. હર્ષદ ગાંધી - બેંગ્લોર**
**૩. પાયલ દેસાઈ - અમદાવાદ**

"ROLEX" Brand



**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : ***Rolex*** SQUARE DABBA & TIFFIN

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૪૧

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાની સામાજિક પ્રવૃત્તિઓ — યશકલગીમાં એક વધારાનું પીંછું ઉમેરવા જઈ રહેલ છે. સમાજનાં જરૂરિયાતવાળાં કુટુંબો ઘરે બેસીને પણ ગૃહઉદ્યોગ કરી વધારાની આવક ઊભી કરી શકે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે તા. ૨૫-૪-૨૦૧૦નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કેમ્પનું આયોજન કર્યું હતું.

આ કેમ્પમાં રાજ્ય સરકારના લઘુ ઉદ્યોગ વિકાસ સંસ્થાનના પ્રોજેક્ટ લીડર શ્રી હિતેનભાઈ વસા તથા શ્રી સુરેશભાઈ રાવલ લઘુ ઉદ્યોગ સંબંધી માહિતી આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ બંને અધિકારીશ્રીઓનો પરિચય આપી આવકાર્યા હતા. ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં સભ્યો, ખાસ કરીને નવનિર્મિત થયેલ નવનીત ભવનમાં રહેનારા પરિવારજનો આ પ્રકારનાં ગૃહ ઉદ્યોગમાં આગળ વધી પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે અને આ બાબતની કામગીરીમાં કોઈ પણ પ્રકારની માહિતી અથવા ટ્રેનિંગની જરૂરિયાત હશે તો સમાજ તે બાબતમાં જરૂર મદદરૂપ થશે.

રાજ્ય સરકારના અધિકારી શ્રી સુરેશભાઈ રાવલે આ પ્રકારનાં લઘુ ઉદ્યોગો અથવા ગૃહ ઉદ્યોગ શરૂ કરવા હોય તો રાજ્ય સરકારની કેટલીક યોજનાઓની માહિતી આપી હતી. તેમણે વડાપ્રધાન કાર્યાલયની રોજગાર યોજના અને સુવર્ણ રોજગાર યોજનાની રૂપરેખા સમજાવી હતી. ઉપરાંતમાં આ પ્રકારના ઉદ્યોગો માટે બેંક ધિરાણની વિસ્તૃત માહિતી આપી હતી. રાજ્ય સરકારની સમાજ કલ્યાણ - લઘુમતી વિકાસ તેમજ કોટેજ ઈન્ડસ્ટ્રીઝની યોજનાઓ સમજાવતાં તેઓએ એવી પણ માહિતી આપી હતી કે આ પ્રકારના કુટીર ઉદ્યોગ શરૂ કરવામાં તેમજ બેંક ધિરાણ અર્થે કોઈપણ પ્રકારની ગેરંટી આપવાની રહેતી નથી. કુટીર યોજના અથવા ઉત્પાદક સહકારી મંડળની રચના કરવામાં આવે તો સબસિડી અને લોન ધિરાણમાં સારો ફાયદો થાય.

ઉપરોક્ત વક્તવ્ય બાદ સરકારશ્રીના અન્ય અધિકારી શ્રી હિતેશભાઈ વસાએ ગૃહ ઉદ્યોગ ક્ષેત્રની માહિતી પૂરી પાડી હતી. ગૃહ ઉદ્યોગમાં શું કરી શકાય, ગૃહ ઉદ્યોગ સ્થાપવા અંગેની ટ્રેનિંગ તથા બેંક ધિરાણ વગેરે જરૂરી પાસાંઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા દ્વારા પ્રારંભમાં બંને મહેમાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટમંડળ તથા કારોબારીનાં સભ્યો સહિત અંદાજે ૧૫૦ વ્યક્તિઓ હાજર રહી હતી.

પ્રવચનોના અંતે સમાજ પરિવારના જે સભ્યો અત્યારે ગૃહ ઉદ્યોગ ચલાવી જ રહ્યા છે તેમાંનાં શ્રી પરેશભાઈ દોશી, શ્રી દેવીકૃપા અગરબત્તીના સંચાલક વગેરેએ પોતાના કામકાજ સંબંધી માહિતી આપીને સમાજના સભ્યોને ગૃહ ઉદ્યોગમાં જોડાવવા આહ્વાન આપ્યું હતું. અંતમાં સમાજનાં સહમંત્રી શ્રી હસમુખભાઈ શાહે આભારવિધિ કરી કાર્યક્રમની સમાપ્તિ ઘોષિત કરી હતી.

★ યુવા વિકાસ સમિતિ સમાજના યુવાનોના વિકાસ અને ઘડતર માટે હંમેશાં અવનવા કાર્યક્રમો આપતી હોય છે. તેના અંતર્ગત તા. ૨૫-૪-૨૦૧૦નાં રોજ એક પ્રવાસનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ કોઈ જાત્રાના સ્થળની મુલાકાત કે પિકનિકનો ન હતો પણ એક શૈક્ષણિક પ્રવાસનો હતો. સવારના ૮ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શૈક્ષણિક પ્રવાસમાં રસ ધરાવતા યુવાનોને એકત્રિત કરવામાં આવ્યા. ભવન ઉપર સૌને પ્રથમ જે જે કંપનીઓની મુલાકાત લેવાની હતી, તે કંપનીઓ બાબત પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી અને જે તે કંપનીની કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત સર્વેને જે તે કંપનીની મુલાકાત દરમિયાન તેમના નીતિ નિયમોથી માહિતગાર કરવામાં આવ્યા હતા અને તેમને પાળવા માટેની તકેદારી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસો મારફત પ્રથમ પ્રવાસ ચાંગોદર સ્થિત યુનિક ટેગ્સ પ્રા.લિ.ની ફેક્ટરી તરફ કરવામાં આવ્યો હતો. ફેક્ટરીએ પહોંચતાં કંપની તરફથી શ્રી સુનિલભાઈ ગોગરીએ સૌ યુવાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પ્રાથમિક પરિચય બાદ તેઓએ પોતાની કંપની વિશે જરૂરી માહિતી આપી હતી. ત્યારબાદ સૌએ સાથે રહીને કંપનીનાં તમામ વિવિધ ડિપાર્ટમેન્ટોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. કંપનીમાં ઑર્ડર આવે ત્યાંથી કરીને માલ તૈયાર થઈ ડિલિવરી થાય ત્યાં સુધીની સમગ્ર કામગીરી શ્રી સુનીલભાઈએ સાથે રહીને બતાવી હતી. આ મુલાકાત દરમ્યાન યુવાનોને ટેગ (લેબલ) બનાવવાનાં અત્યાધુનિક મશીનોની કામગીરી નિહાળવા મળી હતી. ૨૭ આધુનિક મશીનો સાથે ભારતભરમાં પાંચમું સ્થાન ધરાવતી, આપણા સમાજનાં સભ્ય શ્રી નરેન્દ્રભાઈ રામજી દેઢિયા દ્વારા સ્થાપિત તથા સંચાલિત યુનિક ટેગ્સ પ્રા.લિ.ના પ્રોડક્ટ વિષેની સંપૂર્ણ માહિતી યુવાનોને આપવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન શ્રી નરેન્દ્રભાઈ પણ સાથે જોડાયા હતા અને

*જીવનમાં સંઘર્ષનું પરિણામ જરૂર મળે જ છે.*

સર્વેએ સાથે મળીને અલ્પાહાર કર્યો હતો. રસપ્રદ માહિતી અને સુંદર આવકાર બદલ સમગ્ર યુનિક ટેગ્સ પ્રા.લિ.ના સંચાલકોનો આભાર માની અને આ કંપની ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવીને યુવાનોએ આગળના કાર્યક્રમ તરફ પ્રયાણ કર્યું હતું.

બીજી મુલાકાત ગુજરાતની ઐતિહાસિક અડાલજની વાવની હતી. વાવ અને તેની બાંધણી તથા કોતરકામ જોઈને બધા જ યુવાનો અત્યંત ખુશ થઈ ગયા હતા. મોટાભાગના યુવાનોની આ વાવની પહેલી જ મુલાકાત હતી. વાવની વિસ્તૃતપણે જાણકારી લઈને યુવાનોના કાફલાએ ત્રિ-મંદિરનાં દર્શન કરી ત્યાં જ ભોજન ગ્રહણ કર્યું હતું.

ત્યાંથી તે દિવસની છેલ્લી મુલાકાતમાં દંતાણી તરફ પ્રયાણ કર્યું. દંતાણી સ્થિત શ્રી નવનીત પબ્લિકેશન્સ લિ.નાં પ્રેસની મુલાકાત માટે પહોંચ્યા. નવનીત પ્રેસનાં ગેટ ઉપર શ્રી હીરેનભાઈ શાહે (નવનીતવાળા) બધા જ યુવાનોનું સ્વાગત કરી આવકાર્યા હતા. ત્યારબાદ શ્રી હીરેનભાઈ તથા શ્રી કૌશલભાઈ પંચોલીએ પધારેલા યુવાનોને નવનીત પ્રકાશન વિશે વિડિયો બતાવ્યો હતો અને નવનીતની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ બે ગ્રૂપ પાડી દેવામાં આવ્યાં હતાં. એક ગ્રૂપનું સંચાલન શ્રી કૌશલભાઈએ કર્યું હતું જ્યારે બીજા ગ્રૂપને શ્રી રાકેશભાઈ તથા શ્રી શૈલેષભાઈએ દોરવણી આપી હતી. પ્રિન્ટિંગની જૂની પદ્ધતિ તથા આધુનિક પદ્ધતિ વિષે ઝીણવટપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. કાગળ ઉપર પ્રિન્ટિંગ થયા બાદ તેનું યોગ્ય રીતે કટિંગ, બાઈન્ડિંગ, પેકિંગ અને સ્ટોરેજ સુધીની સમગ્ર કામગીરીનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

શ્રી હીરેનભાઈ (નવનીતવાળા)એ કંપનીના ત્રણ પાયાના સિદ્ધાંતો વિષે સચોટ માહિતી આપી હતી : (૧) કન્ટ્રી લૉ, (૨) સોસાયટી લૉ અને (૩) એન્વાયરમેન્ટ લૉ નું કંપની દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવે છે તેની સમજ આપી હતી. કંપની દ્વારા પર્યાવરણ સાચવવા માટે લેવાતાં વિવિધ પગલાંઓ વિષેની માહિતી પણ શ્રી હીરેનભાઈ પાસેથી જાણવા મળી. કંપનીનાં વિવિધ વિભાગોની મુલાકાત બાદ કંપનીની કેન્ટીનમાં અલ્પાહાર કરી ત્યાંથી વિદાય લેવામાં આવી હતી. આ રીતે યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ ખૂબ જ ઉપયોગી તથા સંપૂર્ણ રીતે સફળ રહ્યો હતો.

★ યુવા વિકાસ સમિતિ તરફથી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓમાં આત્મવિશ્વાસ વધે તે માટે તા. ૧૦-૫-૨૦૧૦થી તા. ૨૦-૫-૨૦૧૦ સુધી એક પબ્લિક સ્પીકિંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે દરરોજ સાંજના આ વર્કશોપ લેવામાં આવતી હતી.

પ્રથમ દિવસે બાળકોને પર્સનાલિટી અને તેમની બોડી લેંગ્વેજ વિષેની માહિતીની સમજણ આપવામાં આવી હતી. ત્યારબાદ દરરોજ એક વિષય આપવામાં આવતો હતો. તે ઉપર ૪થી ૫ મિનિટનો નિબંધ લખી અને બોલવા માટે તૈયાર કરવામાં આવતા હતા. આ રીતે ધીમે ધીમે દરેક વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થતો ગયો. સાથે સાથે દરરોજ નીત નવા વિષયો પણ શીખવવામાં આવતા હતા. આ વર્કશોપમાં ૧૯ બાળકોએ ભાગ લીધો હતો.

આ વર્કશોપમાં તા. ૧૭-૫-૨૦૧૦નાં દિવસે બાળકોએ ખરા અર્થમાં પબ્લિક સ્પીકિંગ કર્યું. એ દિવસે પર્સનાલિટી ડેવલપમેન્ટના શિક્ષક શ્રી દીપકભાઈની રાહબરી નીચે બધા જ બાળકોને પરિમલ ગાર્ડનમાં લઈ જવામાં આવ્યા. સાંજના ૫ વાગ્યાથી રાતના ૮ વાગ્યા સુધી અજાણ્યા વાતાવરણ વચ્ચે જાહેર પબ્લિક સામે બાળકોએ ખૂબ જ આત્મવિશ્વાસ સાથે પ્રદર્શન કર્યું. આ રીતે યુવા વિકાસ સમિતિની આ વર્કશોપ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ હતી. આ પ્રયાસ ખરેખર પ્રશંસનીય રહ્યો હતો.

*(ક્રમશઃ)*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
**સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન**

હળવાશની ક્ષણોમાં

# કુંભકર્ણ અને એલાર્મ!

• ચિત્રસેન શાહ •

લેખ લખવા માટેનો 'કાચો માલ' અમને ન્યૂઝ પેપરમાંથી મળી રહે છે! તે પ્રમાણે આજે પણ અમને એવો કાચો માલ મળી ગયો! હવે અમે તેમાં કાલ્પનિક રંગો પૂરીને 'ફિનીશ્ડ પ્રોડક્ટ' તરીકે રજૂ કરવા જઈ રહ્યા છીએ! આ રીતે 'Make in Brain'ને કારણે મગજને પણ રોજગારી મળી રહે છે! (અમારા મિત્રે અમારી મશ્કરી કરતાં કહ્યું – 'મગજ જો હોય તો!')

વાત જાણે એમ છે કે અમે ન્યૂઝ પેપરમાં સમાચાર વાંચ્યા કે કુંભકર્ણ મેદસ્વિતાને કારણે મહાનિંદ્રાથી પીડાતો હતો! જો કે આ કથનમાં અર્ધસત્ય છે! કારણકે બીજા અર્ધસત્ય પ્રમાણે મહાનિંદ્રાને કારણે તે મેદસ્વિતાથી પીડાતો હતો! હવે જો આ બે અર્ધસત્યને ભેગા કરીએ તો તેમાંથી એક ત્રીજું જ સત્ય બહાર આવે અને તે આ હોય – ખરેખર તો તે ઍલાર્મ નહીં હોવાને કારણે ગાઢ નિંદ્રામાંથી જાગી શક્યો નો'તો! તેથી છ મહિના પછી પણ જેવો તે જાગ્યો કે તેના ભાભી મંદોદરીએ તેને કહ્યું કે – 'દેવરજી, ચા પછી પીજો! પહેલા માર્કેટમાંથી એક ઍલાર્મ ખરીદી લાવો નહીં તો આંખ પાછી ક્યાંક ઘેરાઈ જશે તો ફરીથી બીજા છ મહિના ઊંઘ ખેંચી કાઢશો!'

તેથી કુંભકર્ણ તો ઉપડ્યો ચાઈના બજાર – ઍલાર્મ લેવા! ચાઈના બજાર ચાઈનીઝ ઍલાર્મ ટાઈમપીસથી ઉભરાઈ રહ્યું હતું! હકીકતમાં એક ચાઈનીઝ કંપનીએ 'મેઈક ઈન ઈન્ડિયા' અભિયાન અંતર્ગત ઇન્ડિયામાં ઍલાર્મ ટાઈમપીસ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ઊભો કર્યો હતો! તે કંપનીએ તેની એક પ્રોડક્ટનું બ્રાન્ડ નેઈમ રાખ્યું હતું - 'કુંભકર્ણ ઍલાર્મ!'

તેના કોઈ હિતેચ્છુએ તેને કહ્યું – 'ભલા માણસ, ઍલાર્મનું બ્રાન્ડ નેઈમ કુંભકર્ણ રખાતું હશે?! કારણકે આ નામ સાંભળીને જ જાગૃત નાગરિક સહિત કોઈને પણ ઊંઘ આવી જાય! જ્યારે ઍલાર્મનું કામ તો જગાડવાનું છે!

'કુંભકર્ણ' નામનું ઍલાર્મ કોઈ ખરીદશે ખરા?! અને ધારો કે કોઈ પણ નાગરિક એ ખરીદીને ઘેર જશે તો તેની પત્ની કકળાટ કરી મૂકશે અને કહેશે – 'અરેરે! તમારામાં બુદ્ધિ જેવું કાંઈ છે કે નહીં?! તમે છ મહિના ઊંઘવા માટે આ 'કુંભકર્ણ' ઉપાડી લાવ્યા છો?!' આવી દલીલ સાંભળી ફેક્ટરીના માલિકે જણાવ્યું કે – 'અમારી ફિલોસોફી એવી છે કે આ ઍલાર્મથી કુંભકર્ણ જેવા કુંભકર્ણની ઊંઘ પણ ઉડાડી દેવી! વળી એમાં અમે કેટલીક ડિવાઈસ એવી મૂકી છે કે જે દ્વારા અત્યારે ગાઢ નિંદ્રામાં સૂતેલી દિલ્હીની સરકારને સફાળી જગાડીને યોગ્ય સૂચનો કરવાં! આ રહી તેની વિગતો –

**ડિવાઈસ-૧ :**

આ ડિવાઈસ કેન્દ્રિય ગૃહ પ્રધાનને સતત યાદ અપાવ્યા કરશે કે કુંભકર્ણની નિંદ્રા છોડીને તેમણે પણ ભારતના પ્રથમ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જેમ જ લોખંડી તાકાતથી પાકિસ્તાન તેમજ પાકિસ્તાન પ્રેરીત આતંકવાદને કચડી નાખવો જોઈએ! પાકિસ્તાન યુદ્ધ કર્યા વગર ગેરીલા પદ્ધતિથી ભારતના વીર જવાનોને શહીદ બનાવી રહ્યું છે અને આપણું સૈન્ય વ્યવસ્થિત રીતે ઓછું કરી રહ્યું છે!

આ પરિસ્થિતિનો સામનો કરવા આપણી પાસે એક જ રસ્તો બચ્યો છે અને તે છે – આપણે વિકસાવેલી મિસાઈલોનો ઉપયોગ! આપણા પ્રખર 'મિસાઈલ મેન' સ્વ. એ.પી.જે. અબ્દુલ કલામે વિકસાવેલી મિસાઈલ્સ શું ફક્ત ૨૬મી જાન્યુઆરીની પ્રજાસત્તાક દિનની પરેડમાં પ્રદર્શન કરવા માટે જ છે?

બાકી દરેક આતંકવાદની ઘટના પછી સ્ટેટમેન્ટ આપીએ કે – 'આમાં પાકિસ્તાનનો હાથ છે!' તેનો શું અર્થ?

જેનો પણ 'હાથ' હોય – કાપી નાખોને!

જેમ લોકસભાના ઇલેક્શનમાં કર્યું હતું તેમ! તે માટે તો તમને દિલ્હીની ગાદી સોંપી છે!

બાકી નહીં તો પાકિસ્તાનવાળા તો આપણા મુંબઈ - દિલ્હીને 'હિરોશિમા' અને 'નાગાસાકી'માં ફેરવી નાખવા તૈયાર જ બેઠા છે! અને યુદ્ધમાં તો એવું છે ને કે – 'પહેલો ઘા રાણાનો!'

**ડિવાઈસ-૨ :**

આ ડિવાઈસ સંસદ સભ્યોને (અસભ્યોને પણ સભ્યો કહેવા પડે તે આપણી મજબૂરી છે!) સંસદમાં 'શેર-શાયરી' કે 'શોર શરાબા' કરતાં રોકશે! – ઍલાર્મ દ્વારા!

ઍલાર્મના શબ્દો હશે – 'સભ્યો, સભ્યો જ બની રહો!'

આપણી સંસદના દશ્યો ટી.વી. પર જોઈને દાઉદ - છોટા શકીલ - હાફિઝ સૈયદ જેવા લોકો પાકિસ્તાનમાં બેઠાં બેઠાં હસતાં હશે! અને જીવતો પકડાય તો આતંકવાદી નવેદ કસ્ટડીમાં બેઠો બેઠો મૂછમાં હસતો હશે! (જો કે નવેદને મૂછ જ નથી!)

એક રિપોર્ટ પ્રમાણે આવી સ્પેશિયલ ડિવાઈસને કારણે આવા 'કુંભકર્ણ' ઍલાર્મ માટે ભારત સરકાર તરફથી મોટો ઑર્ડર મળ્યો છે! પરંતુ જ્યારે સરકારી એજન્સીએ આ ઍલાર્મ માટે ૫ વર્ષની ગેરંટીની માંગણી કરી ત્યારે તેના ચાઈનીઝ મેન્યુફેક્ચરરે હસતાં હસતાં જવાબ આપ્યો – 'ચાઈનીઝ આઈટમની ગેરંટી હોય ખરી?!'

*'વ્હાઈટ હાઉસ', પ્લોટ : ૩૧૪/એ,*
*સેક્ટર-૨૦, ગાંધીનગર.*
*ફોન : ૨૩૨૬૦૫૮૨*
*મો. ૯૪૦૯૫૪૧૫૫૧*

*અજ્ઞાન છે ત્યાં દુ:ખ આવશે જ.*



# બાલુડેં જ્યું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : અજ આંઉ પાંજે ગામવારા ભચુકાકા જે છોકરે જે દવાખાને વ્યો વો... સે ડૉક્ટર ત જોકો પણ દર્દી અચેં તેં ગીયા ગીત ગારાય ને અનકે કુરેજી તકલીફ આય અનજો નિધાન કરેતો. અનમેં મુંકે ત કીં સમજ ન પઈ. જરા તપાસ કરે ને ચો ક ડૉક્ટર કે કુરો રોગ આય અનજી ખબર કીં પોંધી ઊંધી?

બચુડો : (તપાસ કે ને ચેં) દર્દી એડો ગીત ગાય 'જીયા જલે જાં જલે...' તડેં ડૉક્ટર ચે અનકે તાવ અચેતો... દર્દી ગીત ગાય કે 'સુહાની રાત ઢલ ચુકી, ન જાને તુમ કબ આઓગે...' તડેં ડૉક્ટર અનકે કબજિયાતજી દવા દે. કોઈ સ્ત્રી દર્દી ગાય કે 'બીડી જલઈ લે... જીગર સે પીયા... જીગર મેં બડી આગ હૈ...' ત અનકે ડૉક્ટર એસિડિટીજી દવા દે. કોઈ ગાય કે 'મેરા મન ડોલે, મેરા તન ડોલે...' ત અનકે ચક્કરજી દવા દે. કોઈ દર્દી ગાય કે 'બતાના ભી નહીં આતા, છૂપાના ભી નહીં આતા...' ત હનકે હરસ મસેજી દવા દે. કોઈ દર્દી ગાય કે 'તુજમેં રબ દિખતા હૈ યારા મૈં ક્યા કરું....' તડેં ચે ક ભા, તું મોતિયેજો ઑપરેશન કરાય ગન.

## ખિલજા મ ભલા

શિક્ષક : આદિત્ય કહેતો 'નાડા'ને અંગ્રેજીમાં શું કહેવાય?

આદિત્ય : સાહેબ, પી.એચ.ડી.

શિક્ષક : કાંઈ સમજ ના પડી.

આદિત્ય : પી એટલે પાયજામા, એચ એટલે હોલ્ડિંગ અને ડી એટલે ડિવાઈસ. (પાયજામા હોલ્ડિંગ ડિવાઈસ)

☺ ☺ ☺ ☺ ☺

દિનકર : આજે તો દારૂની બોટલ મૂકી દેવા માગું છું.

મનહર : એમાં આટલો બધો વિચાર કરવાનો....?

દિનકર : વિચારવું તો પડે ને કે કોની પાસે મૂકું... મારા તો બધા મિત્રો પિયક્કડ જ છે.

☺ ☺ ☺ ☺ ☺

પ્રેયસી : (લગ્ન પછી) પ્રિયતમને... તમે તો કહેતા હતા કે લગ્ન પછી હું તને ડબલ પ્રેમ કરીશ.... તો હવે શું વાંધો છે?

પ્રિયતમ : મને થોડી ખબર હતી કે લગ્ન તારી સાથે જ થશે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : (પત્નીને) મને લાગે છે કે તું નથુરામ ગોડસેનો બીજો અવતાર છે.

પત્ની : એમ કેમ કહો છો?

પતિ : જોને રોજરોજ મારા ખિસ્સામાંથી / પોકેટમાંથી ગાંધીજીને શોધી શોધીને ખતમ કરી રહી છે.

☺ ☺ ☺ ☺ ☺

પ્રેમિકા : તું તો મને મનાવતો જ નથી.

પ્રેમી : તને ઈદ કે દિવાળીનો વહેમ તો નથી ભરાયોને?

☺ ☺ ☺ ☺ ☺

રાતના બે વાગે મુંગેરીલાલના બારણે ટક... ટક... ટક... ટકોરા પડ્યા. એટલે મુંગેરીલાલે અંદરથી જ પૂછ્યું, કોણ છે અત્યારે?

બહારથી અવાજ : પોલીસવાળા છીએ.

મુંગેરીલાલ : અત્યારે શું કામ છે?

પોલીસ : વાત કરવી છે.

મુંગેરીલાલ : તમે કેટલા જણા છો?

પોલીસ : ત્રણ જણા...

મુંગેરીલાલ : તો અંદરોઅંદર વાતો કરો.. મને જગાડવાની શું જરૂર છે...?

☺ ☺ ☺ ☺ ☺


છોકરી : હાય... આઈ એમ લીસા!

છોકરો : એમ...? તો આઈ એમ ખરબચડા.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*પેન્સિલ બની કોઈના સુખ ન લખી શકો તો કંઈ વાંધો નહીં, પરંતુ રબર બની બીજાના દુઃખો તો જરૂર ભૂંસી શકાય.*

*મુશ્કેલીમાં હોય એની મદદ કરવી એ પણ ખરી સાધુતા છે.*




નમસ્કાર. 'મંગલ મંદિર' અંક દર મહિને મળતા રહે છે. જુલાઈ-૨૦૧૫ ના અંકમાં વાંચકો માટે પ્રશ્નાવલી મોકલી છે તે ભરીને મોકલું છું. અંકમાં આવતી દરેક લેખનસામગ્રી વાંચવી ગમે છે. આપનો તંત્રી લેખ તો બેશક મનનીય હોય છે તેમજ અન્ય લેખકોના લેખો પણ ઉત્તમ પ્રકારના હોય છે. સૌને મારા અભિનંદન.

કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ ઘણું બધું નવું જ્ઞાન આપે છે. કચ્છ વિષેના જુના ઇતિહાસના પાના પ્રગટ કરતા રહેશો તો ખૂબ ગમશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા થતી અનેક પ્રવૃત્તિઓના અહેવાલથી જાણકારી મળતી રહે છે. આપની સેવા પ્રવૃત્તિઓની અનુમોદના અને અભિનંદન.

*જેઠાલાલ વી. ગંગર 'મંગલમ્' - ડોંબીવલી (ઈસ્ટ)*
*મો. ૯૮૧૯૧ ૨૯૨૩૫*

રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ માટે બિનહરીફ ચૂંટાયેલ સભ્યોને અભિનંદન.

આ વખતે જે સભ્યોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી સમાજના કાર્યકરોમાં વિશ્વાસ રાખી તેમને સમાજ કાર્યની તક આપી, સમાજમાં બિનહરીફ ચૂંટણીનો શિરસ્તો દાખવ્યો તે બદલ તેઓ ખરેખરના અભિનંદનને પાત્ર છે. અને કોઈ પણ જાતની અડચણ વગર આ ચૂંટણી પ્રક્રિયા પરિપૂર્ણ થઈ તે બદલ સમાજના સભ્યો પણ અભિનંદનને પાત્ર છે.

સભ્યો જો આ રીતની તંદુરસ્ત ભાવના દાખવશે તો સમાજમાં નાતજાતની વાડાબંધીના પગરવ પણ નહીં સંભળાય. કારણ કે 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કચ્છમાંથી અમદાવાદ-ગાંધીનગર આવી વસવાટ કરેલ દરેક જૈન ફિરકાઓ એકમેક સાથે "સૌનો સાથ સૌનો સહકાર"ની ભાવનાના આધાર સ્તંભથી જોડાયેલ છે.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

*જે વીતી ગયું તેની પરવા ન કરશો,*
*આવનારું છે તેના સપના ન જુઓ.*
*પોતાનું ધ્યાન વર્તમાન પર લગાવો.*

# તન-મન ટુર્સ

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પ્રતિનિધિ મંડળે કચ્છના મહેસૂલી પ્રશ્નોની કરેલી રજૂઆત

માદરે વતન કચ્છના વિકાસ માટે અહર્નિશ જાગ્રત રહેનારા અમદાવાદ નિવાસી કચ્છી માડુઓ દ્વારા રચાયેલ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અમદાવાદ તથા કચ્છમાં સ્થાનિકે વસવાટ કરતા સભ્યોના પ્રતિનિધિ મંડળે સંસ્થાના ચેરમેન શ્રી અશોકભાઈ મહેતાની આગેવાની હેઠળ કચ્છ - ભુજના કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલની મુલાકાત લઈ કેટલાક પાયાના પ્રશ્નોની રજૂઆત કરી હતી. કલેક્ટરશ્રીને સુપરત કરેલ આવેદનપત્રમાં સવિશેષ મહેસૂલી પ્રશ્નો ઉકેલવામાં થઈ રહેલ વિલંબના મુદ્દે ધ્યાન દોરવામાં આવ્યું હતું. અત્યંત નિખાલસ મુલાકાત દરમ્યાન કચ્છ જિલ્લામાં જમીન સંબંધી મહેસૂલી કામોમાં વરતાતી સંખ્યાબંધ વિસંગતતાઓ, બેદરકારી, નિયમો અને હુકમોની અવગણના તથા ભ્રષ્ટાચાર વિશે ચર્ચા કરવામાં આવી હતી. વહીવટી તંત્ર દ્વારા નિર્ણય લેવામાં થતા વિલંબ અને બિનજરૂરી લિટિગેશનના ભારણને નિવારવામાં આવે તો પ્રજાને ઘણી રાહત થઈ શકે એમ છે. મહેસૂલી કામોમાં સમગ્ર વહીવટ પારદર્શક બને અને હકારાત્મક અભિગમ રાખી ત્વરિત લોકાભિમુખ નિર્ણય લેવામાં આવે તો જમીન માફિયા સહિતનાં તત્ત્વોને અંકુશમાં રાખી શકાશે, એ મતલબની રજૂઆત કરી કલેક્ટરશ્રી એમના તાબાના અધિકારીઓને જરૂરી આદેશ આપે એવી અપેક્ષા રાખવામાં આવી હતી. શ્રી અશોક મહેતાના નેતૃત્વ હેઠળ કલેક્ટરશ્રીને રૂબરૂ મળવા ગયેલ પ્રતિનિધિ મંડળમાં વરિષ્ઠ પત્રકાર અને ‘કચ્છ મિત્ર’ના ભૂતપૂર્વ તંત્રી શ્રી કીર્તિ ખત્રી, શશીકાંત ઠક્કર, લાલભાઈ રાંભિયા, અરુણભાઈ વચ્છરાજાની અને અશ્વિન ઝિંઝુવાડિયાનો સમાવેશ થયો હતો. તમામ પ્રબુદ્ધ નાગરિકોએ કચ્છના વિકાસ માટે વિવિધ મુદ્દાઓ પર વિગતે ચર્ચા કરી હતી.

આ પ્રશ્નોમાં બંધપાળાનો બોજો માફ કરવાના હુકમો સરકારશ્રી દ્વારા વર્ષો અગાઉ થઈ ગયા છતાં ૭/૧૨ના બીજા હક્કની કોલમમાંથી એનો ઉલ્લેખ દૂર નહીં કરાયો હોઈ એ અંગે મામલતદારોને સૂચના આપવાની રજૂઆત ઉપરાંત ઈનામી જમીનના પટનો બોજો, ઈનામી જમીનોના ગીરો હક્કની નોંધો, સાંથણીમાં અપાયેલી જમીનો, જમીન તબદિલીઓની ફરિયાદો, કર્મચારી / અધિકારીઓ સામેની ફરિયાદો, પી.આર.ની જમીનો, બોગસ આધારો રજૂ કરનાર સામે કાર્યવાહી, હક્કપત્રક નોંધો વગેરે બાબતો વિશે રજૂઆત કરાઈ હતી, જેનો કલેક્ટરશ્રીએ ખૂબ જ વિધાયક પ્રતિસાદ પાઠવ્યો હતો.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોક મહેતાએ કલેક્ટરશ્રીએ દર્શાવેલ સાનુકૂળ અભિગમ અને સદ્‌ભાવ બદલ પ્રતિનિધિ મંડળ વતી એમનો આભાર માન્યો હતો.

## અખિલ ભારતીય એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ તરફથી ૮મું સંમેલન

ટાઉન હૉલ, ગાંધીનગર મધ્યે તા. ૯મી ઓગસ્ટને રવિવારે સવારે ૯.૩૦ વાગે અખિલ ભારતીય એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ તરફથી ૮મું સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં “લોકતંત્રના ધબકારા – Heartbeat of Democracy” સોવેનિયરની વિમોચન વિધિ સંપન્ન થઈ હતી. આ સંમેલનમાં ગુજરાતના ૯ અને અન્ય રાજ્યોના ૯ એક્સ એમ.એલ.એ. જેઓ ખાસ કાર્યશીલ રહ્યા હોય તેવા સદસ્યોને તેમના કાર્ય માટે ઍવોર્ડ આપવામાં આવ્યા. આ સંમેલનમાં કચ્છના બે એક્સ એમ.એલ.એ. શ્રી પુષ્પદાનભાઈ ગઢવી (ભુજ વિધાનસભાના સદસ્ય) અને શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહને ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે મેરાઉ ગામ ખાતે વૃક્ષારોપણ

માંડવી તાલુકાનાં મેરાઉ ગામે તા. ૩૧ જુલાઈનાં સવારે ગુરુપૂર્ણિમાના દિવસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગામના તળાવની પાળે ૨૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યાં હતાં અને તેના રક્ષણ માટે ટ્રી-ગાર્ડ લગાવવામાં આવ્યા હતા.

ગામનાં તમામ ગ્રામજનો, સરપંચ શ્રી પ્રેમજીભાઈ, ઉપ સરપંચશ્રી, શિરવા ગામના ઉપ સરપંચશ્રી, ગોધરા ગામના અગ્રણી શ્રી અરવિંદભાઈ જોષી, શ્રી મેરાઉ જૈન મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ તથા સર્વે સભ્યો, વી.આર.ટી.આઈ. માંડવીનાં એસ.કે. પારેધી અને વી.આર.ટી.આઈ. કાર્યકરો, વન વિભાગ-માંડવી, શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ (શ્રી રતનવીર નેચર ક્યોર સેન્ટર), કોટિવૃક્ષ અભિયાનના પ્રણેતા શ્રી એલ.ડી. શાહ અને સર્વે દાતામિત્રોના સાથ અને સહકારથી આ વૃક્ષારોપણનો સુંદર મજાનો અવસર મેરાઉ ગામનાં આગણે કરવામાં આવેલ હતો.

ત્યારબાદ શ્રી મેરાઉ પં.પ્રા. શાળામાં લગભગ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને મેરાઉ ગામે પધારેલ બધાજ મહાનુભાવોના હસ્તે

*ખરાબ સોબતનું ફળ હંમેશાં ખરાબ જ આવે.*

ફળાઉ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને એ ફળાઉ રોપાને વિદ્યાર્થીઓએ તેમના વાલીઓ સાથે રહીને એમના આંગણામાં વાવવાનો સંકલ્પ કરી વૃક્ષ ઉછેરની ખાતરી આપી હતી.

આ દિવસે મેરાઉ ગામે પધારેલ તમામ મહાનુભાવો, મહાજનો, સંસ્થાઓ, ગ્રામજનો વગેરે મેરાઉ ગામને ગ્રીન વિલેજ બનાવવાનો સંકલ્પ લીધેલ અને કચ્છને દુષ્કાળ મુક્ત બનાવવા મેરાઉ ગામે એક નવી પહેલ અપનાવી છે.

## વૃક્ષારોપણ ક્ષેત્રે કચ્છ જિલ્લામાં આવેલ જાગૃતિ

કચ્છ જિલ્લામાં વારંવાર પડતા દુષ્કાળોને રોકવા ચાલી રહેલી વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં સારી લોક જાગૃતિ આવતાં ગામેગામ વૃક્ષારોપણના સમાચારો મળી રહ્યા છે.

ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે સારી જાગૃતિ આવતાં શાળાના વિદ્યાર્થીઓ શાળામાં તેમજ પોતપોતાનાં ઘરે વૃક્ષો વાવતા થઈ ગયા છે.

કચ્છના તીર્થ સ્થાનોમાં ખાસ કરીને શિવમંદિરોમાં બીલીપત્રોના રોપાઓ મોટાપાયે વવાઈ રહ્યા છે. ઘણાં તીર્થ સ્થાનોએ મોટાપાયે વૃક્ષારોપણનાં કારણે પર્યટન સ્થળો બની ગયા છે. કચ્છની પાંજરાપોળોમાં પણ ખાલી પડેલી જમીનોમાં મોટા પ્રમાણમાં વૃક્ષો વવાઈ રહ્યા છે. લોકો હવે વૃક્ષોનું મહત્ત્વ સમજવા લાગ્યા છે અને કુટુંબમાં આવતા દરેક પ્રસંગે વૃક્ષો વાવતા થયા છે. ખાસ કરીને જૈન સમાજે પોતપોતાના ગામોમાં સ્મૃતિવન - વૃક્ષ દત્તક યોજનાઓ શરૂ કરી છે.

આ કાર્યમાં જિલ્લાનું વન ખાતું, વી.આર.ટી.આઈ. - માંડવી, રતનવીર નેચર ક્યોર સેન્ટર (શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ), કોટીવૃક્ષ અભિયાન તેમજ સ્થાનિક સંસ્થાઓનું સંકલન થતાં આ કાર્યમાં સારી સફળતા મળી રહી છે.

આ વર્ષે ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારેલા ઘણાખરા જૈન મહાજનોએ પોતપોતાનાં ગામોમાં વૃક્ષ દત્તક યોજના વડે આર્થિક સહયોગ આપીને વી.આર.ટી.આઈ. સંસ્થા મારફત આ કાર્ય શરૂ કર્યું છે. માંડવી તાલુકાનાં લાયજા, બાડા, મેરાઉ, જનકપુર, પદમપુર તેમજ અન્ય ઘણાં ગામોમાં વૃક્ષારોપણ ચાલું છે. હમણાં હમણાં કેટલાક ગામનાં અગ્રણીઓએ કચ્છમાં પોતાની ફાજલ પડેલી જમીનોમાં લીંબડાનાં વૃક્ષો વાવવાનું શરૂ કરેલ છે, તે ખરેખર બિરદાવવાલાયક પગલું છે. આથી જિલ્લાની હરિયાળી વધતાં વરસાદનું પ્રમાણ પણ વધશે.

આ વર્ષે સમગ્ર જિલ્લામાં સારો વરસાદ થતાં લોકોને શ્રદ્ધા થઈ છે કે મોટા પ્રમાણમાં વૃક્ષો હશે તો વર્ષે વર્ષે વરસાદનું પ્રમાણ વધતું રહેશે.

વૃક્ષારોપણ ઉપરાંત કચ્છ જિલ્લામાં બારેમાસ મીઠું પાણી પીવા માટે ઘરેઘર પાલર પાણીના ટાંકાં બનાવવાની શરૂઆત થઈ ચૂકી છે. ભૂગર્ભનાં ક્ષારયુક્ત પાણી પીવાથી થતી બીમારીઓ આથી અટકી જશે.

વી.આર.ટી.આઈ. સંસ્થાએ ઘરેઘર શાકભાજી વાવવાની તેમજ ખેડૂતો દ્વારા ફળાઉ વૃક્ષો વાવવાની પ્રવૃત્તિ શરૂ કરી છે, જેને જબરો પ્રતિસાદ મળેલ છે.

આ ઉપરાંત દરિયામાં વહી જતાં પાણીને રોકવા વી.આર.ટી.આઈ. દ્વારા તળાવો ઊંડાં કરવાં, ખેતરે ખેતરે ખેત તલાવડીઓ બનાવવી તેમજ કૂવા રિચાર્જિંગનું કાર્ય પણ હાથ ધરેલ છે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા ગામેગામ સંગીતમય લોકજાગૃતિ અભિયાનો શરૂ કરવામાં આવેલ છે.

કચ્છમાંથી દુષ્કાળને કાયમી દેશવટો આપવા ઈચ્છતા સૌ વતનપ્રેમી ભાઈઓને નમ્ર વિનંતી છે કે તેઓ આ કાર્યમાં જોડાવા માટે માંડવી સ્થિત વી.આર.ટી.આઈ. સંસ્થાનો સંપર્ક કરે.

*ફોન : (૦૨૮૩૪) ૨૨૩૨૫૩*

***E-mail : vrtimandvi@gmail.com***

***E-mail : vrti_mandvi@yahoo.com***

*નિયામક : શ્રી માવજીભાઈ બારૈયા (મો. ૦૯૦૯૯૯૭૧૮૦૬)*
*તથા એસ.કે. પારેઘી (મો. ૯૦૯૯૯૭૧૮૧૦)*

*કોટીવૃક્ષ અભિયાન : (૦૨૮૩૪) ૨૪૪૧૭૭*

*મનોજ મહેશ્વરી : મો. ૯૯૭૯૬ ૩૯૫૪૦*

***માહિતી : એલ. ડી. શાહ***

## શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા કચ્છમાં નોટબુક વિતરણ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા સહયોગી દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગ્રુપનાં અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ, મંત્રી કિરણ દંડનાં માર્ગદર્શન હેઠળ કચ્છમાં સમાજનાં જરૂરતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને નિઃશુલ્ક નોટબુકો વિતરણ કરવામાં આવેલ.

વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર - ભુજ, ગુલાબ મોતા - કોઠારા, ભદ્રિક મૈશેરી - ગાંધીધામ તથા મીનાબેન મૈશેરી - માંડવીએ સંભાળેલ હતી.

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા ૨૫ મો સિલ્વર જ્યુબીલી દ્વિ-દિવસીય સમસ્ત જૈન સમાજનો સમૂહ લગ્નોત્સવ-૨૦૧૫ ભુજ મધ્યે યોજાશે

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ અને શ્રી કચ્છી વીસા ઓશવાળ જૈન મહાજનશ્રી - ભુજના સંયુક્ત આયોજનથી સમસ્ત જૈન સમાજનો આગામી સમૂહ લગ્નોત્સવ-૨૦૧૫ ભુજ-કચ્છ મધ્યે તા. ૧૨ અને ૧૩ ડિસેમ્બરનાં રોજ યોજાશે તેવું ક.વી.ઓ. જૈન મહાજનશ્રી - ભુજના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈનાં અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને જણાવ્યું હતું.

તા. ૧૨ અને ૧૩ ડિસેમ્બર ૨૦૧૫નાં ભુજનાં આંગણે સમગ્ર જૈન સમાજનો સમૂહ લગ્નોત્સવ ઉજવાશે. આ સમૂહ લગ્નોત્સવમાં વિશિષ્ટ રૂપે કન્યાદાન કરવામાં આવશે. ધાર્મિક સાંસ્કૃતિક - સામાજિક ત્રિવેણી સંગમરૂપે આ સમૂહ લગ્નોત્સવની અનેરી ઉજવણી કરવામાં આવશે.

*પ્રબોધ મુનવર*

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા અષાઢી બીજની પરંપરાગત ઉજવણી

આ વર્ષે ભાવનગરમાં કચ્છ સમાજના સભ્યો દ્વારા સમાજની સ્થાપના બાદ ૨૯મી અષાઢી બીજ, કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સવારે ૮.૩૦ કલાકે માં આશાપુરા મંદિરની ધજા બદલવામાં આવી અને સવારે ૧૦.૩૦ કલાકે ભાવનગરના જાણીતા તજજ્ઞ શ્રી ભરતભાઈ વાઘેલાનું "વ્યક્તિત્વ વિકાસ" વિષય ઉપર મનનીય વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. બે કલાક સુધી સમાજના અંદાજે ૭૦ જેટલા પરિવારજનોએ તેનો લાભ લીધો હતો.

બપોર બાદનો કાર્યક્રમ સમાજની સામાન્ય સભા અને વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો હતો. આ કાર્યક્રમમાં ભાવનગર શહેર ઉપરાંત જિલ્લાના તળાજા, પાલિતાણા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, ધોળા વગેરે સ્થળોએ વસતા અંદાજે ૫૦૦ જેટલા કચ્છી ભાઈ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સરસ્વતી સન્માન કાર્યક્રમમાં બાલમંદિરથી કૉલેજ કક્ષા સુધી તથા ઈતર પ્રવૃત્તિ માટે એમ કુલ મળી ૧૦૨ ઈનામો આપવામાં આવ્યાં હતાં. તદુપરાંત અંગ્રેજી વિષયમાં સારા માર્ક લાવનાર ધો. ૧૦, ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓને વિશેષ રોકડ ઈનામ તેમજ યોગમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચીન મુકામે સુવર્ણ ચંદ્રક મેળવનાર ચિ. ભૂમિ ગાંધીને વિશેષ રૂ. ૫૦૧/-નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

*મહેન્દ્ર એસ શાહ - પ્રમુખ*

## ગાંધીધામમાં જૈન ધર્મ વિચારધારાના પુસ્તકનું વિમોચન

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ દ્વારા જૈન શ્રેષ્ઠીવર્ય સમાજરત્ન હીરાલાલ પારખની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે જૈન ધર્મ વિચારધારાના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ગાંધીધામ ખાતે ઉપાશ્રયમાં યોજાયેલા હીરાલાલ પારખની પુણ્યતિથિએ જૈન સમાજના ફિરકાઓની હાજરીમાં કાનજી મહેશ્વરીના જૈન ધર્મ વિચારધારાનું પુસ્તક 'આનંદઘન ચોવીસી : આત્મવિકાસ પથ યાત્રા' હીરાલાલ પારખને અર્પણ કરવામાં આવી હતી. પુસ્તકનું વિમોચન ડૉ. વી.એલ. મોરખિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના પ્રથમ નાગરિક, ઉદ્યોગપતિ અને જૈન તેરાપંથ સમાજના પ્રમુખ બાબુલાલ સિંઘવી, વિશનજી મહેતા, હરિલાલભાઈ પૂજ, કુમારભાઈ કે. શાહ વગેરે જૈન અગ્રણી દ્વારા લેખકનું જૈન સંઘ વિધિ અનુસાર સન્માન કરવામાં આવ્યું હતું. પુસ્તકના લેખકે જૈન ધર્મથી વિચલિત ન થાય તેવા આશીર્વાદ સાધ્વી મહારાજ પાસે માગ્યા હતા. સાધ્વી કલ્પલતાજી, સાધ્વી ભક્તિપૂર્ણાએ તેઓ ધર્મની ગતિએ પ્રયાણ કરે તેવા શુભેચ્છા આશીર્વાદ આપ્યા હતા. ■

### નાપાસ થઈશ તો...

*બે બહેનપણીઓ વાતચીત કરી રહી હતી...*

બીના : આ વખતે પરીક્ષામાં નાપાસ થવાય તો સારું.

મીના : કેમ? આટલો બધો કંટાળો આવી ગયો!

બીના : ના, હું ફર્સ્ટ ક્લાસ પાસ થઈશ તો મારા પપ્પા મને સાયન્સમાં મૂકશે અને સેકન્ડ ક્લાસમાં પાસ થઈશ તો કોમર્સમાં ધકેલશે.

મીના : અને નાપાસ થઈશ તો?

બીના : પરણાવી દેશે.

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ વિવિધ દેશોના સહિયારા સાહસથી સ્પેસ સ્ટેશનમાં સલાડ તરીકે ખાઈ શકાય એવી વનસ્પતિ ઉગાડવામાં આવેલ છે. આવનારા દિવસોમાં સ્પેસમાં શાકભાજીની ખેતીની શક્યતા સર્જાઈ છે.

★ મહિલા ટેનિસની ડબલમાં ટોચનો ક્રમ ધરાવતી સાનિયાને પ્રતિષ્ઠિત 'રાજીવ ગાંધી ખેલ રત્ન ઍવોર્ડ' માટે પસંદ કરવામાં આવેલ છે.

★ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન થાઈલેન્ડના કંચનબરી નામના સ્થળે કવાઈ નદી પર જાપાને મિત્ર દેશોના હજારો કેદી પાસે કાળી મજૂરી કરાવી બ્રિજ અને રેલવે લાઈન બનાવી હતી. ૧૯૫૭માં બ્રિટનમાં આ સમગ્ર પ્રકરણ પર આધારિત અમર ફિલ્મ 'ધ બ્રિજ ઑન રિવર કવાઈ' બની હતી.

★ ૧૩૮ વરસ પહેલાં થોમસ આલ્વા ઍડિસને ફોનોગ્રાફની શોધ કરી હતી. આ પ્રયોગમાં અવાજના તરંગોને ભૌતિક વસ્તુઓ ઉપર રેકોર્ડ કરવામાં સફળતા મળી હતી.

★ આઈપૉડને હવે વધુ શ્રેષ્ઠ બનાવવામાં આવ્યું છે. આઈફોન-૬ માં, જે, એ.-૮ પ્રોસેસર લગાવવામાં આવ્યું છે, તે જ પ્રોસેસર આ આઈપૉડમાં પણ લગાવવામાં આવ્યું છે.

★ જોધપુર જિલ્લાના બાલેસર પાસે ૬ હજાર પથ્થરની ખાણો છે. રોજ ૪૦૦-૫૦૦ ટ્રકો પસાર થવાથી અહીં ધૂળનું વાતાવરણ છવાયેલું રહેતું હતું અને લોકોમાં શ્વાસની બીમારી વધી જતાં ગામલોકોને ટ્રકચાલકો સાથે ઝઘડા થતા. આના ઉપાયરૂપે ટ્રક ચાલકોએ ૧૦૦/- રૂપિયાથી ૫૦૦/- રૂપિયા ફાળો ઉઘરાવી ગ્રેવલ રસ્તો બાયપાસ બનાવી ૫૦ હજાર લોકોને ધૂળના વંટોળથી બચાવ્યા.

★ સમગ્ર વિશ્વમાં યોગની વધતી લોકપ્રિયતા જોતાં દેશી-વિદેશી કંપનીઓ પ્રાચીન યોગાસનો પર પેટન્ટ અને ટ્રેડમાર્ક મેળવવાની સ્પર્ધામાં કૂદી પડી છે. તેમના પ્રયત્નો પર પાણી ફેરવવા માટે ભારત સરકારે 'દેશના પારંપરિક જ્ઞાન'ની શ્રેણી હેઠળ ૧૫૦૦થી વધુ યોગાસનોની પેટન્ટ કરાવવા માટે પહેલ કરી છે.

★ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર રચિત 'જન ગણ મન...' રાષ્ટ્રગીત સૌપ્રથમવાર ૨૭ ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કોલકાતા અધિવેશનમાં ટાગોરનાં ભત્રીજી સરલાદેવીએ શાળાના વિદ્યાર્થીઓ સાથે ગાયું હતું.

★ ૧૯૧૨માં 'તત્ત્વબોધિની' સામયિકમાં 'ભારત વિધાતા' શિર્ષક હેઠળ સૌપ્રથમવાર રાષ્ટ્રગીત પ્રકાશિત થયું હતું.

★ ભારતનું રાષ્ટ્રગાન 'વંદે માતરમ્' બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ૧૮૮૨માં પોતાની નવલકથા 'આનંદ મઠ'માં લખ્યું હતું.

★ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં 'વંદે માતરમ્' લોકપ્રિય સૂત્ર હતું.

★ ભારત દેશ ૧૫ ઓગસ્ટના દિવસે આઝાદ થયો. આ ૧૫ ઓગસ્ટનું ઈતિહાસમાં નીચેના બનાવોથી મહત્ત્વ છે :

- ૧૭૬૧ : મહાન સેનાપતિ નેપોલિયન બોનાપાર્ટનો જન્મ થયો હતો.
- ૧૮૭૨ : ભારતમાં મહર્ષિ અરવિંદનો જન્મ આ દિવસે થયો.
- વિશ્વવિખ્યાત પનામા નહેર ખુલ્લી મૂકાઈ હતી.
- ૧૯૪૫ : બીજા વિશ્વયુદ્ધમાં જાપાને શરણાગતિ સ્વીકારી.
- ૧૯૪૮ : આ દિવસે કોરિયા આઝાદ થયું હતું.
- ૧૯૬૮ : સંયુક્ત રશિયાએ પરમાણુ પરીક્ષણ કર્યું હતું.
- બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબુર રહેમાન અને તેમના કુટુંબીજનોની હત્યા થઈ હતી.

★ જાપાનના ટોકિયો શહેરમાં દર વરસે યોજાતી કરાટે ટુર્નામેન્ટમાં રેફરી તરીકે અમદાવાદના ગુજરાત યુનિ. પોલીસ સ્ટેશનના પી.આઈ. મયંક રાજગુરુની પસંદગી થઈ છે.

★ થોટ નામની કેનેડિયન સ્પેસ કંપનીએ છેક સ્પેસ સુધીની લિફ્ટ બનાવવા માટેની અમેરિકન પેટન્ટ મેળવી લીધી છે. આ લિફ્ટની ઊંચાઈ ૨૦ કિ.મી. હશે. આ લિફ્ટ બનાવવાનો હેતુ પવન ઊર્જા પેદા કરવાનો તથા સંદેશા વ્યવહારનો છે.

★ સિંગાપુરની એક હોટલમાં આવેલો સ્વિમિંગ પૂલ હાઈટ ઑફ લક્ઝરી દર્શાવે છે. આ પુલ ૫૭મા માળે છે. આ સ્વિમિંગ પુલમાં સ્વિમિંગ જાણે કોઈ ધોધની ધાર પર સ્વિમિંગ કરવાનો અનુભવ કરાવે છે.

★ રશિયાએ ૧૯૫૭માં સૌપ્રથમ કૃત્રિમ ઉપગ્રહ 'સ્પુટનિક' અવકાશમાં તરતો મૂક્યો હતો.

★ ભારતે ૧૯૭૫માં 'આર્યભટ્ટ' નામનો સૌપ્રથમ કૃત્રિમ ઉપગ્રહ અવકાશમાં મોકલ્યો હતો. આ ઉપગ્રહ ઈસરો દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

★ દક્ષિણ બ્રિટનના ડોરસેટમાં આવેલો જુરાસિક કોસ્ટ પોતાની સુંદરતા અને ઐતિહાસિક મહત્ત્વના કારણે વિશ્વ વારસાની યાદીમાં સામેલ છે. આ વિસ્તારમાં દર વરસે પાંચ લાખથી વધુ પ્રવાસીઓ આવે છે. અહીં આવેલી એક નાનકડી ખાડીનું પાણી એકદમ ચોખ્ખું અને શાંત હોય છે. આ કોસ્ટની લંબાઈ ૧૫૫ કિ.મી. છે.


★ વિમ્બલડન કોર્ટ પર પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ ૧૯૮૩માં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)**

*ઈશ્વર બધા લોકોમાં હોય છે, પરંતુ બધા લોકો ઈશ્વરમય નથી હોતા.*

## NanoNine™ શબ્દ રમત-૧૦૯

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૯-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. ચકલાની માદા (૩)
૩. આવરે વરસાદ, ઘેબરિયો ______ (૪)
૫. દારૂ (૩)
૭. વ્યાયામ (૪)
૯. સત્ત્વ, કસ (૨)
૧૦. ______ થોડી ને વેશ ઝાઝા (૨)
૧૨. પૂનમની રાત, પૂનમનો ચંદ્ર (૨)
૧૪. પાછું આપવું તે (૩)
૧૫. વાળ રંગવાની એક બનાવટ (૩)
૧૭. સુંદર સ્ત્રી, વિષ્ણુ પત્ની (૨)
૧૯. તપસ્વી સ્ત્રી (૩)
૨૦. ચણોઠી, ચણોઠી ભાર વજન (૨)
૨૨. અણખીલ્યું ફૂલ, કલિકા (૨)
૨૪. કોઈપણ જગ્યાએ અટક્યા વગરની મજલ (૫)
૨૬. હોડી, વહાણ (૨)
૨૭. અણસમજુ, રોંચું (૩)
૩૦. સોનુ (૨)
૩૧. પગની ધૂળ (૫)
૩૩. રિવાજ, ધારો, પારસીઓનો ગોર (ફા) (૩)
૩૬. સાચું, યથાર્થ, સાર (૨)
૩૮. દરિયો, સમુદ્ર (૩)
૪૦. વગર પરણ્યે રાખેલી સ્ત્રી (૩)
૪૩. ______ ત્યાં પરમેશ્વર (૨)
૪૪. હસ્તી, ગજ, માતંગ (૨)
૪૫. અવાજ, ઘાંટો (૨)
૪૭. પીડા, ઉપાધિ (૨)
૪૮. મણકા વગેરે પરોવી કરેલો હાર, જપમાળા (૨)
૪૯. રવિવાર (સં) (૪)
૫૩. તરત જ, તેજ વખતે (૩)
૫૪. માંકડ (હિં) (૪)
૫૫. ફેરફાર, પરિવર્તન (૩)

### ઊભી ચાવીઓ

૧. ચાલાક, હોંશિયાર (૪)
૨. લીટી, હદ (૨)
૩. વર્તુળ દોરવાનો કંપાસ (૪)
૪. લીન, આસક્ત (૨)
૫. બાણ (૨)
૬. બકરાની માદા (૩)
૮. ઋતુ, મોસમ, પથિકાશ્રમ (૨)
૯. નાના બાળકોની દોડીને પકડી પાડવાની રમત (૪)
૧૧. ______ પાપડી, એક ચિક્કી (૨)
૧૩. કાર્ય, કામ, મોટરગાડી (ઈં) (૨)
૧૬. મોક્ષ, મુક્તિ (૫)
૧૮. જનની, દેવી, મા (૨)
૨૧. ત્રીજ (૨)
૨૨. કર્ણ ______ અને કુંડળ સાથે જનમ્યો હતો (૩)
૨૩. કર્તવ્ય (૩)
૨૪. પખવાડિયાની દશમી તિથિ (૩)
૨૫. તરંગ, મોજું, મજા (૩)
૨૭. ભણતર કરતાં ______ વધારે કામનું (૪)
૨૮. મરણ, મૃત્યુ, મારવું તે, તાડન (૨)
૨૯. અણુ, ધૂળનો કણ (૨)
૩૨. જીભથી માલૂમ પડતો સ્વાદ, દ્રવ, પ્રવાહી (૨)
૩૪. રાશિ, ઢગલો, ઘુમ્મટ જેવું બાંધકામ (૨)
૩૫. કાક, કાગડો (૨)
૩૭. રિશવત, રુશવત (૨)
૩૮. સોબતી, જોડીદાર (૨)
૩૯. રસાતળ, પાંચમું પાતાળ (૪)
૪૧. ચામડી, ત્વચા (૨)
૪૨. છીંકણી (૪)
૪૩. ભણતાં ______ નીપજે, લખતાં લહિયો થાય (૩)
૪૬. ઔષધ (૨)
૪૮. સામાન, પૂંજી (૨)
૪૯. કેરી (૨)
૫૦. તિલ, તળિયું (૨)
૫૧. સૂર્ય (૨)
૫૨. દૂધભાતની વાનગી, ક્ષીર, દૂધ (૨)

*વાત્સલ્ય દોષોને ગળી જાય છે,*
*સખ્ય દોષોને સહન કરે છે,*
*જ્યારે પ્રેમ તો દોષોને જોતો જ નથી.*

*વિચાર એ અવકાશનું પંખી છે, જે શબ્દોના પિંજરમાં પાંખો તો પ્રસારે છે પણ ઊડી શકતું નથી.*

## જાણવા જેવું

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

ઇંગ્લેન્ડ - અમેરિકા વચ્ચે રમાઈ હતી. માર્ટિના નવરાતિલોવા સિંગલ્સના ૯ (નવ) મેડલ જીતનારી પ્રથમ ખેલાડી છે. સૌથી વધુ ૨૦ (વીસ) વિમ્બલડન જીતવાનો રેકોર્ડ પણ તેના નામે છે. નાની ઉંમરે ખિતાબ માર્ટિના હિંગિસે ૧૯૯૬માં જીત્યો હતો. વિમ્બલડનમાં ખેલાડીઓના વ્હાઈટ ડ્રેસની પરંપરા ૧૩૮ વરસ જૂની છે.

★ કુદરતનો અદ્‌ભુત નજારો જોવા માટે માઉન્ટ મેકકિન્લે અને ડેનાલી પાર્ક નજીક બાર માળનું મોટુંમસ ટાવર જેવું ઘર બનાવવામાં આવ્યું છે. જેથી આસપાસના ઊંચા વૃક્ષો બાધારૂપ ન બને.

★ દુનિયામાં ૧ લાખ ૭૧ હજાર ત્રણસો ટન સોનું છે. એમાંથી સૌથી વધારે સોનું અમેરિકાની ચાર અને રશિયાની બે ખાણોમાં છે અને હજી સુધી ક્યારેય પોતાની ખાણો વિશે માહિતી જાહેર કરી નથી.

★ દુનિયાની સફરે નીકળેલા સોલર ઇમ્પલ્સ-૨ એ નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ વિમાને ૧૨૦ કલાકમાં ૪૦૦૦ કિ.મી. અંતર કાપ્યું છે. કોઈ સોલર પ્લેન દ્વારા આટલું અંતર સતત ઉડાનમાં પહેલી વખત જ કાપવામાં આવ્યું છે.

★ કોકીલાબેન અંબાણીની સેન્ટર ફોર લીવર ટ્રાન્સપ્લાન્ટની સ્થાપના થયા પછી ફક્ત બે વરસમાં ૧૦૦ લીવર ટ્રાન્સપ્લાન્ટની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. ■

*સમુદ્રના કિનારા તરફ આવી રહેલું મોજું પોતે કંઈક છે એવો ઘૂઘવાટ કરતું આગળ ધસે છે પણ એને ભાન નથી કે એની પાછળ આવી રહેલું બીજું મોજું એના કરતાં પણ વધુ પ્રબળ છે. એવી રીતે પોતાના વ્યક્તિત્વનાં નગારાં વગાડતાં આ બધાં મોજાંઓની તાકાત કિનારા તોડી નાખે છે. સાગર ભલે ગમે એવો તોફાની હોય પણ રેતીના વિશાળ કિનારા ઉપર તો એનાં તોફાની મોજાંઓની તાકાત તદ્દન ખલાસ થઈ જાય છે.*

### NanoNine™ શબ્દ રમત-૧૦૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મ | હા | ભા | ર | ત | | સ | જા | વ | ટ | |
| શ | | ર | જ | | રુ | ક્ષ | | ન | ખ | | શ |
| જ | ગ | | પ | ક્ષ | | મા | ન | વ | | તા | જ |
| દ્વા | પ | ર | | ત | દ્રુ | પ | | ર | મ | જા | ન |
| ર | | મ | તી | | પ | ના | હ | | ર્મ | | ગ |
| | અં | ત | ર | ના | દ | | જા | પ | | ખા | ર |
| મ | ગ | | | ર | | ચ | મ | ર | બં | ધ | |
| હે | | જ | | દ | ડ | કો | | ખ | ગ | | મ |
| ર | હે | મ | ત | | મ | ર | જી | | લો | લ | ક |
| બા | મ | | સ | ગ | ડ | | પ | સ | | ત | સ |
| ન | | ના | વી | | મ | ખ | | ક | દ | | દ |
| | હો | ના | ર | ત | | પ | હે | લ | વા | ન | |

*માસ જુલાઈ-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. મધુરીબેન ગોસર - અમદાવાદ
૨. ચંદ્રાબેન શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૩. ચંદ્રાબેન શાહ - ભટ્ઠા, અમદાવાદ
૪. ધર્મિષ્ઠાબેન શાહ - અમદાવાદ
૫. શાંતિભાઈ શાહ - અમદાવાદ
૬. પ્રતિમા શાહ - અમદાવાદ
૭. રાહુલ સંઘવી - અમદાવાદ
૮. સરોજ શાહ - અમદાવાદ
૯. અજિત મહેતા - અમદાવાદ
૧૦. ગીતા મહેતા - અમદાવાદ
૧૧. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૨. દીપા પરીખ - અમદાવાદ
૧૩. અલકા શાહ - અમદાવાદ
૧૪. વર્ષા પારેખ - અમદાવાદ
૧૫. કલ્પના શાહ - અમદાવાદ
૧૬. સ્મિતા શાહ - અમદાવાદ
૧૭. ભાનુબેન શાહ - અમદાવાદ
૧૮. નેમજી ગંગર - અડાલજ
૧૯. હસમુખ દેઢિયા - અડાલજ
૨૦. મુકુંદ મહેતા - આદિપુર
૨૧. અરવિંદ દેઢિયા - ભુજપુર
૨૨. પ્રભા શેઠિયા - વલસાડ
૨૩. તારાચંદ મહેતા - ગાંધીધામ
૨૪. નવીન લાલકા - ગદગ
૨૫. સરોજ ચંદુરા - સુરત
૨૬. તારાચંદ હેણિયા - હૈદ્રાબાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.*

૧. અરવિંદ રતનશી દેઢિયા - ભુજપુર
૨. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ
૩. મુકુંદ કે. મહેતા - આદિપુર, કચ્છ

*પોતાને જવાબદાર રહેવાનો દ્રઢ નિર્ધાર તેનું નામ સ્વતંત્રતા.*

સુડોકુ ક્રમાંક-૧૦૬૩ના જવાબ મોકલનારા તથા ઈનામી વિજેતા વાચકોના નામ માટે જુઓ : પાના નં. – ૪૯

## સંતપણું

ગરમીના દિવસો હતા. એક સંત પ્રવાસ કરી રહ્યા હતા. પગપાળા પ્રવાસ હતો. રસ્તામાં આંબાનું વૃક્ષ આવ્યું. સંત એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠા વૃક્ષ પર એક વાંદરો બેઠો બેઠો કેરીઓ ખાતો હતો. તે થોડું થોડું ખાઈને કેરીઓ નીચે ફેંકી દેતો હતો. એને શું સૂઝ્યું કે એ કેરી આરામ કરી રહેલા સંત પર ફેંકી. સંતે કેરી ઝીલી લીધી. ભગવાનની પ્રસાદી પ્રાપ્ત થઈ છે...એવા ભાવે કેરી ખાધી. ગરમીમાં તૃપ્ત થઈ ગયા. પછી કેરીનો ગોટલો થોડે દૂર પાણીના ખાડા પાસે દાટી દીધો, જેથી આંબાનું વૃક્ષ થાય!

વાંદરાને સંતનું આ કાર્ય ગમ્યું નહિ. તે ગુસ્સે થયો અને બીજી ત્રણ-ચાર કેરીઓ તેમના પર ફેંકી. સંત ખુશ થઈ ગયા. કેરીઓ ભેગી કરી. ઝોળીમાં ભરી દીધી. પ્રવાસનું ભાથું મળ્યાના આનંદ સાથે ચાલવા લાગ્યા. વાંદરો તેમને જતા જોઈ દાંતિયાં કરવા લાગ્યો.

**બોધ વાક્યો :**

★ જેવા સંસ્કાર તેવું વર્તન થાય છે.
★ ઈર્ષાળુ મનુષ્ય કોઈનું ભલું જોઈ શકતો નથી.
★ અન્યનું સુખ જોઈ, આનંદ અનુભવો.
★ કોઈને હેરાન કરીને આનંદ પ્રાપ્ત ન કરો.
★ પરોપકાર સાચા સંતનાં લક્ષણ છે.

*‘સફળતાનાં સ્વાતિબિંદુ’ માંથી*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૬૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને ‘મંગલ મંદિર’ કાર્યાલય પર તા. ૩૦-૯-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ નવેમ્બર-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૬૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૪ | ૬ |
| ૬ | | ૭ | | | ૨ | | | |
| | ૨ | | ૯ | ૮ | | | | ૧ |
| | ૩ | | | ૭ | ૪ | ૧ | | |
| ૯ | | | | | | | | ૪ |
| | | ૮ | ૩ | ૬ | | | ૭ | |
| ૨ | | | | ૯ | ૫ | | ૬ | |
| | | | ૪ | | | ૯ | | ૫ |
| ૭ | ૯ | | | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | | ૫ | ૪ | | | ૩ |
| ૯ | ૫ | | | | | | ૧ | |
| ૩ | | | | ૮ | ૨ | | | ૭ |
| | | ૩ | ૮ | | | | ૬ | |
| | | | ૬ | | ૯ | | | |
| | ૧ | | | | ૫ | ૩ | | |
| ૮ | | | ૭ | ૯ | | | | ૬ |
| | ૭ | | | | | | ૩ | ૪ |
| ૧ | | | ૨ | ૪ | | ૭ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૫ | ૩ | | ૯ | | |
| | ૨ | | | | ૪ | | ૧ | |
| | | ૪ | | | ૬ | | ૮ | |
| ૩ | | | ૨ | | | | | ૫ |
| | | ૧ | | ૫ | | ૩ | | |
| ૫ | | | | | ૧ | | | ૬ |
| | ૫ | | ૧ | | | ૮ | | |
| | ૪ | | ૯ | | | | ૫ | |
| | | ૭ | | ૮ | ૫ | | ૩ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૧ | ૬ | ૪ | | |
| | | | ૫ | | | | | |
| ૩ | ૨ | ૬ | | | | | | ૯ |
| | ૧ | ૪ | | | ૭ | ૩ | | |
| | ૬ | | | ૩ | | | ૪ | |
| | | ૯ | ૮ | | | ૨ | ૬ | |
| ૬ | | | | | | ૫ | ૧ | ૨ |
| | | | | | ૮ | | | |
| | | ૨ | ૧ | ૬ | | | | ૩ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૬૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | ૭ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૧ | ૯ | ૨ | ૩ | ૬ |
| ૨ | ૮ | ૩ | ૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૭ |
| ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૬ | ૮ | ૧ | ૨ |
| ૯ | ૧ | ૬ | ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૫ | ૨ | ૧ | ૪ | ૩ | ૭ | ૬ | ૯ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ |
| ૭ | ૯ | ૮ | ૩ | ૨ | ૫ | ૬ | ૪ | ૧ |
| ૪ | ૨ | ૧ | ૯ | ૬ | ૮ | ૩ | ૭ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૬ | ૮ | ૭ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૮ | ૭ | ૩ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૨ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૪ | ૧ | ૬ | ૭ | ૯ | ૩ |
| ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૨ | ૫ |
| ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૯ | ૮ | ૪ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૫ | ૮ | ૩ | ૨ | ૭ | ૪ |
| ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ | ૧ | ૫ | ૮ |
| ૮ | ૭ | ૫ | ૧ | ૪ | ૨ | ૯ | ૩ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ | ૮ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૩ | ૯ | ૪ | ૫ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૫ | ૮ | ૭ | ૧ | ૨ |
| ૩ | ૨ | ૬ | ૫ | ૯ | ૭ | ૮ | ૪ | ૧ |
| ૭ | ૧ | ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૩ | ૯ |
| ૮ | ૯ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૬ | ૭ |
| ૧ | ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ | ૨ | ૫ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૭ | ૧ | ૯ | ૮ | ૩ |
| ૯ | ૬ | ૮ | ૩ | ૨ | ૫ | ૧ | ૭ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૩ | ૪ | ૮ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૨ | ૪ | ૯ | ૧ | ૩ | ૬ | ૮ | ૫ | ૭ |
| ૭ | ૮ | ૧ | ૯ | ૫ | ૨ | ૩ | ૪ | ૬ |
| ૧ | ૩ | ૬ | ૮ | ૪ | ૫ | ૭ | ૨ | ૯ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૮ |
| ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૯ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૯ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૧ | ૪ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૨ |
| ૮ | ૬ | ૭ | ૫ | ૨ | ૧ | ૯ | ૩ | ૪ |

# ગાંધીજી અને આધુનિકતા

ઘણીવાર અમુક શબ્દો તેના અર્થના પૂરા જ્ઞાન વગર વાપરવામાં આવે છે. ધર્મ અને રાજકારણમાં આવું વધારે બને છે. ધર્મમાં ઈશ્વર, દેવતા, દેવદૂત, શેતાન, સ્વર્ગ - નરક જેવા શબ્દો તથા રાજકારણમાં લોકશાહી, સરમુખત્યારશાહી, સમાજવાદ, સામ્યવાદ, માર્કસવાદ, ક્રાંતિ, પુનરુત્થાનવાદ વગેરે શબ્દો શિથિલપણે વપરાય છે. અને આથી અર્થમાં અને વિચારમાં ગોટાળો પેદા થાય છે.

ગાંધીજીના ટીકાકારો તેમને પ્રત્યાઘાતી, મૂડીદારોના તથા સામ્રાજ્યવાદીઓના મિત્ર કહે છે. કોઈ એમ પણ પૂછી શકે કે બુધ્ધ, મહાવીર તથા ખ્રિસ્ત આધુનિક હતા ખરા? સમજવાનું એ છે કે જ્યાં સુધી તેમના જીવન અને ઉપદેશનો માનવજાત માટે કશો અર્થ હોય ત્યાં સુધી તેઓ અવશ્ય આધુનિક ગણાય.

જો આપણે ગાંધીજીના વિચારોને યોગ્ય અર્થમાં સમજવા હોય તો આપણે પ્રથમ 'આધુનિક' શબ્દનો ખરો અર્થ નક્કી કરવો જોઈએ. આધુનિક એટલે એવા માણસો જેમની જીવન વિશેની દૃષ્ટિ બુધ્ધિપ્રધાન, તર્કસંગત, વૈજ્ઞાનિક, લોકશાહીને અનુરૂપ અને સમતાવાદી હોય.

આ અર્થમાં ગાંધીજી આધુનિક હતા. તેઓ ઈશ્વરમાં માનતા હતા પણ તેનું અસ્તિત્વ સાબિત કરી શકે એમ નથી એમ તેઓ સ્વીકારતા હતા. એમને મન સત્ય એ જ ઈશ્વર. નીતિનિયમ એ જ ઈશ્વર. આવા સત્યના અને સદાચારના નીતિ નિયમો કોઈ ગુફામાં કે પર્વતની ટોચે રહીને આચરણમાં ઉતારી ન શકાય. માણસની એકે એક પ્રવૃત્તિમાં એ આચરણ પ્રગટ થવો જોઈએ. તેઓ હિંદુ ધર્મની કોઈ વિધિ કે ક્રિયાકાંડો પાળતા ન હતા, કોઈ ધાર્મિક ઉત્સવો ઉજવતા ન હતા. ગાંધીજી ઈશ્વરના નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં માનતા હતા.

મોટા મોટા વૈજ્ઞાનિકો જેવા કે ન્યુટન, આઈન્સ્ટાઈન, રામન, જગદીશચંદ્ર વગેરે ઈશ્વર જેવી કોઈ શક્તિમાં માનતા હતા પણ પ્રયોગશાળામાં ઈશ્વરને નહોતા લઈ જતા. તેમની શોધ સત્ય માટેની હતી અને ગાંધીજીને મન તો સત્ય જ ઈશ્વર છે. વિજ્ઞાન એટલે જ્ઞાન પ્રાપ્ત કરવાની અને એને આગળ વધારવાની એક તપાસ પધ્ધતિ.

ગાંધીજી પોતે જે કાર્યો કરતા તે પ્રત્યેના તેમના અભિગમની બાબતમાં તેઓ આધુનિક હતા કે કેમ? હિંદુસ્તાનના લાખો ગામડાંઓમાં વસતા બેકાર અને અર્ધબેકાર, અર્ધભૂખ્યા અને અર્ધઉઘાડા કરોડો માણસોને તેઓ કામ પૂરું પાડવા ઈચ્છતા હતા. આ કામ માત્ર ને માત્ર ગૃહ અને ગ્રામોદ્યોગોને ફરી સજીવન કરવાથી જ થઈ શકે એમ તેમણે જોયું. આ જ તેમની વિશિષ્ટ આધુનિક દૃષ્ટિ હતી. તેઓ બુધ્ધિને ગળે ન ઊતરે એવા એકેએક રિવાજનો અસ્વીકાર કરતા હતા. સ્ત્રીઓ અને ક્ષુદ્રોને હલકા ગણનાર શાસ્ત્રોના એવા ભાગો રદ કરીને શાસ્ત્રોનું નવેસરથી સંસ્કરણ થાય એમ તેઓ ઈચ્છતા હતા. તેઓ સતત કહેતા કે હું કહું છું માટે કશું સ્વીકારી લેશો નહિ પણ એકેએક પ્રશ્નને બુધ્ધિની કસોટીએ ચડાવીને તપાસજો. તેઓ પોતાના અનુયાયીઓને પોતાની જ સામે બળવો કરવાનું અને પરિણામો દ્વારા તેને વ્યાજબી ઠરાવવાનું કહેતા. અને જો તેમ ન બને તો તેમનો નિર્ણય ગાંધીજી સ્વિકારી લેતા. આથી વિશેષ આધુનિકતા બીજી કઈ હોઈ શકે?

સત્યને વળગી રહેવું અને નીતિ નિયમોને સર્વોપરી ગણવા એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

વચન પાળવું અને માથે લીધેલું કામ પાર ઉતારવું એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

જો અંગત અને પોતાના રહેઠાણની સ્વચ્છતા જાળવવી એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

જીવનની લોકશાહી રીતો એ જો આધુનિક ગણાતી હોય તો તેઓ આધુનિક હતા.

જો નવા નવા સ્વાદમાં રાચનાર જીભને સંતોષવા ખાતર નહીં, અન્યોના ભલામાં કામ કરવા માટે શરીરને બરાબર તંદુરસ્ત રાખવા માટે જ ખાવું એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

જો શરીરશ્રમનું ગૌરવ કરવું એ આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

જો સહિષ્ણુતા અને સમજદારી આધુનિક ગણાય તો તેઓ આધુનિક હતા.

આપણા કરતાં જુદો અભિપ્રાય ધરાવતા લોકો તથા આપણા વિરોધી હોય તેમની સાથે પણ સ્વસ્થ રીતે વર્તવું એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

જો દરજ્જાનો, સત્તાનો કે સંપત્તિનો ખયાલ કર્યા વગર સૌ પ્રત્યે સમાન સૌજન્ય દાખવવું એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

જો દીન-હીન-ગરીબ સાથે તાદાત્મ્ય સાધવું તથા ગરીબો, દરિદ્રો, દલિતો, દુર્ભાગીઓ વગેરે માટે અવિશ્રાંત કામ કરવું એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક હતા.

અને જ્યારે માનવ આવેગો ભડભડતા હોય ત્યારે પણ શાંત, તટસ્થ રહેવું એ જો આધુનિકતા હોય તો તેઓ પરમ આધુનિક હતા.

અને સૌથી વિશેષ તો એ કે કોઈ ઉમદા હેતુ માટે મૃત્યુ વહોરી લેવું એ આધુનિકતા હોય તો તેઓ અસામાન્ય આધુનિક હતા.

પરંતુ

જો આહાર, વિહાર અને પોષાક વગેરેમાં પશ્ચિમની પધ્ધતિનો સ્વીકાર કરવો એ આધુનિકતા હોય તો ગાંધીજી આધુનિક ન હતા.

જો મદ્યપાન, ધૂમ્રપાન અને ચા-કોફી વગેરે વ્યસનોનો ઉપયોગ એ આધુનિકતા હોય તો તેઓ આધુનિક ન હતા.

જો ફેશનેબલ અને મોંઘી હોટલોમાં અને રેસ્ટોરામાં ભોજન લેવું એ જો આધુનિકતા હોય તો બેશક ગાંધીજી આધુનિક ન હતા.

જો કુથલી કરવામાં, નિંદા કરવામાં, નકામા તડાકા મારવામાં સમય બગાડવો એ જો આધુનિકતા હોય તો તેઓ આધુનિક ન હતા.

અને છેલ્લે : આધુનિકતાનો નિર્ણય ફેશન કે નવીનતાના આધારે નહીં પણ ગુણવત્તા તથા મૂલ્યવત્તાના આધારે થવો જોઈએ.

***'ગાંધીજી : જીવન અને વિચાર' - આચાર્ય કૃપલાની***

***ગુ.અનુ. શ્રી નગીનદાસ પારેખ***

***મૂળ પુસ્તક : Gandhi : His Life and Thought***

*માનવજાત પર મોટામાં મોટો શાપ તે સ્વાર્થ.*



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **રાષ્ટ્રીય એવોર્ડોની નવાજેશ :** કુરન - કચ્છના તેજશી ધનાભાઈ મારવાડા કેમલ વુલના ઉપયોગથી હાથશાળથી બનાવેલ કચ્છી ખરડ કલાની કામગીરી રજૂ કરતી તેમની "ખરડ કારપેટ" માટે રાષ્ટ્રીય ઍવોર્ડ તથા ભુજોડીના શિલ્પગુરુ પરિવારનાં ૭મા સભ્ય કંકુબહેન હીરજી વણકર વનસ્પતિ રંગોના ઉપયોગથી બનાવેલ "કોટન સિલ્ક બુકાની" માટે "શિલ્પગુરુ" ઍવોર્ડ માટે પસંદગી પામ્યા છે.

★ કચ્છ જેવા વરસાદી અછતવાળાં પ્રદેશમાં ક્લાઉડ મેનેજમેન્ટના અભ્યાસ થકી સ્વામી વિવેકાનંદ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા નિર્મલવેવ જનરેટરના ઉપયોગથી તરંગો ઉત્પન્ન કરી પવનના વેગ સાથે વિખરાઈ જતાં વરસાદી વાદળોને નિશ્ચિત નિશાન બનાવી વરસાદ માટે પ્રોત્સાહક પરિણામો મેળવવા કચ્છનાં માંડવી શહેર તથા તેના તાલુકાનાં ૧૪ ગામોમાં આ ઉપકરણો ગોઠવવામાં આવેલ છે.

આ કાર્ય માટે મુંબઈના યુવાન કચ્છી સાહસિક રાહુલભાઈ શાહ તથા પ્રૌદ્યોગિક હીરેન વીરાને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રોપિકલ મિટીરિયોલોજીના નિવૃત્ત અધિકારી ડૉ. ડી.બી. જાદવનું માર્ગદર્શન મળેલ છે. ભવિષ્યમાં સમુદ્રના પાણીનું કૃષિ ક્ષેત્રે આ ટેકનિકથી ઉપયોગ થઈ શકશે તેવું તેમણે જણાવેલ. આ ટેકનિકથી દુનિયાના અનેક દેશોમાં પ્રોત્સાહક પરિણામો મળેલ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

★ **કચ્છમાં આષાઢી રંગ ભરી હેલી, મેઘ મહેર કે કહેર :** પ્રથમ અષાઢે વરસાદે કચ્છમાં ચાતકની જેમ રાહ જોવડાવ્યા બાદ બીજા અષાઢના પ્રથમ સપ્તાહે કચ્છના ભાગ્યવિધાતાએ અનરાધાર વરસી કચ્છને ધમરોળી નાખ્યું. એક દિવસમાં ૭થી ૨૦ ઈંચ પડેલ વરસાદના લીધે કચ્છનાં શહેરો અને અનેક ગામો બૅટમાં ફેરવાયાં. અનેક સ્થળે પૂરની પરિસ્થિતિ સર્જાઈ. બધાં જળાશયો - ડૅમો છલકાઈ ગયાં. નાની સિંચાઈના ૧૭૦ ડૅમોમાંથી ૧૨૩ ડૅમોમાં પાણીની નવી ભરપૂર આવકો થઈ. કચ્છના બે મોટા ડૅમ રૂદ્રમાતા તથા ટપ્પર ડૅમ પણ છલકાઈ ગયા. આ અનરાધાર વરસાદે કચ્છનું જીવન રફેદફે કરી નાખ્યું. બસ - રેલવે - વિમાની સેવા ઠપ્પ થઈ ગઈ. વીજળી વેરણ થતાં અંધારપટ સર્જાયો. અસંખ્ય પશુધન મરણશરણ થયું, તે ઘણી કરુણ ઘટના બનવા પામી.

★ **આનંદો રેલવે પ્રવાસીઓ :** રેલવે તંત્રે કચ્છના પ્રવાસીઓને સુવિધા મળી રહે તે અંગે તાજેતરમાં નિર્ણય કર્યા મુજબ તા. ૫મી ઓગસ્ટથી ગાડી નં. ૧૯૧૧૬ અને ગાડી નં. ૧૯૧૧૫ : ભુજ - બાંદ્રા - ભુજ, સયાજીનગરી એક્સપ્રેસમાં તેમજ ગાડી નં. ૧૨૯૫૯ અને ગાડી નં. ૧૨૯૬૦ : ભુજ - દાદર - ભુજ તથા ગાડી નં. ૧૨૯૯૩ અને ગાડી નં. ૧૨૯૯૪ : ગાંધીધામ - પુરી - ગાંધીધામ — ટ્રેનોમાં વધારાનો એક સ્લીપર કૉચ જોડી ગાડીઓના ડબ્બાઓની સંખ્યા ૨૪ કરવામાં આવશે. આના કારણે પ્રવાસીઓને વેઈટિંગ લિસ્ટમાં રાહત રહેશે.

★ ઓગસ્ટ ક્રાંતિ દિન — ૯મી ઓગસ્ટે એમ.એલ.એ. કાઉન્સિલ દ્વારા દેશભરમાંથી ૧૭ પૂર્વ ધારાસભ્યોને સન્માનિત કરવામાં આવેલ. જેમાં કચ્છના બે પૂર્વ ધારાસભ્યો (૧) કચ્છ લાકડિયાના વતની અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે નાતો ધરાવતા પૂર્વ ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ તેમજ (૨) પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાન શંભુદાન ગઢવીને પોતાના મત વિસ્તારના પ્રશ્નોની લોકશાહી ઢબે સચોટ, સમયસર અને સારી રીતે રજૂઆત બદલ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખાસ ઍવોર્ડથી અમદાવાદ ખાતે સન્માનિત કરાયા હતા.

★ કચ્છ જિલ્લાની બંધ કરી દેવાયેલી પાસપોર્ટ સેવા કેન્દ્રની કાયમી કચેરીના બદલે લઘુ પાસપોર્ટ સેવા કેન્દ્રની કચેરી જિલ્લામથક ભુજ ખાતે કાર્યરત થાય તે અંગેની મંજૂરી માટે ભલામણ રાજ્ય સ્તરેથી કેન્દ્ર સરકારને કરવામાં આવેલ છે. મંજૂરી મળતાં જ થોડા મહિનાઓમાં જ આ કચેરી શરૂ થઈ જશે. જેથી પાસપોર્ટ માટે કચ્છના લોકોને રાજકોટ - અમદાવાદના ધક્કાઓમાંથી છુટકારો મળશે.

★ **સીમાના રક્ષક બન્યા કુદરતનાં સંત્રી :** સીમા સુરક્ષા દળની સુવર્ણ જયંતિને અનુલક્ષીને દેશભરમાં ૩૦ મિનિટમાં ૩ લાખ જેટલાં વૃક્ષોનું વાવેતર કરી લિમ્કા બુક ઑફ રેકોર્ડમાં પોતાનું સ્થાન નોંધાવેલ છે. આ પ્રસંગે ભુજમાં ૩૦ બટાલિયન દ્વારા આ સંદર્ભે ૪૦ હજાર જેટલાં વૃક્ષોનું રોપણ થયું હતું.

★ **ભુજિયા કિલ્લાનું અસ્તિત્વ ભૂંસવા ષડયંત્ર :** રાજાશાહી વખતમાં રાવ દેશળજીના વખતમાં ૩૫૦ વર્ષ પહેલાં ભુજની ઓળખસમા ભુજિયા કિલ્લાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. એ જ ભુજિયાની તળેટીમાં રૂા. ૧૫૫ કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે સ્મૃતિવન વિકસાવવામાં આવેલ છે. જેનું કાર્ય પૂર્ણતાને આરે છે. તદુપરાંત ઐતિહાસિક વિરાસત સમા ભુજિયાના કિલ્લાને રિપેરીંગ કે રિટ્રોફિટિંગ અથવા તેના

*જ્યાં લગી તમે નિરાશ થઈ શકો છો ત્યાં લગી સમજજો કે તમે હજી પણ યુવાન છો.*

અવશેષો જાળવવા અને જતન કરવાના બદલે આ સ્થળે ૨૦ મીટરની પહોળાઈ તથા ૪ મીટરની ઊંચાઈ ધરાવતા સનસેટ પોઈન્ટ બનાવવાની યોજના વિચારાઈ છે. આ કાર્ય માટે લગાવવાના થતા મશીનોની ધણધણાટીથી કિલ્લા ધરાશાયી થાય તેવી ભીતિ સામે કચ્છ ઈતિહાસ પરિષદે વિરોધ નોંધાવેલ છે.

★ **પ્રવાસી પક્ષીઓનું આગમન :** પક્ષીપ્રેમીઓ માટે આનંદના સમાચાર એ છે કે આ વરસે શ્રીકાર વરસાદના કારણે લેસર ફ્લેમિંગો (નાના સુરખાબો)એ મોટી સંખ્યામાં એકલના રણમાં ધામા નાખ્યા છે. છેલ્લા ત્રણ ચાર વર્ષ પૂર્વે શિરની વાંઢ પાસે મોટી સંખ્યામાં સુરખાબ પક્ષીઓ મૃત્યુ પામ્યાં હતાં. જેના સમાચારો રાષ્ટ્રીય કક્ષાએ ખૂબ ચર્ચાયા હતા. એકલના રણમાં કાંધી સુધી ભરાયેલ પાણી સમયાંતરે સૂકાઈ જતાં સફેદ રણનો નજારો ઉત્પન્ન કરે છે.

★ **અતિવૃષ્ટિ :** ગત જુલાઈ માસે કચ્છમાં પડેલ અતિવૃષ્ટિના દોરમાં ૩૯૦૯૩ પશુઓનાં મોત થયાનો સત્તાવાર આંક જાહેર થયેલ છે. જેમાં સૌથી વધુ ઘેટાં ૨૬૦૩૬, ગાય વર્ગનાં ૫૯૬૭, બકરાં ૫૪૧૩ અને ભેંસ વર્ગનાં ૧૬૭૭ જેટલાં પશુઓનાં મોત થયાં છે. આમ જિલ્લાની ૧૯ લાખ પશુઓની વસતિમાં બે ટકાથી વધારે પશુઓનાં મોત થતાં પશુપાલકોમાં આફતની ઘેરી લાગણી પ્રસરી છે.

★ **ભૂગર્ભજળ :** જુલાઈ માસમાં કચ્છમાં મેઘકૃપા ૧૧૭ ટકાવારી થતાં સિંચાઈ વિભાગના જળાશયોમાં ૯૦ ટકા પાણીનો જથ્થો જમા થઈ ગયો છે. જેના કારણે પાણી પુરવઠા બોર્ડ હસ્તકના ૫૨૫ બોરમાંથી મોટાભાગમાં ભૂગર્ભ જળ ૩ મીટર (૧૦ ફૂટ) ઊંચે આવતાં પીવાના પાણીની ચિંતા હળવી થયેલ છે. જેના કારણે પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ પણ ઘટ્યું છે. છેલ્લા ૨૫ વર્ષથી આ અંગે સંશોધન કરતાં હાઈડ્રોલોજિસ્ટ કુલદીપસિંહ બિષ્ટે માહિતી આપેલ હતી.

★ **સિટી બસ સેવા :** ગાંધીધામ નગરપાલિકાએ શહેરીજનોને સિટી બસની સુવિધા મળી રહે તે માટે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સિટી બસ સેવાનું કોઈપણ આયોજન વિના કરેલ ઉદ્‌ઘાટન બાદ લોકોને સિટી બસના ક્યાંય પણ દર્શન થયાં નહીં. કારણમાં જણાવ્યું કે આર.ટી.ઓ.ની મંજૂરીના મામલે આ બસ સેવા ઉદ્‌ઘાટન બાદ દોડી શકી નહીં. આજે પણ વડીલો ગાંધીધામ - આદિપુર વચ્ચે દોડતી લાલ બસની સેવાને યાદ કરે છે, જે બસ સેવા સવારના ૬ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી દોડતી અને આ સેવા ખાતે મુકાયેલ ૧૧ બસમાંથી દરેક બસ રોજના ૨૦ જેટલા ફેરા લગાવતી. આમ, આ લાલ બસો દૈનિક ૨૦૦ જેટલા ફેરા કરતી.

★ **કચ્છ જલમણિ યોજના :** કચ્છ જિલ્લા માટે ભવિષ્યમાં પાણીનાં તળ જ્યારે ઊંડાં જઈ રહ્યાં છે ત્યારે કચ્છના જળ ભંડારનો સાચવવા રૂપિયા ૨૫૪ કરોડના ખર્ચે નવતર મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ કચ્છ જલમણિ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. કચ્છ જિલ્લાનો મધ્યભાગનો ભૂગર્ભ પટ્ટો કે જે છેક લખપતથી ભુજ અને ભુજથી ભચાઉ સુધીમાં આવેલ કીમતી અખૂટ પાણીના જથ્થાને સાચવવા, ગુણવત્તા જાળવવા રિચાર્જિંગ સહિતની કામગીરી માટે ભારત સરકારના સહકારથી પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મો દ્વારા અમલમાં મુકાયો છે.

૧૮૧૯માં કચ્છમાં આવેલ ભયાનક ભૂકંપમાં લખપત બાજુ વહેતી સિંધુ નદીના આડે કુદરતી અલ્લાબંધની રચના થઈ અને તે નદીનું પાણી અટકી ગયું. પરંતુ જાણકારો જણાવે છે કે આ નદીનું એક વહેણ હજુ પણ કચ્છના ભૂગર્ભ ભાગમાં જીવિત છે અને તેના મીઠા પાણીનું વહેણ જિલ્લાના પાંચ તાલુકા – ભુજ, નખત્રાણા, અંજાર, ભચાઉ અને માંડવીના ભૂ-ભાગમાં પથરાયેલ છે. અને આ વિસ્તારો છેલ્લા ૧૫ વર્ષથી ૨૪ કલાક, સતત તે પાણીનો જથ્થો ઉલેચતા રહેતા છતાં પણ ખૂટતું નથી, તેમજ તેની ગુણવત્તા પણ જળવાઈ રહેલ છે.

પાંચ વર્ષ ચાલનારા આ પ્રોજેક્ટમાં પાણીનું રિચાર્જ કેમ વધે અને ક્ષારનું પ્રમાણ કેમ ઘટે તે અંગે કાર્ય કરવામાં આવશે.

***(વર્તમાનપત્રો પર આધારિત)***

## ભગવાનની ભૂલ કાઢનાર!

બે મિત્રો હતા. ફરતા ફરતા ખેતરોમાં ગયા. બંને મિત્રો આંબાના એક વૃક્ષ પાસે આવ્યા. વૃક્ષ પર નાની નાની કેરીઓ હતી. પાસે તડબૂચમાંના વેલા હતા. વેલા પર મોટાં મોટાં તડબૂચ હતાં બંને મિત્રોએ એ જોઈને ભગવાનની મશ્કરી કરી. ભગવાન બહુ મોટી ભૂલો કરે છે તેવું કહેવા લાગ્યા. 'જુઓને, આંબા પર તડબૂચ જેવડાં ફળ હોવાં જોઈએ અને તડબૂચના વેલા પર કેરી જેવાં ફળ હોવાં જોઈએ... ભગવાને તો ભારે ભૂલ કરી છે.'

એટલામાં એક મિત્રના માથે કેરી પડી. તેને વાગ્યું, પરંતુ વધુ ઈજા થઈ નહિ. પરંતુ હા, હવે તેઓ વિચાર કરવા લાગ્યા કે, આંબાના વૃક્ષ પર તડબૂચ જેવડાં ફળ હોત તો ખોપરી તૂટી જ જાત! હવે તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ!

**બોધ વાક્યો :**

★ દોષદૃષ્ટિવાળા અન્યની ટીકા કરતા હોય છે.

★ ભૂલો શોધનારને ભગવાનમાં પણ ભૂલો દેખાય છે.


★ અન્યની ભૂલો બતાવતાં પહેલાં તટસ્થતાથી વિચારવું જોઈએ.

★ જે માણસ નકારાત્મક - ખંડનાત્મક સ્વભાવવાળો હોય છે તે સર્વની ખામી જ જોતો હોય છે.

★ કુદરત જે કંઈ કરે છે તે યોગ્ય જ કરે છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

*જ્યાં વિદ્યાનો લાભ ન હોય એવા સ્થળે કદી રહેવું નહીં.*




## સરનામા ફેરફાર

- **કીર્તિભાઈ મોરારજી વોરા**
  સી-૩૦૧, સુકીર્તિ પાર્ક, કંચનભૂમિ દેરાસર પાસે,
  રાહુલ ટાવર ચાર રસ્તા, ૧૦૦ ફૂટ રોડ,
  સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **બિપેન્દ્ર મેઘજી ગોગરી**
  ૧૦૨, પંચશીલ એન્કલેવ,
  કર્ણાવતી પગરખા બજારની લાઈનમાં,
  પરિમલ અંડરબ્રિજ ઉપર, સુવિધા શોપિંગ સેન્ટર સામે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. (બિપેન્દ્રભાઈ) ૯૯૦૯૦ ૦૯૮૮૧
  મો. (જ્યોત્સનાબેન) ૯૮૭૯૨ ૨૮૨૨૧
- **દિનેશ હીરજી શાહ (ગડા)**
  ૮૩, જય જિનેન્દ્ર ટાવર,
  જૈન મર્ચન્ટ સોસાયટીની બાજુમાં,
  ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **વાડીલાલ છગનલાલ શાહ**
  નરોડા પ્રાઈડ, સી/૪૦૩, ૪થો માળ,
  પદ્માવતી સોસાયટીની બાજુમાં,
  પાવન કો.ઑ. સોસાયટીની સામે,
  નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૩૦.
  મો. ૯૯૯૮૮ ૩૦૪૫૫, ૯૪૦૮૦ ૪૩૪૫૭
- **કિરણ ભોગીલાલ મહેતા**
  ૩૦૨, શિલાન્યાસ રેસિડેન્સી,
  કેફે કૉફી ડે ની બાજુની ગલીમાં,
  વસ્ત્રાપુર ફુવારા પાસે, નહેરુપાર્ક,
  વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પીયૂષ હીરજી સાવલા**
  એફ/૪૦૧, અબજીબાપા ગ્રીન્સ,
  મનમોહન ચાર રસ્તની પાસે, વિરાટ નગર રોડ,
  નિકોલ, અમદાવાદ-૩૮૨ ૩૫૦.
  મો : ૯૮૭૯૪ ૯૬૧૩૯
- **દિલીપ રમણિકલાલ શાહ**
  એ-૧/૯૧, નિર્માણ કોમ્પ્લેક્સ,
  આર.સી. ટેકનિકલ રોડ, ઘાટલોડિયા,
  અમદાવાદ-૩૮૦ ૦૬૧.

## સગાઈ

- **રવિવાર, તા. ૨૬-૦૭-૨૦૧૫**
  **ચિ. દર્શન નરેન્દ્રકુમાર જયંતીલાલ કોઠારી (પલાંસવા - અમદાવાદ)**
  **ચિ. નમ્રતા ભૂપેન્દ્ર મનસુખલાલ સંઘવી (જંગી - વલસાડ)**

## શરણાઈ

- **શનિવાર, તા. ૨૫-૦૭-૨૦૧૫**
  **ચિ. ફોરમ જયસુખ નાનચંદભાઈ સંઘવી (લાકડિયા - અમદાવાદ)**
  **ચિ. કૃણાલ ભરતભાઈ શાંતિલાલ ત્રેવાડિયા (પલાંસવા - અમદાવાદ)**

## અવસાન

- **રવિવાર, તા. ૯-૮-૨૦૧૫**
  **પ્રભુલાલ ભવાનજીભાઈ હાથીભાઈ શાહ (શેઠ) (ઉં.વ.-૭૮)**
  **(મોટા કાંડાગરા - અમદાવાદ)**

## ભૂલ સુધાર

★ 'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૧૫ના અંકમાં અવસાન નોંધમાં કુસુમબેન વીરેન્દ્ર રાઘવજી આસારિયા શાહ (મૈશેરી) — છપાયેલ છે. તેની જગ્યાએ નીચે મુજબ નામ સુધારીને વાંચવું.
**કુસુમબેન વીરેન્દ્ર આસારિયા શાહ (મૈશેરી) (ઉં.વ.-૭૨)**
**(મોટી સિંધોડી - અમદાવાદ)**

## જાહેરાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નોંધાયેલ સર્વે સભ્યોને નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે દરેક સભ્યોનાં સરનામાં / ફોન / મોબાઈલ (ઓફિસ / ઘર) નંબર Updation કરવાનાં હોવાથી વહેલી તકે સભ્યપદ સમિતિને મોકલી આપવા વિનંતી.

*સરનામુ :* સભ્યપદ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**કે.આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*અપેક્ષા જ મનોવ્યથાનું મૂળ છે.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા.૧,૧૧,૧૧૧/- માતુશ્રી પુરબાઈ કુંવરજી જેઠાભાઈ દંડ (વરાડિયા - અમદાવાદ)ના સ્મરણાર્થે હા. શ્રીમતી દમયંતીબેન દિલીપભાઈ કુંવરજી દંડ તરફથી સપ્રેમ

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૮,૦૦૦/- શ્રી સંદીપ એચ. માકાણી - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી કમલબહેન શાંતિલાલ છગનલાલ શાહ - અમદાવાદ તરફથી સ્વ. શ્રી શાંતિલાલ છગનલાલ શાહના સ્મરણાર્થે

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫૦૦/- સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડ (પત્રી - અમદાવાદ)ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર તરફથી.

રૂા. ૫૦૦/- શ્રી રમેશભાઈ ભવાનજી શાહ - લોનાવાલા

### તબીબી સેવા ખાતે

રૂા. ૨,૫૦૦/- સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડ (પત્રી - અમદાવાદ)ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર તરફથી.

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૨,૧૦૦/- સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડ (પત્રી - અમદાવાદ)ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર તરફથી.

### વૃક્ષારોપણ યોજના

રૂા. ૧,૦૦૧/- શ્રી રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ

### વયસ્ક પ્રવૃત્તિ ખાતે

રૂા. ૬,૦૦૦/- શ્રી શશીકાંત પાનાચંદ સંઘવી - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રી અરવિંદ હેમચંદ હીરાચંદ સંઘવી - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## વાર્ષિક સ્નેહ મિલન
## ક્ષમાપના સાથે મનોરંજન કાર્યક્રમ

*સમાજના સૌ સભ્યો, ભાઈઓ - બહેનો અને બાળ મિત્રો,*

વર્ષમાં એક જ વાર આવતો એ ખાસ દિવસ નજીક આવી ગયો છે, જ્યારે આખો સમાજ ભેગો થાય છે, સાંવત્સરિક ક્ષમાપના યાચે છે, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરે છે, પ્રોત્સાહન આપે છે અને સમૂહમાં પ્રીતિ ભોજન લે છે.

આ વર્ષના આ વાર્ષિક સ્નેહ મિલનમાં થોડું નાવીન્ય ઉમેરી, સમારંભને વધુ રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં સરસ્વતી સન્માન પણ સંગીતસભર હશે. મૌલિક હાઉસી હશે, જે તમને આકર્ષક ઈનામો જીતાડશે. સમાજના જ નાના-મોટા કલાકારો દ્વારા તૈયાર થયેલો વિશેષ કાર્યક્રમ તમારું મનોરંજન પણ કરશે.

કાર્યક્રમ બે ભાગમાં છે : પ્રથમ ચરણમાં સરસ્વતી સન્માન, સાંવત્સરિક ક્ષમાપના, હાઉસી અને વિશેષ વ્યક્તિઓનું સન્માન વગેરે કાર્યક્રમો થશે. દ્વિતીય ચરણમાં મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમ થશે અને હા, સ્વામિવાત્સલ્યનું સમૂહ ભોજન તો ખરું જ!

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આકર્ષક ઈનામો અને આશ્ચર્યજનક મનોરંજનનો લાભ લેવા આપને તો સવારે ૯ વાગ્યાથી જ હાજર રહેવું પડશે.

સન્માનિત થનાર વ્યક્તિ આપના પરિવારની ન હોય, તો પણ એને પ્રોત્સાહિત કરવા સમયસર હાજર રહેશો. અનિવાર્ય સંજોગોને કારણે આપના પરિવારના સભ્યો / બાળકો કાર્યક્રમમાં ભાગ લઈ શક્યા ન હોય, તો પણ કાર્યક્રમ નિહાળવાના લહાવાથી એમને વંચિત ન રાખશો. સમાજના જવાબદાર - જાગૃત સભ્ય છો, આટલી તો આપ પાસેથી અપેક્ષા રાખીએ ને...?!

વેળાસર પધારજો ને પૂરતો સમય ફાળવજો એવી અમારી આગ્રહભરી વિનંતી છે.

***કન્વીનર, પુરસ્કાર સમિતિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ***

*જીવનની ખરી મજા તો બાળક જેવા થઈને રહેવામાં જ છે. વૃક્ષ ભલે ગમે તેટલું મોટું થાય પણ એનાં પાંદડાંનો રંગ તો લીલો જ રહે છે. પીળાં પડી ગયેલાં પાન તો એની મેળે જ ખરી જાય છે. માણસ જો પોતાનું મન લીલુંછમ રાખે તો ઉંમરની અસર કદી થતી નથી. એ સદા ટટ્ટાર ઊભો રહી શકે છે.*

*જ્ઞાન કરતાં કલ્પનાશક્તિ વધુ શક્તિશાળી છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન તથા ક્ષમાપના સમારંભ

## નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૩ (ત્રેપન)મો વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ **રવિવાર, તા. ૨૭-૦૯-૨૦૧૫ના રોજ** સવારે ૯.૦૦ કલાકે **ટાગોર હોલ, પાલડી** ખાતે યોજવામાં આવેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે કે જેનો પધારેલા સર્વે સભ્યોએ લાભ આપવા વિનંતી.

*વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે.*

- *સવારના ૦૯.૦૦ થી ૧૦.૦૦* :
  - ❖ ટાગોર હોલ ખાતે રજિસ્ટ્રેશન અને ડ્રોની કૂપનોનું વિતરણ.
- *સવારના ૧૦.૦૦ થી ૧.૦૦* :
  - ❖ આવકાર પ્રવચન - પ્રમુખશ્રી
  - ❖ સામૂહિક ક્ષમાપના (શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર)
  - ❖ ગત વર્ષ દરમ્યાનની 'મંગલ મંદિર'ના શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગર સંબંધી નિર્ણાયક સમિતિનું બહુમાન
  - ❖ ગત વર્ષ દરમ્યાનના 'મંગલ મંદિર'ના જાહેર થયેલા શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગરના લેખકશ્રીઓનું બહુમાન
  - ❖ 'મંગલ મંદિર'ના શબ્દ રમત તથા સુડોકુના વિજેતાઓને ઈનામ.
  - ❖ મહિલા ઉત્કર્ષ સમિતિની હરીફાઈઓના ઈનામો.
- *બપોરના ૨.૦૦ થી ૪.૦૦* :
  - ❖ વિદ્યાર્થી સન્માન સાથે મ્યુઝીકલ હાઉસી.
  - ❖ સાંસ્કૃતિક કાર્યક્રમ (સમાજના બાળકો તથા યુવા વર્ગ દ્વારા)
  - ❖ સરપ્રાઈઝ લક્કી ડ્રો (જેમાં હોલમાં હાજર વ્યક્તિને જ ઈનામ મળશે.)
  - ❖ આભારવિધિ.

***કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**કે. આર. શાહ** — માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ** — મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

**સ્વામિવાત્સલ્યના જુદા જુદા સમયના પાસ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ગીતા મંદિર, પાલડી તથા શાહીબાગ ખાતેના ત્રણે ભવનો ઉપરથી તથા મે. સમ્રાટ સિલેક્શન (રેડીમેડ કાપડનો શો-રૂમ) (સરનામું : વિનય માર્કેટ પાસે, મણિનગર (વેસ્ટ), અમદાવાદ) ખાતેથી સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ દરમ્યાન તા. ૧૦-૯-૨૦૧૫થી તા. ૨૪-૯-૨૦૧૫ સુધી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. ત્યારબાદ પાસ વિતરણ સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે કે જેની નોંધ લેવા વિનંતી.**

*__ખાસ નોંધ__ : ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ, જેઓએ 'મંગલ મંદિર'માં આવેલ ફોર્મ ભરીને સંસ્થામાં જમા કરાવેલ છે, તેઓએ પોતાના ઈનામ, કાઉન્ટર ઉપરથી મેળવી લેવા.*

*સંસ્કૃતિ માનવીનું ચારિત્ર્ય ઘડતર કરે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૫-૨૦૧૬

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
